Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

# પ્રથમ સત્ર એમ.એ.: ઈતિહાસ

## MAHIS-104

# પ્રાચીનથી અર્વાચીન ભારતીય વહીવટી વ્યવસ્થા



## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છેઃ **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્ સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમ રત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**ડૉ. અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિશ્રી**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

**નિદર્શન :**

| | |
|---|---|
| પ્રો. ડૉ. પ્રિયાંકી વ્યાસ | I/C. નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન :**

| | |
|---|---|
| ડૉ. સોનલ ચોધરી | અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ઈતિહાસ વિષય<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |

**સહ સંપાદન :**

| | |
|---|---|
| ડૉ. ગોરધન રોહિત | આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |

**વિષય સમિતિ:**

| | |
|---|---|
| ડૉ.. સોનલ ચોધરી | અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ઈતિહાસ વિષય<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |
| પ્રો. ડૉ.અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. જીગીશ પંડ્યા | પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ, એસ.પી. યુનિવર્સીટી, અમદાવાદ |

**વિષય પરામર્શકશ્રીઓ:**

| | |
|---|---|
| ડૉ. નરેશ પરીખ | એસોસિયટ પ્રોફેસર, સ્વામીનારાયણ આર્ટસ કોલેજ , કડી. |
| ડૉ. લક્ષ્મણ વાઢેર | એસોસિયટ પ્રોફેસર, શામળદાસ આર્ટસ કોલેજ , ભાવનગર |

**લેખકશ્રીઓ:**

| | |
|---|---|
| ડૉ.વિજય પટેલ | આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ગુજરાત આર્ટસ કોલેજ, અમદાવાદ |
| ડૉ. ગોરધન રોહિત | આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર<br>ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |
| ડૉ . સંજય પટેલ | આસીસ્ટન્ટ પ્રોફેસર , ઈતિહાસ વિભાગ , સરકારી વિનયન કોલેજ , સમી |
| ડૉ. અશોક વાઘેલા | આસીસ્ટન્ટ પ્રોફેસર , ઈતિહાસ વિભાગ , સરકારી વિનયન કોલેજ ,થરાદ |
| ડૉ .આદિત્ય જોષી | આસીસ્ટન્ટ પ્રોફેસર , જાહેર વહીવટ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર<br>ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |

**ભાષા પરામર્શકશ્રીઓ:**

| | |
|---|---|
| ડૉ.ઘનશ્યામ ગઢવી | નિવૃત પ્રિન્સીપાલ, શ્રીમતી આંનદીબેન ચૌધરી<br>મહિલા આર્ટસ કોલેજ, મહેસાણા |
| ડૉ.લીનાબેન સ્વાદિયા | એસોસીએટ પ્રોફેસર,શ્રી પિ.કે. ચૌધરી મહિલા કોલેજ,ગાંધીનગર |


**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**ISBN:** 978-93-5598-853-9

**પ્રકાશિત વર્ષ : પ્રથમ આવૃત્તિ 2026**

© **Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad, 2025**

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**MAHIS - 104**

**SEMESTER – 1**

## પ્રાચીનથી અર્વાચીન ભારતીય વહીવટી વ્યવસ્થા


| | | |
|---|---|---|
| એકમ : 1 | પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિ,ઉદ્દેશ્ય અને વિકાસ | 01 |
| એકમ : 2 | વૈદિક યુગમાં સભા, સમિતિ અને વિદથ- તેની રચના અને કાર્ય | 14 |
| એકમ : 3 | ગણ રાજ્યો : બંધારણ, મુખ્ય લક્ષણો અને મર્યાદાઓ | 22 |
| એકમ : 4 | મૌર્ય વહિવટી તંત્ર કેન્દ્ર , પ્રાંત અને નગર રચના | 31 |
| એકમ : 5 | ગુપ્તકાલીન વહીવટી સંગઠન | 42 |
| એકમ : 6 | દક્ષિણી રાજ્યોની રચના : પ્રાદેશિક રાજ્યો અને ચૌલ રાજ્યોનો વહીવટીતંત્ર | 54 |
| એકમ : 7 | ગુજરાતમાં સોલંકીકાલીન વહીવટી વ્યવસ્થા | 76 |
| એકમ : 8 | રાજપૂત રાજ્યોની વહીવટી વ્યવસ્થા – તેની લાક્ષણિકતાઓ | 109 |
| એકમ : 9 | દિલ્હી સલ્તનતનું વહીવટ – ઈસ્લામિક થિયરી ઓફ સ્ટેટ | 128 |
| એકમ : 10 | વિજયનગર સામ્રાજ્યની વહીવટી વ્યવસ્થા | 153 |
| એકમ : 11 | મુઘલ રાજ્યની વહીવટી વ્યવસ્થા, મનસબદારી વ્યવસ્થા | 174 |
| એકમ : 12 | શિવાજી અને પેશ્વા શાસન હેઠળના મરાઠા રાજ્યની પ્રકૃતિ અને શાસનવ્યવસ્થા | 200 |
| એકમ : 13 | ભારતીય દેશી રજવાડાનું વહીવટી તંત્ર | 225 |
| એકમ : 14 | ભારતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું વહીવટી માળખું | 258 |

# પાઠ્યક્રમ પરિચય

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના એમ.એ. સેમ-૦૨ ના ઈતિહાસ વિષયમાં પેપર-૦૪ પ્રાચીનથી અર્વાચીન ભારતીય વહીવટી વ્યવસ્થા આ પાઠ્યક્રમ પરિચયમાં આપનું સ્વાગત છે.

વિધાર્થી મિત્રો, પ્રાચીનથી અર્વાચીન ભારતીય વહીવટી વ્યવસ્થા આ પેપરમાં પ્રાચીનકાળથી લઈને અર્વાચીન યુગ સુધી ભારતીય રાજયવ્યવસ્થા,વહીવટીતંત્ર ના વિકાસ,તેના મૂળ તત્વો,રાજકીય સંસ્થાઓ તથા વિવિધ રાજવંશો અને શાસકોની વહીવટી પદ્ધતિઓથી પરિચય થશે.

ભારતની વહીવટી પરંપરા વિશ્વની પ્રાચીન અને સુવ્યવસ્થિત પરંપરાઓની એક માનવામાં આવે છે.

આ વિષયમાં વૈદિકયુગની સભા,સમિતિ અને વિદથ જેવી સંસ્થાઓની શરૂઆત કરીને ગણરાજ્યો,મોર્ય,ગુપ્ત,ચૌલ,રાજપૂત,દિલ્લી સલ્તનત,ઈસ્ટ ઈન્ડિયા કંપની, મુઘલ અને મરાઠા શાસન સુધીની વહીવટી વ્યવસ્થાઓ વિશે માહિતગાર બનશે.

આ સાથે ગુજરાતના સોલંકીકાલીન વહીવટ,વિજયનગર સામ્રાજયની શાસનવ્યવસ્થા અને ભારતીય દેશી રજવાડાઓના વહીવટી તંત્ર વિશે જાણકારી પ્રાપ્ત કરશે .

આ પાઠ્યક્રમનો મુખ્ય હેતુ વિધાર્થીઓમાં ભારતીય વહીવટી પરંપરાનું ઐતિહાસિક જ્ઞાન વિકસાવવાનો છે. જેથી તેઓ વિવિધ યુગોની  રાજકીય અને સામાજિક પરિસ્થિતિઓને સમજી શકે.

આ અભ્યાસકથી શાંશનવ્યવસ્થાના વિકાસક્રમ,રાજ્ય અને પ્રજાના સંબંધો,સ્થાનિક વહીવટ, કર પ્રણાલી તથા સૈન્ય અને ન્યાયવ્યવસ્થામાં સમજણ પ્રાપ્ત કરશે.

આ પેપરથી વિધાર્થીઓમાં સંશોધનાત્મક અભિગમ,તુલનાત્મક વિશ્લેષણ અને ઐતિહાસિક દ્રષ્ટિકોણનો વિકાસ થાય છે.

**એકમ - 1**

# પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિ,ઉદ્દેશ્ય અને વિકાસ

## :: રૂપરેખા ::

**1.0 ઉદ્દેશો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિના અભ્યાસ માટેના ઐતિહાસિક સાધનો**

**1.3 દૈવી હકનો સિદ્ધાંત ની ઉત્પત્તિ,ઉદ્દેશ્યો અને વિકાસ**

**1.4 બળનો સિદ્ધાંત ની (દંડનીતિ) ઉત્પત્તિ,ઉદ્દેશ્યો અને વિકાસ**

**1.5 સામાજિક કરારનાં સિદ્ધાંત ની ઉત્પત્તિ,ઉદ્દેશ્યો અને વિકાસ**

**1.6 સપ્તાંગ સિદ્ધાંત ની ઉત્પત્તિ,ઉદ્દેશ્યો અને વિકાસ**

**1.7 સારાંશ**

**1.8. ચાવીરૂપ શબ્દો**

**1.9. તમારી પ્રગતિ ચકાસો**

**1.10. સ્વાધ્યાય**

**1.11. સંદર્ભ અને વિશેષ વાચન**

## 1.0 ઉદ્દેશો (Objectives)

આ એકમના અભ્યાસ પછી તમે:-

- પ્રાચીન ભારતમાં રાજકીય વ્યવસ્થાની પ્રારંભિક અવસ્થા વિશે જાણી શકશો.
- પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિ માટેના વિવિધ અભિગમો વિશે જ્ઞાન પ્રાપ્ત કરશો.
- વૈદિક અને પ્રશિષ્ટ સાહિત્યમાં રાજ્ય વ્યવસ્થા ને લગતા વિવિધ અભિગમોથી પ્રાચીન ભારતમાંરાજ્યની ઉત્પત્તિ વિશે જ્ઞાન મેળવશો.

## 1.1 પ્રસ્તાવના (Introduction)

પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિ અને તેના ઐતિહાસિક કારણોના અન્વેષણ એ માત્ર ઈતિહાસ વિષયની જ નહી પરંતુ સમાજ વિજ્ઞાનના અન્ય વિષયો માટે પણ સંકીર્ણ સમસ્યા છે. તેમ છતાં પ્રાપ્ત ઐતિહાસિક સાહિત્યિક સાધનોના તાર્કિક

અધ્યયન અને અન્વેષણના અંતે પ્રાચીન ભારતમાં રાજ્ય વ્યવસ્થાને લગતા કેટલાક સંકેતો કે ઉદાહરણો પ્રાપ્ત થાય છે. મનુષ્ય તેના ઉત્ક્રાંતિના તબક્કામાંથી પ્રજ્ઞા માનવની હજારો વર્ષની સફરમાં અનેક પરિવર્તનો ના કારણ કે પરિણામ સ્વરૂપ તેની ભૂમિકા રહી હતી; જે ને જ્ઞાનાત્મક ક્રાંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. ખોરાક સંગ્રહણની અવસ્થાથી સમયાંતરે અનાજ ઉત્પાદકની પ્રક્રિયા શકવર્તી હતી, જે સમય જતા કૃષિ ક્રાંતિ અને સંપત્તિના ખ્યાલ માટે કારણરૂપ બની હતી. કૃષિ ક્રાંતિએ મનુષ્યને શિકારી માંથી મેદાની વિસ્તારનાં સ્થાયી રહેવાસી તરીકે સ્થાપિત કર્યા હતા. સ્થાયીકરણની આ પ્રક્રિયા ને અંતે નગર કે સામ્રાજ્યની માટેની પૂર્વભૂમિકા તૈયાર થઈ હતી. ગ્રામ, પૂર, જન કે મહા જનપદના સંરક્ષણ કે સંચાલન માટે ચોક્કસ વ્યવસ્થા તંત્રનું સર્જન સહ પાલન આવશ્યક હતું. ઉપરોક્ત પ્રક્રિયા રાજ્યની ઉત્ક્રાંતિ માટેના વિવિધ અભિગમોના દ્વારા અધ્યયન કરી શકાય છે, તે પૂર્વે પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિના અભિગમો વિશે અધ્યયન માટેના સાહિત્યિક સાધનનો અભ્યાસ અનિવાર્ય બને છે,જે નીચે મુજબ છે.

## 1.2 પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિના અભ્યાસ માટેના ઐતિહાસિક સાધનો

પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિના સિદ્ધાંતોના અભ્યાસ માટે ઇતિહાસકારોએ ઐતિહાસિક સાધનોના તિથિ ક્રમ નિર્ધારિત કરેલ છે. જેમાં પ્રથમ બ્રાહ્મણ, દીર્ઘ નિકાય, કૌટિલ્ય વિરચિત અર્થશાસ્ત્ર મહાવસ્તુ અને શાંતિ પર્વનો રાજધર્મ પ્રકરણ છે.જો કે તિથિ ક્રમ બાબતે વિદ્વાનોમાં અનેક મત મતાંતરો પ્રવર્તે છે. બૌદ્ધ સાહિત્યમાં પ્રારંભિક રાજા માટે નીચે મુજબના પર્યાય વાચક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેમ કે મહાસમ્મત, ખતિય અને રાજા. મહાસમ્મતઃ તમામ લોકો દ્વારા પસંદ કરવામાં આવ્યો હોય તે પ્રધાન પુરુષ. ખતીય : ખેતીલાયક જમીનનો માલિક. રાજાઃ ધર્મ દ્વારા લોકોને પ્રભાવિત કરે તે. મૂર્ધન્ય ભિશિકતઃ પોતાના લોકોનું સમ્યક રીતે રક્ષા અને પરીપાલન કરનાર. જનપદસ્થામવીર્યપ્રાપ્ત : નગર અને ગ્રામીણ લોકો વચ્ચે માતા-પિતાના રૂપમાં. બૌદ્ધ સાહિત્યમાં ઉપરોકત પર્યાય વાચક નામ પ્રાપ્ત થાય છે.

પ્રાચીન ભારતમાં રાજયની ઉત્પત્તિના સંદર્ભે ઋગ્વેદ કરતાં અથર્વવેદમાં રાજપદ પુનઃ પ્રાપ્ત કરવા માટે કે રાજ્ય વ્યવસ્થા ને લગતી માહિતી વિશેષ પ્રાપ્ત થાય છે. બ્રાહ્મણીય સાહિત્યમાં કર્મકાંડની સાથે સાથે રાજાની ઉત્પત્તિ સંબંધની વિગતો પ્રાપ્ત થાય છે. ખાસ કરીને ઐતરેય બ્રાહ્મણમાં અને શતપથ બ્રાહ્મણમાં જોવા મળે છે. અહી એ બાબત નોંધવા યોગ્ય છે કે ડો આર એસ શર્મા ના મત મુજબ શતપથ અને ઐતરેય બ્રાહ્મણમાં ઉલ્લેખિત પ્રદેશનો વિસ્તાર ઉત્તર પ્રદેશ અને વિશેષત ઉત્તર પ્રદેશનો

પશ્ચિમ ભાગ છે. ધર્મસૂત્રના સાતમાં અધ્યાયમાં રાજધર્મ, રાજ કર્તવ્ય અને દંડનીતિનો ઉલ્લેખ કરેલ છે. તે જ પ્રમાણે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ અને પશ્ચિમ ભારતમાં વિજ્ઞાનેશ્વર દ્વારા ૧૧મી સદીમાં રચિત મીતાક્ષર ટીકા બંને હિન્દુ સિવિલ વિધિનો આધારભૂત સામગ્રી પ્રસ્તુત કરે છે. જો કે કાયદા માટે મૂળ સ્મૃતિ નારદ બૃહસ્પતિ અને કાત્યાયન માનવામાં આવે છે. મહાભારતના સભા, શાંતિ અને અનુશાસન પર્વમાં રાજનીતિક વિચારોના મુખ્ય સ્રોત ગણી શકાય.રચનાની દ્રષ્ટિએ સભા પર્વ પ્રાચીન છે, પરંતુ શાંતિ પર્વના રાજધર્મ પ્રકરણમાં પ્રાચીન ભારતના રાજ્ય ઉત્પત્તિના સિદ્ધાંતોની સમજવામાં વિશેષ મદદરૂપ થાય છે. અર્થશાસ્ત્રના રચિયતા કૌટિલ્ય એ રાજ્યશાસ્ત્રને ધર્મ અને નૈતિકતાથી મુક્ત કરવાનો પ્રયાસ કર્યો છે. માટે અર્થશાસ્ત્રને રાજનીતિ વિજ્ઞાન ગણી શકાય.જો કે કૌટિલ્ય બાદ તેના વિચારો કે રાજનીતિના વિષયોનું અનુગમન કર્યું હોય તેવા સ્પષ્ટ સાધનો ઉપલબ્ધ નથી પરંતુ આઠમી સદીમાં કામન્દક ના નીતિસારમાં ઉપરોક્ત વિષયની છાંટ સ્પષ્ટ જોવા મળે છે. નીતિસારના પ્રથમ શ્લોકમાં જ કામન્દક કૌટિલ્યને પોતાના ગુરુ તરીકે વર્ણવે છે. મૂળ ઐચ્છિત્ય એ બાબતનું છે કે આ સાહિત્ય રચનાનો મૂળ હેતુ કે ઉદેશ્ય શું હતો? સામાન્ય રીતે ગ્રંથ રચનાનો હેતુ તત્કાલીન રાજ્યના અધિકારી, વિષય, સંબંધ અને પ્રયોજન માટે ગ્રંથની રચના કરવામાં આવતી હતી. પરંતુ જ્યાં સુધી અર્થશાસ્ત્ર ગ્રંથની વાત છે તે પ્લેટોના રિપબ્લિક માં જેમ તેના અભિભાવક વર્ગને શિક્ષિત કરવાનો છે, તે જ અનુસંધાને અર્થશાસ્ત્ર ગ્રંથનો મૂળ હેતુ રાજકુમારોને શિક્ષા આપવો છે. જેનો સમ્યક ઉલ્લેખ કામંદકે ભુમિશ્વર પ્રતિ સંબોધિત કર્યો છે. પુરાતાત્વિક સાધનો દ્વારા પણ પ્રાચીન ભારતની રાજકીય વ્યવસ્થા વિશે માહિતી મળે છે. જે અનુસંધાને સમાજશાસ્ત્રીઓનું માનવું છે કે જે સમાજમાં યોગ્ય રીતે કૃષિ વિષયક વિકાસ થયો ન હોય તે રાજ્ય કે શાસન પાંચ લાખ લોકોથી વધુ પર નિયંત્રણ સ્થાપિત કરી શકે નહી એટલે કે પુરાતાત્વિક સ્રોત સાહિત્યમાં રહેલ કાલ્પનિક બાબતો કે મર્યાદાઓને શુદ્ધ કરે છે. જો કે પ્રાચીન ભારતના રાજકીય વિચારો કે સંસ્થાઓ વિશે અધ્યયન સામગ્રી પુષ્કળ પ્રમાણમાં છે પરંતુ સમસ્યા તેના સુયોગ્ય અન્વેષણની છે. રાજ્યની પૂર્ણ પરિભાષા ઐતિહાસિક રીતે કૌટિલ્યના અર્થશાસ્ત્રમાંથી પ્રાપ્ત થાય છે. કૌટિલ્યના સપ્તાંગ સિદ્ધાંતમાંથી જનપદ અંગે કૌટિલ્યના વર્ણન મુજબ જનપદ માટે નિશ્ચિત ભૂભાગ અને જન સંખ્યા નો સમાવેશ હોય છે, સારી જળવાયુ , પશુ આહાર અને ફળદ્રુપ ભૂમિ હોવી આવશ્યક છે અને વિશેષતઃ કુશળ કિસાન હોવા અનિવાર્ય છે. આ જ બાબતનું અનુમોદન કામન્દક કરે છે.પ્રસિદ્ધ orientalist કીથ ભારતીય રાજ્ય વ્યવસ્થાના સંદર્ભે નોંધે છે કે, ભારત પાસે પ્લેટોની પુસ્તક ‘રિપબ્લિક’ કે અરસ્તુની ‘પોલિટિક્સ’ના સમકક્ષ અર્થશાસ્ત્રથી શ્રેષ્ઠ કૃતિ ન હોય તો આ દુઃખનો વિષય છે. આધુનિક સમયમાં રાજ્યના ખ્યાલ માટે પ્રભુસત્તા સરકાર, ક્ષેત્ર અને જન સંખ્યા

માનવામાં આવે છે. જેનો વિશ્વસનીય ઉલ્લેખ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વિદિત છે. શાંતિ પર્વના કથાનો પ્રમાણે પ્રાકૃતિક અવસ્થાના પ્રારંભિકી ચરણમાં રાજ્ય નામક સંસ્થાનો અભાવ હતો. કૌટિલ્ય આવવા રાજ્યો માટે વૈરાજ્ય શબ્દનો ઉલ્લેખ કરે છે. મહાકાવ્યો અને પુરાણોની અનુશ્રુતિઓ માં રાજા પૃથુ પોતાના રાજ્યભિષેક સમયે લોકોની સમસ્યાઓને દૂર કરવાનું આશ્વાસન આપે છે. અને કહે છે કે હું પૃથુ સ્વધર્મ, વર્ણધર્મ અને આશ્રમ ધર્મની સ્થાપના કરીશ અને જેનું સંચાલન રાજદંડ થી કરીશ. તત્વઃ પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિમાટે સંપત્તિ, પરિવાર અને વર્ણની ભૂમિકા મહત્વની હતી. તો હવે આપણે પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પતિના વિવિધ સિદ્ધાંતોનો અભ્યાસ કરીશું.

## 1.3 દૈવી હકનો સિદ્ધાંત ની ઉત્પત્તિ,ઉદ્દેશ્યો અને વિકાસ

મહદ અંશે વિશ્વની તમામ પ્રાચીન સભ્યતાનાં વિકાસમાં આ સિદ્ધાંત સર્વ માન્ય હતો. પ્રાચીન ઈજિપ્ત, સુમેર, બેબીલોન વગેરે સભ્યતાનાં રાજાઓ દેવોના અંશ ગણાતા હતા. પ્રાચીન ભારતના અનેક ગ્રંથો આ સિદ્ધાંતનું પ્રતિપાદન કરેલું છે. ઋગ્વેદમાં રાજપદના દૈવી હકનો ઉલ્લેખ છે. રાજષિ ત્રસદસ્યુ પોતાને અર્ધ દેવતા કહે છે. ઋગ્વેદના અન્ય એક શ્લોકમાં ઈન્દ્ર, અગ્નિ, વરુણ, સોમ વગેરે દેવોની શક્તિનું આરોપણ નો ઉલ્લેખ છે જે રાજામાં દૈવી કે અર્ધ દૈવી શક્તિનું સૂચન કરે છે. અનુ વૈદિક સાહિત્યમાં રાજાના દૈવી હકનો સ્પષ્ટ ઉલ્લેખ થયેલો છે. અથર્વવેદમાં રાજાને ઈન્દ્રના સ્વરૂપ તરીકે કલ્પવામાં આવેલો છે.તેને મિત્ર અને વરુણની સમકક્ષ ગણવામાં આવ્યો છે. તૈત્રીય સંહિતા અને શતપથ બ્રાહ્મણે પણ રાજાનું ઈન્દ્ર સાથે અનુસંધાન કરેલું છે. એટલે કે પ્રજાપતિના પ્રતિનિધિ તરીકે રાજાને અનેક ઉપર શાસન ચલાવવાનો હક પ્રાપ્ત થયેલો છે અને રાજાની આજ્ઞા માનવામાં લોકો સ્પષ્ટ બ્રહ્માણી આજ્ઞા માને છે તેમ સમજવું. ધર્મસુત્રોએ રાજ્ય સત્તાના દૈવી હકનું સ્પષ્ટ રીતે નિરૂપણ કરેલું નથી. સૂત્ર સાહિત્ય રાજાને ધર્મનો રક્ષક માને છે; નૈતિક વ્યવસ્થાના પથદર્શક માને છે. કૌટિલ્યના મત પ્રમાણે રાજપદની ઉત્પત્તિ પહેલા સમાજમાં ‘મત્સ્યન્યાય’ પ્રચલિત હતો. આ સ્થિતિ નિવારવા લોકોએ સૂર્યના પુત્ર મનુની પોતાના પ્રથમ રાજા તરીકે નિયુક્તિ કરી હતી. મનુ લોકોને રક્ષણ આપી સમાજ વ્યવસ્થા સ્થાપિત કરી હતી,તેના બદલામાં લોકોએ મનુને કર આપવાનું સ્વીકાર્યું હતું. કૌટિલ્ય એ મનુમાં ઈન્દ્ર (બદલો આપનાર) અને યમ (શિક્ષા આપનાર) ની શક્તિ અને જવાબદારીનો સંયોગ કરેલો છે. તેના અભિપ્રાય પ્રમાણે રાજાની સત્તાનો ભંગ કરનાર દૈવી શિક્ષાનો ભોગ બને છે; માટે રાજ સત્તાનો તિરસ્કાર કરવો જોઈએ નહી. ઉપરોક્ત વિચાર સામાજિક અનુબંધનું સૂચક છે. રાજસત્તાના આદેશના ભંગને કૌટિલ્ય અપરાધ જ નહી પરંતુ પાપ પણ ગણે છે. અર્થશાસ્ત્રમાં પ્રથમ રાજા મનુનો વિવસ્વત(સૂર્ય) ના પુત્ર

તરીકે ઉલ્લેખ કરેલો છે. પરંતુ અયોગ્ય રીતે રાજ કરનારનું પદ દૈવી ગણાય કે નહી તેનું અર્થશાસ્ત્રમાં કોઈ સ્પષ્ટીકરણ નથી. મહાભારતના શાંતિ પર્વના રાજધર્મ અધ્યાયમાં રાજાની ઉત્પત્તિ અને તેની ફરજોનું વિસ્તૃત વિવેચન કરેલ છે. યુધિષ્ઠિરના એક પ્રશ્નના પ્રત્યુતરમાં ભીષ્મ વિસ્તારથી રાજાની ઉત્પત્તિ અને તેની મહત્તા વિશે યુધિષ્ઠિરને અવગત કરાવે છે. ભીષ્મ ના કથન મુજબ રાજાની ઉત્પત્તિ પહેલાનું માનવ જીવન શાંત, સુખી અને ધર્મ પરાયણ હતું. વ્યવહાર સમ્યક હતો, જેનો સમયાંતરે સમાજ જીવનમાં વિનિપાત થતો ગયો. આ સ્થિતિના નિવારણ માટે દેવોએ બ્રહ્માને પ્રાર્થના કરી. બ્રહ્માએ 'નીતિશાસ્ત્ર' નામે શાસ્ત્રની રચના કરી ને દેવોને વિષ્ણુ પાસે જવાનું સૂચન કર્યું. દેવોની વિનંતીથી વિષ્ણુએ વેણના પુત્ર પૃથુની પ્રથમ રાજા તરીકે નિયુક્તિ કરી અને ધર્મનું રક્ષણ કરવાની શરતે તેઓએ તેની આજ્ઞાને શિરોમાન્ય ગણી. આ રીતે પૃથુ ની ઉત્પત્તિ વિષ્ણુ માંથી થઈ છે,માટે તેનું પદ દૈવી છે. ધ્યાતવ્ય છે કે મહાભારત રાજાની વ્યક્તિ તરીકે નહીં પરંતુ તેના પદને દૈવી ગણે છે. પ્રસ્તુત કથન મુજબ રાજાના અભાવમાં અરાજકતા અને અનૈતિકતાનું વાતાવરણ ફેલાય તથા સમાજ ક્રમશઃ નાશ પામે. રાજાની આજ્ઞાનું પાલન એ પ્રત્યેક મનુષ્યનો ધર્મ છે, કારણ કે રાજ પદ થી સમાજ અને ધર્મ ટકે છે. નારદસ્મૃતિમાં આ સિદ્ધાંતનું વિશિષ્ટ રીતે નિરૂપણ કરેલ છે. તેના વિવરણ પ્રમાણે રાજા અગ્નિ, ઈન્દ્ર, સોમ, યમ અને કુબેરના ખાસ તેજ નું પ્રતીક છે. રાજા પ્રત્યે સંપૂર્ણ વફાદારી પ્રજાની નૈતિક ફરજ છે. નારદના મત મુજબ નિર્બળ અને નિર્માણ્ય રાજા પ્રત્યે પણ પ્રજાએ ભક્તિભાવ રાખવો જોઈએ. નારદ રાજાને ધર્મ પ્રમાણે રાજ કરવાનો મત રજૂ કરે છે. કામન્દક નીતિસાર જે કૌટિલ્યના અર્થશાસ્ત્રની પ્રતિકૃતિ છે જે પણ રાજાના દૈવી હકનો ઉલ્લેખ કરે છે. અગ્નિ પુરાણ ના વિવરણ પ્રમાણે રાજા ભિન્ન ભિન્ન કાર્ય માટે ભિન્ન ભિન્ન દેવોનું સ્વરૂપ ધારણ કરે છે. ભાગવતપુરાણ રાજાનું જગરક્ષક લોકપાલકનું સ્વરૂપ કલ્પે છે,માટે પાપી રાજાનો પણ તિરસ્કાર નહીં કરવાનું પ્રજાને સૂચન કરે છે. શુક્રનીતિસારે પણ રાજાના દૈવી હકનું સમર્થન કરેલું છે. છતાંયે આ સિદ્ધાંત શુક્રનીતિમાં કંઈક અંશે મૌલિક અને તાર્કિક રીતે રજૂ થયેલા છે. તેના મત મુજબ ઈન્દ્ર, પવન, યમ, સૂર્ય, અગ્નિ, વરૂણ, ચંદ્ર અને કુબેરના કાયમી તત્વો માંથી રાજાનું ઘડતર થયેલું છે. સ્વભાવ અને સામર્થ્યની દ્રષ્ટિએ રાજાના તે ત્રણ પ્રકાર પાડે છે, ૧ સાત્વિક ૨ રાજસિક ૩ તામસિક. પ્રથમ પ્રકારના રાજાને દેવોનું અંશ માને છે, અન્ય પ્રકારના રાજાને તે અસુરોનો અંશ માને છે. સાત્વિક રાજાઓને તે માનને પાત્ર ગણે છે જ્યારે અન્ય પ્રકારના રાજાને તે ગૌણ ગણે છે. નારદની માફક શુક્ર દુષ્ટ રાજાને પણ તાબે થવાનું પ્રજાને સૂચન કરતો નથી. શુક્રએ રાજા ની વિવિધ ફરજોનું જે વિવરણ કર્યું છે.તે ઉપરથી પ્રજાએ સંતોષ આપવાનો રાજાનો ધર્મ છે. રાજામાં શિસ્તને માટે શુક્ર આગ્રહ રાખે છે. તેના કથન મુજબ રાજા ધર્મનો રખેવાળ અને દંડનો દાતા છે. પ્રજા વગરનો રાજા શક્ય છે, પરંતુ

રાજા વગરની પ્રજા અશક્ય છે. જૈન મુનિ સોમદેવસૂરિ કૃત 'નીતિ વાક્ય અમૃત' ના કથન મુજબ રાજા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું સ્વરૂપ છે, તે પરમદેવોનું સ્વરૂપ હોઈ તેનો પ્રતિકાર કોઈપણ સંજોગોમાં યોગ્ય નથી. નિર્બળ કે દુર્ગુણી રાજાને તે કલિયુગ નો પ્રભાવ ગણે છે અને તે રીતે તેનો સામનો કરવો વર્જિત છે. એથેન્સ અને રોમના નગર રાજ્યોનું સર્જન દૈવી હોવાનું ઘણા પાશ્ચાત્ય વિદ્વાનોએ વિધાન કરેલું છે. ગ્રીસની પાયથેગોરીયન વિચારસરણીમાં રાજાના દૈવી હકનો વિચાર અભિભૂત હતો. તત્વજ્ઞાની પાયથાગોરસે રાજાની દૈવી ઉત્પત્તિની કલ્પના કરી હતી. પાંચમી સદીથી આશરે ૧૫ મી સદી સુધી પોપ અને રાજા વચ્ચે દૈવી હકોના સર્વોપરિતત્વ બાબતે દ્વંદ હતો. ૧૫ મી અને ૧૬ મી સદી દરમિયાન ધર્મ સુધારણાની ચળવળો રાજાને સર્વોપરિપદ આપવામાં સહાયભૂત નીવડી હતી. ખ્રિસ્તી દેવળની સત્તા નિર્બળ બની અને રાજાના દૈવી હકનો સ્વીકાર થયો. જેમ્સ પહેલો , ફિલ્મર , બોસેટ , ફિગીસ વગેરેના લખાણોએ રાજાને દૈવી, સાર્વભૌમ અને આપખુદ બનાવવામાં ખાસ ફાળો આપ્યો હતો. જેમ્સ પહેલા ની પુસ્તક, 'the true law of free monarchy ' માં રાજાને ઈશ્વરની પ્રતિકૃતિ માને છે. રાજા પોતાના કાર્યો માટે પ્રજાને જવાબદાર નથી. રાજા કાયદાથી પર છે. જુલ્મી રાજા પ્રજાએ કરેલા પાપોનું ફળ છે. કોઈપણ જાતની આનાકાની વગર રાજાની આજ્ઞાનું પાલન કરવું તે પ્રજાનો ધર્મ છે તેનો પ્રતિકાર કરવો તે પાપ છે. પ્રસ્તુત કથન કે મતમાં દૈવી હક ના નામે આપખુદ, બે જવાબદાર, બિન કાનૂની અને સર્વોપરી રાજાની નિહિત હિમાયત કરી છે. યુરોપિય અને ભારતીય વિદ્વાનો એ રાજાના દૈવી હકના સિદ્ધાંતો સંદર્ભ ના દર્શનમાં સામ્યતા છે પરંતુ વિચારોમાં સંપૂર્ણ તફાવત રહેલો છે. ભારતીય વિચારકો રાજાને આપ ખુદ કે અન્યાય આચરવાની છૂટ નથી આપતા તેઓ પશ્ચિમી ચિંતકોની માફક જુલમી રાજાશાહીનો સામનો કરવાના હકનો નિષેધ નથી કરતા. ભારતીય વિચારકો સદગુણી રાજાને જ ઈશ્વરનો અંશ ગણે છે. તેની સાપેક્ષમાં આપખુદ કે અન્યાયી રાજાશાહીની તરફેણ કરતા નથી. તેઓ રાજપદને સતત ધર્મ સાથે સાંકળે છે. મહાભારત અને મનુસ્મૃતિ દુષ્ટ રાજાઓને સશસ્ત્ર બળવા દ્વારા પદભ્રષ્ટ કરવાનો જ નહીં પરંતુ તેનો વધ કરવાનો પણ પ્રજાને અધિકાર આપે છે. અર્થશાસ્ત્ર પણ સ્પષ્ટ રીતે જણાવે છે કે લોક કલ્યાણ માટે જ રાજપદનું અસ્તિત્વ છે. એટલે કે ધર્મનો ભંગ કરનાર કે દૂષિત કરનાર રાજા દૈવી શિક્ષા ને પાત્ર છે માટે પ્રાચીન ભારતમાં રાજાના દૈવી હકને ધર્મ,નૈતિકતા કે સત્ય સાથે સંયોજિત કરવામાં આવ્યો છે.

## 1.4 બળનો સિદ્ધાંત ની (દંડનીતિ) ઉત્પત્તિ,ઉદ્દેશ્યો અને વિકાસ

ભારતીય મુનિઓએ રાજ્યના ઉદય અને સંચાલન માટે દૈવી હક ના સિદ્ધાંતની માફક દંડનીતિ કે બળના સિદ્ધાંતને રજૂ કર્યો છે. ભારતીય વિદ્વાનોના મત મુજબ દંડનીતિ શાસન વ્યવસ્થાનું અભિન્ન અંગ ગણ્યું છે, માટે રાજ્યશાસ્ત્રને દંડનીતિ પણ કહેવામાં આવે છે. રાજ્યનો અગ્રીમ હેતુ ધર્મનું રક્ષણ છે જે દંડ વગર અશક્ય છે. પ્રસ્તુત વિચારના અનુમોદનનો ઉલ્લેખ યજુર્વેદની એક ઋચામાં પ્રાપ્ત થાય છે, જેમાં જણાવ્યું છે કે' હે રાજન્ ! જે વિષયસેવનમાં ખીલનાર પુરુષ વા સ્ત્રીઓ વ્યભિચારને વધારે છે તે પુરુષો અને સ્ત્રીઓને તીવ્ર દંડ આપી ને શાસન કર' પ્રસ્તુત શ્લોકનો અર્થ આપણે સમજી શકીએ છીએ. ભારતીય વિચારકોના વિવરણ મુજબ દંડ તે આક્રમણ કે રાજ્ય વિસ્તારનું સાધન માત્ર નથી. બળ કે લશ્કરી તાકાત સંરક્ષણ માટે છે. દંડ એ દુષ્ટોને ભય આપનારું અને યોગ્ય માણસોને સમ્યક દરજ્જો આપવાનું શાસ્ત્ર છે. ભારતીય રાજ્ય પદ્ધતિમાં દંડને ધર્મ સાથે સાંકળવામાં આવેલ છે જે તેનું નોંધપાત્ર લક્ષણ છે. કૌટિલ્યના કથન મુજબ રાજ્યના અસ્તિત્વનો આધાર દંડશક્તિના સુયોગ્ય ઉપયોગ પર રહેલો છે. દંડ નો અર્થ માત્ર શિક્ષા જ નથી લોકોને નીતિનું આચરણ કરવાની ફરજ પાડનાર દંડ એક શાસ્ત્ર છે. સામાજિક વ્યવસ્થાને સુચારું રીતે સંચાલિત કરનાર મહાન બળ છે. કૌટિલ્યના અભિપ્રાય મુજબ જો દંડનો નિષેધ કરવામાં આવે તો સમાજમાં 'મત્સ્યન્યાય'ની સ્થિતિ પ્રવર્તે એટલે કે સબળ નિર્બળ નો નાશ કરે. માટે કૌટિલ્યના મત પ્રમાણે દંડ અર્થતંત્ર તથા શાસન વ્યવસ્થાનું અનિવાર્ય અંગ છે. વિશેષઃ તે રાજધર્મ, રાજનીતિ કે નીતિશાસ્ત્ર તરીકે પ્રસ્થાપિત કરે છે. મનુસ્મૃતિ સમાજમાં સુયોગ્ય વ્યવહારના સંચાલન માટે દંડને અતિ આવશ્યક માને છે. દંડના નિષેધમાં સમાજમાં અરાજકતા પ્રવર્તે છે અને વર્ણ વ્યવસ્થા નાશ પામે તેમ જણાવે છે. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ પોતાની ફરજ ચૂકનાર પ્રત્યેક વ્યક્તિને સમાન રીતે દંડશક્તિનો ઉપયોગ કરવા રાજાને સલાહ આપી છે. કામન્દક નીતિસાર માં રાજા ને તે દંડનીતિ આચરવામાં અતિરેક કે ઉદારતા પ્રત્યે સભાન રહેવાનું સૂચન કરે છે. શુક્રનીતિના વિધાન મુજબ દંડશક્તિ પ્રજાજનોને સ્વધર્મ પ્રત્યે જાગૃત રાખે છે. પશ્ચિમી વિચારકો માં દંડશક્તિના સિદ્ધાંતનો સ્પષ્ટ ઉલ્લેખ મિકિયાવેલી થી થયેલો જોઈ શકાય છે. પોતાના ગ્રંથ 'પ્રિન્સ'માં મેકિયાવેલીએ દંડને રાજ્યના અસ્તિત્વ અને વિકાસનો મૂળ આધાર માન્ય છે. તેના કથન મુજબ દંડને નૈતિકતા કે ધર્મ સાથે કોઈ સંબંધ નથી. તેનો અર્થ એમ નથી કે મેકિયાવેલી રાજ્યને દંડ દ્વારા અનૈતિકતા આચરવાની છૂટ આપે છે. પરંતુ મેકિયાવેલીએ રાજ્યની દંડશક્તિનું કલ્પેલું સ્વરૂપ ફક્ત રાજકીય અને લશ્કરી છે. તેના પ્રસ્તુત વિચાર ભારતીય વિચારકોથી મહદ અંશે વિપરીત છે. ટ્રીટસ્કે દંડશક્તિને રાજસત્તાનું માત્ર સાધન જ નહીં, સાધ્ય પણ માને છે. આવા તંત્રથી

સામાજિક વ્યવસ્થા કારગર બની રહે તેમ તે માને છે. પશ્ચિમી વિચારકોના આ વિચાર આપખુદ, અન્યાયી અને આક્રમણખોર રાજસત્તાને પોષણ આપે તેમ છે. જે સમયાંતરે પ્રજાજન માટે સમસ્યા રૂપ બને છે.  કૌટિલ્ય એ પણ દંડના અયોગ્ય ઉપયોગ પર રાજાને ચેતવણી આપેલી છે. લોકોના કલ્યાણમાં જ રાજાનું શ્રેય રહેલું છે તેવું સ્પષ્ટ વિધાન કૌટિલ્યએ કરેલું છે. ભારતીય વિચારકો દંડ અને ધર્મને અભિન્ન અંગ માને છે. દંડ રાજ્યની સત્તા છે તો ધર્મ રાજ્યનો અંતિમ આદર્શ છે. હોબ્સ ના મંતવ્ય મુજબ મનુષ્ય સ્વભાવગત દુષ્ટ અને ઉન્માદ પ્રિય હોય છે. આ કારણથી રાજસત્તાના ઉદભવ પહેલાંનું માનવજીવન દુઃખી અને બર્બરીક હતું. આ સ્થિતિના નિવારણ માટે લોકોએ પરસ્પર સમજૂતી કરીને પોતાના તમામ અધિકારો સર્વોપરી રાજ્યસત્તાને સમર્પિત કર્યા હતા. આ સાર્વભૌમ રાજ્ય સત્તાએ દંડશક્તિથી દુષ્ટોને સજા કરીને અરાજકતા સ્થિતિનું નિવારણ કર્યું હતું. એટલે કે ભારતીય વિચારકોએ દંડને અન્યાય આચરવાનું કે સામ્રાજ્ય વિસ્તરણનું સાધન માનેલું નથી.

## 1.5 સામાજિક કરારનાં સિદ્ધાંત ની ઉત્પત્તિ,ઉદ્દેશ્યો અને વિકાસ

સામાજિક કરારના સિદ્ધાંતનો ઉલ્લેખ પ્રાચીન સાહિત્ય સ્ત્રોતમાં થયેલો છે તેનો તિથિ ક્રમ નીચે પ્રમાણે છે. બ્રાહ્મણ, દીર્ઘનિકાય , અર્થશાસ્ત્ર, મહાવસ્તુ અને શાંતિપર્વ.  પ્રસ્તુત તિથિ કર્મ સંદર્ભે વિદ્વાનોમાં મતમતાંતર પ્રવર્તે છે. નિશ્ચિત રૂપે શાંતિ પર્વના રાજધર્મમાં રાજ્યના સામાજિક કરાર સંબંધીત વિવેચન પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત સિદ્ધાંતનો અસ્પષ્ટ ઉલ્લેખ બ્રાહ્મણીય સાહિત્યમાં જોવા મળે છે. જેમાં ઉલ્લેખ છે કે અસુરો પર વિજય પ્રાપ્ત કરવા માટે દેવો દ્વારા રાજાના ચુનાવ માટે નો ઉલ્લેખ છે. ઐતરેય બ્રાહ્મણ માં ઈન્દ્રના રાજ્યભિષેકનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. જેમાં પ્રજા અને રાજાના અધિકારો અને કર્મોનો સહજ પરિચય પ્રાપ્ત થાય છે. સામાજિક અનુબંધના આધારે લોકો એકબીજાના પરિવાર અને સંપત્તિની મર્યાદા નું પાલન કરવા માટે પ્રતિબંધ બન્યા, જે થી સંગઠિત સમાજ રચના થઈ હતી.  સામાજિક અનુબંધ નો વિશેષ ઉલ્લેખ બૌદ્ધ સાહિત્ય દીર્ઘનિકાય માં જોવા મળે છે. બૌદ્ધ સાહિત્યમાં કલ્પિત સમાજ દર્શન રૂસો ના રાજ્ય પૂર્વેના આદર્શ અવસ્થાની યાદ કરાવે છે. જે મહદ અંશે હબ્સ દ્વારા વર્ણિત પ્રાકૃતિક અવસ્થા ને મળતું આવે છે. દીર્ઘનીકાયના મત પ્રમાણે એક સમયે એવો હતો કે લોકો નિસ્વાર્થ સુખી અને શાંત હતા, પરંતુ સમયાંતરે તેમાં ત્રુટી કે અવ્યવસ્થા નું સર્જન થયું; સ્ત્રી પુરુષ અને વર્ગનો ભેદ સમાજ જીવનમાં સહજ બન્યો એટલે કે સ્વર્ગિક જીવન પાર્થિવ જીવન માં પરિવર્તિત થયું. જેથી લોકો આવાસ ભોજન અને પાણીની જરૂરિયાત માટે પરસ્પર અનુબંધે જોડાયા, જેથી પરિવાર અને સંપત્તિ જેવી સંસ્થાઓની રચના થઈ હતી પ્રતિપક્ષે અનેક સમસ્યાઓનું પણ સર્જન થયું હતું માટે સમસ્યાના નિરાકરણ માટે લોકોએ જે સર્વાધીક શ્રેષ્ઠ આકર્ષક કે યોગ્ય ને

પ્રધાન તરીકે નિયુક્ત કર્યો હતો. સામે પક્ષે લોકોએ તેને સંપત્તિ માંથી અમુક ભાગ કર સ્વરૂપે આપવું તેમ સ્વીકાર્યું હતું.  આ પ્રમાણે જે વ્યક્તિની પ્રધાનમંત્રી કે નિયુક્તિ કરવામાં આવી હતી તેને મહાસમ્મત, ખતીય, અને રાજા તરીકે સંબોધિત કરવામાં આવ્યા હતા. બૌદ્ધ સાહિત્યમાં સામાજિક અનુબંધના સિદ્ધાંતની વિશેષ રજૂઆત જોવા મળે છે. શાંતિ પર્વ કે રુસો ની કૃતિમાં દર્શાવેલ સિદ્ધાંતો થી વિપરીત તે જણાવે છે કે કોઈ એક વ્યક્તિ રાજ્યના પ્રધન તરીકે નહી પરંતુ શાસન વ્યવસ્થાનાં તમામ વ્યક્તિને રાજા તરીકે સંબોધિત કરે છે, પ્રસ્તુત સિદ્ધાંત પ્રાચીન ભારતમાં ગણતંત્રાત્મક વ્યવસ્થાને અનુરૂપ છે. સામાજિક કરારના સિદ્ધાંતનો ઉલ્લેખ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ ઉલ્લેખિત છે તેમાં તે જણાવે છે કે અરાજક પરિસ્થિતિના નિવારણ માટે લોકોએ પ્રધાન પુરુષની નિયુક્તિ કરી હતી. જેના બદલામાં તેને નિશ્ચિત સાધનો ની ભેટ કે કર આપવાનું નિર્ધારિત કરવામાં આવ્યું હતું. ઉપરાંત મહાવસ્તુમાં પ્રધાન દ્વારા શાસન વ્યવસ્થામાં સુપાત્રોને પુરસ્કૃત કરવા તે તેનું મુખ્ય દાયિત્વ માને છે. શાંતિ પર્વના ૬૭ માં અધ્યાયમાં સામાજિક કરારનું ઉલ્લેખ જોવા મળે છે, તે જણાવે છે કે જે વ્યક્તિ લંપટ, ક્રૂર, પર ધનહર્તા કે પર સ્ત્રીગામી નો ભોગ કરનારો છે તે બહિષ્કાર ને પાત્ર છે. યુનાની વિચારકોમાં પ્લેટો અને અરસ્તુએ સામાજિક કરાર સંબંધી પોતાના વિચારો રજૂ કર્યા છે.  પ્લેટો એ પોતાના પુસ્તક 'રિપબ્લિક' માં જણાવ્યું છે કે ત્રણ ચાર વ્યક્તિ પોતાની જરૂરિયાતોની પૂર્તિ માટે પરસ્પર સામાજિક કરાર કરે છે જેથી રાજ્યનો ઉદ્ભવ થાય છે, પ્લેટો ની અન્ય એક આકૃતિ 'લોન્જ'માં પણ તેનો ઉલ્લેખ છે. ભારતમાં સામાજિક કરારના સિદ્ધાંતનો મુખ્ય શ્રેય બુદ્ધકાળમાં પ્રચલિત કુલ તંત્ર (ઓલીગાર્કી) શાસન ને ફાળે જાય છે. ગુપ્તકાળમાં તેનો વધુ વિકાસ થયો હતો. એટલે કે હોબ્સ ,લોક, રુસો અને ભારતીય ચિંતકોના સામાજિક અનુબંધના સિદ્ધાંત સંદર્ભે સામાજિક અને આર્થિક તત્વોના કારણે તાત્વિક અસમાનતા જોવા મળે છે.

## 1.6 સપ્તાંગ સિદ્ધાંત ની ઉત્પત્તિ,ઉદ્દેશ્યો અને વિકાસ

રાજ્યની ઉત્પત્તિના દૈવી બળ અને સામાજિક કરારના સિદ્ધાંત ઉપરાંત પ્રાચીન ભારતીય ગ્રંથોમાં સપ્તાંગ સિદ્ધાંતનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. ઋગ્વેદના પુરુષ સૂક્તમાં રાજ્યના ઉદભવ ને લગતા સપ્તાંગ સિદ્ધાંતનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. રાજ્યના સંચાલન માટે વિવિધ અંગોની તુલના માનવ શરીર સાથે કરવામાં આવી છે. અર્થશાસ્ત્ર, મહાભારત, શુક્રનીતિ, વગેરે ગ્રંથોમાંથી રાજ્યના સાત અંગોના વિવરણો પ્રાપ્ત થાય છે પરંતુ સપ્તાંગનો પ્રથમ સ્પષ્ટ ઉલ્લેખ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પ્રગટ થાય છે. કૌટિલ્ય સ્વામી (રાજા), અમાત્ય(પ્રધાન), જનપદ (પ્રદેશ), દુર્ગ (કિલ્લો), કોશ (ખજાનો), બળ (લશ્કર) અને મિત્રને રાજ્યનાં સાત અંગો માને છે. રાજામાં અમુક ગુણો અપેક્ષિત હોય તેવું અર્થશાસ્ત્ર માને છે, રાજા બહાદુર, બાહોશ, સદગુણી,

ખાનદાની, દ્રઢ મનનો, ત્વરિત નિર્ણય લેનારો, સંયમી, સમદ્રષ્ટિ વાળો, બુદ્ધિશાળી, નિષ્પક્ષ, નિર્ભય, વિવેકશીલ હોવો જોઈએ આવો રાજા સાર્વભૌમત્વ કે સર્વોપરિપદ પ્રાપ્ત કરી શકે છે. કૌટિલ્યના મત પ્રમાણે રાજ્યનું બીજું અંગ મંત્રીમંડળ છે, મંત્રીઓમાં ચોક્કસ લાયકાત હોવી જરૂરી છે તેમ તે માને છે. મંત્રીઓમાં માત્ર વિષયનું કે ખાતાનું સૈદ્ધાંતિક જ્ઞાન પર્યાપ્ત નથી પરંતુ વ્યવહારુ અનુભવ પણ અપેક્ષિત છે. રાજધર્મનું યથાયોગ્ય પાલન તે મંત્રીમંડળનું મુખ્ય કાર્ય છે. રાજાને તટસ્થ કે નિષ્પક્ષ સલાહ આપવી તે મંત્રી નું પરમ કર્તવ્ય છે. વિકટ સમયમાં મંત્રીઓએ અયોગ્ય રાજાને પદભ્રષ્ટ કરીને યોગ્ય રાજાની નિયુક્તિ કરવી તે રાજ્યના હિત માટે જરૂરી છે. જનપદ એ રાજ્યનું ત્રીજું મહત્વનું અંગ છે. અર્થશાસ્ત્રમાં ઉલ્લેખિત છે કે રાજ્યમાં ઉપજાવ પ્રદેશ અને યોગ્ય નાગરિકો નો વસવાટ હોવો જોઈએ. રાજ્યની મધ્યમાં અને સરહદો પર મોટા અને સમૃદ્ધ શહેરો હોવા આવશ્યક છે. રાજ્યની ખેતી, ઉદ્યોગ, વેપાર વાણિજ્ય વગેરેની ઉપજ રાજ્યના લોકોને પૂરતું પોષણ આપી શકે તેટલી જ નહીં પરંતુ વિદેશી સંપત્તિને પણ આકર્ષિત કરે તે પણ જરૂરી છે. રાજ્યમાં એક સશક્ત, કાર્યક્ષમ લશ્કર અને તેના સંચાલન માટે યોગ્ય કરની વ્યવસ્થા અનિવાર્ય છે. રાજ્યની સમર્પિત નાગરિકો સહિતનું વિશાળ જનપદ રાજ્યની સર્વાંગીક આબાદી માટે અનિવાર્ય છે. રાજ્યના અવિરત વિકાસ માટે કૌટિલ્ય દુર્ગને પણ રાજ્યનું એક અંગ માને છે, કોઈપણ રાજ્યની આબાદી તેના અધિશેષ ઉત્પાદન કે રાજકોશ પર આધારિત હોય છે. સામ્રાજ્ય વિસ્તારના યુગમાં બળ કે લશ્કર રાજ્યના અસ્તિત્વનું અંગભૂત સાધન મનાય છે, રાષ્ટ્રની રક્ષા નો આધાર બળ છે. લશ્કરના અલગ અલગ અંગોપાંગો નું તે વિવરણ કરે છે. રાજ્યના અંગમાં અંતિમ અને આવશ્યક અંગ તરીકે મિત્રને ગણે છે. રાજાના દિગ્વિજય માટે વધુ વિશ્વાસુ મિત્ર અને ઓછા શત્રુઓ આવશ્યક છે, મિત્ર, યુદ્ધ અને સુલેહ બંને માટે અનિવાર્ય છે. ઉપરોક્ત વિવરણ પ્રમાણે કૌટિલ્ય સમર્થ રાજા, યોગ્ય લાયકાત વાળું મંત્રીમંડળ, ઉપજાવ રાજ્ય વિસ્તાર, વફાદાર નાગરિકો, દુર્ગ, રાજકોશ, લશ્કર અને મિત્રને રાજ્યના અનિવાર્ય અંગ લેખે છે. મહાભારતમાં પણ સપ્તાંગ સિદ્ધાંતનો સંક્ષિપ્ત પરિચય આપેલો છે. મનુસ્મૃતિ અધિકારીઓ અને સેવકોના સ્થાને લશ્કરને રાજ્યના અંગ તરીકે મૂલવે છે. મનુસ્મૃતિ દરેક અંગની સ્વતંત્રતા અને મહત્તા નો સ્વીકાર કરે છે. કામન્દક નીતિસાર જે કૌટિલ્યના અર્થશાસ્ત્રની પ્રતિકૃતિ છે જેમાં રાજ્યના સાત અંગો અને તેના ભિન્ન ભિન્ન કાર્યો સંદર્ભે નિર્દેશ કરે છે. તે જણાવે છે કે રાજ્યના એક અંગમાં થયેલ નુકસાન સમગ્ર રાજ્ય માટે હાનિકારક છે. પ્લેટો પોતાના પુસ્તક રિપબ્લિકમાં રાજ્ય અને વ્યક્તિ વચ્ચે અતૂટ સબંધ સ્થાપિત કરે છે.હોબ્સ પોતાના 'લેવીયેથન' નામના પુસ્તકમાં રાજ્યોના સર્વોપરી અંગ તરીકે એક પ્રભાવશાળી વ્યક્તિત્વનું સર્જન કરેલું છે. હર્બટ સ્પેન્સર પણ આંગીક સિદ્ધાંતો ના પુરસ્કાર છે તે

દેહની રચના અને કાર્યોને રાજ્યની રચના અને કાર્ય સાથે સરખાવી છે. જોકે પ્રસ્તુત સિદ્ધાંત સંદર્ભે સાહિત્યિક પ્રમાણ ના આધારે અનેક મત મતાંતરો પ્રવર્તે છે.

## 1.7 સારાંશ

ઉપરોક્ત સિદ્ધાંતો ઉપરાંત ભારતીય ચિંતકો રાજ્યની ઉત્પત્તિને લગતા નિયમોમાં યજ્ઞનો સિદ્ધાંત ને રજૂ કરે છે. જે ડબલ્યુ સ્પેલમેન ના કથન મુજબ રાજ્યની ઉત્પત્તિને લગતો યજ્ઞનો સિદ્ધાંત પ્રાચીન ભારતનો વિશિષ્ટ સિદ્ધાંત છે. ઋગ્વેદના પુરુષસુક્તના વિવરણ પ્રમાણે ઋષિઓએ અને દેવગણે મહાયજ્ઞ સંપન્ન કર્યો હતો તેમાંથી એક વિરાટ પુરુષ ઉત્પન્ન થયો, તેણે પોતાના મુખમાંથી બ્રાહ્મણો, ભુજામાંથી ક્ષત્રિયો, સાથળમાંથી વૈશ્યો અને પગના અંગૂઠા માંથી શુદ્રોને સર્જ્યા. યજ્ઞના કર્મ સિદ્ધાંત પ્રમાણે ક્ષત્રિયોને લોકોના રક્ષણનું, બ્રાહ્મણોને જ્ઞાનસિંચન અને યજ્ઞ વિષયક વિધિ, વૈશ્યને પશુપાલન ખેતી વેપાર ઉદ્યોગ અને શુદ્રજનને સમાજને સ્વચ્છ અને તંદુરસ્ત રાખવાની જવાબદારી સુપ્રત કરવામાં આવી હતી. સ્પેલમેન ના મંતવ્ય પ્રમાણે યજ્ઞ સિધ્ધાંત રાજ્યના ઉદભવ માટે મુખ્ય ભાગ ભજવ્યો હતો, યજ્ઞ ના સિદ્ધાંતને બી.એ સાલેટોર પણ શતપથ બ્રાહ્મણ ના અધ્યયનના અંતે અનુમોદન આપે છે. યજ્ઞ માટેના વિવિધ પ્રયોજનો હતા પરંતુ સર્વોપરી રાજપદ ની પ્રાપ્તિ તે તેનું મુખ્ય કાર્ય હતું. પ્રસ્તુત સિદ્ધાંત દૈવી સિદ્ધાંત સાથે સામ્યતા ધરાવે છે. ડો. સત્યકેતુ વિદ્યાલંકાર ના અભિપ્રાય પ્રમાણે ભારતીય સાહિત્યમાં ઉત્ક્રાંતિવાદ નો સિદ્ધાંત પણ પ્રદર્શિત છે. તેમના પ્રથમ પ્રમાણે અથર્વવેદમાં આ સિદ્ધાંતની પ્રસ્તુતિ કરવામાં આવી છે, અથર્વવેદના વિવરણ પ્રમાણે રાજ્યની ઉત્પત્તિપહેલા લોકોની સ્થિતિ અનિશ્ચિત હતી માટે લોકોએ સ્થાયી સમાજ વ્યવસ્થા તથા રાજવસ્થાના નિર્માણ માટે ચોક્કસ નિયમોની રચના કરી તે પ્રમાણે તેઓએ પ્રથમ કુટુંબોની સ્થાપના કરી ત્યારબાદ કુલ સંગઠનો તેમાંથી ગ્રામ વ્યવસ્થા ની રચના કરવામાં આવી. શરૂઆતના કુટુંબોના વડા બાદમાં કુલનાયકો બન્યા જે ગ્રામિણી પણ કહેવાયા. તે ગ્રામની શાંતિ સલામતી અને પ્રગતિ માટે જવાબદાર હતો. સલામતીની દ્રષ્ટિએ આવા ગ્રામોએ દક્ષિણાઅગ્નિ સંગઠનો સ્થાપ્યા જેમાંથી સમયાંતરે જનપદ કે રાષ્ટ્ર રચાયા. જોકે અન્વેષણ ના અંતે પ્રસ્તુત સિદ્ધાંત સભા અને સમિતિ સંસ્થા માટે પ્રયુક્ત થયા તેમ લાગે છે. ડો જયસ્વાલ અને ડો દિક્ષિતાર જેવા વિદ્વાનોના મંતવ્ય પ્રમાણે પ્રાચીન ભારતનું રાજપદ પ્રારંભિક અવસ્થાએ ચૂંટણી પ્રથા ના પરિણામ નું સ્વરૂપ હતું. જોકે તાર્કિક દૃષ્ટિએ વિદ્વાનોના આ મંતવ્ય પણ વૈદિક સમાજની પ્રારંભિક સામાજિક રાજકીય સંસ્થા સભા અને સમિતિ માટે વધુ અનુકૂળ પ્રતીત થાય છે. વૈદિક અને પ્રશિષ્ટ સાહિતિક સાધનોના આધારે પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિને લગતા વિવિધ અભિગમો કે સિદ્ધાંતોનો અભ્યાસ ઉપરોક્ત વર્ણન દ્વારા કરી શકાય છે.

## 1.8. ચાવીરૂપ શબ્દો

- **મહાસમ્મતઃ** તમામ લોકો દ્વારા પસંદ કરવામાં આવ્યો હોય તે પ્રધાન પુરુષ.
- **ખતિયઃ** ખેતીલાયક જમીનનો માલિક.
- **રાજાઃ** ધર્મ દ્વારા લોકોને પ્રભાવિત કરે તે
- **રાજા પૃથુઃ** શાંતિ પર્વના મત મુજબ ભગવાન વિષ્ણુની આઠમી પેઢી એટલે પૃથુ રજા, જેના નામ પરથી પૃથ્વી શબ્દ નું પ્રયોજન થયું.
- **દૈવી હકનો સિદ્ધાંતઃ** મહદંશે તમામ વૈદિક સાહિત્ય કે પ્રશિષ્ટ સાહિત્યમાં રાજ્યના સંચાલન માટે રાજા કે પ્રધાન પુરુષમાં દૈવી શક્તિનું આરોપણ,જે પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિનો એક સિદ્ધાંત છે.
- **દંડનીતિઃ** દંડનીતિ એ પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પતિ માટે અને સંચાલન માટે દંડ અને ધર્મને રાજ્ય વ્યવસ્થાના અભિન્ન અંગ માને છે.
- **સપ્તાંગ સિદ્ધાંતઃ** સપ્તાંગ સિદ્ધાંત અર્થશાસ્ત્રના રચયિતા કૌટિલ્ય ની રાજ્યના ઉદભવ સંચાલન માટેની વિશિષ્ટ પ્રસ્તુતિ છે, કૌટિલ્ય રાજ્યના કુલ સાત અંગોની રજૂઆત કરે છે.

## 1.9. તમારી પ્રગતિ ચકાસો

**ખાલી જગ્યા પૂરો.**

૧.સપ્તાંગ સિદ્ધાંત નો પ્રથમ સ્પષ્ટ ઉલ્લેખ .....................માં પ્રગટ થાય છે.

૨.કયાં યુનાની વિચારકે 'રિપબ્લિક' નામના ગ્રંથ ની રચના............... હતી.

૩.................... મત પ્રમાણે દંડ અર્થતંત્ર તથા શાસન વ્યવસ્થાનું અનિવાર્ય અંગ છે.

૪..................અને....................... જેવા વિદ્વાનોના મંતવ્ય પ્રમાણે પ્રાચીન ભારતનું રાજપદ પ્રારંભિક અવસ્થાએ ચૂંટણી પ્રથા ના પરિણામ નું સ્વરૂપ હતું.

૫.સામાજિક કરારના સિદ્ધાંતના વિશેષ ઉલ્લેખ .............................. સાહિત્યમાં જોવા મળે છે.

## 1.10. સ્વાધ્યાય

1. પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિના સિદ્ધાંતોમાં દૈવીહક ના સિદ્ધાંત વિશે જાણકારી આપો.
2. પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિના સિદ્ધાંતો સંદર્ભે દંડનીતિ વિશે નોંધ લખો.

**3.** પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પતિ ના સિદ્ધાંતો માંથી સપ્તાંગ સિદ્ધાંત વિશે સમીક્ષા કરો.

## 1.11. સંદર્ભ અને વિશેષ વાચન


- વૈદિક રાષ્ટ્રીય ઋચાઓ, દયાળ મુનિ, આર્ય સમાજ, નવાડેરા, ભરૂચ, ૨૦૧૯.
- प्राचीन भारत में राजनीतिक विचार एवं संस्थाएं, रामशरण शर्मा, राजकमल प्रकाशन, १९९२.
- कालीकलसर्वज्ञ आचार्य हेमचंद्र विरचित, लध्वर्हनीति, राष्ट्रीय पांडुलिपि मिशन नई दिल्ली तथा न्यू भारतीय बुक कॉरपोरेशन नई दिल्ली २०१३।
- कामांदकीय नीतिसार एक समीक्षात्मक अध्ययन, बृजेंद्र गुर्जर। २०१८
- शांति पर्व, गीता प्रेस गोरखपुर।
- प्राचीन भारत प्रारंभ से १२०० ईस्वी तक, सत्यकेतु विद्यालंकर, श्री सरस्वती सदन मसूरी १९७८।
- પ્રાચીન ભારતીય રાજ્યશાસ્ત્ર, આર કે ધારૈયા, અનડા બુક ડેપો, અમદાવાદ.

## એકમ - 2

## વૈદિક યુગમાં સભા, સમિતિ અને વિદથ- તેની રચના અને કાર્ય

### :: રૂપરેખા ::

**2.0 ઉદ્દેશો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 વિદથઃ રચના અને કાર્ય**

**2.3 સભાઃ રચના અને કાર્ય**

**2.4 સમિતિઃ રચના અને કાર્ય**

**2.5 સારાંશ**

**2.6 ચાવીરૂપ શબ્દો**

**2.7 તમારી પ્રગતિ ચકાસો**

**2.8. સ્વાધ્યાય**

**2.9. સંદર્ભ અને વિશેષ વાચન**

---

### 2.0 ઉદ્દેશો (Objectives)

---

આ એકમના અભ્યાસ પછી તમેઃ-

- પ્રાચીન ભારતમાં રાજકીય વ્યવસ્થાની પ્રારંભિક અવસ્થા વિશે જાણી શકશો.
- પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિ માટેના વિવિધ અભિગમો વિશે જ્ઞાન પ્રાપ્ત કરશો.
- વૈદિક અને પ્રશિષ્ટ સાહિત્યમાં રાજ્ય વ્યવસ્થા ને લગતા વિવિધ અભિગમોથી પ્રાચીન ભારતમાંરાજ્યની ઉત્પત્તિ વિશે જ્ઞાન મેળવશો.

---

### 2.1 પ્રસ્તાવના (Introduction)

---

વૈદિક સંસ્કૃતિ તેના સ્વરૂપ અને લક્ષણો સંદર્ભે તેની પુરોગામી સંસ્કૃતિ કરતા ભિન્ન હતી. આમ તો તેને ભિન્ન કહેવા કરતા બંને સંસ્કૃતિના સંમિશ્રણ કે સંયોજન કહેવું વધુ યોગ્ય છે. ડો એ સી દાસે ઋગ્વેદમાં પ્રાપ્ત અનેક નિર્દેશો પરથી પ્રાચીન ભારતની ભૌગોલિક સ્થિતિનું વિસ્તૃત વર્ણન કર્યું છે અને જેને માટે સપ્ત સૈવધ કે સપ્તસિંધુ શબ્દનો પ્રયોગ કર્યો છે આમ તો આર્યોની ઉત્પત્તિ અને સ્થળાંતર વિશે અનેક

મત કે સિદ્ધાંતો રજૂ થયા છે જેનો અત્રે અભ્યાસ અસ્થાની છે પરંતુ સિંધ પ્રાંતથી સ્થળાંતર કરીને ઉત્તર ભારતના મેદાની પ્રદેશોમાં આર્યોની વસાહત અને તેમણે રચેલ સાહિત્ય, સમાજ, ધાર્મિક માન્યતા, અને વિશેષતઃ તેમની રાજકીય સંસ્થા સભાની સમિતિ ના કાર્યો અને રચના દ્વારા તેમના ભવ્ય વારસાથી અવગત થઈ શકીએ છીએ. પ્રસ્તુત એકમમાં આપણે ઋગ્વેદ કાલીન વિદથ અને અનુ વૈદિક કાલીન સભા અને સમિતિ વિશે અભ્યાસ કરીશું.

## 2.2 વિદથઃ રચના અને કાર્ય

વિદથ ભારતીય આર્યોની પ્રાચીનતમ સામુદાયિક સંસ્થાઓ માની પ્રારંભિક સંસ્થા રહી હતી. વિદથનું પ્રચલન સંભવતઃ આર્યો પશુપાલક, શિકારી કે યુદ્ધમાં પ્રાપ્ત કરેલ વસ્તુથી પોતાનું જીવન યાપન કરતા હતા તે સમયનું માનવામાં આવે છે. કંચિત્ વિદથમાં વિચાર વિમર્શ અર્થે સ્ત્રીઓની ઉપસ્થિતિ તેનું વિશિષ્ટ લક્ષણ માનવામાં આવે છે. વિદથ શબ્દના અર્થ સંદર્ભે ભાષા વિજ્ઞાન દ્વારા તુલનાત્મક અન્વેષણ દ્વારા તેનો ગોથિક ભાષામાં "વિટોથ" શબ્દનો સમરૂપ માનવામાં આવે છે જેનો ધ્વનિ કાનૂન કે વિધિ થાય છે. ઓલ્ડનબર્ગ ના મત મુજબ વિદથ નો અર્થ "ધર્મ કે વિધિ" અને રોથના મત મુજબ "આદેશ"એવો કર્યો છે. ક્લાસિકલ સાહિત્યના આધારે એટલું સ્પષ્ટ કહી શકાય કે વિદથ આર્યોની પ્રારંભિક સામરિક સંસ્થા હતી જેમાં સ્ત્રીઓ અને પુરુષોનું પ્રતિનિધિત્વ ઉલ્લેખિત હતું. નિઃસંદેહ રીતે વૈદિક અને અનુ વૈદિક સાહિત્યમાં સભા અને સમિતિ સંદર્ભે અનેક પ્રમાણો ઉપલબ્ધ છે જો કે તેનું તાર્કિક અન્વેષણ તેટલું જ જરૂરી છે પરંતુ સભા અને સમિતિની પુરોગામી સંસ્થા વિદથ વિશે પ્રમાણમાં ઓછી માહિતી પ્રાપ્ત થાય છે જોકે તેનો મતલબ એ નથી કે વિદથ વિશે પણ અપૂરતી માહિતી હોય. વિદથનું મહત્વ ઋગ્વેદમાં બાવીસ વાર ઉલ્લેખ થી સમજી શકાય છે. જ્યારે સભા અને સમિતિનો અનુક્રમે આઠ વાર અને નવ વાર અધાપિ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. અથર્વવેદમાં સભા શબ્દ નો ઉલ્લેખ સત્તર વાર સમિતિ શબ્દનો ઉલ્લેખ બાર બાર જ્યારે વિદથ શબ્દનો ઉલ્લેખ બાવીસ વાર પ્રાપ્ત થાય છે. વાજસનેપિ સંહિતામાં વિદથ શબ્દનો ઉલ્લેખ દશ વાર , બ્રાહ્મણગ્રંથમાં એકવીસ વાર , તૈત્રીય આરણ્યક માં એક વાર જ્યારે અથર્વવેદમાં સભા અને સમિતિ નો ઉલ્લેખ વિશેષતઃ જોવા મળે છે જ્યારે ઋગ્વેદમાં સભા અને સમિતિની તુલનામાં વિદથ નો ઉલ્લેખ વધુ જોવા મળે છે એટલે કે તાત્વિક રીતે સમજી શકાય છે કે વિદથ તે આર્યોની પ્રારંભિક સામરિક સંસ્થા હતી.

વિદથ શબ્દના અર્થ વિશે અનેક વ્યાખ્યા કે મત પ્રદર્શિત થયેલા છે જો કે સામાન્ય રીતે વિદથ શબ્દનો અર્થ જાણવું, ધારણ કરવું ,વિચાર કરવો તે સંદર્ભનો માનવામાં

આવે છે. જર્મન ઈન્ડોલોજીસ્ટ ઓલ્ડનબર્ગ વિદથ શબ્દનો અર્થ વિતરણ, સમાધાન કે અધ્યાદેશ માને છે. અન્ય એક જર્મન ઈન્ડોલોજીસ્ટ રૂડોલ્ફ રોથ કે જેમણે વિશેષતઃ વૈદિક દર્શન સંબંધી વિશેષ અધ્યયન કરેલ છે તે વિદથ ને ધાર્મિક સહ સામરિક સંસ્થા માને છે. કે.પી જયસ્વાલ ''હિન્દુ પોલિટી''માં જણાવે છે કે વિદથ સંસ્થા માંથી સમયાંતરે સભા અને સમિતિ નો વિકાસ થયો હશે પરંતુ તે બાબતના પ્રત્યેક સાહિત્યિક પુરાવા અપૂરતા છે. વિદથનું વિશિષ્ટ લક્ષણ એ હતું કે તેમાં સ્ત્રીઓ પણ સહભાગી થતી હતી. ઋગ્વેદ અને યજુર્વેદમાં ઉલ્લેખિત છે તે પ્રમાણે માત્ર સ્ત્રી સહભાગીતા પૂરતી ન હતી પરંતુ તે વાદ વિવાદ કે વિચાર વિમર્શમાં પણ જોડાતી હતી. જેમ કે વિદુષી યોષા જે વિદથમાં ઉપસ્થિત હતી તેનો સ્પષ્ટ ઉલ્લેખ ઋગ્વેદમાંથી પ્રાપ્ત થાય છે. વિશેષઃ ઋગ્વેદ અને અથર્વવેદમાં લગ્ન પ્રસંગે એવી શુભેચ્છાઓ આપવામાં આવતી હતી કે"કન્યા માત્ર ગૃહિણી બનીને ના રહે પરંતુ વિવેક સહ વિદથ માં ઉપસ્થિત રહીને પોતાના વિચારો રજૂ કરે સાથે વયો વૃદ્ધ થઈને વિદથ માં સક્રિય રહે તેવી કામના કરવામાં આવતી હતી''. એટલે કે જેટલું મહત્વ પુરુષોનું હતું તેટલું જ મહત્વ સ્ત્રીઓનું પણ હતું. માટે વિદથ ને પારિવારિક સભા પણ માનવામાં આવતી હતી. ભારતીય સમાજ માટે વિશિષ્ટ ગૌરવની બાબત એ છે કે જયારે પ્રાચીન યુનાન-રોમ માં જ્યાં સ્ત્રીઓ માટેનું પ્રતિનિધિત્વ હોય તેવી કોઈ સંસ્થાનો ઉલ્લેખ કે પ્રમાણ પ્રાપ્ત થયા નથી જેની સાપેક્ષમાં ઋગ્વેદકાલીન સમાજમાં સ્ત્રીઓ મુક્ત કંઠે ચર્ચામાં સહભાગી થતી હતી. જોકે પ્રસ્તુત વિચાર સંદર્ભે અનેક વિદ્વાનો પોતાની અસમતી દર્શાવે છે. મહિલાની વિશેષ પ્રસ્તુતિ સંદર્ભે તૈતિરીય બ્રાહ્મણીયમાં ૧૨ રત્નીન ની યાદી પ્રાપ્ત થાય છે જેમાં મહર્ષિ, વાવાતા અને પરિવૃક્તિ જે મહિલા હતી અને રાજાના રાજ્યભિષેક માટે જે લોકોના મત કે સમર્થન અનિવાર્ય હતા તેમાં એક ચતુર્થાંશ મહિલાઓ હતી. વિદથ માં વિચાર વિમર્શના પ્રશ્નો શું હશે? તેના અસ્પષ્ટ પ્રમાણ પ્રાપ્ત થાય છે. ઓલ્ડનબર્ગના મત મુજબ વિદથમાં દૈનિક જીવનના પ્રશ્નોનું નિવારણ કરતી સભા હતી. જેમાં જનજાતિય કાર્યોનું સંપાદન કરવામાં આવતું હતું. ઓલ્ડનબર્ગ વિદથ ને ''વિતરણ સભા'' પણ કહે છે એટલે કે ઉપજ કે પ્રાપ્ત વસ્તુઓનું સહ પ્રમાણ માં વિતરણ તે તેનું મહત્વનું કાર્ય હતું. વિતરણની આ પ્રથા લગભગ તમામ જનજાતિય સમૂહમાં વિદ્યમાન હતી. ડો આર એસ શર્મા ના મત મુજબ ખેતી, શિકાર, કે લડાઈ દ્વારા પ્રાપ્ત વસ્તુઓ અને પશુપાલન દ્વારા જે કંઈ પ્રાપ્ત થતું તે વિદથને સોંપવામાં આવતું ત્યારબાદ બધા સભ્યો વચ્ચે સહ પ્રમાણમાં તેનું વિતરણ કરવામાં આવતું. વિદથનું પ્રમુખ કાર્ય શત્રું જન જાતિઓ વિરુદ્ધ કબાયલી યુદ્ધનું સંચાલન કરવું તે પણ હતું. યુદ્ધની રણનીતિ સાથે ગીત સંગીત માટે પણ વિદથ સંસ્થાનો ઉપયોગ કરવામાં આવતો હતો. વિદથમાં કદાચિત્ અશ્વના ગુણગાન પણ કરવામાં આવતા હતા. અનેક પ્રમાણોના આધારે એટલું નિશ્ચિત પણે કહી શકાય કે વિદથ સંસ્થાનું

મહત્વ આર્યોના પશુપાલક, શિકારી કે યુદ્ધમાં પ્રાપ્ત વસ્તુઓ દ્વારા જીવન નિર્વાહ વિશેની અવસ્થા સુધી રહ્યું હતું. સંભવતઃ વિદથ કાલીન સમાજમાં વર્ગ ભેદ નો અભાવ જોવા મળતો હતો જે સ્ત્રી પુરુષના સહ પ્રમાણ મહત્વથી સમજી શકાય તેમ છે.

## 2.3 સભાઃ રચના અને કાર્ય

ઋગ્વેદમાં સભા શબ્દનો ઉલ્લેખ આઠ વાર થયો છે. યજુર્વેદમાં ગ્રામ, વન યા સભામાં કરેલ દુષ્ટ કૃત્યો નું સચોટ વર્ણન કરેલ છે. ઋગ્વેદમાં સ્ત્રીઓને સભાવતી તરીકે સંબોધિત કરેલ છે. સભા શબ્દના અનેક સમરૂપ ભરોપીય ભાષામાં જોવા મળે છે. લગભગ સૌપ્રથમ હોપકિંસ સભાની પ્રાચીનતા સંદર્ભે તેની તુલના જર્મન શબ્દ "સિપ્પે"થી કરે છે. જેનો અર્થ સગા સંબંધીઓ, જનજાતિ, પરિવાર કે ગૌત્ર ના સંઘ તરીકે કરવામાં આવે છે. શરૂઆતના સમયમાં સભામાં લોકો એકત્રિત થઈને પાસા રમવા, પ્રાર્થના કરવી કે પાલતુ પશુ નું સંવર્ધન સંબંધીત વિચાર વિમર્શ કરતા હતા. પરવતી સમયમાં સભાનું સ્વરૂપ પિતૃ તંત્રાત્મક કે ભદ્ર વર્ગના પ્રતિનિધિત્વનું બન્યું હતું. પ્રારંભિક સમયમાં સ્ત્રીઓ સભામાં સભાગી બનતી હતી, જોકે અનુ વૈદિક યુગમાં તે પ્રચલન સમાપ્ત થયું હતું. સમયાંતરે સભા શબ્દનો અર્થ એક સાથે પ્રકાશિત થતાં પુરુષોની સભા તે સંદર્ભનો થતો હતો માટે તે સ્પષ્ટ છે કે સભામાં જે લોકો બેસતા તે વિશિષ્ટ કે પ્રભાવી પુરુષ હતા. ઋગ્વેદની એક ઋચામાં ઘોડા રથ અને ગાયોથી સંપન્ન તથા ધન પ્રાપ્ત કરવા વાળા અને સભામાં જવા વાળા ઈન્દ્ર ઉપાસકોનો ઉલ્લેખ કર્યો છે.  ઋગ્વેદની અન્ય એક રૂચામાં ઉપાસક લોક ગૃહકાર્ય કુશલ તથા સભા અને યજ્ઞમાં પ્રમુખતા રાખવા વાળા પુત્રની કામના કરતા હતા. જે ને સભેય વિપ્રો તરીકે માની શકાય છે. વિદ્વાન પ્રભાવશાળી અને ચારિત્રવાન લોકો સભામાં પોતાનો પ્રભાવ પ્રસ્થાપિત કરતા હતા. જે સભેય કે સભાસદ કહેવામાં આવતા હતા. ડો આર એસ શર્મા ના મત પ્રમાણે ‘‘પ્રારંભિક સમયમાં જ્યારે વૈદિક સમાજ વિકસિત અવસ્થામાં ન હતો એટલે કે અમીર ગરીબનો સ્પષ્ટ ભેદ ન હતો રાજપદ માટે સ્થાપિત્વ નું પ્રમાણ પ્રચલિત ન હતું ત્યારે સભા નું સ્વરૂપ કદાચિત્ જનજાતિય સભાનું રહ્યું હશે પરંતુ સમયાંતરે આર્થિક અસમાનતા કે વર્ગ ભેદ નું પ્રમાણ વધતું ગયું ત્યારે સભા માત્ર કુલીન વર્ગ પૂર્તિ સીમિત રહી હતી’’. જેમની સલાહ અને પરામર્શ રાજા માટે અનિવાર્ય બન્યા હતા. સભામાં ચર્ચાનો મુખ્ય વિષય ગાયોની શ્રેષ્ઠતા કે ઉપયોગીતા સંદર્ભે થતી હતી. પ્રસિદ્ધ ભારતીય વિદ્યાવિદ મૈક્ડૉનેલ સભા ના સભાસદોનો સંબંધ પરામર્શ ઉપરાંત કાનૂની પ્રશ્નો સંદર્ભે પોતાનો નિર્ણય આપવો તેમ દર્શાવે છે. તે વિશેષઃ જણાવે છે કે અન્ય સભ્યોની સાપેક્ષમાં સભાસદોની હાજરી અને પ્રવૃત્તિ નિર્ણાયક હોય છે જે માટે એક સ્થાયી સમિતિ ની રચના કરવામાં આવે છે જે

કાનૂની પ્રશ્નો માટે જવાબદાર હોય છે. મૈત્રયાણી સંહિતામાં સભાનો ઉલ્લેખ ગ્રામ્યવાદીન (ગ્રામનો ન્યાયાધીશ) તરીકે કરેલો છે. કે પી જયસ્વાલ તેને રાષ્ટ્રીય ન્યાયાલય તરીકે માને છે. અનુ વૈદિક કાલમાં રાજા સભા સાથેના અનુમોદનને સર્વાધીક મહત્વપૂર્ણ માનતા અને સભાસદોની શાસન વ્યવસ્થા માટે અનુમતિ અનિવાર્ય બની હતી. અથર્વવેદની એક ઋચામાં સભા અને સમિતિ વિશે પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થાય છે જેમાં રાજા સભાને સંબોધિત કરતા જણાવે છે કે"પ્રજાપતિ ની બે પુત્રીઓ સભા અને સમિતિ એક થઈને મને સંરક્ષણ પ્રદાન કરે જેને પણ હું મળું તે મારો આદર કરે અને મને સહાયતા કરે. સભામાં મારા શબ્દો ન્યાયસંગત હોય, હે સભા અમે તારું નામ જાણીએ છીએ તારું નામ પરી સંવાદ છે. સભામાં ઉપસ્થિત તમામ લોકો મારાથી સહમત થાય ઉપરાંત તેમની લક્ષ્મી અને વિદ્યા મારા માટે સહયોગી હોય અને ઇન્દ્ર, સભામાં ઉપસ્થિત તમામ લોકોમાં મને પ્રમુખતા પ્રદાન કરે" રાજાની ઉપરોક્ત પ્રાર્થનાથી સભાના મહત્વ કે અગત્યતા સમજી શકાય છે. અથર્વવેદમાં સભાને 'નરિષ્ઠા' તરીકે સંબોધિત કરેલ છે. હોપકિંગ અભ્યાસના અંતે સભાના સ્વરૂપ વિશે જણાવે છે સભા કોઈક વાર ન્યાયાલય તો કોઈક વાર રાજ દરબાર કે આનંદ પ્રમોદના સ્થળ તરીકે માને છે. પરંતુ ઉપરોક્ત અભ્યાસના અંતે એટલું તો સ્પષ્ટ છે કે સભા આર્યોની રાજ વ્યવસ્થા નું એક વિશિષ્ટ લક્ષણ હતું.

## 2.4 સમિતિઃ રચના અને કાર્ય

સંભવતઃ વેદાંતમાં કે અનુ વૈદિક સમયમાં સમિતિનું વિશેષ મહત્વ કે પ્રસુતિ રહી હતી. જેનું પ્રમાણ ઋગ્વેદના પ્રથમ અને અંતિમ મંડલ માં કચિત છ વાર સમિતિ શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રાચ્યવિદોના અધ્યયનના અંતે સિદ્ધ થાય છે કે ઋગ્વેદના પ્રથમ અને દસમા મંડલ ની રચના પ્રમાણમાં અન્ય મંડલ કરતાં પરવર્તી છે. એટલે સમિતિ નો સમય, પ્રસ્તુતિ સભા કરતા પછીની માંડવામાં આવે છે. જર્મન ઇન્ડોલોજીસ્ટ લુડવિંગ ના મત મુજબ "સમિતિ સભાની સાપેક્ષમાં વધુ વ્યાપક હતી" સંભવતઃ તેમાં મુખ્ય વિપ્ર તથા ધનાઢ્ય વર્ગના પ્રતિનિધિ સામેલ થતા હતા. અથર્વવેદના પ્રમાણ અનુસાર મહિલા પણ સમિતિમાં ઉપસ્થિત રહેતી હતી. ઉત્તર વૈદિક સમયમાં રાજન કે રાજકોટના લોકો પણ કદાચ સમિતિમાં ઉપસ્થિત રહેતા હતા. ભારતના પ્રસિદ્ધ ઇતિહાસકાર કે પી જયસ્વાલ ના મત મુજબ સમિતિની રચના પ્રતિનિધિત્વના સિદ્ધાંત પર તથા નગર કે ગામના પ્રતિનિધિઓ દ્વારા સમિતિની રચના કરવામાં આવતી હતી. સમિતિની કાર્યવાહીમાં માત્ર રાજનીતિક કે ધાર્મિક વિષય બાબતો સુધી સીમિત ન હતી પરંતુ તેમાં દાર્શનિક બાબતો અને પશુ સંપત્તિના સંવર્ધન બાબતે પણ વિચાર વિમર્શ કરવામાં આવતો હતો. સમિતિમાં ચર્ચાએલા મુદ્દાઓ નો

નિર્ણય બહુમતના આધારે કરવામાં આવતો હતો. પ્રસિદ્ધ ઇતિહાસકાર બંધોપાધ્યાય ના મત મુજબ સમિતિના અન્ય કાર્યોની સાથે સૈનિક કાર્ય પણ તેના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ હતું. સાયણે સમિતિનો અનુવાદ યુદ્ધ કે સંગ્રામ તરીકે કરેલો છે. અથર્વવેદના ઉલ્લેખ પ્રમાણે જનજાતિય સૈનિક સંઘ ને સંગ્રામ કહેવામાં આવતું હતું. સમિતિના અધ્યક્ષને ઈશાન કહેવામાં આવતો હતો. સમિતિમાં ગ્રામના તમામ લોકો ઉપસ્થિત રહી શકતા હતા. લગભગ આ જ સ્વરૂપની સંસ્થા પ્રારંભિક યુનાની સમાજમાં પ્રચલિત હતી જે યુદ્ધ અને શાંતિના સંબંધે ચર્ચા કે નિર્ણય કરતી હતી. નિઃસંદેહ સમિતિમાં ચર્ચાતા વિવિધ વિષયોમાં રાજકીય વિષય મુખ્ય હતો. સમિતિમાં રાજાનું નિર્વાચન કે પુનઃનિર્વાચન કરવામાં આવતું હતું. સંભવતઃ સમિતિમાં રાજા ની ઉપસ્થિતિ તેના અનેક કર્તવ્યો માનું એક હતું. એટલે કે સમિતિ અનુ વૈદિક કાળની રાજનીતિક જીવનની મુખ્ય સંસ્થા હતી. અથર્વવેદની એક રૂચામાં સભા અને સમિતિને પ્રજાપતિની પુત્રીઓ તરીકે રજૂ કરે છે. સભા અને સમિતિ ના સ્વરૂપ સંબંધ અને કાર્ય વિશે અનેક વિદ્વાનો વચ્ચે મતભેદ પ્રવર્તે છે. લુડવિંગ ના મત મુજબ ‘‘સમિતિ સમસ્ત જન સમુદાયની સંસ્થા અને સભા હોમર કાલીન ગુરુજન સભા જેવી સંસ્થા રહી હતી. જેમાં યોગ્ય લાયકાત પ્રાપ્ત વર્ગનું જ પ્રતિનિધિત્વ હતું જે રાજા સાથે અનેક વિષયોમાં પરામર્શ કરતા હતા’’.

## 2.5 સારાંશ

ભારતીય વૈદિક સાહિત્યમાં રહેલ તત્ત્વજ્ઞાન માત્ર ભારતીય સમાજમાટે જ નહી પરંતુ વૈશ્વિક સમાજમાટે પણ ધરોહર સમાન છે. વેદો , બ્રાહ્મણગ્રંથો , આરણ્યકો, ઉપનિષદો,સૂત્ર સાહિત્ય , શ્રુતિ, સ્મૃતિ, રામાયણ ,મહાભારત , જૈન અને બૌદ્ધ સાહિત્ય ભારતીય સનાતન સંસ્કૃતિના અનમોલ પ્રતીક સમાન છે. વૈદિક યુગની રાજકીય વ્યવસ્થામાં રાજાના પદને અન્ય સંસ્કૃતિમાં ઉલ્લેખિત દૈવી સ્વરૂપ નું માનવામાં આવતું હતું પરંતુ વૈદિક સમયના રાજાનું પદ અન્ય સંસ્કૃતિની સાપેક્ષમાં નિરંકુશ નહી પરંતુ પ્રજાપ્રિય કે પ્રજાભિમુખ હતું. જેના અનેક દષ્ટાંત વૈદિક અને અનુ વૈદિક સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. રાજાના નિયંત્રણ કે રાજ્ય વ્યવસ્થા ના યોગ્ય સંચાલન માટે સભા અને સમિતિ જેવી સંસ્થા ની રચના આર્યોની અનેક ઉપલબ્ધિ માની એક હતી. સભા અને સમિતિ વચ્ચે મહત્ત્વનો એટલો ભેદ હતો કે સભાના સભ્યમાં વિશિષ્ટ ગુણ અપેક્ષિત હતા, જ્યારે સમિતિના સભ્ય માટે તેવી કોઈ મર્યાદા ન હતી. રાષ્ટ્રના બધા જ લોકો તેમાં બેસી શકતા હતા અને ભાગ લઈ શકતા હતા. વૈદિક સાહિત્યના અભ્યાસથી એટલું નિશ્ચિત પણે કહી શકાય કે આર્યોની રાજકીય વ્યવસ્થા તેના સમકાલીન સમાજ કરતાં શ્રેષ્ઠ અને પ્રગતિશીલ હતી જેનો સ્પષ્ટ પ્રમાણ

વિદથ, સભા અને સમિતિ જેવી સંસ્થા ની રચના અને કાર્યોના અભ્યાસ પર થી સમજી શકાય છે.

## 2.6 ચાવીરૂપ શબ્દો

- **સપ્ત સૈવધઃ** વેદોમાં જણાવેલ સાત નદીઓનો સમૂહ.
- **ઓલ્ડનબર્ગ;** હર્મન ઓલ્ડનબર્ગ (૩૧ ઓક્ટોબર ૧૮૫૪ - ૧૮ માર્ચ ૧૯૨૦) ઈન્ડોલોજીના જર્મન વિદ્વાન અને કીલ (૧૮૯૮) અને ગોટિંગેન (૧૯૦૮) ખાતે પ્રોફેસર હતા. વૈદિક ધાર્મિક માન્યતાઓ, સંપ્રદાય-પ્રથાઓ અને રિવાજો વિશે સંશોધન કરેલ છે.
- **ગ્રામ્યવાદીન :** ગ્રામનો ન્યાયાધીશ.
- **વિદથઃ** ઋગ્વેદ કાલીન આર્યોની જનજાતીય સભા.
- **રુડોલ્ફ વોન રોથ** (જન્મ વોલ્ટર રુડોલ્ફ રોથ, ૩ એપ્રિલ ૧૮૨૧ - ૨૩ જૂન ૧૮૯૫) એક જર્મન ભારતીય વિજ્ઞાની હતા, જે વૈદિક ભાષાશાસ્ત્રના સ્થાપક હતા. તેમનું મુખ્ય કાર્ય એક ભવ્ય સંસ્કૃત શબ્દકોશ છે, જે ઓટ્ટો વોન બોહટલિંગ સાથે મળીને સંકલિત કરવામાં આવ્યું છે.
- **સાયણાચાર્ય** (જ. ઈ. સ. ૧૩૧૪, આંધ્ર; અ.?): વૈદિક સાહિત્ય પરના અનેક ભાષ્યગ્રંથોના લેખક. તે સંગમ રાજા હરિહર પ્રથમ અને બુક્કા ના સમકાલીન હતા.
- **લુડવિગ આલ્સડોર્ફ** (૧૯૦૪-૧૯૭૮) એક જર્મન વિદ્વાન હતા જેમણે પ્રાચીન અને મધ્યયુગીન ભારતનો અભ્યાસ કર્યો હતો. તેઓ જર્મન ઈન્ડોલોજીમાં અગ્રણી વ્યક્તિ હતા અને ભારતીય ઇતિહાસ, સંસ્કૃતિ અને ધર્મના અભ્યાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## 2.7. તમારી પ્રગતિ ચકાસો

**ખાલી જગ્યા પૂરો.**

૧ ...................માં વૈદિક મહિલાઓની વિશેષ પ્રસ્તુતિ તરીકે ૧૨ રત્નીન ની યાદી પ્રાપ્ત થાય છે

૨........................ઇતિહાસકાર વિદથ ને ‘‘વિતરણ સભા’’ પણ કહે છે

૩.વિદથ સભા અને સમિતિ માંથી સૌથી પ્રાચીન વૈદિક સંસ્થા .. .................. હતી

૪.............. વેદમાં સભા અને સમિતિને પ્રજાપતિની પુત્રીઓ માનવામાં આવે છે.

૫.સમિતિના અધ્યક્ષને ....................... કહેવામાં આવતો હતો.

**જવાબો** ૧. તૈતિરીય બ્રાહ્મણીય ૨. ઓલ્ડનબર્ગ ૩.વિદથ ૪.અથર્વવેદ
૫. ઈશાન

## 2.8. સ્વાધ્યાય

૧. વૈદિક યુગની આર્યોની રાજકીય વ્યવસ્થા જાણવા માટે ના સાહિત્યિક સાધનોનો ટૂંકમાં પરિચય આપો.
૨. ઋગ્વેદ કાલીન આર્યોની પ્રારંભિક સંસ્થા વિદથ વિશે માહિતી આપો.
૩. વૈદિક યુગની સભા અને સમિતિ ના કાર્યો વિશે નોંધ લખો.

## 2.9. સંદર્ભ અને વિશેષ વાચન


- प्राचीन भारत में राजनीतिक विचार एवं संस्थाएं, रामशरण शर्मा, राजकमल प्रकाशन, १९९२.
- प्राचीन भारत प्रारंभ से १२०० ईस्वी तक, सत्यकेतु विद्यालंकर, श्री सरस्वती सदन मसूरी
  १९७८।
- प्राचीन भारत का नवीन मूल्यांकन, वातात्मज मिश्र, टाटा मैकग्रा हिल, नई दिल्ली, २००८
- प्राचीन एवं पूर्व मध्यकालीन भारत का इतिहास उपिन्दर सिंह , पियरसन, नई दिल्ली, २०१७
- हिंदू राज्य तंत्र, काशी प्रसाद जी जयसवाल, अनुवादक रामचंद्र वर्मा, वाराणसी।
- પ્રાચીન ભારતીય રાજ્યશાસ્ત્ર, આર કે ધારૈયા, અનડા બુક ડેપો, અમદાવાદ.
- પ્રાચીનભારત ભાગ ૧, ડો હરિપ્રસાદ શાસ્ત્રી,યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ,અમદાવાદ ,૨૦૧૮
- વૈદિક રાષ્ટ્રીય ઋચાઓ, દયાળ મુનિ, આર્ય સમાજ, નવાડેરા, ભરૂચ, ૨૦૧૯.

**એકમ - 3**

# ગણ રાજ્યો : બંધારણ, મુખ્ય લક્ષણો અને મર્યાદાઓ

## :: રૂપરેખા ::


**3.0** ઉદ્દેશો

**3.1** પ્રસ્તાવના

**3.2** કેટલાક મહત્વના ગણ રાજ્યો

**3.3** ગ્રીક ઈતિહાસકારોએ વર્ણવેલા કેટલાંક ગણ રાજયો

**3.4** ગણરાજયોનું બંધારણ

**3.5** ગણતંત્રના મુખ્ય રાજા કે વહીવટકર્તા

- **3.5.1.** લાયકાતો અને કામગીરી
- **3.5.2.** કાર્યવાહક મંડળ
- **3.5.3.** નાગરિક સભા કે સમાન્ય સભા
- **3.5.4.** ગણતંત્રની વહીવટી પદ્ધતિઓ
- **3.5.5.** ગણ રાજયોના વિશિષ્ટ લક્ષણો
- **3.5.7.** ગણ રાજયોની મર્યાદાઓ

**3.6** સંદર્ભ અને વિશેષ વાચન


## 3.0 ઉદ્દેશો (Objectives)

આ એકમના અભ્યાસ પછી વિદ્યાર્થીઓ,

- પ્રાચીન ભારતના ગણ રાજ્યો કેવા હતા તે વિશે જાણશે.
- તેમના બંધારણની જાણકારી પ્રાપ્ત કરશે.
- ગણ રાજયોના લક્ષણોની જાણકારી પ્રાપ્ત કરશે.

## 3.1 પ્રસ્તાવના (Introduction)

કૌટિલ્ય એ 'અર્થશાસ્ત્ર' નામના ગ્રંથમાં પ્રાચીન ગણ સંસ્થાઓ પર એક આખું પ્રકરણ આપ્યું છે. જેમાં તેમણે બે પ્રકારના ગણ રાજયો કહ્યા છે. જેમના પ્રથમ ગણ રાજયમાં મુખ્ય પ્રધાન રાજા કે પ્રધાન તેનો વહિવટ કરતો હતો. જે રાજયની નાગરિક સભાને સાર્વભૌમિત્વને આધીન રહેતો હતો. આ પ્રકારના રાજયોમાં મરું, કુકુર, કુરુ, પંચાલ, લિચ્છવી, વૃજ્જી અને મલ્લ જેવા રાજયોનો સમાવેશ થતો હતો.

બીજા પ્રકારના રાજયોમાં મુખ્ય વહિવટકર્તા વ્યક્તિ નહિ પણ કાર્યવાહક સમિતિ હતી. તેમાં કૌટિલ્ય એ કંબોજ, ક્ષત્રિય, શ્રેણી (જે સિંઘમાં આવેલું હતું) અને સુરાષ્ટ્રનો સમાવેશ થતો હતો. જે સર્વોપરી સત્તા ભોગવતાં હતાં. જે સંઘમાં જોડાયેલાં હોવાથી વિશાળ સામ્રાજ્ય સામે ટકી શકયાં હતાં. તેમાનું 'માલવ' ગણતંત્ર શૃંગકાલ સુધી અને 'વજ્જી' ગુપ્તકાલ સુધી ટકી રહ્યું હતું. ઉપરોક્ત નાના મોટા અનેક ગણ રાજયો મૌર્ય સામ્રાજ્યની આક્રમણતાનો ભોગ બન્યા હતા.

ઉત્તર પશ્ચિમ ભારતમાં સિકંદરના આક્રમણના સમય અનેક નાના મોટા ગણરાજ્યો હતા. તેમાં કેટલાક ગણ રાજ્યોએ સિકંદર ના આક્રમણનો સખત વિરોધ કર્યો હતો. આ ગણરાજ્ય સાથે યુદ્ધ કરતા કરતા સિકંદર ઘાયલ થયો હતો. જે પાછા વળતા બેબી લોનમાં તેનું મૃત્યુનું કારણ બન્યું હતું. તેમાં કેટલા કબીલાઓ ( ગણરાજ્ય) પ્રજા તંત્ર અને રાજાશાહી શાસન પ્રણાલી ધરાવતા હતા. તેમના આંતરિક સંઘર્ષના કારણે કેટલાક ગણરાજ્ય એ પોતાનું અસ્તિત્વ પણ ગુમાવી દીધું હતું. આ પ્રજાસત્તાકગણરાજ્યો જોઈએ તો, જેલમ અને મિનાબ વચ્ચેના રાજ્યો કાથ અથવા કાથાઈ હતા. તેમની નજીક સીબી અથવા સિબાઈ, ઝેલમ અને મિનાબના સંગમ પર શાસન કરતા. ણુદ્રક નીચેનો ભાગમાં માલવ અથવા મલ્લો તેમાં મહત્વના હતા. આ બધા ગણરાજ્ય એ મૌર્ય સામ્રાજ્યના વિતરણના કારણે પોતાનું અસ્તિત્વ ગુમાવવું પડ્યું હતું. સમય જતાં કેટલીક જાતિ અને પ્રદેશના રાજકુળોના લોકોએ પોતાનો પ્રદેશ છોડી અન્ય સ્થળે સ્થળાંતર કરવું પડ્યું હતું. જેમકે માલવ તેના મૂળ વિસ્તારથી પંજાબના પૂર્વનો ભાગ રાપર, પટિયાલા, લુધિયાણા, ભટિંડા, ફિરોજપુર તેમજ સતલજ નદીના કારણે માલવા કહેવાતા હતા.આ જ કારણે તેમને અહીથી મધ્ય પ્રદેશ આજના માલા વિસ્તારમાં જવું પડ્યું. જેનું નામ આ કુળ પરથી રાખવામાં આવ્યું છે .મૌર્ય સામ્રાજ્યના પતન બાદ તથા શૃંગોના શાસનમાં કેન્દ્રનું શાસન નિંબળ બનતા અનેક ગણ રાજ્યોએ પોતાને સ્વતંત્ર જાહેર કરી પોતાના સિક્કાઓ શરૂ કર્યા હતા. ઈ.સ. પૂર્વ ૦૨ સદીના જે ગણરાજ્ય સ્વતંત્રતા ધરાવતા હતા. તેમાં પૌધેય,ઔદુમ્બર, કુણિદ મુખ્ય હતાં.

## 3.2 કેટલાક મહત્વના ગણ રાજ્યો

### ૧. પૌધેય

ઉત્તર પશ્ચિમ ભારતના પ્રમુખ ગણ રાજ્યોમાં પૌધેયનું પ્રમુખ સ્થાન હતું. આ ગણરાજ્ય અંગેની  જાણકારી પાણીની પૃથ્વી અષ્ટાધ્યાયી ગ્રંથમાં મળે છે. જેમાં  તેમણે 'આ યુદ્ધ જીવી સંઘ'  કહ્યો  છે. અર્થાત આ યુદ્ધ શસ્ત્ર ધારણ કરવાવાળા). મહાભારતમાં તેમને શિબી ત્રિગર્ત  કર્યું છે. પરાજય આપ્યો હતો બીજી સદીમાં રુદ્રદામન શિલાલેખમાં તેમનું વર્ણન કરેલ છે.તેમાં 'પૌધેયો' નું નામ પણ છે. મહાભારતમાં આ યુદ્ધની ઉત્પત્તિ  યુધિષ્ઠિરના પુત્ર પૌધેય  સાથે કરે છે. તેના કારણે કેટલાક તેમને યુધિષ્ઠિરના સંતાન માને છે.

### ૨. કુણિદ

ઉત્તર પશ્ચિમ ભારતના અન્ય ગણ રાજ્યોમાં કુણિદો  નામનું ગણરાજ્ય હતું. જેને વૈદિક સાહિત્યમાં કુલીદ, કૌણિદ, કોલિન્દ વગેરે નામોથી વગેરે નામોથી જાણીતું હતું. તેમને પૈશાચ, અંબાસ્થ, બારબાર વગેરે.  તેઓ પહાડી વિસ્તારમાં રહેતા હતા. રામાયણ- મહાભારતમાં તેમજ લોમીના પુસ્તક પણ તેનો ઉલ્લેખ કરે છે. કુણિન્દો પર્વતીય વિસ્તારમાંથી તેમના સિક્કાઓ મળી આવ્યા છે. તેમનો ભૌગોલિક વિસ્તાર જોઈએ તો ગણવાલ, હિમાલય, પંજાબ, સંઘોલ,  હરિયાણા, યમુના નગર વગેરે ક્ષેત્રોમાં તેમની પ્રજા વસ્તી હતી.

### ૩. ઔદુમ્બર

ઔદુમ્બર ઉત્તર પશ્ચિમ ભારતનું મહત્વનું ગણરાજ્ય હતું.પાણીની તેમજ પ્રાચીન ભારતના અનેક ગ્રંથોમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે. પ્લિનીએ  તેને આડોમ્બીપારીસ તરીકે ઉલ્લેખ કરેલ છે. બૌદ્ધ ધર્મ ગ્રંથ વિનયપીટીકામાં તેના વિશે વિસ્તૃત વર્ણન મળી આવે છે. આ ગણરાજ્ય પોતાનો ૧૦૦૦ વર્ષનો ઈતિહાસ ધરાવતું હતું.

## 3.3  ગ્રીક ઈતિહાસકારોએ વર્ણવેલા કેટલાંક ગણરાજયો

એલેકઝાન્ડર, સિકંદર સાથે આવેલા કેટલાંક ગ્રીક ઈતિહાસકારોએ ભારતની ઉત્તર-પશ્ચિમ સરહદે કેટલાંક નાના મોટા ગણરાજયોનો ઉલ્લેખ કરેલ છે. તેમાં રાજાશાહિ સાથે અનેક ગણરાજયો અસ્તિત્વ ધરાવતાં હતાં. કૌટિલ્ય એ મૌર્ય સામ્રાજયની ગણ રાજયો પ્રત્યેની નીતિ અંગેનો ખ્યાલ આપ્યો છે. તે સમયના ગણ રાજયો આંતરિક રીતે સમર્થ હતાં સામ્રાજય પ્રત્યે સમાનભાવે વર્તન કરતા હતાં. જે રાજયની આંતરિક બાબતમાં સ્વતંત્રતા ભોગવતાં.પરંતુ સમય જતાં લશ્કરી દૃષ્ટિએ

ર્નિબળ બનતા વિવિધ સમ્રાટો એ તેમને જીતી લઇ પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધા હતાં.

## 3.4 ગણ રાજયોનું બંધારણ

પ્રાચીન ભારતના ગણરાજયો બિન રાજાશાહિ રાજયો હતાં. કારણકે તે એક જ વ્યક્તિનું સાર્વભૌમિત્વ ન હતું. તેમાં એકથી વધુ સ્વતંત્રતાના વાહકો હતાં.તેમની ચૂંટણી સભા (ગણ સંસ્થા) ની કાર્યવાહી અને ન્યાય પદ્ધતિમાં ચોક્કસ નિયમો હતાં. આ ગણ રાજયોની શાસન વ્યવસ્થામાં અમુક જાતિઓ- માલવ, રુદ્રાક્ષ, આર્જુનાયક, અંધક-વૃષિણી, વજ્જી વગેરેનું ચોક્કસ વર્ચસ્વ હતું. આ જાતિઓના આગેવાનોનું ચોક્કસ જૂથ ગણ સંસ્થા બનતું હતું. પૌધેય ગણ રાજયમાં ૫૦૦૦/- નાગરીકોનું અને લિચ્છવી ગણતંત્રમાં ૭૭૦૭ નાગરિકોનું મતદાન મંડળ હતું. સમાજના ઉપલા વર્ગનું પ્રતિનિધિત્વ ધરાવનાર આ નાગરિકો તેના સભ્ય બનતા, પરંતુ તેમની વ્યવહારિક પ્રણાલીઓ લોકશીહ ઢબની હતી. તે સમયે લોકશાહીનો ખ્યાલ મર્યાદિત હતો. 'ગણ' ની માફક 'સંઘ' શબ્દ પણ સંખ્યા વાચક છે. બૌદ્ધ સાહિત્યમાં ભિક્ષુકો પોતાના સંપ્રદાયમાં તંત્રવાહકો જેમને ચુંટતા હતાં. તે 'સંઘ' નામે ઓળખાતો હતો. બૌદ્ધ સંઘ આરંભથી ચુંટાતો હતો. 'સંઘ' શબ્દ અમુક સંખ્યા કે જૂથના વહિવટીતંત્રનું સૂચન કરે છે.

આશરે હજાર વર્ષનો ઈતિહાસ ધરાવતાં આ ગણરાજયો પૈકી કેટલાંક ગણ રાજયોના સિક્કાઓ મળે છે. પરંતુ તેમની શાસન વ્યવસ્થા કે બંધારણ વિશેની કોઈ ખાસ જાણકારી પ્રાપ્ત થતી નથી. ઘણાખરા ગણરાજયોના નામ માત્ર જ મળે છે. જે વિગત કે જાણકારી પ્રાપ્ત થાય છે. તે છુટક છુટક અને અપૂરતી છે. ભૌગોલિક અને વસ્તીની દૃષ્ટિએ મોટા ગણ રાજયો લોકશાહી ઢબના હતાં. તેમાં કેટલાંક ગણ રાજયોમાં કારોબારી સત્તા વંશ પરંપરાગતના ધોરણે થોડાંક કુટુંબોની હતી. આ રાજયોને આપણે પ્રજાસત્તાક (Aristrocraticn Democratic) રાજયો તરીકે ઓળખીએ છીએ. જેમાં પૌધેય અને લિચ્છવી ગણ રાજય આ પ્રકારના રાજયો હતાં. બંધારણની દૃષ્ટિએ જોઈએ તો દરેક ગણ રાજયોના આગવા લક્ષણો હતાં. દા.ત. અમ્બષ્ઠના પ્રજાસત્તાક તંત્રમાં બંધારણ પ્રમાણે વરણી કરેલા વૃદ્ધો પુરુષો રાજયની ઉપલી સભામાં બેસતા હતાં. તેઓ સરદારોની ચૂંટણી કરતા અને રાજયના દરેક વ્યક્તિને સીધો મત આપવાનો અધિકાર હતો. ગુરુક અને માલવ પ્રજાતંત્રમાં કોઈ સામાન્ય માણસ કે નાના મોટા પ્રજા મંડળોમાં કોઈને સત્તા આપવામાં આવતી નહિ. માત્ર લશ્કરની દેખરેખ માટે સરદારો ચૂંટવામાં આવતાં હતાં. કથૈય અથવા કઠ

લોકોના બંધારણમાં'રાજા' ચૂંટવામાં આવતો હતો. આ રાજ્યમાં જન્મેલાં બાળકોને પ્રથમ નગરજન તરીકે અને પછી વ્યક્તિ તરીકે સ્થાન મળતું હતું.

લિચ્છવી ગણ રાજયમાં લશ્કરની સરદારી સેનાપતિ તરીકે ચૂંટવામાં આવતાં હતાં. ચૂંટાયેલા સભ્યો 'રાજા' ના નામથી ઓળખાતા હતાં. જેઓ આંતરિક લડાઈ કે યુદ્ધ વખતે નેતૃત્વ કરતા હતાં. રાજય સભાની વરણી પ્રજાસત્તાક ધોરણે સમગ્ર સમાજ કરતો હતો. અંતિમ સત્તા ગણ અથવા 'સંઘ'ના હસ્તક રહેતી હતી. પ્રાચીન ગણ રાજયો ઘણા ખરાં પ્રજાતંત્ર સ્વરૂપના હતાં. જે મિશ્ર પ્રકારનાં હતાં. તેનો અર્થ એ થયો કે આજના સમયમાં આ ગણ રાજયો પ્રજાતંત્ર કહિ શકાય. પ્રમાણભૂત ગ્રંથોના વિવરણ દષ્ટિએ તેમની વહિવટી કાર્યક્ષમતા અને રાજયના સર્વોચ્ચ સત્તાના સૂત્રો અમુક ચૂંટાયેલા વ્યક્તિઓના હાથમાં જ હતાં. પ્રાચીન રોમ, એથેન્સ, સ્પાર્ય, કાર્થન અને મધ્યકાલીન વેનિસ, નેધરલેન્ડ, પોલેન્ડ વગેરે આ પ્રકારના પ્રજાતંત્ર રાજયો હતાં. તેમાં પણ સમાજના પ્રતિષ્ઠિત કુટુંબોના હાથમાં સત્તાના સુત્રો હતાં.વૈશાખી કે લિચ્છવી ગણ રાજય વિસ્તારની દૃષ્ટિએ જોઈએ તો એક જીલ્લા કે તાલુકા જેવા રાજયો હતાં. તેમ છતાં શાસક વર્ગની સંખ્યા ૭૭૦૭ હતી. જે સૂચવે છે કે સમાજમાં ઉપલા વર્ગની જ સત્તા ચાલતી હતી. રાજય સંચાલનનો અધિકાર ધીમે ધીમે લડાયક ક્ષત્રિય વર્ગ પૂરતો સિમિત બની ગયો.

## 3.5 ગણતંત્રના રાજા કે વહીવટકર્તા

### 3.5.1. લાયકાત અને કામગીરી :-

સામાન્ય રીતે ગણ રાજ્યોમાં એક કે બે પુરુષ રાજ કર્તા કે મુખ્ય વહીવટી કર્તા તરીકે હતા. આ પ્રમુખ અને કાર્ય વાહક મંડળની ચૂંટણી મોટાભાગે નાગરિકો ની બનેલી સામાન્ય સભા કરતી હતી. રાજયની યુધ્ધ કે શાંતિની નીતિ સામાન્ય સભા જ નક્કી કરતી હતી. જે રાજયની સાર્વભૌમ સત્તા હતી.

ગણતંત્રના પ્રમુખ તથા કાર્ય વાહક મંડળના તમામ કાર્યો માટે આ સભાને જવાબદાર રહેતો હતો. ગણ રાજયોમાં બ્રાહ્મણો,ક્ષત્રિયો અને શ્રીમંતો જે મોટાભાગે ઉચ્ચ કુળના હતા. તેઓ સામાન્ય નાગરિક સભાના સભ્ય બનતા હતા. આ ગણ રાજ્યોને આધુનિક પરિભાષામાં જેને આપણે ઉમરાવ શાહી પ્રજાસત્તાક (Articratic - democracy) કહિ શકાય. રાજયની કાર્ય વાહક સમિતીમાં વેપારીઓ તથા શ્રમ જીવીઓ સમુદાય ને કોઈ સ્થાન ન હતું.

રાજા કે પ્રમુખ ની ચૂંટણી રાજયની નાગરિક સભા અમુક મુદ્દત માટે કરતી હતી. તેમાં સમાજના ઉચ્ચ કુળો, પ્રભાવ શાળી વ્યક્તિઓ, કુશળ અને પરાક્રમી નાગરીકો પ્રમુખ

માટે લાયક ગણતા હતા. આ ગણ રાજયો લશ્કરી ઢબના હતા. વહીવટી કાર્ય ક્ષમતાની સાથે લશ્કરી આવડત શૌર્યના ગુણોની અપેક્ષા રાખવામાં આવતી હતી. શૂદ્રક - માલવ સંઘનો નેતા જ મુખ્ય લશ્કરી માણસ હતો. શાંતિના સમયે યોગ્ય વહીવટ કરતો હતો. યુધ્ધના સમયે તે યોગ્ય માગર્દર્શન આપતો હતો. જે તેમની પ્રમુખ પ્રાથમિક ફરજો ગણાતી હતી. મહાભારતનાં કથન પ્રમાણે પ્રજામાં ફેલાતાં આંતરીક મતભેદોને ઝગડાઓ રોકીને શાંતિ સ્થાપિત કરવી એ પ્રમુખની ખાસ જવાંબદારી ગણાતી હતી. તેમાં પરદેશ ખાતું, નાણા ખાતું, લશ્કર અને ન્યાય તંત્રની દેખરેખ રાખી તેની કામગીરીનો અહેવાલ સામાન્ય સભાને આપતો હતો. રાજયમાં જાસૂસો મારફત રાજયભરની માહીતી મેળવી તે અનુસાર શાંતિ અને સંરક્ષણ માટે પગલાં ભરવાનુ કાર્ય કરવામાં આવતું હતું.

### 3.5.2.કાર્યવાહક મંડળ

નાગરીકોનું મતદાર મંડળ તંત્ર વાહકોની ચૂંટણી કરતું હતું. જેમને જુદા- જુદા ખાતાઓ સોંપવામાં આવતા હતા, જે પોતાની કામગીરી માટે મતદાર જવાંબદાર રહેતું હતું. મતદાર કે નાગરિક સભા સાર્વભૌમ ગણાતી, યુધ્ધ કે સંધિ તથા શાસનના અગત્યના પ્રશ્નો કે ર્નિણયો એ સમિતી લઈ શકતી નહીં. જ્યારે રાજ્યોના શાસકો સરમુખત્યાર બન્યા અને તેમનું પદ વંશ પરંપરાગત બન્યું ત્યારે ગણતંત્રનું પતન શરૂ થયું.કાર્યવાહક સમિતીમાં સભ્ય સંખ્યા નાના ગણ રાજ્યોમાં ચારની અને મોટા ગણ રાજ્યોમાં નવની રહેતી હતી. જયારે લિચ્છવી અને વિદેહના સંયુક્ત સંઘની સંખ્યા અઢારની હતી. પાણીની એ પણ પોતાના ગ્રંથમાં દશ, વીસની સંખ્યા વાળા સંઘ રાજ્યોનો ઉલ્લેખ કરે છે. પરદેશ, લશ્કર, નાણું ન્યાય, જાસૂસ વગેરે માટે અલગ અલગ ખાતાં સોંપવામાં આવતાં હતા. નાણા ખાતાનો મંત્રી રાજ્યના આવકના સાધનો ઊભા કરતો હતો. ન્યાય ખાતાનો મંત્રી દેશની પ્રણાલિકા અને રિવાજો મુજબ ન્યાય કરતો હતો.રાજાશાહી રાજયોમાં પુરોહીતોનુ વર્ચસ્વ હતું. ગણ રાજ્યોમાં પ્રવર્તતી આંતરીક અશાંતી, વિખવાદ ને દૂર કરવા મજબુત સૈન્યની જરૂર રહેતી હતી. પાણીનીએ આવા સંઘોને આયુષજીવી અને શસ્ત્રોપ મુખી કહયા છે. તેથી લશ્કરી વ્યવસ્થાને મહત્વ અપાતું હતું.

### 3.5.3. નાગરિક સભા કે સામાન્ય સભા

ગણરાજયોની નાગરિક સભામાં સમાજના ઉચ્ચ વર્ણના બ્રાહ્મણો,ક્ષત્રિયોં અને શ્રીમંત વર્ગને સ્થાન મળતું હતું. પરંતું મધ્યમ વર્ગ અને શ્રમજીવી વર્ગને સ્થાન ન હતું. દા.ત. પૌધેય ગણની નાગરિક સભામાં ૫૦૦૦ અને લિચ્છવી  ગણની સામાન્ય સભામાં ૭૭૦૭ સભ્યો હતા.

સામાન્ય સભા સાર્વભૌમ હતી. ગણ રાજયનો તમામ આખરી અધિકાર પ્રમુખ, કાર્યવાહક્ સમિતી, ઉચ્ચ કક્ષાના અધિકારીઓને ચૂંટવાનો અધિકાર હતો. મુખ્ય અને પ્રાદેશિક અધિકારની ચૂંટણી પણ તે જ કરતી હતી. બૌદ્ધ સંઘની કાર્યવાહી પરથી તત્કાલીક ગણરાજયના સામાન્ય સભાની રચના થઈ હતી.

સભાની અમુક બેઠકો માટે સભાસદોને એકઠા કરનારને 'ગણપુરક' કહેતા. આ માટે દંદ્ શબ્દ વપરાતો હતો. અશક્ત સભાસદ ના મત મેળવવા માટે કાળજી લેવાતી હતી.તેની  સાથે ગુપ્ત મત પ્રથા અસ્તિત્વ ધરાવતી હતી. તે માટે રંગીન ચિઠ્ઠીઓ (શલાકા) વપરાતી હતી. મત લેવાની ક્રિયાને 'શલાકા ગ્રહણ' કહેવાતું હતું. ભગવાન બુદ્ધનો જન્મ અને ઉછેર શાક્ય ગણ રાજયના પ્રમુખ હતા. તેમણે ઉત્તર-પૂર્વ ના અનેક પ્રદેશોમાં ભ્રમણ કર્યું હતું. તેમણે લોકશાહી મૂલ્યો સ્થાયીત કર્યા હતા. તેથી તેમનું બંધારણ સંઘ લાંબા સમય સુધી ટકી શક્યો હતો.

### 3.5.4. ગણ રાજ્યોના વિશિષ્ટ લક્ષણો

ઉપરોક્ત ચર્ચાના આધારે કેટલાક વિશિષ્ટ લક્ષણો તારવી શકાય છે.

૧.ગણ રાજ્યોમાં પ્રમુખ કાર્યવાહક મંડળ અને સભાસદો સાર્વભૌમ સંઘના પ્રણાલિકાગત નિયમો અનુસરતા હતા. પ્રમુખ વહીવટી, ન્યાય અને લશ્કરી,તંત્રનુ ઉચ્ચધોરણ જાળવી રાખ્યું હતું. જેમાં  ન્યાયનું ધોરણ સમાન હતું. વહીવટમાં જ્ઞાન સમાજના વૃધ્ધોનો સહયોગ લેતાં હતાં.

૨. ગણ રાજ્યોના લોકો શૂરવીર અને સંઘ પ્રેમી હતા.દરેક પ્રજાજન વીર સૈનિક હતા. લશ્કર ભાડુતી ન હતું.

૩.ગણ રાજ્યોમાં નાગરિક જીવનને અનુરૂપ ગુણો વિકસ્યા હતા. વૃધ્ધો અને સ્ત્રીઓનુ સમ્માન થતું હતું. લોકો સલાહ અને સંપથી વર્તન કરતા હતા. સાથે ખંતથી કામ કરતા પોતાની ચાલી આવતી પ્રણાલિકાઓને માન આપતા અને સંઘની રક્ષણ કરવાની ઉચ્ચતર ભાવના સેવતા, સામાન્ય વહીવટમાં સમાન ભાગ લેવાનો દરેકનો હક હોવાનું સ્વીકારતા. રાજકીય, આર્થિક અને લશ્કરી સિધ્ધિઓની સાથે વિદ્યાભ્યાસ દર્શન, તત્વજ્ઞાન, કલા, સાહિત્ય, અને સ્વાસ્થ્યને કેળવ્યા હતા.

### 3.5.5. ગણ રાજ્યોની મર્યાદાઓ

૧. ગણ રાજ્યોની આંતરીક વિખવાદ એ તેમની મુખ્ય મર્યાદા ગણી શકાય. દરેક ગણ રાજ્યોએ પોતે સ્થાપેલા સિધ્ધાંતોનો ભંગ કર્યા. જેના પરિણામે લોકશાહીની પ્રણાલિકાઓ શિથીલ બની. નાગરિકોમાં પારસ્પર મતભેદો, ઝગડા, પક્ષાપક્ષી,

ઈર્ષ્યા, સત્તા લોલુપતા પ્રબળ બન્યા. ઊંચ નીચનું કુળાભિમાન તિવ્ર બન્યું. કુટુંબોમાં કલશો વધ્યા.પ્રજા તંત્રની ભાવના ભૂંસાવા લાગી.

૨.કાર્યવાહકોમા સંઘ પ્રત્યે શુભ નિષ્ઠા ઘટી, પક્ષીય અભિમાન પ્રવર્ત્યું. દા.ત. અંધક- વૃષ્ણી સંઘના સત્તાધારી પક્ષના આહક તથા અંકુરના વિરોધી પક્ષો વચ્ચે સતત પ્રહાર થતા. લિચ્છવીઓમાં એક પક્ષીય ભાવના પ્રબળ બનતા તેનું પતન થયું.

૩.આંતરીક વિખવાદોના કારણે રાજય સભામાં ઉગ્ર વચનો, કટુ ભાષણો થવા માંડ્યા, તેમાંથી કાવદાવા પ્રચંડ આંતરીક દુશમનાવટ ઊભી થવા પામી.સંઘ પ્રત્યેની વફાદારી અને ભાવના નષ્ટ બની. શ્રીકૃષ્ણ - અંધક વચ્ચેની કટુતા વિશે નારદ સમક્ષ પ્રલાપ્ કરે છે. ત્યારે નારદ તેમને મૌન સેવવાની અને બીજાની યોગ્યતાનો સ્વીકાર કરવાની સલાહ સુચન આપે છે.

૪. વિસ્તારની દ્દષ્ટીએ ગણ રાજ્યો બહુ નાના હતા. સ્વાભાવિક રીતે એમની લશ્કરી તાકાત અને બચાવના સાધનો અત્યંત મર્યાદિત હતા. તેઓ સામ્રાજયના આક્રમણો સાથે વધુ સમય ટકી શક્યા નહીં. બીજી તરફ પૌધેય, માલવ, લિચ્છવિ વગેરે ગણ રાજ્યો વિસ્તાર અને લશ્કરની દ્દષ્ટીએ લાંબો સમય ટકી શક્યા હતા.

૫.ગણ રાજયોના વહીવટના મુખ્ય દોષમાં હતો કે તેઓ સામાન્ય ચર્ચાતા પ્રશ્નોની ગુપ્તતા જાળવી શક્યા નહીં. પરિણામે વહીવટી અને સુરક્ષાની તમામ માહિતી સહેલાઈથી દુશમનો પાસે પહોંચી જતી હતી. જેથી તેમની સલામતી સામે સંકટ ઊભું થવા પામ્યું.

૬.વહીવટી અને લશ્કરી અધિકારીઓ ગણ રાજ્યોમાં વંશ પરંપરાગત બનતા હોવાથી તેમાં વૈભવ અને વિલાસ વધ્યા. ઉચ્ચ નાગરિકોના ગુણો લુપ્ત થવા લાગયા.જુગાર મંદિરાપાન વિષયો લોલુપતા વધ્યા. સામાન્ય જન ઉપેક્ષિત બન્યા. વહીવટ શિથીલ થયો. પરિણામે ખેતી, ઉદ્યોગ પ્રત્યે દુર્લભ થતા સંઘ પ્રત્યેની ભાવના ઘટી.લશ્કરી તાકત અને શિસ્ત કમજોર બન્યા.

૭.સિકંદરનીની સવારી અને મૌર્ય ચંદ્રગુપ્તના સામ્રાજ્યનો ફેલાવો થતાં ગણ રાજયોને મરણતોલ્ ફટકો પડયો હતો. અંતે તેઓ મૌર્ય સામ્રાજયમાં વિલિન થઈ ગયા.

❖ **તમારી પ્રગતિ ચકાસો**

**1. ખાલી જગ્યા પૂરો.**

૧. ગણ રાજયોની ચૂંટણી _______ સભા કરતી હતી.

૨.'સંઘ' શબ્દ _______ વહિવટીતંત્રનું સૂચન કરે છે.

૩. મોટા ભાગના ગણ રાજયો _______ ઢબના હતાં.

૪. નાના ગણ રાજયોની કાર્યવાહક સભા _______ રહેતી હતી.

**2. સવિસ્તાર પ્રશ્નોના જવાબ આપો.**

૧. ગણ રાજયના લક્ષણોની વિસ્તૃત ચર્ચા કરો.

૨. ગણ રાજયના બંધારણની ચર્ચા કરી, તેની મર્યાદાઓ આલેખો.

## 3.6. સંદર્ભ અને વિશેષ વાચન


- ડૉ.એ.કે. સોમપુરા, હિંદુ રાજય પદ્ધતિનો ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,૩૯૯૨
- ડૉ.એમ.જે. પરમાર, ભારતીય શાસન વ્યવસ્થાનો ઈતિહાસ, પાર્શ્વ પબ્લીકેશન, અમદાવાદ, વર્ષ-૨૦૩૪, પ્રથમ આવૃત્તિ.
- હરિપ્રસાદ શાસ્ત્રી, પ્રાચીન ભારતનો ઈતિહાસ ભાગ-૧, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
- ડૉ. આર. કે. પરુથી અને ડૉ. દીપા ભંડારી, પ્રાચીન ભારતનો ઈતિહાસ, અર્જુન પબ્લીકેશન હાઉસ, નવી દિલ્હી.
- ગોપીકૃષ્ણ સહાય, પ્રાચીન ભારતનાં મહાન સામ્રાજયો, કુણાલ પ્રકાશન, નવી દિલ્હી
- પ્રાચીન ભારત (આરંભથી ઈ.સ.પૂર્વ ૩૨૦ સુધી) મહર્ષિ દયાનંદ વિશ્વ વિદ્યાલય, રોહતક.
- પ્રાચીન ભારતની શાસન પ્રણાલી, સુજીતકુમાર, વિદ્યાભારતી પબ્લિકેશન, નવી દિલ્હી.

**એકમ - 4** **મૌર્ય વહિવટી તંત્ર કેન્દ્ર , પ્રાંત અને નગર રચના**

## :: રૂપરેખા ::

**4.0** ઉદ્દેશો

**4.1 પ્રસ્તાવના**

**4.2** પાટલી પુત્ર મુખ્ય રાજધાની

**4.2.1**. ઉત્તરા પથ / ઉદીચ્ય

**4.2.2. પશ્ચિમ ચક્ર કે અપરાંત**

**4.2.3. દક્ષિણા પથ**

**4.2.4. પ્રાચ્ય કે પ્રાચી**

**4.2.5. કલિંગ**

**4.3** કેન્દ્રિય વહીવટ

**4.3.1**. રાજા

**4.3.2. મંત્રી પરિષદ**

**4.3.3. કેન્દ્રીય ખાતાં અને અધિકારિઓ**

**4.3.3.1 રાજ મહલ પર દેખરેખ રાખનાર ખાતું**

**4.3.3.2 લશ્કરી ખાતું**

**4.3.3.3 પરદેશ ખાતું**

**4.3.3.4 મહેસૂલ ખાતું**

**4.3.3.5 વ્યાપાર અને ઉદ્યોગ ખાતું**

**4.3.3.6 કાયદા ખાતું**

**4.3.3.7 પુરોહિત ખાતું**

**4.3.4. કેન્દ્રિય અમલદાર વર્ગ**

**4.3.5 પ્રાંતીય વહીવટ**

**4.3.6 નગર વ્યવહાર**

**4.3.6.1 ઔદ્યોગીક સમિતી**

**4.3.6.2 પરદેશીઓની દેખરેખ રાખનાર સમિતિ**

**4.3.6.3 જન્મ મરણ ની નોંધ રાખનાર સમિતિ**

**4.3.6.4 તોલમાપ નિયંત્રંણ સમિતિ**

**4.3.6.5 કારખાના પર નિયંત્રણ રાખનાર સમિતિ**

**4.3.6.6 કર સમિતિ**

**4.4 ચાવીરૂપ શબ્દો**

**4.5 સંદર્ભ અને વિશેષ વાચન**

## 4.0 ઉદ્દેશો (Objectives)

આ એકમના અભ્યાસ પછી વિદ્યાર્થીઓ,

- મૌર્ય સામ્રાજ્યના રાજાઓની સત્તાઓ વિશે જાણકારી પ્રાપ્ત કરશો.
- મૌર્યકાલિન પ્રાંતિય વહીવટ અંગે માહિતી મેળવશે.
- મૌર્યકાલિન કેન્દ્રથી લઈ ગામ સુધી વહીવટી સૂત્રતા કેવી રીતે જાળવી રાખતા તે વિશે જાણકારી મેળવશે.

## 4.1 પ્રસ્તાવના (Introduction)

મૌર્ય સામ્રાજ્યનો વહીવટી પાયો નાંખનાર ચંદ્ર ગુપ્ત મૌર્ય અને તેનો મિત્ર કૌટિલ્ય હતો. તેમણે એક આદર્શ વહીવટી વ્યવસ્થા સ્થાપિત કરી. સમગ્ર ભારતને વહીવટી એક સૂત્રતા લાવવાના પ્રયાસો કર્યા હતા. મૌર્યકાલિન વહીવટી તંત્ર રાજાશાહી તેમજ નોકરશાહી ઉપર આધારિત હતું.મૌર્ય સામ્રાજ્યનું મુખ્ય રાજનીતિ કેન્દ્ર 'પાટલી પુત્ર' હતું. જે મૌર્ય સામ્રાજ્યની રાજધાની હતું. ત્યાંથી સમગ્ર દેશમાં વહીવટી કરવામાં આવતો હતો. ઈ.સ.૩૨૩ માં ભારતની ઉત્તર- પશ્ચિમ દિશા પર આક્રમણ કરી નાના મોટા રાજ્યોની સ્થાપના કરી. ત્યારબાદ ચંદ્રગુપ્ત મૌર્ય સ્થાનિક પ્રજામાં એક બળવાન લડાયક લશ્કર ઊભું કરી એક વિશાળ સામ્રાજ્યની સ્થાપના કરી. અને ભારતમાં પૂર્વ પશ્ચિમ દિશામાં પ્રવર્તતી વિદેશી સત્તા દૂર કરી હતી.

ચંદ્રગુપ્ત મૌર્ય વિશાળ સામ્રાજ્યના વહીવટ માટે સમગ્ર રાજયને અનેક પ્રાંતોમાં વિભાજીત કરી. વહીવટી એક સૂત્રતા લાવવા માટેના પ્રયાસો કર્યા હતા. તે માટે પંજાબને પરદેશી શાસન માંથી મુક્ત કરી પોતે સત્તા હાંસલ કરી. ઉત્તરમાં હિમાલયથી લઈ દક્ષિણમાં મૈસૂર,પૂર્વમાં આસામ થી લઈને પશ્ચિમમાં સિંધુ નદી ઈરાની સરહદને સ્પર્શતો હિંદુ કુશ પર્વત સુધી ફેલાયેલી હતી. તેના વિશાળ રાજય અનેક પ્રાંતોમાં,વિભાગોમાં વિભાજીત કરી એક ચક્રીય શાસની સ્થાપના કરી હતી.

## 4.2 પાટલી પુત્ર મુખ્ય રાજધાની

મગધ સામ્રાજ્યની રાજધાની પાટલીપુત્ર હતી તેના વિશે વર્ણન કરતા 'મેગેસ્થીનીસ' કહે છે કે તે સમસ્ત ભારતમાં મોટામાં મોટું નગર હતું. જે ગંગા નદી પર આવેલ હતું. જે હાલ પટના તરીકે ઓળખાય છે.જે 9 ½ માઈલ લાંબુ 1 ¾ મહોળું એટલે કે લંબ ચોરસ ઘાટનું હતું. જે 9 ½ માઈલ લાંબુ 1 ¾ મહોળું એટલે કે લંબ ચોરસ ઘાટનું હતું. જે ચોસઠ દરવાજા અને લાકડાના કોટથી હતી. સોન નદીના પાણી થી ભરેલી ૬૦૬ ફૂટ પહોળી અને ૪૫ ફૂટ ઊંડી ખાઈથી રક્ષાયેલું હતું.

સમ્રાટ અશોકના સમયમાં સમગ્ર સામ્રાજ્ય પાંચ વિભાગોમાં વહેંચાયેલું હતું. જે અભિલેખો દ્વારા જાણવા મળે છે.

**4.2.1. ઉત્તરા પથ અથવા ઉદીચયઃ** તેમાં કંબોજ ગાંધાર, કાશ્મીર, અફઘાનિસ્તાન અને પંજાબના કેટલાંક પ્રદેશોનો સમાવેશ થતો હતો.

**4.2.2. પશ્ચિમ ચક્ર અને અપરાંત :** જેમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને રાજસ્થાન, માળવાનો સમાવેશ થતો હતો.

**4.2.3. દક્ષિણાપથ :** જે વિદ્યાચલથી લઈ ભારતના દક્ષિણ પ્રદેશો સમાવેશ થતો હતો.

**4.2.4. પ્રાચય અને પ્રાસી :** જેમાં ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશના કેટલાંક ભાગો અને બંગાળનો સમાવેશ થતો હતો.

**4.2.5. કલિંગ : સ**મ્રાટ અશોકે તેને જીતી સામ્રાજયમાં ભેળવી દીધું હતું.

**પતિવેદક**

ઉપરોક્ત પાંચેય વિભાગો જેમાં તક્ષશીલા, ઉજ્જૈનીય, સુવર્ણ ગિરિ. પાટલી પુત્ર, અને અમાત્યો રાજધાનીના નગરો જેના વહીવટ માટે રાજકુલના પ્રમુખ વ્યક્તિઓની નીમણક કરવામાં આવતી હતી. કુમાર અમાત્યોની સહાયથી વહીવટ ચાલતો હતો.

## 4.3 કેન્દ્રીય વહીવટ

### 4.3.1. રાજા

મૌર્યકાલીન પ્રશાસન મુખ્યત્વે રાજ્ય શાસન તંત્ર નજરે પડે છે. જેમાં રાજતંત્રનો વડો રાજા હતો. જે દંડ નીતિવડે પ્રજાના સર્વ વર્ણનું પાલન કરતા હતો.

તેઓનું મુખ્ય કાર્ય  ગુણ-સંપન્ન અમાત્યોની નિમણુંક કરવી. ગુઢ પુરુષો દ્વારા રાજ્યની આંતરિક સ્થિતિ અને વિદેશનીતિનુ  ધ્યાન રાખવુ. રાજા મહત્વની બાબતોમાં મંત્રીઓની સલાહ લેતો હતો.

રાજપદ આનુવંશિક હતું.રાજા જયેષ્ઠ  પુત્રને  તેનો ઉત્તરાધિકારી બનતો હતો. કયારેક વંશાવલી અટકી જતા રાજ કુટુંબના  કોઈ સભ્યને અનુરાગી વ્યક્તિને રાજા તરીકે પસંદગી થતી હતી. ચાણક્યના અર્થશાસ્ત્રમાં રાજાના કાર્ય વિશે વિસ્તૃત ચર્ચા કરેલ છે.જેમાં રાજા આખો દિવસ રાજ કાર્યમાં મગ્ન રહેતા હતા. ક્યારેક યજ્ઞ અર્થ, લશ્કરી કામગીરી અર્થે મૃગલાં કે  દોડની રમત અંગે  જાહેરમાં નજરે પડતા હતા. મંત્રી મંડળની  સભામા ભાગ લેવો.  અધિકારીઓ સાથે ચર્ચા વિચારણ કરવી. સૈન્યની કવાયતનુ નિરીક્ષણ કરવું, રાજયના મુખ્ય મુદ્દાઓનો નિકાલ કરવો વગેરેમાં રાજા સમય વ્યતીત કરતા હતા. રાજકાર્ય અંગેનો વિસ્તૃત ચર્ચા સમ્રાટ અશોકે પોતાના અનેક શિલાલેખોમાં કરેલ છે.

રાજાની સત્તા સર્વોપરી હતી. રાજાની સાથે મુખ્ય સેનાપતિ અને કોશાધિપતિમા જે બંને રાજાને આધિન હતા. મંત્રીઓની સલાહ લેતા હતા. છતાં રાજા હંમેશા પ્રજા કલ્યાણના કાર્યો માટે હંમેશા પ્રયત્નશીલ રહેતા હતા. ચંદ્ર ગુપ્ત અશોક વગેરે રાજાઓની ભાવના પ્રજા કલ્યાણની હતી.જે પ્રજાને પોતાનું સંતાન ગણતા હતા. તેઓ સમાજના દરેક વર્ગને ઐહિક તથા પર લૈકિક્ સુખ માટે પ્રયત્નશીલ રહેવું એ પોતાનો ધર્મ સમજતાં હતાં.

આ પાંચેય વિભાગો અંતર્ગત નાના વહીવટ કેન્દ્રો અને પ્રદેશો હતા. જે 'મંડળ' ના નામથી ઓળખાતાં હતા. પ્રાંતો થી નાના વહીવટી એકમો ' પ્રદેશ' 'સ્થાનીય' 'દ્રોણમુખ' 'ખાધાટિક' ' 'સંગ્રહણ' તથા ગામ હતા. દરેક પ્રદેશનો મુખ્ય અધિકારી 'પ્રાદેશિક માહામાત્ર' અથવા રાજુક હતો. તથા તેમને સહાયક કર્મચારીઓ હતાં. મંડલ ( પ્રાંતો ) જે કુમારની દેખરેખથી મહા માત્યો કરતા જે કેન્દ્રીય સત્તાને આધીન હતા. સમ્રાટ અશોકના સમયમાં સુરાષ્ટ્ર (સૌરાષ્ટ્ર) પ્રાંતનો મુખ્ય શાસક પવનરાજ તૃષાસ્ક હતો. જે રાજધાની પાટલીપુત્ર ની સર્વ આજ્ઞાઓ કુમારો ને મળતી અને કુમારો મંડળના મહામાત્યોને પહોંચાડતાં હતા. તે સમયે પાટલીપુત્ર પર કોઈ મંડળ કે કુમારનુ શાસન ન હતું. જ્યા સમ્રાટ સીધી સત્તા ચાલતી હતી.

મૌર્ય સામ્રાજ્યના પ્રત્યેક મંડળમાં અનેક જનપદો એટલે કે ગામોનો સમાવેશ થતો હતો. જેને કૌટિલ્ય ના અર્થશાસ્ત્રમાં 'સ્થાનીય' , 'દ્રોણમુખ' 'ખારવાટિક' 'સંગ્રહણ' તરીકે ઓળખાવ્યા છે. ગામ એ સૌથી નાનામાં નાનું એકમ હતું. દસ ગામોના સમૂહને 'સંગ્રહણ' અને વીસ ગામના સંગ્રહણ એટલે કે ૨૦૦ ગામોના સમૂહ

'ખાર્વટીક' કહેવાતો ખોવાઈ એટલે ૪૦૦ ગામોનો સમૂહ. દ્રોણમુખ અને બે દ્રોણમુખ્ એટલે ૮૦૦ ગામોનો સમૂહ. ગામના શાસકને ' ગ્રામિણ' સંગ્રહણ ને 'ગોપ' અને સ્થાનિક શાસકને સ્થાનિક કહેવાતો હતો. જનપદોના શાસકને સમાહર્તા જવા મહા આત્મયની સત્તા ચાલતી હતી. અને મંડળના અત્માય પર કુમારની સત્તા રહેતી હતી. અને સર્વ સત્તાધીશ એ માત્ર સમ્રાટ હતો.

મૌર્ય સમ્રાટોના વિધિ પૂર્વક રાજયભિષેક થતો હતો જે દર બાર વર્ષ ઉજવાતો હતો. તેમાં ફાંસી સજા પામેલા કેદીઓ મુક્ત કરવામાં આવતાં હતા. કલિંગના એક લેખમાં તે કહે છે કે ' સર્વ મનુષ્યો મારા સંતાન છે.જે રીતે મારા સંતાનો માટે ઈચ્છું છું. તેઓ આ લોક તેમજ પરલોકના સુખ પામે. તે બધા મનુષ્યો ની બાબતમાં ઈચ્છું છું તે પ્રજાને લગતા રાજકારણમાં પણ ધ્યાન આપતો હતો. રાજયના વહિવટી કામના હેતુથી દરેક સમયે સર્વત્ર મળવાની છૂટ આપુ છું. સર્વલોક હિતમાં પોતાનું સૌથી મોટું કર્તવ્ય માનું છું. તેનાથી મોટું કોઈ કાર્ય નથી.

રાજા સજા પામેલા અપરાધીઓ તરફ અનુકંપા ધરાવતો અંગરછેદ કે ચક્ષુચ્છેદ્ ની સજા પામેલા અપરાધીઓને સજા માફ કરતો હતો. તો ક્યારેક પ્રાણ દંડ સુધી કૃપા કરતો હતો. પોતાના રાજ્યમાં પશુઓ માટે દવાખાના અને ઔષધી ના ઠેર ઠેર રોપ રોપાવ્યા હતા. રસ્તા પર દર આઠ કોષે કુવા ખોદાવ્યા હતા અને રસ્તાની બન્નેય બાજુએ વૃક્ષો રોપાવ્યા હતા.

### 4.3.2. મંત્રી પરિષદ

રાજાને શાસનમાં મદદ કરવા માટે મંત્રી પરિષદની રચના કરવામાં આવી હતી. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં તે વિશેની વિસ્તૃત ચર્ચા કરેલ છે. ચંદ્રગુપ્તના સમયમાં ૧૬ સભ્યોનું મંત્રી મંડળ હતું. રાજતંત્ર કેન્દ્રીય અને પ્રાંતીય ૧૮ ખાતામાં વહેંચવામાં આવતું હતું. તેમાં મહેસુલ, મુખ્ય હિસાબી, ખેતી ઉદ્યોગના નિરીક્ષકો વગેરે નો ઉલ્લેખ કરેલ છે. પંચ મારફતે ઘણા કામોની નિકાલ કરવાની પદ્ધતિ ચંદ્રગુપ્ત મૌર્ય કરી હતી.મુખ્યમંત્રી તરીકે વિષ્ણુગુપ્ત ચાણક્ય ( કૌટિલ્ય) ના હાથમાં ઘણી સત્તાઓ હતી. મૌર્ય મંત્રી મંડળમાં યુવરાજ, સેનાપતિ, મુખ્યમંત્રી, કૌશાધ્વત, નાણામંત્રી અને પુરોહિતનો સમાવેશ થતો હતો.

### 4.3.3. કેન્દ્રીય ખાતાઓ અને અધિકારીઓ

મૌર્યકાલીન શાસન વ્યવસ્થા કેન્દ્રીય રાજા અને મંત્રી મંડળ સિવાય અનેક ખાતાઓની બનેલી હતી.

#### 4.3.3.1. રાજ મહાલાય પર દેખરેખ રાખનાર ખાતું

રાજ મહાલયની તમામ પ્રકારની સ્થાવર અને જંગમ મિલકત પર દેખરેખ રાખતું હતું.રાજ ભવનને તમામ પ્રકારની જરૂરીયાતો પુરી પાડવી આ ખાતાને હસ્તક હતું. તેનો મુખ્ય અધિકારી ' દૌવારિક' કહે વાતો હતો. રાજાના રક્ષણ માટે એક રક્ષકદળ અલગથી રાખવામાં આવતું હતું. રાજ મહાલાયમા ઉચ્ચ અધિકારીઓ અને આમંત્રીત મહેમાનો સિવાય અન્ય વ્યક્તિને પ્રવેશ મળતો નહીં

#### 4.3.3.2. લશ્કરી ખાતું

ચંદ્રગુપ્ત મૌર્યથી લઈ અશોક સુધી સામ્રાજ્યના વિસ્તાર માટે અનેક યુદ્ધો થયા હતા. જેના કારણે ઘણું મોટું લશ્કર રાખવું પડતું હતું. તેમના લશ્કરમાં ૬ લાખ પાયદળ, ૩૦ હજાર અશ્વદળ , ૯ હજાર ગજદળ સાથે અનેક રથો હતા. સેનામાં હાથી વિભાગ અગત્યનો હતો.લશ્કરની યુદ્ધની કામગીરી સિવાય બીજી ઘણી પ્રવૃત્તિઓમાં સમાવેશ થતો હતો. મજૂરો, વાહન વ્યવહારના સાધનો સ્વયંસેવકો,જાસુસો, રસ્તા બનાવનાર ખાણીયા તેમજ અનાજ શસ્ત્ર સરંજામની દેખરેખ રાખનાર તથા ઘપાયેલા સૈનિક ની સેવા માટે અલગથી મોટું દળ રાખવામાં આવતું હતું.

આ ખાતાનો અધ્યક્ષ તરીકે સેનાની હતો. જેને વાર્ષિક ૪૮,૦૦૦/- પગાર મળતો હતો. મેગેસ્થીનિઝના વિવરણ મુજબ મૌર્ય લશ્કરી તંત્રનો વહીવટ ૩૦ સભ્યોની બનેલી લશ્કરી સમિતિ હસ્તક હતો. તેમાં પાંચ સભ્યોના બનેલા છ બોર્ડ હતાં. : ૧) રથદળ. ૨) હસ્તીદળ, ૩) અદ્યદળ , ૪) પાયદળ, ૫) લશ્કરી પુરવઠો પાડનાર વિભાગ, ૬) ઈજનેરી વિભાગ વગેરે.

આ સિવાય વૈદકિય સારવાર અને જાસૂસોએ મૌર્ય લશ્કરીતંત્રના આવશ્યક લક્ષણો હતાં.

#### 4.3.3.3. પરદેશ ખાતું

સિરિયાના રાજા અંતિપોક (૧ લા) નો એલચી મેગેસ્થીનીઝ ચંદ્રગુપ્તના દરબારમાં ઘણાં લાંબા સમય સુધી રહ્યો હતો. તેનાપદી ડાઈમેક્સ ગ્રીક રાજદૂત રહ્યો હતો.સમ્રાટ બિહુસારે પણ સિરિયા અને દમાસ્કો , મિસરના રાજા પાસે પોતાના એલચી મોકલ્યા હતા. આ રાજદૂતોને કૌટિલ્ય " નિશ્રાષ્ટર્થ દૂત" કહ્યા છે. રાજા અમલદાર અને પ્રજા વચ્ચે ત્રિપક્ષીય વ્યવહાર કામ કરતો હતો. ટૂંકમાં રાજકાર્ય ની બાબતમાં કોઈની પર વિશ્વાસ કરવામાં આવતો નહીં.

**4.3.3.4. મહેસૂલ ખાતું**

આ ખાતાનો સર્વોચ્ચ અધિકારી સમાહકર્તા હતો. જે રાજયની રોકડ આવક અને ધાન્ય ભાગ કે ઉત્પાંદન ભાગમાં જરૂરી આવક ઊભી કરતું હતું. આ માટે રાજયમાં જમીન વેરો, પિત્ત કર, માર્ગ વેરો, જકાત, દુકાન, યાત્રાવેરો, જંગલ, ખાણીયા. જમીન પર કામ કરતા અને કારીગર વર્ગ પાસેથી તેમની આવક (આમદની) અનુસાર કર વસૂલ થતો હતો. જમીન વેરો ૧૬ થી ૨૫ ટકા સુધી હતું. અશોકના સમયમાં બુદ્ધના જન્મસ્થાન લુમ્બીની વનની આસપાસ જમીનનો કર ૧૨ ઘ ટકા લેવામાં આવતો હતો.

**4.3.3.5. વ્યાપાર અને ઉદ્યોગ ખાતું**

રાજયમાં વ્યાપાર અને ઉદ્યોગ પર કોઈ નિયંત્રણો ન હતા. મુક્ત વ્યાપાર અને નવા ઉદ્યોગો સ્થાપવાનું કાર્યમાં રાજય હમેંશા મદદ કરતું હતું. રાજય કક્ષાએ ચાલતા ઉદ્યોગોમાં ઉત્પાદનને રાજય બજારમાં ભાવ નિયંત્રણ કરતું હતું. જે રાજય ઉત્પાદન ઉપર કર વસૂલ કરતું તો બીજી તરફ રાજયના મંદિરો, તેમજ ધાર્મિક ઉત્સવો, યજ્ઞો કે લગ્ન પ્રસંગો એ જરૂરી સામગ્રી ને કર મુક્ત બક્ષતું.રાજયની ટંકશાળામાં સિક્કાઓ પાડવામાં આવતા હતા. તે માટે વ્યવસ્થિત મુદ્રાધ્યક્ષની દેખરેખ નીચે ચાલતું હતું. તે સમયે તાંબા અને ચાંદીની મુદ્રાઓ ચલણ માં ચાલતી હતી.

**4.3.3.6. કાયદા ખાતું**

કૌટિલ્ય વર્ણિત ધર્મસ્થય તરીકે ઓળખાતી કાયદાની દલીલોમાં પરસ્પર કરાર વેચાણ- ખરીદી, લગ્ન, મિલકત, જમીન સંપત્તિ , ધાર્મિક ઝગડાંઓના નિકાલ બહુધા લવાદિ સ્થાને નિકાલ થતો હતો. જે બીજો પક્ષ માન્ય રાખતો હતો.

ફોજદારી ગુનાઓમાં જોઈએ તો, ચોરી, લૂંટફાટ, ધાડ અને વ્યભિચારના ગુનાઓમાં અદાલત સમક્ષ રજૂ કરનારામાં આવતાં હતા. તપાસને અંતે ગુનેગાર જો દોષિત થાય તો તે પ્રમાણે સજા થતી હતી. નગરના કોટવાલ પાસે વસ્તી પત્રક રહેતું હતું. જેના વ્યક્તિ નામ, અટક, લિંગ, ધર્મ, ઉપજ, અર્થ પશુધન ની વિગત નોંધવામાં આવતી હતી.

**4.3.3.7. પુરોહિત ખાતું**

રાજય કક્ષાએ સર્વોચ્ચ પુરોહિત એક સ્વતંત્ર ખાતું ચલાવતો હતો જે રાજયના સઘળા મંદીરો અને દાન- શાસન સંસ્થાઓ પુરોહિતની દોરવણી નીચે કાર્ય કરતાં હતાં. સમ્રાટ અશોક તેના ચૌદમાં રાજય કાળ દરમ્યાન સમગ્ર સામ્રાજયમાં અર્થે

'ધર્મમહામાત્રો'ની નિમણુંક કરી હતી.ધર્મ મહામાત્રોનુ મુખ્ય કાર્ય સામ્રાજ્ય ના જુદા - જુદા સંપ્રદાયો વચ્ચે સંઘર્ષ ઊભો ન થાય તે જોવાનું હતું. જાહેર પ્રજા ધર્મના નીતિ નિયમો અનુસરે છે. તે કાર્ય પર દેખરેખ રાખવાનું હતું.

### 4.3.4. કેન્દ્રીય અમલદાર વર્ગ

મૌર્ય સામ્રાજયમાં કેન્દ્રીય સરકારના વિવિધ ખાતાઓ પર બહુ મોટો વર્ગ રોકવામાં આપતો હતો. તેમની ભરતી કેવી રીતે કરવામાં આવતી તે અંગેના છૂટાછવાયા વિધાનો સ્ટ્રેબો, એરિયન તથા ડાયોડોરસે કર્યા છે. અમલદારોની નિમણુંક અંગે ખાસ પ્રકારની સમિતિ રચવામાં આવતી હતી.જેમાં અધિકારીઓની ભરતી જાહેર પ્રજાના હિતોને ધ્યાનમાં રાખવામાં આવતી હતી. સમિતિના સભ્યો અમાત્ય કક્ષાના હતા. કૌટિલ્ય એ આ અધિકારીઓને ' તિર્થ' તરીકે સંબોધ્યા છે. જેની સંખ્યા અઢાર જેટલી થાય છે. જેમાં ૧) મંત્રી , ૨) પુરોહિત , ૩) સેનાપતિ, ૪) યુવરાજ, ૫) દૌવારિક, ૬) આંતરવલિક, ૭) પ્રશાસ્તા, ૮) સમાહર્તા, ૯) સન્નીપાતા, ૧૦) પ્રાદેશિકં, ૧૧) નાયક, ૧૨) પૌર, ૧૩) વ્યવહારિક ( ન્યાય ખાતાનો અધિકારી) , ૧૪) કાર્યાંતિક ( ખાણ અને કારખાના નો અધિકારી) , ૧૫) અધ્યક્ષ વગેરે.

### 4.3.5. મૌર્યકાલિન પ્રાંતિય વહીવટ

રાજયના મહત્વના પ્રાંતોમાં વહીવટ માટે કુમાર કે આર્ય પુત્રને સુબાઓ નીમવામાં આવતાં હતા. અગાઉ બિહુસાર, અશોક, કૃણાલ અને કુમારો સુબા તરીકે કામગીરી બજાવી હતી. સુવર્ણગિરિમાં આર્યપુત્ર અને તક્ષશિલા તથા ઉજ્જૈનમા કુમાર વહીવટ સાંભળતા હતા. રાજયના પ્રાંત માટે સામાન્યઃ ' રાજ વિષય' શબ્દ પ્રયોજાતો હતો. તેમાં પવન- કમ્બોજ અને પુલિન્દ પ્રદેશોનો સમાવેશ થતો હતો. અશોકના શિલાલેખોમાં પ્રાંતીય વહીવટ સંદર્ભમાં 'યુક્ત રજ્જુ' અને પ્રાદેશિક નામે ત્રણ પ્રકારના ઉચ્ચ અધિકારીઓનો ઉલ્લેખ આવે છે. તેઓ દર પાંચ વર્ષે પોતાની હકૂમત નીચે આવતાં પ્રદેશોમાં મુલાકાત કરતા હતા. ગિરનાર નામના શિલાલેખ પરથી સમજાઈ છે કે 'યુક્ત અને ઉપયુક્ત' નામના અધિકારીનો ઉલ્લેખ કૌટિલ્ય એ પોતાના ગ્રંથમાં કરેલ છે.

આ સિવાય અર્થશાસ્ત્રમાં 'પ્રદેષ્ટ' નામના અધિકારીનો પણ ઉલ્લેખ કરેલ છે. પ્રદેશના સમાકર્તા ' રજ્જુ' એક અધિકારી હોય તેમ જણાય છે. આ સાથે તાલુકા જેવું વહીવટી એકમ નું સમગ્ર સંચાલન ગામ પંચાયત કરતી હતી. તેના અધિકારીને ' ગોપ' કહેવાતો હતો. જે તાલુકા અંતર્ગત સીમાઓ નક્કી કરતો હતો. વળી પ્રત્યેક ગામ એક અલગ વહીવટ તંત્ર હતું. જેનો વડો ગ્રામીણ કહેવાતો હતો. જે ગામ સમિતિ વડે વહીવટ કરતો હતો.

**4.3.6. નગર વ્યવહાર**

કલિંગના પ્રથમ અભિલેખમા નગર- વ્યવહારીક મહામાત્રોની સંબોધ્યા છે. જે કૌટિલ્ય ના અર્થશાસ્ત્રમાં પૌર વ્યવહારિક' નો પર્યાય છે. નગર પાલકનો અર્થ નાગરિક નહી પણ ન્યાયાલયનુ કાર્ય કરતો ન્યાયધીશ હતો. તે સમયે મહાનગરોમાં જોઈએ તો પાટલીપુત્ર, તક્ષશિલા, ઉજ્જૈયની, સુવર્ણગિરિ વગેરે મોટા નગરો હતા. જેમનું સ્વતંત્ર શાસન હતું. પાટલીપુત્રની સ્થાનિક વહીવટની માહીતી તે સમયના નગરોના શાસન તંત્ર પર પ્રકાશ પાડે છે.

ઉપરોક્ત દરેક નગરોમાં ત્રણ સભ્યોની બનેલી એક ઉપસમિતિ હતી. જેના સભ્યોની સંખ્યા પાંચ - પાંચ હતી. આ નગરોની સમિતિઓમાં જોઈએ તો,

**4.3.6.1. ઔદ્યોગીક સમિતિ :** જે નગરો ના ઉદ્યોગો પર નિયંત્રણ રાખતી હતી. મજૂરોનો યોગ્ય વેતન અને કામના દિવસો નક્કી કરતી હતી.

**4.3.6.2. પરદેશીઓની દેખરેખ રાખનાર સમિતિ :** નગરમાં આવતાં વિવિધ વિદેશી લોકોને નિવાસ અને ભોજનની સુવિધા પૂરી પાડવા માં આવતી હતી. તેમની પ્રવૃત્તિઓ પર બારીકાઈ થી નજર રાખવામાં આવતી હતી.

**4.3.6..3. જન્મ મરણની નોંધ રાખનાર સમિતિ :** જે નગરની વસ્તી ગણતરી કરતી તથા જન્મ મરણની નોંધ રાખતી હતી.

**4.3.6.4. તોલ માપ નિયંત્રણ સમિતિ :** રાજયમાં નક્કી કરેલા વજન મુજબ માલ વેચાય છે. કે નહી તે નક્કી આ સમિતિ કરતી હતી. આ સાથે તોલ માપ કર વસુલાત કરતી હતી.

**4.3.6.5. કારખાના પર નિયંત્રણ રાખનાર સમિતિઃ** રાજયમાં ઉત્પાદન કરતા ઉદ્યોગો જુદા જુદા માલનું ભાવ નક્કી કરતી હતી. તથા ખાધ્ય પદાર્થ વસ્તુઓમાં ભેળસેળ પ્રદાર્થો અટકાવતી હતી.

**4.3.6.6. કર સમિતિ :** વસ્તુઓના ખરીદ- વેચાણ કિંમત દર્શાવતી અને રાજયમાંથી કર ઉઘરાવતી હતી.

❖ **તમારી પ્રગતિ ચકાસોઃ**

**૧. ખાલી જગ્યા પૂરો.**

૧) મૌર્ય સામ્રાજ્ય નું વહીવટી મુખ્ય કેન્દ્ર _____હતું.

૨) સમ્રાટ અશોકે _____પ્રાંત પર આક્રમણ કરી પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધું હતું.

૩) રાજતંત્રનો વડો _____ હતો.

૪) ચંદ્ર ગુપ્ત મૌર્યના સમયે_____સભ્યોનું મંત્રી મંડળ હતું.

૫) ‘ દૌવારિક’_____ની જવાબદારી સોનપવામાં આવતી હતી.

જવાબ : ૧. પાટલીપુત્ર , ૨. કલિંગ , ૩. સમ્રાટ , ૪. ૧૬, ૫.રાજ મહેલ

**૨. નીચે જોડકાં જોડો**

| વિભાગ- A | વિભાગ- B |
|---|---|
| ૧. ઈ.સ. પૂર્વ ૩૨૩ આક્રમણ કરનાર શાસક | સમ્રાટ અશોક |
| ૨. કલિંગ વિજેતા | ચંદ્ર ગુપ્ત મૌર્ય |
| ૩. અર્થશાસ્ત્ર ના લેખક | ગ્રીક શાસક એલેક્ઝાન્ડર સિકંદર |
| ૪. મેગેસ્થનિસ | સિરિયાનો રાજદૂત |
| ૫. જમીન વેરો | 16 થી 25 ટકા |

**જવાબ :** ૧. ગ્રીક શાસક સિકંદર

૨. અશોક

૩. ચાણક્ય

૪. સિરિયા નો રાજદૂત

૫. ૧૬ થી ૨૫ ટકા

**૩.** મૌર્યકાલિન્ વહીવટી તંત્ર ની રૂપરેખા આલેખો.

## 4.4 ચાવીરૂપ શબ્દો

- પાટલીપુત્ર- મૌર્ય સામ્રાજયની રાજધાની
- અમાત્ય – પ્રધાન/મંત્રી
- જનપદ- ગામોનો સમૂહ
- દ્રોણમુખ- ૪૦૦ ગામોનો સમૂહ
- રજ્જુ – પ્રાદેશિક અધિકારી
- સમાહકર્તા- મેહ્સુલ ખાતાનો અધિકારી

- મેગેસ્થનિક્ - સિરિયાના રાજાનો દૂત

## 4.5. સંદર્ભ અને વિશેષ વાચન


- ડો. કે. એફ સોમપુરા , હિંદુ રાજ્ય પધ્ધતિનો ઇતિહાસ યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ , અમદાવાદ.
- ભારતીય શાસન વ્યવસ્થાપનનો ઇતિહાસ , ડો. એમ.જે. પરમાર, પશ્ચ્ પબ્લિકેશનઃ અમદાવાદ પ્રથમ આવૃત્તિ, વર્ષ : ૨૦૧૪
- પ્રાચીન ભારત ભાગ-૧ અમદાવાદ , ડો. હરી પ્રસાદ ગ. શાસ્ત્રી પ્રકાશન વર્ષ ૧૯૬૪
- પ્રાચીન ભારતનો ઈતિહાસ –ભાગ-૧, સંપાદન : પ્રા.જશુ પટેલ, પ્રા. શશીન જાની, અયના પ્રકાશ : સુરત, વર્ષ : ૧૯૬૭

એકમ - 5

# ગુપ્તકાલીન વહીવટી સંગઠન

## :: રૂપરેખા ::


**5.0** પ્રસ્તાવના

**5.1** ગુપ્ત સામ્રાજ્યના મુખ્ય વહીવટી વિભાગો

**5.2** કેન્દ્રીય વહીવટ વ્યવસ્થા

**5.2.1.** રાજા

**5.2.2.** મંત્રીમંડળ - મંત્રીમંડળનું કાર્યક્ષેત્ર

**5.2.3.** લશ્કરી ખાતુ

**5.2.4.** ન્યાય વ્યવસ્થા

**5.2.5.** મહેસુલ ખાતું

**5.2.6.** પરરાજ્ય ખાતું

**5.2.7.** સર્વાધ્યક્ષ

**5.3** અન્ય અધિકારીઓ

**5.3.1** મહાબલીકૃત

**5.3.2** દંડ પાક્ષિક

**5.3.3** મહાસંધી વિગ્રહ

**5.3.4** વિનય સ્થિતિ સ્થાપક

**5.3.5** ભંડાગારાધિકૃત

**5.3.6** મહાક્ષપટાલિક

**5.4** પ્રાંતીય શાસન વ્યવસ્થાઃ પ્રાંત(રાજ્ય) / ભુક્તિ શાસન

**5.4.1** પ્રાંતનો મુખ્ય અધિકારી

**5.4.2** પ્રાંતના અન્ય અધિકારીઓ

**5.4.3** વિષય : જિલ્લો

**5.4.4** વિથિ ( તાલુકાઓ)

**5.4.5** નગર વહીવટ

**5.4.6.** ગ્રામ્ય વહિવટ – (ગ્રામ પંચાયત મંડળી)

❖ **તમારી પ્રગતિ ચકાસો**

**5.5. સંદર્ભ અને વિશેષ વાચન**

## 5.0 પ્રસ્તાવના

ભારતમાં ગુપ્ત શાસકોએ લગભગ ઇ.સ. ૫૦૦ થી ૭૪૦ સુધી શાસન કર્યું, તેમણે સમગ્ર ભારતમાં એક મહાન સામ્રાજયની સ્થાપના દ્વારા જન શક્તિને એકત્ર કરવાનું મહાન કાર્ય કર્યું. સમુદ્રગુપ્તના ઇલાહબાદ લેખ પરથી જાણવા મળે છે કે ગુપ્ત વંશના સ્થાપકનું નામ શ્રીગુપ્ત હતું. તેનો પુત્ર ઘટોત્કચપુત્ર ચંદ્રગુપ્ત બીજોનો સમર્થ રાજા હતો. તેણે એ ઈસ ૫૦૮ માં વૈશાલીની રાજકન્યા કુમારદેવી સાથે લગ્ન કર્યા હતા અને ૧ લા આ લગ્ન સંબંધી કારણે લિચ્છવી રાજ્ય ગુપ્ત સામ્રાજયમાં ભળી ગયું હતું. તે સમયના સિક્કાઓમાં ચંદ્રગુપ્તની સાથે કુમારદેવીનું ચિત્ર પણ જોવા મળે છે. સિક્કાની બીજી બાજુ લિચ્છવી રાજયનું નામ કંડારેલું હતું. ગુપ્તોએ પોતાના રાજ્યોમાં અવધ, દક્ષિણ બિહાર જેવા પ્રદેશો જીતી મહાન સામ્રાજયની સ્થાપના કરી હતી.

૧ લા ચંદ્રગુપ્તનો પુત્ર સમુદ્રગુપ્તે ઘણા પ્રદેશો જીત્યા હતા. જે 'વિક્રમાદિત્ય'ના નામે જાણીતો થયો હતો. તેણે માળવા, ગુજરાત, સૌરાષ્ટ્ર મથુરા જેવા પ્રદેશો જીત્યા હોવાનું મનાય છે. આ સમયે સમગ્ર દેશમાં કલા, સાહિત્ય, સ્થાપત્ય, વ્યાપાર, ઉદ્યોગનો ખૂબ જ વિકાસ થયો હતો ગુપ્ત શાસકોએ વહીવટી વ્યવસ્થા માટે ઉત્તમ પ્રકારની શાસન વ્યવસ્થા સ્થાપિત કરી હતી.ગુપ્ત સમયની વહીવટી શાસન વ્યવસ્થા જાણવા માટે ગુપ્ત સમયના અભિલેખો, સિક્કાઓ અને તામ્રપત્રો માંથી તે સમયની જાણકારી મળી રહે છે. તેમાં જોઈએ તો સમુદ્ર ગુપ્તનો અલ્હાબાદ સ્તંભ લેખ, ચંદ્રગુપ્ત બીજાનો મથુરાનો સ્તંભ લેખ, ઉદયગીરી લેખ, સાચીનો શિલાલેખ તેમજ ગિરનાર શિલાલેખમાંથી ગુપ્ત શાસનના વહીવટી વિશે જાણકારી પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત ચીની પાત્રી ફાહીયાત, હયુએન—ત્સાંગ તેમજ વિશાખદત્તનું ભાસ, ભારવીના અનેક ગ્રંથોમાંથી ગુપ્ત શાસન તંત્રની જાણકારી મળી આવે છે. એકંદરે જોઈએ તો ગુપ્ત શાસકોનું સામ્રાજયના દરેક પ્રદેશ પર સીધું શાસન ન હતું. તેમાં કેટલાક રાજયો પ્રજાતંત્ર શાસન ધરાવતા હતા. રાજયના સામંતો પોતાની શક્તિ અનુસાર રાજા કે મહારાજાને મુશ્કેલીના સમયે આંતરીક મદદ કરતા હતા. રાજયના તમામ જાગીરદારોની સ્થિતિ સરખી ન હતી. રાજયના દૂરના સામંતો સામાન્ય રીતે પોતાની સ્વતંત્રતાની સ્થિતિ જાળવી રાખી હતી. તેમણે વહિવટી સુગમતા માટે ગુપ્ત શાસકોએ

૧.વહીવટની દ્રષ્ટિએ ગુપ્ત શાસકોએ સમગ્ર સામ્રાજયને અનેક પ્રાંતોમાં વિભાજીત કર્યું હતું.

૨. રાજ્યના સામંતોની અલગ અલગ સત્તાઓ હોવા છતાં, સમ્રાટના નિયંત્રણ હેઠળ શાસન કરતા હતા.

૩.પોધેય, માલવ, અર્જુન પત, અભીર, કાક વગેરે રાજયએ ગુપ્ત શાસકોની સર્વોપરીતા સ્વીકારી હતી.

૪.કેટલાક ગૌણ રાજય હતા.. જેમાં કૌશલ, મહાકાંતર, પિસ્તુપુર, કોતુર, એરડાપલ્લી વગેરે રાજ્ય અલગથી અસ્તિત્વ ધરાવતા હતા. તેમણે ગુપ્ત શાસકોની અધીનતા સ્વીકારી હતી, તેમાં આસામ, નેપાળ, સરહદી રાજ્યો મોટાભાગે સ્વતંત્ર સત્તા ધરાવતા હતા.પરંતુ આ બધા રાજ્યો સાથે મૈત્રી સંબંધ આપી તેમને સંતુષ્ટ રાખવાનો પ્રયાસ થતો હતો.

## 5.1 ગુપ્ત સામ્રાજ્યના મુખ્ય વહીવટી વિભાગો

ગુપ્ત શાસકોએ મૌર્ય સમયની કેન્દ્રીય, પ્રાંતીય અને પ્રાદેશિક તેમજ નગર તથા ગ્રામ્ય શાસન વ્યવસ્થાનું અનુકરણના આધારે પોતાના સામ્રાજ્યના વહિવટી વિકાસ માટે કર્યું હતું. ગુપ્ત રાજ્યોના શિલાલેખો, તામ્રપત્રો અને તે સમયના પ્રાંતો, પ્રદેશો અને નગરોના તમામ એકમોમાં ફેરફાર થયા હતા. કેન્દ્રની માફક દરેક પ્રાંતોમાં અને પ્રદેશોમાં તેમજ જુદા જુદા દફતરો માટે અલગ અલગ અધિકારી નિમણૂક કરવામાં આવી હતી. પ્રાંતના વડાને 'ઉપરિક મહારાજા' કહેવાતો હતો. તેની નીચે વિષય વહીવટ વિભાગ હતો. તેનો વડો 'વિષયપતિ' હતો. તેની નીચે મઠ, પંથક કે સ્થલી જેવા નાના નાના વિભાગો હતા દરેકની ઉપર મુખ્ય અમલદાર રહેતો હતો. તેમને વહીવટી મદદ કરવા અનેક કર્મચારી રહેતા હતા. નગરનો મુખ્ય અધિકારી 'પુરપાલ' કે નગર રક્ષક હતો. ગામડાનો મુખ્ય અધિકારી ગ્રામીણ હતો. વહીવટી અનુકૂળતાની દ્રષ્ટિએ ગુપ્ત સામ્રાજ્ય છ વિભાગોમાં વહેંચાયું હતું. જેમાં,

૧) ગુપ્ત સમ્રાટોની સીધી દેખરેખની છે નીચેના પ્રદેશોમાં વ્યક્તિ (પ્રાંત) વિષય( જિલ્લા) વિષયમાં વહેંચવામાં આવતું હતું.

૨) આર્ય વ્રત કે મધ્યપ્રદેશના સામંતોનો રાજયઃ જેમાં દરેક સામંતોનો દરજ્જો જુદો જુદો હતો તેઓ સમ્રાટને આધીન રહી રાજ્ય કારભાર ચલાવતા હતા.

૩) ગુપ્તકાલીન ગણ રાજ્યોમાં જોઈએ તોઃ પોધેય, માલવ, અર્જુનાયન, આભીર, ત્રાર્જુમ, ખર્મારિક મધ્ધ વગેરે તેમના ખંડિયા રાજ્યોમાં જોઈએ તો ભારતની વ્યવસ્થા સીમા પર આવેલા કુષાણ ગુપ્તોનાં મિત્ર રાજ્યો હતા.

## 5.2 કેન્દ્રીય વહીવટ વ્યવસ્થા

ગુપ્ત સામ્રાજ્યના વહીવટી વ્યવસ્થામાં રાજાએ સત્તાનો સર્વોપરી સર્વભૌમત્વનો માલિક હતો. જેમાં વહીવટી સુગમતા માટે ૧) રાજા, ૨) સેનાપતિ, ૫) મહાદંડનાયક, ૪)મહાબલાધિકૃત, ૫)દંડપાશિક ૬)મહાસંધિ વિગ્રહિકા ૭)વિનય સ્થિતિ સ્થાપક ૮)ભાંડાગારાધિકૃત ૯)મહાક્ષય પટલિક ૧૦) સર્વાધ્યક્ષ : વગેરે વહીવટી વ્યવસ્થાપનાના મુખ્ય ચાવીરૂપ ખાતા હતા દરેક ખાતાની કામગીરી અલગ અલગ રહેતી હતી.

### 5.2.1. રાજા

મૌર્ય સામ્રાજ્યમાં રાજાની પદની માફક ગુપ્ત શાસનમાં પણ રાજાનું પદ સર્વોપરી અને સર્વોચ્ચ હતું. તેમણે વહીવટમાં અનુકૂળતા માટે મંત્રી મંડળ અને અનેક અધિકારી વર્ગ રહેતો હતો. તેમાં ન્યાય, લશ્કરી અને વહીવટી જાણકારી ધરાવતા વ્યક્તિઓને નિમણૂક થતી હતી. ગુપ્ત શાસકો જાતે લશ્કરને નેતૃત્વ આપતા હતા. અગાઉ સમુદ્રગુપ્ત, ચંદ્રગુપ્ત ૨ જો સ્કંદગુપ્ત જેવા રાજાઓએ જાતે લશ્કરને દોરતા હતા. રાજ્યના મહત્વના હોદ્દા પર અમલદરોની નિયુક્તિ કરતા, મંત્રીઓ પ્રાતીયવડા, મુખ્ય પ્રાદેશિક અધિકાર વગેરે સીધા રાજાને જવાબદાર રહેતા હતા. રાજ્યપદ વંશ પરંપરાગત હતું. સામાન્ય રીતે મોટા પુત્રને રાજગાદી મળતી હતી રાજા પોતાની યોગ્યતાના ધોરણે માટે વારસદાર નિયુક્ત કરતો હતો.

ગુપ્ત સમયમાં રાજા પદનો એક વિશિષ્ટ લક્ષણ એ હતું કે રાજા ભિન્ન ભિન્ન પ્રકારના ખિતાબ ધારણ કરતા હતા. સાર્વભૌમ રાજાઓ સામાન્ય રીતે 'મહારાજાધિરાજ' નું પદ પસંદ કરતા હતા. આ ઉપરાંત સર્વોપરી શાસકો જેવા પરમેશ્વર, પૃથ્વીપાલ, પરમ ભટાર્ક, સમ્રાટ, એકાધીરાજ, રાજાધિરાજ, ચક્વર્તી, પરમદૈવત, પરમ ભાગવત વગેરે ખિતાબો ધારણ કરતા હતા. આ ઉપરાંત રાજા રાજ્ય સભામાં બેસી રાજ્યનું વહીવટી તથા ન્યાય વિષયક કાર્યકર્તા હતા.રાજાને વહીવટ મદદ કરવા માટે મંત્રીઓ હતા. જેમની સંખ્યા ચોક્કસ નિશ્ચિત નથી. નારદ સ્મૃતિમાં રાજ્યની એક સત્યવાદીનો ઉલ્લેખ કરેલ છે. જેના સભ્યો શાસ્ત્રોમાં કુશળ, આર્થિક જ્ઞાનમાં નિપુણ ઉમદા અને સભયાદી અને સમર્થ હોય. રાજા રાજ્યસભાની સલાહ મુજબ શાસન કરતો હતો. રાજા રાજ્યમાં કાયદો, પરંપરાગત ધર્મ, ચરિત્ર પર આધારિત હતો. રાજા લોક કલ્યાણ અને મનોરંજનને પોતાના ઉદ્દેશ્ય માનતા હતા.

રાજા અમાત્યોને રાજ્યના વિભિન્ન ભાગોમાં વહીવટ અર્થે મોકલવામાં આવતા હતા. કેન્દ્ર સરકારના વિભિન્નભાગોને ભુક્તિ  કહેવામાં આવતા હતા. રાજ્યના દરેક પ્રાંતની પોતાની આગવી મહોળ( સીલ) હતી.

ગુપ્ત શાસનતંત્ર રાજાશાહી સ્વરૂપનું હતું. તેમાં રાજયનું પદ વંશ પરંપરાગત હતું. સામાન્ય રીતે રાજાના જયેષ્ઠ પુત્રને ગાદી મળતી. પરંતુ ઘણીવાર યોગ્યતાના ધોરણને જયેષ્ઠને બદલે શ્રેષ્ઠ પુત્રની ગાદી વારસ તરીકે પસંદગી થતી હતી.

### 5.2.2. મંત્રીમંડળ - મંત્રીમંડળનું કાર્યક્ષેત્ર

મંત્રીમંડળ એ વહીવટનું મુખ્ય અંગ હતું. રાજ્યના અગત્યના ખાતાઓમાં જમીન મહેસુલ, નાણા ખાતું, લશ્કર, ન્યાય અને પોલીસ, પર રાજ્ય, દાન ધર્મ, મહેલ, વેપાર, ઉદ્યોગ વગેરે મુખ્ય હતા. ઘણા ખાતાઓમાં મંત્રી વંશ પરંપરાગત હતા. અને દરેક ખાતાઓના મંત્રી અલગ હતા. ગુપ્ત સમયમાં લશ્કરી ખાતાનો મહાબલાધિકૃત, ન્યાય ખાતા મંત્રી, મહાસંધી વિગ્રહક, દાન ધર્મ ખાતાનો મંત્રી, અધ્યત્વ, વિનય સ્થિતિ સ્થાપક તથા મહેલ ખાતાનો મંત્રી મહાપ્રતિહાર જેવાં કેટલાક મંત્રીઓ વધારે પદ અને સત્તા ભોગવતા હતા. મહાદંડ નાયકનો પદ વંશ પરંપરાગત હતો. દરેક રાજાના વહીવટી શિલ(છાપ) અલગ રહેતી, તેમના પત્ર વ્યવહારમાં આ મુદ્રા છાપ અવશ્ય લગાવવામાં આવતી હતી. દરરોજના કાર્યની જાણકારી રાજા સુધી આપવામાં આવતી હતી. રાજ્યના અગત્યના નિર્ણયો માટે રાજાના અધ્યક્ષ પદે સમસ્ત મંત્રીઓની બેઠક મળતી હતી. આદેશ પત્ર લેખિતમાં મોકલવામાં આવતા હતા. સચિવાલયનો મુખ્ય અધ્યક્ષને સર્વાધ્યક્ષ કહેવાતો જે રાજ્યના મંત્રી સાથે સરખાવી શકાય. દરેક પદ પર આવતા રાજાઓ રહસ્યમય મંત્રી પણ રાખતા હતા. જેનું સ્થાન હાલના ખાનગી મંત્રી જેવું હતું.

મંત્રીમંડળ જે દરરોજ વહીવટી કાર્યો કરતા હતા. ઘણીવાર એક મંત્રી એક કરતાં વધારે ખાતાની જવાબદારી સંભાળતા હતા. દા.ત. અલ્હાબાદ પ્રશસ્તિના લેખક અને સમુદ્રગુપ્તના દરબારી કવિ ‘હરિષેણ’ એક સાથે ‘સંધિવિગ્રહ, કુમારામાત્ય, મહાદંડ નાયક વગેરે પદ પર ભોગવતા હતા.

### 5.2.3. લશ્કરી ખાતુ

ગુપ્ત યુગમાં લશ્કરી ખાતાને સૌથી મહત્વ આપવામાં આવતું હતું. જેમાં સર્વ સત્તાધિશ રાજા હતો. જેનો કાર્ય રાજ્યની સીમાઓનું રક્ષણ કરવાનું હતું તેમણે નક્કી કરેલો પગાર રાજ્ય આપતું હતું. લશ્કરખાતાની ચાર વિભાગો હતા જેમાં પાયદળ, રથદળ અને ગજદળ તથા સેનાપતિ. ગુપ્ત સમ્રાટો યોજના સમયે લશ્કરની

આગે કૂચ કરતા અને સંચાલન કરતા હતા. વિજય પ્રાપ્ત પ્રસંગે પોતે જ સેનાનું સંચાલન કરતા હતા. રાજા લશ્કરનું સંચાલન કરતો હતો યુદ્ધના સમયે તેઓ વિવિધ વિભાગોનો સંચાલન કરતા હતા. જે વિભાગના મહાદંડ નાયકને આધીન હતા. સાધારણ સૈનિક 'ચાટ' ના નામથી ઓળખાતો હતો. લશ્કરની ટુંકડીને 'મમું' કહેતા અને 'મમું'ના નાયકને 'મમુપ' કહેવાતો હતો. સેનામાં સેનાને ભોજના અને શાસ્ત્રો ટુંકડી આપવા મહાબાધિકૃત નામનો અધિકારી કાર્ય કરતો હતો.

આ ઉપરાંત ગુપ્ત શાસકો પોતે કુશળ સેનાપતિ હતા. તેઓ યુદ્ધના સમયે વિજયકૂચ કરતાં પહેલા સૈન્યને આદેશ આપતા હતા. તેમની નીચે સૈન્ય અધિકારીઓ રહેતા હતા.જેમને સામ્રાજ્યના વિવિધ ભાગોમાં ખાસ કરીને સરહદી વિસ્તારોમાં લશ્કરી કામગીરી સોંપવામાં આવતી હતી.તેનામાં સૌથી મોટો અધિકારી 'મહાસેનાપતિ' અથવા'મહાબલાધિકૃત' હતા.

**5.2.4. ન્યાય વ્યવસ્થા**

વર્તમાન સમયે લશ્કરી, વહીવટી, ન્યાય અને મહેસુલ વિભાગો જે પ્રાચીન સમયમાં અલગ અલગ ન હતા. એક જ અધિકારી બે ત્રણ વિભાગને કામગીરી કરતો હતો . ન્યાય, પોલીસ અને કાર્યાગ્રહ ખાતાના વડાને મહાડંડ નાયક કે સર્વદંડનાયક કહેવાતો હતો, ન્યાયતંત્રમાં સારો વિકાસ થયો હતો. મુખ્ય ન્યાયાધીશ નીચે રાજ્યના અને એક પ્રાંતો, પ્રદેશો, શહેરો અને ગામડામાં નાની મોટી અદાલતો રહેતી હતી. દંડપાશિક એ નાગરિક પોલીસ વિભાગનો વડો હતો. તેના હાથ નીચે મુખ્ય ગુના શોધક અધિકારી રહેતા હતા.

મુખ્ય સેનાપતિ નીચે મહાદંડ નાયક હતાં. જેમણે યુદ્ધના સમયે લશ્કરનું નેતૃત્વ કરવાનું હતું. ગુપ્ત સમયની સેનામાં, પાયાદળ, ઘોડેસવાર, હાથીઓનો સમાવેશ થતો હતો. એક સામાન્ય સૈનિક માટે ' માટ' અને નાના સૈન્યના એકમને ' મામું' કહેવામાં આવેલું હતું.. મમુનો હીરો 'મમુપ' કહેવાતો હતો. યુદ્ધ માટે કરસી, અંકુશ, તોમર, નામરનો ઉપયોગ થતો હતો.

**5.2.5. મહેસુલ ખાતુ**

ગુપ્તયુગના મળી આવેલા ભિન્ન ભિન્ન કરવેરા તથા તેમના લગતા અનેક અધિકારીઓનો ઉલ્લેખ જોવા મળે છે. રાજ્યની જમીનના ભાગ પાડવામાં આવ્યા હતા. રાજ્યની સંમતિ વગર જમીનની તથા અન્ય લેવડ-દેવડ થઈ શકતી નથી.રાજ્ય સામંતો પાસેથી ખંડણી તથા ભેટ સ્વરૂપે રાજ્યની આવકનો અગત્યનો ભાગ વસુલ

કરવામાં આવતો હતો. રાજ્ય કર વસૂલનાર 'ધ્રુવાધિકરણ' અને તેના હાથ નીચે શાલ્કિક એટલે ભૂ વસૂલ કરનાર અધિકારી હતો.

### 5.2.6. પરરાજ્ય ખાતું

પરરાજ્ય ખાતાના અધિકારીનો ઉલ્લેખ અનેક શિલાલેખોમાં મળી આવે છે. જેના વડાને મહાસંધી વિગ્રહ તરીકે ઓળખાતો હતો. સમ્રાટને શાસનમાં સહાય કરવા અનેક નાના-મોટા સાંમતો મદદ કરતા હતા. તેમનું સાર્વ ભૌમત્વ ઘણા રાજય સ્વીકારેલું હતું. રાજ્યમાં નાનામાં નાના  મંત્રીને કામગીરી મહત્વની ગણવામાં આવતી હતી.

### 5.2.7. સર્વાધ્યક્ષ

જે ગુપ્ત વહીવટી તંત્રનો એક ભાગ હતું.  જે કેન્દ્રીય કાર્યાલયનો મુખ્ય અધ્યક્ષ હતો.  જેમાં લશ્કરી કારોબારી ન્યાય વિષયક, જમીન મહેસુલ રાજ્યના બધા ખાતાના મંત્રીઓ પદથી ઉપર આ પદ હતું.

પ્રાચીન ભારતમાં રાજ્યની ઉત્પત્તિ અને તેના ઐતિહાસિક કારણોના અન્વેષણ એ માત્ર ઈતિહાસ વિષયની જ નહી પરંતુ  સમાજ વિજ્ઞાનના અન્ય વિષયો માટે પણ સંકીર્ણ સમસ્યા છે. તેમ છતાં પ્રાપ્ત ઐતિહાસિક સાહિત્યિક સાધનોના તાર્કિક અધ્યયન અને અન્વેષણના અંતે પ્રાચીન

## 5.3 અન્ય અધિકારીઓ

### 5.3.1. મહાબાલાધિકૃત

સૈન્ય વિભાગ,  છાવણી અને સૈન્યની રચના કરવાની કામગીરી મહાબાલાધિકૃતની રહેતી હતી.

### 5.3.2. દંડપાશિક

પોલીસ વિભાગની માફક કાર્ય કરતો એક અમલદાર વર્ગ હતો. તેમના હેઠળ ગુપ્તચર વિભાગના ઘણા કર્મચારીઓ, ચોરો, ધારનિક, દૂત જેવા કાર્ય કરતા હતા.

### 5.3.3.મહાસંધિ વિગ્રહિકા

રાજ્યના ઉચ્ચ અધિકારીઓનું કામ પડોશી રાજ્યો, સામંતશાહી પ્રજાસત્તાક સાથે સંધિ અને અલગ થયાનો નીતિનો ઉપયોગ કરવાનો કાર્ય કરતા હતા. તે

સમ્રાટનો વિશ્વાસુ કર્મચારી હતા જેને સામ્રાજ્યની વિદેશનીતિ, નક્કી કરવાનું કાર્ય હતું.કયા રાજ્ય સાથે કેવા સંબંધો રાખવા તે નક્કી કરતા હતા. તાબેદાર રાજાઓ અને જાગીરદારો સાથે કેવું વર્તન કરવું જોઈએ તેમની બાબતો દ્વારા નક્કી થતું હતું.

**5.3.4. વિનય સ્થિતિ સ્થાપક**

મૌર્ય સામ્રાજ્ય સમયે જે ધર્મ મહામાત્રો કાર્યકર્તા હતા. તે કાર્ય ગુપ્ત સમયે વિનય સ્થિતિ સ્થાપક કરતા હતા. રાજ્યમાં ધાર્મિક સ્થળોની સ્થાપના કરવી, પ્રજાનું ચરિત્રનું નિર્માણ કરવું, વિવિધ ધર્મ સંપ્રદાયો વચ્ચે સંબંધ સ્થાપિત કરવું. જે કાર્ય આ અમાત્ય કરતા હતા.

**5.3.5. ભાંડાગારાધિકૃત -ના**ણા વિભાગનો અધ્યક્ષ

**5.3.6. મહાક્ષપટાલિક :** તેમનું મુખ્ય કાર્ય

રાજ્યના આદેશનો રેકોર્ડ રાખવો, તથા રાજ્યની આવક જાવકનો હિસાબ રાખવાનું કાર્ય  કરવાનું હતું. આ સિવાય રાજ્યના કર ઉઘરાવનાર વિભાગ 'ધ્રુવાધિકરણ'  કહેવામાં આપતું હતું. પ્રતિહાર અને મહાપ્રતિહાર નામના કર્મચારીઓ પણ હતા. જે શાહી મહેલોનું રક્ષણ કરતા હતા. તેમની નિમણૂંક રાજ્યની પરિવારમાંથી નિમણૂંક કરવામાં આવતી હતી. સમ્રાટના  અંગત કર્મચારી તરીકે નિયુક્ત કરાયેલા અમાત્યને પરમ ભટ્ટ કાપડિયા કુમારમાત્ય'  કહેવામાં આવતા હતા. રાજાના પુત્રોને પ્રાંતના ઉચ્ચ હોદ્દાઓ આપવામાં આવતા હતા.

## 5.4 પ્રાંતીય શાસન વ્યવસ્થાઃ  પ્રાંત(રાજ્ય) / ભુક્તિ શાસન

વહિવટી સુગમતા માટે સમસ્ત સામ્રાજ્યને વિવિધ પ્રાન્તોમાં વહેંચી નાંખવામાં આવતું હતું.ગુપ્ત સામ્રાજ્યમાં કેટલા ભાગોમાં વિભાજીત ભુક્તિ હશે તે વિશે કોઈ ચોક્કસ જાણકારી પ્રાપ્ત થતી નથી.  સામ્રાજ્યના પ્રત્યેક ભાગ રાષ્ટ્ર અને ભક્તિ અને વિષય જિલ્લામાં વિભક્ત હતો. ઘણી વખત મંડળ શબ્દ સમસ્ત દેશ અથવા પ્રાંત માટે પ્રાંતો વપરાતો હતો. પ્રાંતને પ્રદેશ કહેવાતો હતો. જેમાં સૌરાષ્ટ્ર, માળવા  આંતરવેદી, કૌશલ,  કાશી, મગધ,  બંગાળ વગેરે હશે તેવું માની શકાય. તેના વહિવટી અમલદારો વિશે જોઈએ તો, ભક્તિનો વડો ' ઉવરિક મહારાજા' (ગોપ્તતા કે ભોગપતિ)  કહેવાતો હતો. તેની નિમણૂક રાજા દ્વારા ઓછામાં ઓછી પાંચ વર્ષ માટે થતી હતી. મોટાભાગે આ પદ રાજકુમારો કે શાહી કુટુંબના સભ્યોને આપવામાં આવતું હતું. કુમાર ગુપ્ત ૧ લાના  સમયમાં પુડ્રવર્ધન ભુક્તિ અને એરણ

ભુક્તિના 'ઉવરિક' મહારાજા તરીકે ચિરાગદત્ત અને ઘટોત્કચગુપ્ત હતા. ચંદ્રગુપ્ત બીજાના સમયમાં ગોવિંદગુપ્ત ચાર ભિુક્તનો 'ઉવરિક' મહારાજા હતો.

જુનાગઢ સ્કંદગુપ્તના અભિલેખ મુજબ પ્રાંતમાં મુખ્ય કાર્યોમાં જોઈએ તો,

૧.સામ્રાજ્યના આધિપત્ય હેઠળ પ્રાંતમાં શાંતિ અને સલામતી જાળવી રાખવી.

૨.બાહ્ય આક્રમણથી પ્રાંતનું રક્ષણ કરવાનું

૩.રસ્તાઓ, તળાવો, લોકહિતના કાર્યો કરવા

૪.પોતાના તાબા હેઠળના વિસ્તારોમાં કર્મચારીઓની નિમણૂંક કરવી.

સમગ્ર સામ્રાજ્યને પ્રાંતમાં અને પ્રાંતને જિલ્લામાં (આહાર) માં વહેંચી નાખવામાં આવતું હતું. જિલ્લાનું મુખ્ય અધિકારી ' રાજુક' ( આહારપલિ) કહેવાતો હતો. જેને પુકત નામના અધિકારી મદદ કરતા હતા. પ્રદેશનું મુખ્ય વહીવટ કરતા પ્રાદેશિક કહેવાતો હતો. પ્રદેશની નીચે અનુક્રમે સ્થાનિક, ર્ખાર્વાટીક, ક્ષેણમુખ, સંગ્રહણ, વગેરે ગામ હતા. સ્થાનિક મુખ્ય અધિકારી હાલ કલેકટર જેવો હોદ્દો ધરાવતો હતો. સંગ્રહણનો ' ગોપ' ( હાલના મામલતદાર) હોદ્દો ધરાવતા હતા. ગામનું મુખ્ય અધિકારી ગ્રામીણ હતો. જે ગ્રામ્ય સમિતિના સહાયથી ગામનું વહીવટ ચલાવતો હતો. આ બધા અધિકારીઓ પોતપોતાના પ્રદેશમાં સલામતી અને મહેસુલી, ન્યાય વિષયક મર્યાદિત સ્વરૂપની સત્તા ધરાવતા હતા.

રાજ્યનાં વહીવટ માટે એક અલગથી મદદ કરનાર એકત્રીસ સભ્યોની સભા રહેતી. જેમાં નગરશેઠ જે વેપારીઓને મુખ્ય પ્રતિનિધી પ્રથમ કુલિક (શિલ્પીઓનો મુખી) અને પ્રથમ કાર્યસ્થ (લેખકનો મુખી) આ સભામાં અગ્રસ્થાન ધરાવતા હતાં. વિષય પોતે તેમની ગુણવતાના ધોરણે નિયુક્ત કરતા હતાં. વિષયતિનું ગુપ્ત સામ્રાજ્યનાં શાસન કાર્યમાં ઘણું મહત્વનું હતું. પોતપોતાના પ્રદેશની સુરક્ષા અને શાંતિ માટે જવાબદાર ગણાતા હતાં.

**5.4.1. પ્રાંતનો મુખ્ય અધિકારી :** - પ્રાંતના મુખ્ય અધિકારી તરીકે યુવરાજ કે કુમારોમાત્યો આધીન ભૂક્તિઓના શાસન માટે યુવરાજને મદદ કરવા મુખ્ય અધિકારી 'ઉવરિક' ને નિમણૂક ખુદ સમ્રાટ પોતે કરતા હતા જે વહીવટી અદાલતો વડો પણ હતા. ગુપ્ત સમયમાં સૌરાષ્ટ્રનો રાષ્ટ્રીય (સુબો) પર્ણદત્ત હતો અને મંદસોરનો બંધુવર્મા ઉપરિક મહારાજા પ્રાંતનો મુખ્ય વહિવટ કર્તા હતો.

**5.4.2. પ્રાંતના અન્ય અધિકારીઓઃ** - પ્રાંતના મુખ્ય અધિકારીને સહાય કરવા માટે કેટલાક પ્રાંતિય અધિકારીઓના નામનો ઉલ્લેખ થયો છે જેમાં કુમાર,અમાત્ય જે મુખ્ય સહાયક હતાં. બલાધિકાર જે પ્રાંતનો લશ્કરનો વડો, ભટ્ટ અધિપતિ (પાયદળ, રથદળનો મુખ્ય અધિકારી) વિનય સ્થિતિ સ્થાપક જે પ્રાંતના નૈમિતિક આરોગ્ય વિષયક ધોરણોની સંભાળ રાખનાર. જે પ્રાંતોની સૌથી અગત્યનો મંત્રી હતો. જે મહેસુલ અધિકારીનું કાર્ય કરતો હતો. જેનું કામ રાજ્યની મહેસુલ ઉઘરાવવું અને રાજ્યની આવક પર દેખરેખ રાખવાનું હતું. તે સમયે ત્રણ પ્રકારના જમીન મહેસુલ ઉઘરાવવામાં આવતા હતા. જેમાં ૧) ભાગકર ૨) ભોગકર ૩) કોષાધ્યક્ષ ચલણ- અધિકારી. જે પ્રાંતોની વહીવટી વ્યવસ્થાનું સંચાલન કરતાં હતા.

**5.4.3. વિષય : જિલ્લો :** વિષય (જીલ્લા)માં અનેક ગામોનો સમાવેશ થતો હતો. મોટા શહેરના મુખ્ય અધિકારી તરીકે 'પુરપાલ' (નગર રક્ષક) તરીકે ઓળખાતું તેનું પદ કુમારામાત્ય સરખું ગણાતું હતું. પૂરી અથવા નગરોમાં ચાલતી નિગમ સભાઓ(નગર સભા) અસ્તિત્વ ધરાવતી હતી. આ સમિતીમાં નગર શેઠ, સાર્થવાહ્ન, વેપારી વડો, પ્રથમ કુલિક કાર્યસ્થ હતાં. ગામડાની સરકાર મોટે ભાગે સંઘનાં પ્રતીતિઓની બનેલી રહેતી અને તેની સલાહ અનુસાર વહીવટ ચલાવતી હતી.

ભક્તિથી નાનો એકમ વિષય (જિલ્લો) કહેવાતો હતો. તેનો મુખ્ય અધિકારી 'વિષયપતિ' હતો. સામાન્ય રીતે તેમની નિમણૂંક રાજા કે સમ્રાટ પોતે કરતો હતો. તેનું વડુ મથક ' અધિષ્ઠાન' તરીકે ઓળખાતું હતું. તેની ઓફિસ 'અધિકરણ' કહેવાતી હતી. નાના મોટા અનેક અમલદારો રહેતા. જેમ કે, 'વિષયપતિ'ને જિલ્લાના વહીવટ માટે,

૧.પૃષ્ઠ પાલ - આવક જાવક નોંધ રાખનાર

૨.ઉત્ખેટ પતિ

૩.ભાંડાગારીધિકૃત- કોષાધ્યક્ષ

૪.ધ્રુવાધિકરણ- જમીન ખાતાનો અધિકારી

૫.અગ્રહારિક - બ્રાહ્મણ કે દેવસ્થાનોમાં અપાયેલા ગામડાનો અધિકારી

૬. ગોલ્મિક- જંગલ કે કિલ્લાનો અધિકારી

૭.શૈલ્કિકર - કર વસૂલ કરનાર

૮.ગ્રામીક- ગામનો ઉપરી

૯.મહતરો - ગ્રામ્ય વિસ્તારના વડીલો, તેમાં વહીવટ માટે વગેરે અધિકારીઓનો સમાવેશ થતો હતો.

**5.4.4. વિથિ ( તાલુકાઓ)**

બંગાળ પ્રાંતના બોઘરા જિલ્લામાંથી મળી આવેલા અભિલેખના વિવરણ મુજબ વિષયના પેટા વિભાગ વિધિ (તાલુકાઓ) કહેવાતા હતા. તેનો ઉપરી 'વિથિપતિ'કહેવાતો હતો. તેની સહાય માટે એક વિથિ સભા હતી. જેમાં સ્થાનિક લોકોનો સમાવેશ થતો હતો.ગુપ્તકાલીન સમયમાં નાના એકમો માટે જોઈએ તો પટ્ટ, પટ્ટી, પટ્ટકિ, પાઠક, સ્થળી, આહર, આહરણી વગેરે નામે જણાઈ આવે છે. તેનો અર્થ એવો થાય કે તાલુકા કે પેટા જીલ્લા જેવું નાનું એકમ હોઈ શકે. ગુપ્ત સામ્રાજ્યનાં વિભિન્ન ભાગો તાલુકાના એકમ માટે પ્રદેશ અને પરિસ્થિતિ પ્રમાણે ભિન્ન ભિન્ન નામો ધરાવતા હતાં. દરેકનો અર્થ થાય કે ગામથી નાનું એકમ કે મોટું એકમ હોઈ શકે. તેમાં પણ વહીવટી સુગમતા માટે મહતરો (આગેવાનો)ની એક અલગ સમિતિ રહેતી હતી. તેનું મુખ્ય કાર્ય વિષયપતિ જેવું હશે તેવું માની શકાય.

**5.4.5. નગર વહીવટ**

નગરનો મુખ્ય વહીવટકર્તા સુરપાલ કે નગર રક્ષક કહેવતો હતો. તેને મદદ કરનાર સમિતિ એ પરિષદ કહેવાતી હતી. સ્કંદગુપ્તનાં ગીરનાર શિલાલેખો પરથી નગર રક્ષણની ફરજોનો ખ્યાલ આવે છે. સ્કંદગુપ્તનાં સમયમાં સૌરાષ્ટ્ર પ્રાંતનો સુબો 'પર્ણદત્ત' હતો. નગર રક્ષણનું પ્રાથમિક કામ શહેરની શાંતિ અને સલામતી જાળવવાનું હતું. તે શહેરનાં મુખ્ય પ્રશ્નોનાં હલ માટે અવારનવાર સમિતિના સભ્યોને બોલાવી તેમની પાસેથી શહેરમાં આવતું પાણી, રસ્તા, શાંતિ, સલામતી જાળવવાનું કાર્ય કરાવતો હતો.હાલ તે પોલીસ કમિશનર કે કમિશનર જેવા સત્તાઓ ભોગવતા હતાં. શહેર માં આવતા મંદિરો, જાહેર સ્થળો, બાગ બગીચા, ધર્મશાળા વગેરેની વ્યવસ્થા જાળવવાની જવાબદારી સોપવામાં આવતી હતી.

**5.4.6.ગ્રામ્ય વહિવટ – (ગ્રામ પંચાયત મંડળી) :**

ગામોનો વહીવટ ગુપ્તકાલમાં પંચાયતી પદ્ધતિ દ્વારા કરવામાં આવતો હતો. જેને ગુપ્તકાલમાં પંચ-મંડલી પણ કહેવામાં આવતી હતી. સાંચીનાં એક શિલાલેખમાં તેને લગતી જાણકારી આપેલ છે જેના વડો ગ્રામિક કહેવતો હતો. તેને વહિવટી સહાયક માટે કારકુન તેમજ અન્ય લોકો મદદ કરતા હતાં. 'દામોદપુરા' તામ્રપત્રો ગ્રામ્ય અધિકારીઓ સાથેની તેની સહાયક સમિતિનો ઉલ્લેખ કરેલ છે. જેમાં 'મહતાર' અષ્ટકુલાધિકરણ, ગ્રામીણ તથા કોટિમ્બન એમ ચાર પ્રકારના વર્ગોનાં પ્રતિનિધિઓ

હતાં. ગ્રામીણનો અર્થ સ્પષ્ટ નથી. તેઓ ગામડાનાં આગેવાનો કે કર્મચારીઓ હોવાનો સંભવ છે. તે સમયે ગામડા પોતાની સ્વાયતતા ભોગવતા હતાં. નાલંદા વિદ્યાપીઠમાંથી ગ્રામ સમિતિની ધણી મુદ્રાઓ પ્રાપ્ત થઇ છે. જે જનપદ સમિતિના નામે વિખ્યાત હતી. આગેવાનોની ચુંટણી તેમના મંડળ દ્વારા થતી હશે. જે ગામડાનો વહીવટ, ન્યાય વિષયક અને સુરક્ષાના પ્રશ્નો હલ કરતી હતી.

❖ **તમારી જાતને ચકાસો : -**

1. નીચેના વિધાનો ખરા છે કે ખોટા તપાસો.

   ૧. કુમાર દેવી વૈશાલી રાજ્યની રાજકન્યા હતી.
   ૨. ગુપ્ત સામ્રાજ્ય ૫ પ્રાંત વિભાજીત હતું.
   ૩. મધ્યપ્રદેશ એ સમાંત રાજ્ય તરીકે જાણીતું હતું.
   ૪. ગુપ્ત શાશકો વિભિન્ન ખિતાબો ધારણ કરતા હતાં.
   ૫. લશ્કરી ખાતાનો વડો ‘સર્પદંડ નાયક’ કહેવતો હતો.

જવાબ : ૧. હા ૨. ના ૫. હા ૪. હા ૫. ના

૨ । ગુપ્તકાલીન વહિવટી તંત્રની રૂપરેખા આલેખો.
। ગુપ્તયુગની વહિવટી સિધ્ધીઓ જણાવો.

## 5.5. સંદર્ભ અને વિશેષ વાચન


૧. ડૉ. એમ. જે. પરમાર
ભારતીય શાશન વ્યવસ્થાનો ઈતિહાસ – પાર્થ પબ્લિકેશન, અમદાવાદ વર્ષ-૨૦૧૪

૨. પો. હરકુલસિંહ આર્ય
ભારત નું રાજનૈતિક અને સાંસ્કૃતિક ઈતિહાસ – જયપુર -૧૯૮૨

૩. ડૉ. રમણલાલ કે. ધારૈયા
પ્રાચીન ભારતીય રાજ્ય શાસ્ત્ર અને સંસ્થાઓ – અમદાવાદ – ૧૯૯૮

૪. प्राचीन भारत कीशासन पद्धति ,सुजीत कुमार: विद्या भारती पब्लिकेशन,वर्ष:2014

૫. प्राचीन भारत कीमहान साम्राज्य,गोपी कृष्ण सहाय: कुणाल प्रकाशन,नई दिल्ली,वर्ष:2010

# એકમ - 6

# દક્ષિણી રાજ્યોની રચના : પ્રાદેશિક રાજ્યો અને ચૌલ રાજ્યોનો વહીવટીતંત્ર

:: રૂપરેખા ::


**6.0** ઉદ્દેશો

**6.1** પરિચય

**6.1.1** દક્ષિણી રાજ્યોની રચનાની ઝાંખી

**6.2** પ્રાદેશિક વિસ્તરણ અને એકીકરણ

**6.2.1** સંસ્કૃતિ અને ધર્મ પર પ્રભાવ

**6.3** પ્રાદેશિક રાજ્યોનો વહીવટ

**6.3.1** કેન્દ્રિય વહીવટ

**6.3.2** ચૌલ રાજ્યોમાં કેન્દ્રિય વહીવટ તથા સ્થાનિક વહીવટ

**6.3.3** મહેસૂલ અને કરવેરાની વ્યવસ્થા

**6.3.4** ચૌલ મહેસૂલ અને કરવેરા

**6.4** લશ્કરી સંગઠન

**6.4.1** પ્રાદેશિક રાજ્યોનું લશ્કરી સંગઠન

**6.4.2** ચૌલ રાજ્યોનું લશ્કરી સંગઠન

**6.4.3** વિસ્તરણ અને વિજય

**6.5** ચૌલ રાજવંશના મહત્વના શાસકો

**6.6** કાનૂની અને ન્યાયિક પ્રણાલીઓ

**6.7** સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ

**6.8** ધાર્મિક સંસ્થાઓ, શિક્ષણ અને સાહિત્યિક યોગદાન

**6.9** કલા અને સ્થાપત્ય

(ક) તમારી જાતે ચકાસો

**6.10** વેપાર અને વાણિજ્ય ક્ષેત્રે ફાળો

**6.10.1** આર્થિક નીતિઓ અને બજાર નિયમો

**6.11** ચૌલ રાજ્યનું પતન

**6.12** સમાપન

(ખ)તમારી જાતે ચકાસો.

**6.13 ચાવીરૂપ શબ્દો**

**6.14 તમારી જાતે ચકાસોના જવાબો.**

**6.15 સ્વાધ્યાય**

**6.16. સંદર્ભ અને વિશેષ વાચન**

## 6.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ બાદ તમે નીચે જણાવેલી માહિતી મેળવશો.

- દક્ષિણ ભારતીય રાજ્ય રચનાની ઝાંખી.
- દક્ષિણ ભારતમાં ચૌલ સામ્રાજ્યના ઉદ્દભવ અને વિકાસ અંગે જાણી શકાશે.
- પ્રાદેશિક અને ચૌલ રાજ્યનો રાજ્ય વહીવટ, વિજયો, લશ્કરી સંગઠન, ધર્મ અને સંસ્કૃતિ તથા વારસા વિશે જાણી શકાશે.

## 6.1 પરિચય

કૃષ્ણા નદીથી કન્યાકુમારી સુધી તમિલ પ્રદેશ ફેલાયો છે. આ તમિલ પ્રદેશમાં ચોલ, પાંડ્ય અને ચેર વગેરે મુખ્ય રાજ્યો હતા. દક્ષિણ ભારતનો ઈતિહાસ શક્તિશાળી રાજ્યોના ઉદય અને વહીવટ દ્વારા ચિહ્નિત થયેલ છે જેણે પ્રદેશના સાંસ્કૃતિક, રાજકીય અને આર્થિક સત્તાને આકાર આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. આ પ્રાદેશિક રાજ્યો અને ચૌલા રાજ્યો પર ધ્યાન કેન્દ્રિત કરીને આ મહત્વપૂર્ણ રાજ્યોની રચના અને શાસનનો અભ્યાસ કરીશું. ચોલવંશનો પ્રાચીન ઉલ્લેખ સમ્રાટ અશોકના બીજા અને તેરમાં બૃહદ શિલાલેખમાં જોવા મળે છે. મૌર્ય સામ્રાજ્ય તેમની સાથે મિત્રતા ધરાવતું હતું. મહાભારતના 'ભિષ્મપર્વ' અને 'સભાપર્વ' માં પણ તેમનો ઉલ્લેખ મળે છે. કરિકાલ ચોલ નામનો રાજા ઈ.સ.૧ સદીમાં થઈ ગયો. ત્યારબાદ ચોલ સામ્રાજ્યનો ઉલ્લેખ આપણને જોવા મળતો નથી. પરંતુ ૮મી સ દીમાં 'વિજયાલયે' ચોલ સામ્રાજ્યની પુનઃ સ્થાપના કરી. તેણે 'તોડમંડળ' પર અધિકાર કરીને 'નરકેસરી' ની ઉપાધિ ધારણ કરી હતી. વિજયાલય પલ્લવોના સામંત હતા. અહી પ્રાદેશિક રાજ્યો તથા ચોલ રાજવંશ તેની નોંધપાત્ર વહીવટી ક્ષમતાઓ, વ્યાપક વેપાર, વ્યૂહાત્મક જોડાણથી દક્ષિણ ભારતમાં એક પ્રભાવશાળી બળ બની ગયા. જેને કેન્દ્રીય વહીવટની સ્થપના કરી. પ્રાંતીય શાસનનું સંચાલન કરી સમૃધ્ધિને પ્રોત્સાહન આપતી આર્થિક નીતિઓ લાગુ કરી. દક્ષિણ ભારતના આ રાજ્યોમાં રાજકીય અને વહીવટી વિકાસ ઉપરાંત સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનો પણ જોવા મળ્યા. જેના કારણે ધાર્મિક સંસ્થાઓ, શૈક્ષણિક પ્રગતિ જોવા મળી. આમ અહી આપણે ચૌલ સામ્રાજ્યના સમકાલિન પલ્લવ વંશ, રાષ્ટ્રકૂટ વંશ, ચાલુક્ય વંશ વગેરેના વિકાસ,

સંઘર્ષ તથા ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિ પર તેની અસરની સંપૂર્ણ સમજ મેળવીશું.

**6.1.1 દક્ષિણી રાજ્યોની રચનાની ઝાંખી**

ભારતમાં દક્ષિણી રાજયોની રચના એ ઉપખંડના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ સમયગાળો દર્શાવે છે. જે શક્તિશાળી અને અત્યાધુનિક રાજકીય સંસ્થાઓના ઉદ્દભવ દ્વારા દર્શાવવામાં આવે છે. આશરે ૬ થી ૧૩મી સદી સુધી ફેલાયેલા આ સમયગાળામાં અનેક પ્રભાવશાળી રાજવંશોનો ઉદય જોવા મળ્યો. જેમાંથી દરેકે પ્રદેશના રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસમાં ફાળો આપ્યો. આ યુગને સમજવા માટે પલ્લવો, ચાલુક્યો, રાષ્ટ્રકુટ અને સૌથી નોંધપાત્ર રીતે ચોલ (જેને ઐતિહાસિક ગ્રંથોમાં ઘણીવાર ચૌલા તરીકે ઓળખવામાં આવે છે) સહિત મુખ્ય સામ્રાજ્યો અને તેમના વિકાસ પર વ્યાપક દેખાવની જરૂર છે.

❖ **પલ્લવ વંશ :**

પલ્લવો દક્ષિણ ભારતમાં એક પ્રચંડ રાજ્ય સ્થાપવા માટેના પ્રારંભિક રાજવંશોમાંના એક હતા. અત્યારે જે તમિલનાડુ છે તેના કેન્દ્રમાં તેમની રાજધાની કાંચીપુરમ હતી. પલ્લવોને સ્થાપત્ય કલામાં નોંધપાત્ર પ્રગતિનો શ્રેય આપવામાં આવે છે. ખાસ કરીને મહાબલીપુરમ ખાતેના ખડકોથી કાપેલા મંદિરો, જે હવે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. તેઓ દ્રવિડિયન સ્થાપત્યના પ્રસારમાં મહત્વનું યોગદાન હતું અને સંસ્કૃત અને તમિલ સાહિત્યને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમનો વહીવટ ખૂબ જ સંગઠિત હતો. જેમાં વિવિધ પ્રદેશો માટે જવાબદાર વિવિધ સ્થાનિક અધિકારીઓની દેખરેખ રાખવાની સત્તા હતી. પલ્લવોના વિશે એવું જાણવા મળે છે કે તેઓ સાત વાહનોના સામંત હતા અને તેમના પતન બાદ સ્વતંત્ર શાસકો બન્યા હતા. પલ્લવોનો પ્રદેશ ઉત્તરે પેન્નાર અને દક્ષિણે વલ્લૂર નદી વચ્ચેનો હતો. તે 'તોડઈમંગલમ' નામે ઓળખાતો હતો.

❖ **ચાલુક્ય વંશ :**

ઈ.સ.છઠ્ઠી થી આઠમી સદી અને ઈ.સ.દસમીથી બારમી સદી દક્ષિણમાં ચાલુક્ય વંશ જોવા મળે છે. ચાલુક્ય વંશના વહીવટીતંત્રની સળંગ માહિતી



**બૃહદેશ્વર મંદિર**

પ્રાપ્ત થતી નથી. જેમાં તેમણે રાષ્ટ્રકૂટો અને કદમ્બો સાથે લડીને એક સ્વતંત્ર રાજયની સ્થાપના કરી હતી. વળી વાતાપીના ચાલુક્યોની સત્તા તૂટવા માંડી ત્યારે તેમની એક શાખા કૃષ્ણા અને ગોદાવરી નદીના વચ્ચેના પ્રદેશોમાં ઝડપથી સંગઠિત થઈ. વિષ્ણુવર્ધન પૂર્વ ચાલુક્ય શાખાના પ્રથમ શાસક હતા. પ્રથમ પિષ્ટપુર અને ત્યારબાદ વેંગીને રાજધાની બનાવી. હાલના કર્ણાટકમાં સ્થિત બદામીના ચાલુક્યો પ્રસિદ્ધિ પામ્યા. આ વંશનો પ્રથમ રાજા જયસિંહ હતા. ચાલુક્યો તેમના લશ્કરી કૌશલ્ય અને સ્થાપત્યની નવીનતાઓ માટે જાણીતા હતા. જેમ કે બદામી ખાતેના ખડકથી બનેલા મંદિરો અને યુનેસ્કોની અન્ય એક વર્લ્ડ હેરિટેજ સાઈટ પટ્ટડકલ ખાતેના માળખાકીય મંદિરો. ચાલુક્ય વહીવટીતંત્ર સામન્તી પ્રણાલી દ્વારા ચિહ્નિત થયેલ હતું. જ્યાં સ્થાનિક સરદારો અથવા સામંતશાહીઓ નોંધપાત્ર સ્વાયત્તતાનો આનંદ માણતા હતા. પરંતુ કેન્દ્રીય સત્તા પ્રત્યે નિષ્ઠા ધરાવતા હતા. આ સમયગાળામાં કળા અને સંસ્કૃતિને પણ નોંધપાત્ર સમર્થન મળ્યું. જેના કારણે પ્રાદેશિક સાહિત્યનો વિકાસ થયો અને હિંદુ અને જૈન ધર્મનો પ્રચાર થયો.

❖ **રાષ્ટ્રકુટ રાજવંશ :**

દક્ષિણમાં ચાલુક્ય વંશની પડતી થઈ અને રાષ્ટ્રકૂટ વંશ સત્તા પર આવ્યો. રાષ્ટ્રકૂટનો અર્થ 'રાષ્ટ્ર' છે. પ્રાંતોનો વડો અધિકારી એવો થાય છે. ઈન્દ્ર પ્રથમ આ વંશનો પ્રથમ રાજા હોવાની માહિતી મળે છે. તેમનું સામ્રાજ્ય તેની રાજધાની માન્યાખેટ (આધુનિક માલખેડ) ખાતે, ડેક્કન ઉચ્ચપ્રદેશના ભાગો સહિત વિશાળ પ્રદેશોમાં વિસ્તરેલું હતું અને ઉત્તર તરફ પણ પહોંચ્યું હતું. રાષ્ટ્રકૂટ કલા અને સંસ્કૃતિના મહાન આશ્રયદાતા હતા. જેમણે ઈલોરા ખાતે ભવ્ય કૈલાસ મંદિરનું નિર્માણ કર્યું હતું. તેમના વહીવટમાં કેન્દ્રીય સ્થાને રાજા, પ્રાદેશિક વહીવટકર્તાઓ અને સ્થાનિક ગ્રામીણ પરિષદો સાથે સુસંરચિત વંશવેલો હતો. આ વ્યવસ્થાએ કાર્યક્ષમ શાસન અને સામ્રાજ્યમાં વિવિધ પ્રદેશોના એકીકરણની મંજૂરી મળી.

❖ **ચોલા વંશ :**

પ્રાચીન રાજ્ય તરીકે ચોલા રાજ્ય દક્ષિણ ભારતમાં જોવા મળે છે. 'કરિકાલ ચોલ' નામનો રાજા ઈ.સ.૧લી સદીમાં થઈ ગયો. ત્યારબાદ ૮મી સદીમાં 'વિજયાલય' ચોલ રાજ્યને પુનઃ જીવિત કર્યું હતું. ચોલા રાજવંશ જો કે દક્ષિણ ભારતીય ઈતિહાસમાં સૌથી શક્તિશાળી અને સ્થાયી સામ્રાજ્યોમાંના અકે તરીકે ઉભર્યુ હતું. ૯મી સદીના ઊભરતા ચોલાઓ 'રાજરાજા ચોલા' અને તેમના પુત્ર 'રાજેન્દ્ર ચોલા' ના શાસન હેઠળ તેમના પરાકાષ્ઠાએ પહોંચ્યા. તેમનું સામ્રાજ્ય ભારતના દક્ષિણ છેડાથી ઉત્તરમાં ગંગાના કિનારે વિસ્તરેલું હતું અને તેમાં વિદેશી

પ્રદેશોનો પણ સમાવેશ થતો હતો. જેમ કે શ્રીલંકા અને દક્ષિણપૂર્વ એશિયાના ભાગો તરીકે ચોલાઓ તેમની અદ્યતન વહીવટી વ્યવસ્થા માટે નોંધપાત્ર હતા. જેમાં ગામડાઓમાં સુસંગઠિત અમલદારશાહી અને સ્થાનિક સ્વરાજ્યનો સમાવેશ થતો હતો. જે 'સભા' અથવા 'ઉર' તરીકે ઓળખાતી પ્રણાલી હતી. તેઓએ એક શક્તિશાળી નૌકાદળ પણ જાળવી રાખ્યું હતું. જેણે હિંદ મહાસાગરમાં વેપાર અને લશ્કરી અભિયાનોની સુવિધા આપી હતી.

ચોલાઓ ખાસ કરીને કલા, સ્થાપત્ય અને સાહિત્યમાં તેમના યોગદાન માટે જાણીતા છે. યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ, તંજાવુર ખાતે બૃહદીશ્વર મંદિરનું નિર્માણ તેમની સ્થાપત્ય કૌશલ્યના પ્રમાણપત્ર તરીકે ઊભું છે. હાલમાં જે પ્રદેમાં તાંજોર, ત્રિચિનાપલ્લી અને પુદુકોટ્ટઈ આવેલા છે. તેમાં પ્રાચીન સમયમાં 'ચોલમંડલ' રાજ્ય હતું. આ રાજ્યની કોઈ એક રાજધાની ન હતી. જુદા-જુદા સમયે ઉટેક્ષુર, તાંજોર અને ગંગેકોંડ ચોલપુરમમાં રાજધાની રાખી વિભિન્ન રાજાઓએ રાજ્ય કર્યું હતું. તેમનું મુખ્ય બંદર 'કાવેરીપટ્ટનમ' નામે કાવેરીના મુખ ઉપર હતું. ત્યાંથી દેશની બહારના જગત સાથે ચોલો બહોળો વેપાર કરતા હતા. તેઓએ તમિલ સાહિત્યને પણ પ્રોત્સાહન આપ્યું અને કલાના મહાન આશ્રયદાતા હતા. પરિણામે તેમના શાસન દરમિયાન સંસ્કૃતિનો વિકાસ થયો.

❖ **પાંડ્ય વંશ :**

આ રાજ્યનો ઉલ્લેખ વાલ્મીકીના રામાયણમાં તથા મેગેસ્થનીશના ઈન્ડીકામાં જોવા મળે છે. મેગેસ્થેનેસના મતે સ્ત્રીઓ શાસક તરીકે જોવા મળતી હતી. સ્ટ્રેબો તથા અશોકના શિલાલેખોમાં પાંડ્યોનો ઉલ્લેખ જોવા મળે છે. તમિલનાડુમાં હાલના મદુરા અને તિરુનેલ્વેલિ જિલ્લામાં પાંડ્ય રાજ્ય હતું. તેનું મુખ્ય બંદર 'કોરકઈ' હતું. આ નગર તમિલ સંસ્કૃતિ અને સાહિત્યનું કેન્દ્ર હતું. પાંડ્ય રાજ્ય વેપારનું મોટું મથક હતું.



**સમ્રાટ અશોક**

❖ **ચેર :**

ચેર આધુનિક સમયના કેરળને અનુરૂપ પ્રદેશમાં સ્થિત અન્ય અગ્રણી પ્રારંભિક સામ્રાજ્ય હતું. તેઓ મલબાર કિનારે વેપાર માર્ગો પર નિયંત્રણ રાખતા હતા અને રોમન સામ્રાજ્ય સાથે અને પછી આરબ વિશ્વ સાથે દરિયાઈ વેપાર માટે જાણીતા હતા. 'સેનગુટ્ટુવન' જેવા શાસકો હેઠળ ચેરા સામ્રાજ્ય તેની પરાકાષ્ઠાએ

પહોંચ્યું હતું. જે તેની લશ્કરી અને સાંસ્કૃતિક સિદ્ધિઓ માટે તમિલ સાહિત્યમાં પ્રખ્યાત છે.

❖ **સાંસ્કૃતિક અને આર્થિક વિકાસ :**

આ પ્રાદેશિક રાજ્યો અને ચૌલા સામ્રાજ્યની રચના અને વહીવટને કારણે દક્ષિણ ભારતમાં નોંધપાત્ર સાંસ્કૃતિક અને આર્થિક વિકાસ થયો. આ રાજવંશો દ્વારા કલા, સ્થાપત્ય, સાહિત્ય અને ધર્મના આશ્રયના પરિણામે ભવ્ય મંદિરોનું નિર્માણ, સાહિત્યિક કૃતિઓની રચના અને હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મ સહિત વિવિધ ધાર્મિક પરંપરાઓના પ્રચારમાં પરિણમ્યું.

આર્થિક રીતે, પ્રાદેશિક રાજ્યો અને ચૌલા સામ્રાજ્યએ કૃષિ, વેપાર અને વાણિજ્યના વિકાસમાં મદદ કરી. ટાંકીઓ અને નહેરો જેવી વ્યાપક સિંચાઈ પ્રણાલીઓના નિર્માણથી કૃષિ ઉત્પાદકતામાં સુધારો થયો હતો. વિકાસશીલ આંતરિક અને બાહ્ય વેપાર દ્વારા દક્ષિણ ભારતને મધ્ય પૂર્વ, ચીન અને દક્ષિણપૂર્વ એશિયા સુધીના વિસ્તારો સાથે જોડ્યું. આર્થિક સમૃદ્ધિ અને સાંસ્કૃતિક વિનિમયને પ્રોત્સાહન આપ્યું.

દક્ષિણી રાજ્યોની રચનાનો ઐતિહાસિક સંદર્ભ, ખાસ કરીને પ્રાદેશિક રાજ્યો અને ચૌલા રાજ્યો, રાજકીય, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસની સમૃદ્ધ વારસો પ્રદાન કરે છે. દક્ષિણ ભારતીય ઈતિહાસમાં આ નોંધપાત્ર સમયગાળાને વ્યાખ્યાયિત કરનાર અનુગામી વહીવટી માળખાં સામાજિક ગતિશીલતા અને સાંસ્કૃતિક સિદ્ધિઓને સમજવા માટે જરૂરી છે.

## 6.2 પ્રાદેશિક વિસ્તરણ અને એકીકરણ

આ પ્રારંભિક સામ્રાજ્યોના વિસ્તરણમાં લશ્કરી વિજય અને વ્યૂહાત્મક લગ્ન બંને સામેલ હતા. જેણે સત્તાના એકત્રીકરણમાં મદદ કરી. કિલ્લેબંધી, કાર્યક્ષમ વહીવટ અને વેપાર માર્ગો પર નિયંત્રણ તેમના પ્રાદેશિક વિસ્તરણમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. શાસકોએ રસ્તાઓ, બંદરો અને સિંચાઈ પ્રણાલીઓ જેવી માળખાકીય સુવિધાઓના નિર્માણમાં ભારે રોકાણ કર્યું હતું. જેણે સૈન્ય અને વેપાર માલની અવરજવરને સરળ બનાવી હતી.

### 6.2.1 સંસ્કૃતિ અને ધર્મ પર પ્રભાવ :

પ્રારંભિક સામ્રાજ્યોનો દક્ષિણ ભારતના સાંસ્કૃતિક અને ધાર્મિક વિકાસ પર પણ ઉંડો પ્રભાવ હતો. તેઓ કલા, સ્થાપત્ય, સાહિત્ય અને ધર્મના આશ્રયદાતા હતા. ભવ્ય મંદિરોનું નિર્માણ અને કલાના વિવિધ સ્વરૂપોનો પ્રચાર આ સામ્રાજ્યોની સામાન્ય વિશેષતા હતી. વધુમાં શાસકોએ હિંદુ ધર્મ, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ સહિત વિવિધ ધાર્મિક પરંપરાઓને સમર્થન આપ્યું હતું. જે તેમના આશ્રય હેઠળ સહઅસ્તિત્વ ધરાવે છે અને વિકસતી થઈ હતી.

દક્ષિણ ભારતના પ્રારંભિક સામ્રાજ્યોએ, તેમના લશ્કરી વિજયો, વ્યૂહાત્મક વિસ્તરણ અને સાંસ્કૃતિક યોગદાન દ્વારા, વધુ વ્યાપક પ્રાદેશિક રાજ્યોનો પાયો નાખ્યો. જે અનુસરશે શાસન, સંસ્કૃતિ અને સ્થાપત્યમાં તેમનો વારસો દક્ષિણ ભારતના ઈતિહાસ અને વિકાસને સમજવામાં નોંધપાત્ર છે. આ સામ્રાજ્યોના ઉદય અને વિસ્તરણે માત્ર આ પ્રદેશની રાજકીય સીમાઓને જ આકાર આપ્યો નથી. પરંતુ તેની સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને પણ સમૃદ્ધ બનાવી છે. જે ચૌલા જેવા અગ્રણી રાજવંશોના ઉદ્દભવ માટે મંચ પુરૂં પાડ્યું છે.

## 6.3 પ્રાદેશિક રાજ્યોનો વહીવટ

### 6.3.1 કેન્દ્રિય વહીવટ :

કેન્દ્રિય વહીવટની વિભાવનાએ દક્ષિણ ભારતમાં પ્રાદેશિક અને ચૌલા (ચોલા) રાજ્યો બંનેના શાસનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. કેન્દ્રિય વહીવટ એ કેન્દ્રિય સત્તામાં રાજકીય સત્તા અને વહીવટી નિયંત્રણની સાંદ્રતાનો સંદર્ભ આપે છે. જેનું નેતૃત્વ સામાન્ય રીતે રાજા અથવા સમ્રાટ દ્વારા કરવામાં આવે છે. જે વ્યવસ્થા જાળવવા, નીતિઓ અમલમાં મૂકવા અને રાજ્યની કાર્યક્ષમ કામગીરીની ખાતરી કરવા માટે જરૂરી હતું.

❖ **પ્રાદેશિક રાજ્યોમાં વહીવટ તથા સ્થાનિય વહીવટ :**

અહી પ્રાદેશિક રાજ્યોમાં મુખ્યત્વે પલ્લવ સામ્રાજ્ય અનેક રાષ્ટ્રો કે મંડળોમાં વહેંચાયેલું હતું. રાષ્ટ્રનો મુખ્ય અધિકારી 'વિષયક' કહેવાતો. 'કોટ્ટમ' તથા 'ગ્રામ' રાજ્યના નાના એકમો હતા.તેમના શાસકો અનુક્રમે 'દેશાધિક્ત' અને 'વપિત્ર' કહેવાતા.

પ્રાદેશિક રાજ્યોમાં ચાલુક્ય સામ્રાજ્યના 'રાષ્ટ્ર', 'વિષય', 'નાડુ', 'ગ્રામ' જેવા વહીવટી વિભાગો પાડવામાં આવ્યા હતા. આ વિભાગના અધિકારીઓ પ્રાંતિય અધિકારીઓ, વિષયપતિ, નાદરશ, ગામુંડ તરીકે ઓળખાતા.

રાષ્ટ્રકૂટ સામ્રાજ્યને ઘણા રાષ્ટ્રોમાં વહેંચવામાં આવ્યું હતું. રાષ્ટ્રને 'મંડળ' પણ કહેવામાં આવતું. તેના મુખ્ય અધિકાર 'રાષ્ટ્રપતિ' હતા. પ્રત્યેક રાષ્ટ્રમાં ઘણા જીલ્લાઓ હતા. તેને 'વિષય' કહેતા જેનો વડો 'વિષયપિત' તેની નીચે તાલુકાઓ હતા. તેને ભુક્તિ કહેતા. વિષયપતિ તથા લોગપતિ ગ્રામકુટની મદદથી વહીવટ ચલાવતા હતા. આ ઉપરાંત વહીવટીતંત્રે ગામનો વહીવટ મુખી તથા ગ્રામપતિ, ગાવુંડ અને ગામકૂટ જેવા અધિકારીઓ જોવા મળે છે. પાંડ્ય રાજ્યનું વહીવટી માળખામાં સામ્રાજ્ય મંડલમમાં તથા નાડુંમાં વહેંચાયેલ છે. નાડુંમાં અને વલનાડું જોવા મળતા હતા. વલનાડુને નાડુ કે કુર્રમ (ગામના સમૂહ) માં વિભાજીત થયેલા જોવા મળતા હતા.

ચેર રાજાઓને 'કેરલપુત્ર' તરીકે પણ ઓળખવામાં આવતા હતા. ચેર સામ્રાજય રાજાના મંત્રીપરીષદનું ખૂબ જ મહત્વ હતું અને વિવિધ પાંચ જેટલી સભાઓ દ્વારા વહીવટ સંભાળવામાં આવતાં.

રાજા અથવા શાસક આ રાજ્યોમાં કેન્દ્રીય સત્તા ગણાતા. જે સર્વોચ્ચ સત્તા અને જવાબદારી ધરાવે છે. રાજાને ઘણીવાર દૈવી વ્યકિત તરીકે જોવામાં આવતો હતો. એવું માનવામાં આવે છે કે લોકો પર શાસન કરવા માટે દેવતાઓ દ્વારા તેને પસંદ કરવામાં આવ્યો હતો. આ દૈવી સંગઠને રાજાની સત્તાને કાયદેસર બનાવવામાં મદદ કરી અને પ્રજા વચ્ચે વફાદારી સુનિશ્ચિત કરી. રાજાનો દરબાર, જેને દરબાર તરીકે ઓળખવામાં આવે છે, તે વહીવટનું જ્ઞાનતંતુ કેન્દ્ર હતું. જ્યાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવતા હતા અને નીતિઓ ઘડવામાં આવતી હતી.

શાસનમાં મદદ કરવા માટે, રાજાએ મંત્રીપરિષદ તરીકે ઓળખાતી મંત્રીમંડળની નિમણૂક કરી. જેમાં વિશ્વાસુ સલાહકારો અને અધિકારીઓનો સમાવેશ થતો હતો. જેઓ વહીવટના વિવિધ પાસાઓમાં વિશેષતા ધરાવતા હતા. આ મંત્રીઓ મહેસૂલ, સંરક્ષણ, ન્યાય અને જાહેર કાર્યો જેવા વિવિધ વિભાગો માટે જવાબદાર હતા. સૌથી પ્રભાવશાળી પ્રધાન ઘણીવાર વડાપ્રધાન અથવા મહામાત્ય હતા. જેમણે રાજાને સલાહ આપવામાં અને નીતિઓના અમલીકરણની દેખરેખ રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

અસરકારક શાસન માટે પ્રાદેશિક રાજ્યોને નાના વહીવટી એકમોમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. નાડું અથવા મંડલમ તરીકે ઓળખાતા આ એકમો સ્થાનિક સરદારો અથવા રાજા દ્વારા નિયુક્ત અધિકારીઓ દ્વારા સંચાલિત હતા. નાયક અથવા અમાત્ય તરીકે ઓળખાતા આ સ્થાનિક વહીવટકર્તાઓ કાયદો અને વ્યવસ્થા જાળવવા, કર વસૂલવા અને તેમના અધિકારક્ષેત્રમાં લોકોનું કલ્યાણ સુનિશ્ચિત કરવા માટે જવાબદાર હતા. વિકેન્દ્રિત સ્થાનિક શાસને સંસાધનોના બહેતર સંચાલન અને પ્રદેશોની નજીકની દેખરેખની મંજૂરી આપી.

**6.3.2 ચૌલા રાજ્યોમાં કેન્દ્રિય વહીવટ તથા સ્થાનિક વહીવટ :**

ચૌલા રાજવંશ, જે ૯મી સદીમાં પ્રસિદ્ધિ પામ્યો હતો. તે તેની અત્યંત વિકસિત કેન્દ્રિય વહીવટી તથા સ્થાનિક વ્યવસ્થા માટે પ્રખ્યાત છે. ચૌલા શાસકો ખાસ કરીને રાજારાજા ચૌલા અને તેમના પુત્ર રાજેન્દ્ર ચૌલા એ એક અત્યાધુનિક અને કાર્યક્ષમ શાસન માળખું અમલમાં મૂક્યું. રાજરાજ પ્રથમે પોતાના વહીવટીતંત્રને અભિલેખોમાં અંકિત કરાવ્યું હતું. એટલું જ નહીં તેમાં સમયાનુસાર નવીન બાબતો જોડી આધુનિક બનવાનો પ્રયત્ન પણ કર્યો હતો. ચોલ શાસન કડક અને કેન્દ્રિકૃત હતું. ચોલ રાજાઓના મહેલના સેવકો 'વલ્લભ' કહેવાતા. જેણે રાજવંશીની લાંબા ગાળાની સ્થિરતા અને સમૃદ્ધિમાં ફાળો આપ્યો.



**ચૌલરાજા**

ચૌલા વહીવટના મૂળમાં રાજા હતો, જે રાજ્ય પર સંપૂર્ણ સત્તા ધરાવતો હતો. ચૌલા રાજાઓએ તેમની સર્વોચ્ચ શક્તિ પર ભાર મૂકવા માટે ચક્રવર્તિન (સાવર્ત્રિક શાસક) જેવા વિસ્તૃત શીર્ષકો અપનાવ્યા. શાહી દરબાર, અથવા રાજ્યસભા એ કેન્દ્રીય વહીવટી સંસ્થા હતી. જ્યાં રાજા, તેમના મંત્રીમંડળ સાથે, રાજ્યના મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરતા હતા. દરેક વિભાગના પ્રમુખ-મંત્રીને 'ઉડનકટ્ટમ' કહેવાતા. રાજાની પરિષદમાં મહાસંધિવિગ્રહિકા, દંડનાયક (સેનાપતિ) અને રાજગુરુ જેવા ઉચ્ચ કક્ષાના અધિકારીઓનો સમાવેશ થતો હતો, જેમણે રાજાને સલાહ અને સહાય કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. ચોલ રાજા મુખ્ય ન્યાયાલય જેને 'ઓલાઈ' કહેવાતું. તેમાં બેસીને ન્યાય કરતો. સરકારી અધિકારીઓ લગભગ બે શ્રેણીમાં વિભાજીત હતા. જેમાં ઉચ્ચ અધિકારીને 'પેરુન્દનમ' અને નિમ્ન શ્રેણીના અધિકારીને 'શીરુન્દમ' કહેતા. વલનાડુ અથવા મંડલમ ત્યારપછી નાડુ અને ત્યારબાદ કુર્રમ એમ શાસન ઉપરથી નીચે સુધી વિસ્તરેલું હતું. આ દરેક કોટ્ટમ અને જીલ્લાઓમાં વહેંચાયેલ હતો. તેને નાડું કહેતા. નાડુઓને સભાઓને નટ્ટાર કહેતા.

નાડુઓ હેઠળ અનેક નાના ગામોનો સંઘ હતો. જેને કુર્રમ કહેતા. તનીપુર અને તકુર્રમ વગેરે કુર્રમના સંઘ હતા. ગ્રામસભાઓ સ્થાનિક સ્વશાસનનું સૌથી છેલ્લું એકમ હતું.

ચૌલા વહીવટની વિશિષ્ટ વિશેષતાઓમાંની એક સ્થાનિક સ્વ-શાસન પર ભાર મૂકવામાં આવ્યો હતો. ચૌલાઓએ વહીવટી બાબતોમાં સભા અથવા ઉર તરીકે ઓળખાતી સ્થાનિક સભાઓની સહભાગિતાને પ્રોત્સાહન આપ્યું હતું. આ સમિતિઓ સ્થાનિક જમીનમાલિકો, વેપારીઓ અને પ્રભાવશાળી વ્યક્તિઓથી બનેલી હતી જેઓ તેમના સમુદાયો સાથે સંબંધિત મુદ્દાઓની ચર્ચા અને ઉકેલ લાવે છે. સભાઓ એ સ્થાનિક સંસાધનોના સંચાલનમાં, વિવાદોનું સમાધાન કરવામાં અને જાહેર કાર્યોનું આયોજન કરવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી, જેનાથી નાગરિક જવાબદારી અને સામૂહિક નિર્ણય લેવાની ભાવનાને ઉત્તેજન મળે છે.

### 6.3.3 મહેસૂલ અને કરવેરાની વ્યવસ્થા :

પ્રાદેશિક અને ચૌલા રાજ્યોની આવક અને કરવેરા પ્રણાલીઓ સુસંસ્કૃત અને સુવ્યવસ્થિત હતી. જે આ પ્રારંભિક દક્ષિણ ભારતીય રાજનીતિઓની વહીવટી કુશળતાને પ્રતિબિંબિત કરતી હતી. આ પ્રણાલીઓ રાજ્યોની સ્થિરતા અને સમૃદ્ધિ જાળવવા, જાહેર કાર્યો માટે ભંડોળ પૂરું પાડવા, લશ્કરી ખર્ચ અને શાસક વર્ગને ટેકો આપવા માટે નિર્ણાયક હતી.

- **પ્રાદેશિક રાજ્યોમાં મહેસૂલ પધ્ધતિ :**

રાષ્ટ્રકૂટ કાલિન જમીન મહેસૂલ 'ઉદ્બંગ' અથવા 'ભોગકર' કહેતા. જે સંપૂર્ણ ઉપજના ૧/૪ હતો. જમીન મહેસૂલ સિવાય ખાણો, વસ્તુઓના વ્યાપાર, આવક થતી. વળી પલ્લવ શાસનમાં કર ઉઘરાવવાન કાર્ય માટે વિશેષ પ્રમાણમાં કર્મચારીઓ નીમાતા. તેઓ 'મંડપી' કહેવાતા. ગ્રામની જનતા પાસેથી દૂધ, દહી, અનાજ, કુંભારકામ આદિ ઉપર એમ અઢાર પ્રકારના કરો ઉઘરાવવામાં આવતા હતા.

સમકાલિન અન્ય રાજ્યોમાં જમીન વેરા સિવાય, કરના અન્ય સ્વરૂપો હતા જેમ કે 'કુડીમાઈ' (વ્યાવસાયિક કર) અને 'ઈરાઈ' (અધિનિયમિત પ્રદેશોમાંથી સેવાકર). કારીગરો, વેપારીઓ અને અન્ય વ્યાવસાયિકો પર તેમની આવકના આધારે વ્યાવસાયિક કર વસૂલવામાં આવ્યો હતો. સેવાકરમાં તાબેદાર પ્રદેશો તેમની આવકનો એક ભાગ કેન્દ્રીય સત્તાધિકારીને ચૂકવતા હતા. જે મોટા વિસ્તારો પર નિયંત્રણ જાળવવા માટે સામાન્ય પ્રથા હતી.

## 6.4 લશ્કરી સંગઠન

પ્રાદેશિક રાજ્યો અને ચૌલા રાજ્યોના લશ્કરી સંગઠને દક્ષિણ ભારતમાં સત્તામાં વધારો અને સતત વર્ચસ્વ જાળવી રાખવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમની સૈન્ય પ્રણાલીઓની અસરકારકતાએ માત્ર તેમના પ્રદેશોનું રક્ષણ અને

વિસ્તરણ સુનિશ્ચિત કર્યું નથી. પરંતુ વેપાર માર્ગો અને પડોશી પ્રદેશો પર તેમના પ્રભાવને પણ સરળ બનાવ્યો છે.

### 6.4.1 પ્રાદેશિક રાજ્યોનું લશ્કરી સંગઠન :

પ્રાદેશિક રાજ્યોમાં ચાલુક્યો પાસે પાયદળ, અશ્વદળ અને નૌકાદળ હતું. ચાલુક્યોનું લશ્કર ઘણું જ શક્તિશાળી હતું. સેનાપતિ લશ્કરનો વડો હતો. આ ઉપરાંત દંડનાયક તથા મહાદંડનાયક વગેરે લશ્કરના અધિકારી હતા. પલ્લવકાલિન સેનાના પણ ચાર ભાગ જોવા મળે છે. યુધ્ધમાં ઘોડેસવાર સેનાની મહત્વની ભૂમિકા હતી. પલ્લવોની પાસે નૌકાસેના પણ હતી. પલ્લવ રાજા નરસિંહવર્મને શ્રીલંકામાં બે નૌસૈનિક અભિયાન કર્યો હતો. રાષ્ટ્રકૂટો પાસે પાયદળ, ઘોડસવાર સેના અને હાથીઓની મોટી સેના હતી. માન્યખેટ રાજધાનીમાં સ્થાયીસેના યુધ્ધ માટે હંમેશા તૈયાર રહેતી હતી. પાયદાળમાં નિયમિત તથા અનિયમિત સૈનિક જાગીરદાર સરદાર દ્વારા પૂરા પડાતા હતા.

### 6.4.2 ચૌલા રાજ્યોનું લશ્કરી સંગઠન :

ચૌલા રાજવંશ, જે ૯મી સદી પ્રસિદ્ધિ પામ્યો હતો. તે તેની અત્યંત સંગઠિત અને કાર્યક્ષમ લશ્કરી વ્યવસ્થા માટે પ્રખ્યાત છે. ચોલ સમ્રાટોની સેના અત્યંત સુવ્યવસ્થિત હતી અને તેમનું નૌકાદળ પણ શક્તિશાળી હતું.

- કેન્દ્રિત વ્યવસ્થા : ચૌલા સૈન્ય કેન્દ્રીય માળખા દ્વારા વર્ગીકૃત કરવામાં આવ્યું હતું. રાજા જેને ઘણીવાર ચક્રવર્તિન તરીકે ઓળખવામાં આવે છે. તે સશસ્ત્ર દળોના સર્વોચ્ચ સેનાપતિ હતા. તેમના હેઠળ, સેનાપતિઓ અને અધિકારીઓની વંશવેલો શિસ્તબદ્ધ અને સંકલિત લશ્કરી કામગીરી સુનિશ્ચિત કરે છે. કેટલાક સેનાપતિઓ બ્રાહ્મણ હતા અને તે 'બ્રહ્માધિરાજ' કહેવાતા.
- વ્યાવસાયિક સ્થાયી સૈન્ય : અગાઉના રાજ્યોની સામંતશાહી પ્રણાલીથી વિપરીત, ચૌલાઓએ એક વ્યાવસાયિક સ્થાયી સૈન્ય જાળવી રાખ્યું હતું. જે કાયમ માટે કેન્દ્ર સરકારના નિયંત્રણ હેઠળ હતું. આ વ્યવાસયિક દળ સારી રીતે પ્રશિક્ષિત, સુસજ્જ હતું. 'કડગામ' નામે ઓળખાતી અનેક છાવણીયોમાં સેના રાખવામાં આવતી અને સૈન્ય શિક્ષણ ત્યાં વ્યવસ્થિત અપાતું.
- વિશિષ્ટ એકમો : ચૌલા સૈન્યને વિશિષ્ટ એકમોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. દરેકની અલગ ભૂમિકાઓ હતી અને તેમણે સિંહલ, માલદીવ, શ્રીવિજય વગેરે પર જીત મેળવી હતી.
    - **સેના :** પાયદળના એકમો જે આગળ ધનુર્ધારી, તલવારબાજ અને ભાલામાં વિભાજિત કરવામાં આવ્યા હતા. અંગરક્ષક દળ, જમણી

પાંખનું પાયદળ જેવા વિભાગો હતા. પાયદળ સેના જે બડપરી નામે ઓળખવામાં આવતી હતી. વળી ધનુર્ધર સેના 'બિલ્લિગલ' નામે ઓળખાતી.

- **કુદિરચેવગર :** ઘોડેસવાર એકમો, તેમની ચપળતા અને લડાઈમાં ઝડપ માટે જાણીતા છે.
- **યાનાઈ પટ્ટડાઈ :** હાથી દળ, જે સૈન્યનો નોંધપાત્ર ભાગ બની રહી હતી. તેનો ઉપયોગ યુક્તિઓ અને દુશ્મનની રેખાઓ તોડવા માટે થતો હતો.
- **પડાઈ વેલ્લમ :** નૌકાદળ, જે ચૌલાના દરિયાઈ અભિયાનો અને વેપાર માર્ગો પર નિયંત્રણ માટે નિર્ણાયક હતા. ચૌલા નૌકાદળ આ પ્રદેશમાં સૌથી અદ્યતન હતું. જેમાં યુદ્ધ અને પરિવહન બંને માટે જહાજોની રચના કરવામાં આવી હતી.

## 6.5 ચૌલ રાજવંશના મહત્વના શાસકો

ચોલા રાજવંશ, જેને ચૌલા રાજવંશ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે દક્ષિણ ભારતમાં એક પ્રભાવશાળી શક્તિ તરીકે ઊભરી આવ્યો. ખાસ કરીને મધ્યયુગીન સમયગાળા દરમિયાન ચોલાઓને તેમના વ્યાપક વિજયો, વહીવટી દીપ્તિ અને સાંસ્કૃતિક યોગદાનને કારણે ભારતીય ઈતિહાસના સૌથી મહાન રાજવંશોમાંના એક ગણવામાં આવે છે.

- **વિજયાલય ચૌલ (ઈ.સ.૮૫૦-૮૭૧) :** મધ્યયુગીન ચોલ વંશના સ્થાપક, તેમણે તંજાવુર શહેર પર કબજો કર્યો. જે ચોલાની રાજધાની બન્યું.
- **રાજારાજા ચૌલ (ઈ.સ.૯૮૫-૧૦૧૪) :** તેમના શાસન હેઠળ, ચોલા સામ્રાજ્યનો વિસ્તાર શ્રીલંકા, માલદીવ્સ અને મલય દ્વીપકલ્પના ભાગોને આવરી લેવા માટે થયો. તેઓ કળા અને સ્થાપત્યના મહાન આશ્રયદાતા પણ હતા, જેમણે તંજાવુરમાં ભવ્ય બૃહદીશ્વર મંદિરના નિર્માણનું કામ કર્યું હતું.
- **રાજેન્દ્ર ચૌલ (ઈ.સ.૧૦૧૪-૧૪૪) :** તેમના પિતાનો વારસો ચાલુ રાખતા રાજેન્દ્ર ચોલા એ સામ્રાજ્યનો પ્રભાવ દક્ષિણપૂર્વ એશિયા સુધી લંબાવ્યો. નૌકા અભિયાનો શરૂ કર્યા જે 'શ્રીવિજય' સામ્રાજ્યના વિજય તરફ દોરી ગયા. તેમના શાસનમાં ચોલ શક્તિ અને સમૃદ્ધિની ટોચ હતી.

ચોલાઓએ સુવ્યવસ્થિત અમલદારશાહી સાથે અત્યંત કાર્યક્ષમ વહીવટી વ્યવસ્થા વિકસાવી હતી. તેઓએ વ્યવસ્થિત જમીન સર્વેક્ષણ અને આકારણીઓની પ્રથા રજૂ કરી. જેણે કૃષિ ઉત્પાદકતા અને મહેસૂલ સંગ્રહમાં સુધારો કર્યો. ચોલ

સમયગાળામાં પણ કલા, સાહિત્ય અને મંદિર સ્થાપત્યમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી હતી. જેમાં બૃહદીશ્વર મંદિર જેવા ભવ્ય મંદિરો તેમની સ્થાપત્ય કૌશલ્યનું પ્રદર્શન કરે છે.

## 6.6 કાનૂની અને ન્યાયિક પ્રણાલીઓ

ચૌલા વહીવટીતંત્રે ન્યાય સુનિશ્ચિત કરવા અને સામાજિક વ્યવસ્થા જાળવવા માટે વ્યાપક કાનૂની અને ન્યાયિક વ્યવસ્થા જાળવી રાખી હતી. રાજા સર્વોચ્ચ ન્યાયાધીશ હતા. પરંતુ ન્યાયિક સત્તા સ્થાનિક અધિકારીઓને નિયમિત કાનૂની બાબતોનું સંચાલન કરવા માટે સોંપવામાં આવી હતી.

ગ્રામ્ય સ્તરે, ઉર અને સભા ન્યાયિક સંસ્થાઓ તરીકે કામ કરતી હતી. જે જમીન, મિલકત અને સ્થાનિક મુદ્દાઓને લગતા વિવાદોનું નિરાકરણ કરતી હતી. આ સંસ્થાઓ પરંપરાગત કાયદાઓ અને પરંપરાઓના આધારે કાર્યરત હતી. જે સુનિશ્ચિત કરતી હતી કે ન્યાય એ રીતે સંચાલિત કરવામાં આવે કે જે સ્થાનિક લોકોને સ્વીકાર્ય હોય.

વધુ ગંભીર ગુનાઓ અને ઉચ્ચ હિસ્સો ધરાવતા વિવાદો માટે, નિયુક્ત ન્યાયાધીશોની અધ્યક્ષતાવાળી ઉચ્ચ અદાલતોમૉ કેસો મોકલવામાં આવતા હતા. આ ન્યાયાધીશો, મોટાભાગે ધર્મશાસ્ત્ર (હિન્દુ કાયદાકીય ગ્રંથો) માં સારી રીતે વાકેફ બ્રાહ્મણો હતા, તે સુનિશ્ચિત કરતા હતા કે કાનુની કાર્યવાહી સ્થાપિત કાયદાઓ અને ન્યાયના સિદ્ધાંતોનું પાલન કરે છે. જેમણે ધર્મભટ્ટ કહેવામાં આવતા હતા.

ચૌલા કાનૂની પ્રણાલી હેઠળની સજાઓ ગુનાની ગંભીરતાના આધારે અલગ અલગ હોય છે. નાના ગુનાઓને સામાન્ય રીતે દંડ અથવા શારીરિક સજા સાથે સજા કરવામાં આવતી હતી, જ્યારે વધુ ગંભીર ગુનાઓ કેદ અથવા તો ફાંસીની સજામાં પરિણમી શકે છે. ચીની પ્રવાસી 'ચાઉ-જુ-કુઆએ' ચૌલ દંડ પ્રણાલીનું વિસ્તૃત વર્ણન કર્યું હતું.

ચૌલા રાજ્યોનો વહીવટ પ્રાચીન દક્ષિણ ભારતમાં અસ્તિત્વમાં રહેલા અદ્યતન શાસન માળખાનું ઉદાહરણ આપે છે. તેમનું કેન્દ્રિય શાસન માળખુ, કાર્યક્ષમ પ્રાંતીય વહીવટ, મજબૂત આવક પ્રણાલી, પ્રગતિશીલ આર્થિક નીતિઓ અને વ્યાપક કાનૂની અને ન્યાયિક માળખાએ સામ્રાજ્યની સમૃદ્ધિ અને સ્થિરતામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ચૌલા વહીવટના આ પાસાઓને સમજવું એ રાજકીય અને

વહીવટી અભિજાત્યપણુમાં મૂલ્યવાન આંતરદ્રષ્ટિ પ્રદાન કરે છે. જેણે ભારતના મહાન રાજવંશોમાંના એકને આધાર આપ્યો હતો.

## 6.7 સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ

દક્ષિણી રાજ્યોની રચના, ખાસ કરીને પ્રાદેશિક અને ચૌલા રાજ્યો, નોંધપાત્ર સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ લાવ્યા. જેણે પ્રદેશની ઓળખને આકાર આપ્યો. આ સમયગાળામાં જાતિ અને સામાજિક વંશવેલોનો વિકાસ, ધાર્મિક સંસ્થાઓની સ્થાપના અને સમર્થન, શિક્ષણ અને સાહિત્યિક યોગદાનમાં પ્રગતિ અને કલા અને સ્થાપત્યમાં નોંધપાત્ર સિદ્ધિઓ જોવા મળી. રાષ્ટ્રકૂટોના સમયમાં સંયુક્ત કુટુંબ પ્રથા પ્રચલિત હતી. દરેક જ્ઞાતિ પોતાના વંશ પ્રમાણે વંશ પરંપરાગત કાર્ય કરતી. પલ્લવકાલિન સમાજ પણ જાતિ અને વ્યવસ્થા આધારિત હતો. વિધવા પુનર્વિવાહ જોવા મળતા ન હતા પરંતુ પતિની સંપત્તિમાં ભાગ મળતો હતો.

અહી પણ સતિપ્રથા જોવા મળતી હતી. ઉચ્ચ કૂળની સ્ત્રીઓ સમાજમાં સ્વતંત્રતા પૂર્વક ફરી સકતી હતી. ચાલુક્યકાલિન સમાજ વ્યવસ્થાનું સ્વરૂપ ઉદાર હતું. સ્ત્રીઓ ઉપર કોઈ સામાજીક કઠોર બંધન જોવા મળતા નથી. તેઓ ઉચ્ચ શિક્ષણ લઈ શકતી હતી. ચોલયુગનું દક્ષિણ ભારતનું સામાજીક સંગઠન જાતિવ્યવસ્થા ઉપર આધારિત હતું. તેમની વિભિન્ન જાતિઓમાં પરસ્પર સદભાવ રહેતો હતો. ‘વલંગાઈ’ તથા ‘ઈદંગાઈ’ નામે શ્રમજીવીઓના વર્ગો જોવા મળતા. સામાજીક જીવન સહયોગ અને સદભાવના વાળું હતું. તમીલ સમાજમાં સતી થવાની પ્રથા હતી પરંતુ તે વ્યાપક ન હતી. ચોલ સમાજના સામાજીક તથા સાંસ્કૃતિક માળખામાં ગુલામી પ્રથા પ્રચલિત હતી. અહી ગુલામો પ્રત્યે અત્યાચારી વર્તન જોવા મળતું નથી. વળી, ચોલ રાજ્યમાં સ્ત્રીઓનો દરજ્જો ઊંચો હતો. ચોલ રાજ્યમાં બહુપત્નીત્વ પ્રથા પ્રચલિત હતી. ચોલ રાજ્યના સમાજમાં નૃત્યાંગીનીઓનો વર્ગ જોવા મળતો હતો. જે દક્ષિણ ભારના મંદિરો દેવદાસીઓ તરીકે ઓળખાતી હતી.

## 6.8 ધાર્મિક સંસ્થાઓ, શિક્ષણ અને સાહિત્યિક યોગદાન

પ્રાદેશિક અને ચૌલા રાજ્યોમાં ધર્મ જીવનનું કેન્દ્રિય પાસું હતું. આ સમયગાળામાં મંદિર સ્થાપત્ય, ધાર્મિક વિધિઓ અને ધાર્મિક સાહિત્યમાં નોધપાત્ર યોગદાન સાથે હિંદુ ધર્મનો વિકાસ થતો જોવા મળ્યો હતો. જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મની પણ હાજરી હતી. જે



ઈલોરાનું કૈલાસમંદિર

કલા અને સંસ્કૃતિને પ્રભાવિત કરે છે. આ સમયગાળા દરમ્યાન શિક્ષણ અને સાહિત્યિક ક્ષેત્રે પણ અભૂતપૂર્વ રચનાઓ થઈ હતી. પરંપરાગત શિક્ષણ ગુરૂકુળો તથા મઠોમાં આપવામાં આવતું હતું. બ્રાહ્મણ વિદ્વાનો વિદ્યાર્થીઓને વેદ, તત્વજ્ઞાન, વ્યાકરણ અને વિજ્ઞાન શીખવતા હતા.

- **હિંદુ મંદિરો :** મંદિરો માત્ર ધાર્મિક કેન્દ્રો જ નહોતા પણ સામાજિક અને આર્થિક પ્રવૃત્તિના કેન્દ્રો પણ હતા. ઈલોરામાં એક જ શિલામાંથી કોતરીને બનાવાયેલું ‘શિવનું કૈલાસ મંદિર’ કૃષ્ણ પહેલાના સમયનું ગણાય છે. વળી પલ્લવોના સમયમાં ચીની મુસાફર હ્યુ.એન.ત્સાંગની નોંધ પ્રમાણે એકલો જેટલા બૌધ્ધ મઠો અને એસી જેટલા જૈનમંદિરો અસ્તિત્વમાં હતા. તેઓએ સામુદાયિક જીવનમાં, ઉત્સવોનું આયોજન કરવા, શિક્ષણ પ્રદાન કરવા અને વહીવટના કેન્દ્રો તરીકે સેવા આપવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ચૌલા રાજવંશ, ખાસ કરીને, તેના ભવ્ય મંદિરો માટે પ્રખ્યાત છે, જેમ કે તંજોરમાં બૃહદીશ્વર મંદિર.
- **રાજ્યાશ્રય :** રાજાઓ અને રાણીઓએ ધાર્મિક સંસ્થાઓનું સમર્થન કર્યું, મંદિરોને જમીન, સંપત્તિ અને સંસાધનો આપ્યાં. આ આશ્રયસ્થાને મંદિરોના નિર્માણ, ધાર્મિક વિધિઓ અને પુજારીઓ અને વિદ્વાનોની ભરણપોષણને ટેકો આપ્યો હતો. ચોલ, પલ્લવ, રાષ્ટ્રકુટ, ચાલુક્ય વગેરે વંશના રાજાઓએ તમામ ધર્મોને એકસરખું દાન આપતા હતા. પ્રજાને ધાર્મિક ભાવના અને સદાચારનો ઉપદેશ મંદિરોમાં આપતા હતા.
- **ધાર્મિક સાહિત્ય તથા સાહિત્યિક કૃતિઓ :** આ સમયગાળા દરમિયાન ધાર્મિક ગ્રંથો અને ભાષ્યોનો વિકાસ થયો. ચૌલા રાજાઓએ શૈવ અને વૈષ્ણવ ગ્રંથોના સંકલનને ટેકો આપ્યો. ભક્તિ સાહિત્યને પ્રોત્સાહન આપ્યું. તમિલ અને સંસ્કૃતમાં અસંખ્ય સાહિત્યિક કૃતિઓનું સર્જન થયું. પ્રાદેશિક રાજ્યમાં રાષ્ટ્રકુટોમાં ‘રત્નમાલિકા’ અને ‘કવિરાજમાર્ગ’ જેવા ગ્રંથો લખ્યા. જિનશેન ‘હરિવંશ પુરાણ’ તથા શાકટાયને ‘અમોઘવૃત્તિ’, મહાવીરાચાર્ય, ‘ગણિતસાર સંગ્રહ’ ની તથા કૃષ્ણના સમયે પમ્પ નામના કવિએ ‘પમ્પભારત’, કવિ પોન્ને ‘શાંતિપુરાણ’ રચ્યું. અહી ઉત્તમ શિક્ષણ માટે કાન્હેરી બૌધ્ધ વિહારમાં સમૃધ્ધ પુસ્તકાલય હતું. રાષ્ટ્રકુટ રાજા દંતિદૂર્ગ ‘વિજય પ્રાપ્તિ’ બાદ ઉજ્જૈનમાં હિરણ્યગર્ભ સમૃધ્ધ પુસ્તકાલય બનાવ્યું. આમ રાષ્ટ્રકૂટોના સમયગાળામાં મહાનગ્રંથોની રચના થઈ તથા ઉત્તમ કોટીનું સાહિત્ય રચાયું. પલ્લવોના સમયમાં રાજ્યભાષા તરીકે સંસ્કૃત ભાષા હતી. તેમના સમયે કાંચી શહેર વિદ્યાધામ તરીકે પ્રચલિત હતું. પલ્લવ રાજા મહેન્દ્ર વર્મને ‘મતવિલાસ’ નામની સામાજીક નાટીકા લખી તથા ‘અગમપ્રિય’ બિરુદ મેળવ્યું હતું. પલ્લવ રાજા મહેન્દ્ર વર્મન મૂળ જૈનધર્મ પાળતો હતો. પરંતુ અય્યર પ્રભાવથી શૈવધર્મ સ્વીકાર્યો

હતો. પાંડ્ય રાજયની રાજધાની કોરકઈ તામિલ સંસ્કૃત અને સાહિત્યનું કેન્દ્ર હતું. બ્રાહ્મણ ધર્મ ઉન્નત અવસ્થામાં હતો તથા ત્યાં જૈનોની સંખ્યા પણ મોટી હતી. ચેર શાસકોને ધાર્મિક દ્રષ્ટિકોણ ઉદાર અને સહિષ્ણુતાપૂર્ણ હતો. એ વંશના સ્થાનુરવિએ સીરિયાના ખ્રિસ્તીઓ અને ભાષ્કર રવિવર્માએ યહૂદીઓને તેમના રાજયમાં કેટલીક સગવડો આપી હતી. ચોલ સમ્રાટોનો શાસનકાળ તમિલ સાહિત્યનો સુવર્ણયુગ હતો. આ કાળમાં શૈવ સિદ્ધાંતદર્શનના શાસ્ત્રીય નિરૂપણનો આરંભ થયો. જૈન પંડિત તરુત્કકદેવરકૃત 'જીવનચિન્તામણિ', જૈન લેખક તોલામુક્તિકૃત 'શૂલમણિ' રાજકવિ જૈન્નોમદાર કૃત 'કલિંગતુપ્પરણિ', કમ્બનકૃત 'કમ્બત-રામાયણ', બૌધ્ધકવિ કૃત 'કુડલકેશિ' કવિ કલ્લદનરકૃત 'કલ્લદમ' બુધ્ધમિત્રકૃત 'વીરસાલોયમ' નામક વ્યાહરણ ગ્રંથ, કવિ પુલગેન્દિકૃત 'નલવેમ્બા' નું મહાકાવ્ય, દંડિ કૃત 'કાવ્યદર્શ' ઉપર આધારભૂત 'દક્ષિલંગારમ' નામક ગ્રંથ અને પવનાન્દિકૃત 'નન્નૂલ' નામક વ્યાકરણ ગ્રંથની રચના થઈ. ચોલ શાસકોએ પોતાના સામ્રાજ્યમાં સંસ્કૃત ભાષા અને સાહિત્યના અધ્યયન માટે વિદ્યાલયો સ્થાપ્યા. પરાન્તક પ્રથમના શાસનકાળમાં 'નાનાઘોષ વિસંક્ષેપ' નામના કોશનું સંપાદન કર્યું હતું. આમ ચોલ સામ્રાજય દરમ્યાન ધાર્મિક તથા સંસ્કૃતિ ક્ષેત્રે ભારતીય સંસ્કૃતિની પ્રગતિમાં મહત્વપૂર્ણ યુગ હતો. ચાલુક્યો ચૂસ્તપણે બ્રાહ્મણ ધર્મ પાળતા છતાં તેઓ અન્ય ધર્મ પ્રત્યે સહિષ્ણુતા ધરાવતા. ઐહોલના જૈન દેરાસરોની ભીતો ઉપર કોતરેલી પ્રશસ્તિના રચનાર કવિ રવિકીર્તિએ જૈનેન્દ્ર દેરાસર બંધાવ્યું. વળી વાતાપી તથા પટ્ટદકલમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવના તથા અન્ય દેવોના વિશાળ મંદિરો બંધાવ્યા. ચાલુક્ય રાજાઓએ હિંદુ દેવી દેવતાઓના મંદિરો બંધાવીને તેમને પ્રચુર દાન આપ્યું હતું. આમ આ વંશોએ શૈવ ધર્મની સાથે જૈન, વૈષ્ણવ, બૌધ્ધ વગેરે ધર્મોને પણ સ્થાન આપ્યું હતું.

## 6.9 કલા અને સ્થાપત્ય

પ્રાદેશિક અને ચૌલા રાજ્યોની રચના દરમિયાન કલા અને સ્થાપત્યનો વિકાસ થયો, ભવ્ય રચનાઓ અને કલાત્મક અભિવ્યક્તિઓના રૂપમાં કાયમી વારસો છોડીને.

ચૌલા રાજવંશ ખાસ કરીને તેના મંદિર સ્થાપત્ય માટે પ્રખ્યાત છે. જે જટિલ કોતરણી, ઉંચા ગોપુરમ અને વિશાળ પ્રાંગણ દ્વારા વર્ગીકૃત થયેલ છે. તંજોરનું બૃહદીશ્વર મંદિર, યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ, તેના વિશાળ વિમાન (મંદિર ટાવર) અને વિગતવાર શિલ્પો સાથે ચૌલા સ્થાપત્યની ભવ્યતાનું ઉદાહરણ આપે છે.

ચોલરાજા પરાન્તકે કોરંગનાથનું મંદિર, રાજરાજે રાજેશ્વરનું શિવાલય, બૌધ્ધવિહાર, રાજેન્દ્ર પહેલાએ ગંગાકૌડનું મંદિર બંધાવ્યું. રાજેન્દ્ર બીજાએ કોલ્હાપુરમાં વિજયસ્તંભ ઉભો કરાવ્યો. આમ ચોલકાળમાં કલા તથા સ્થાપત્ય ક્ષેત્ર અભૂતપૂર્વ પ્રગતિ થઈ. નટરાજની મૂર્તિ તેનું ઉત્તમ ઉદાહરણ છે. ઉપરાંત પલ્લવનના સમયમાં નરસિંહ વર્મનના સમયમાં મહાબલિપૂરમ મામલ્લશૈલિ તથા પાંચ પાંડવોના રથમંદિરો તથા ભૈરવકાંડ, મહેન્દ્રવાડી, ઉન્દવિલ વગેરે ગુફામંદિરો મળે છે. કાંચીનું કૈલાસમંદિર, પેરુલમજી મંદિર વગેરે જોવા મળે છે. પલ્લવ શાસનકાળમાં કુશળ વહીવટી વ્યવસ્થાને લીધે વિવિધ ક્ષેત્રે પ્રગતિ થઈ. રાષ્ટ્રકૂટોના સમયમાં હિન્દુ દેવીઓના અનેક મંદિરો બંધાયા. જૈનમંદિરો પણ કૃષ્ણ બીજા અને ઈન્દ્ર ત્રીજાના સમયમાં તૈયાર થયા. શિવના ત્રણ મુખ દર્શાવતી એલિફંટાની ત્રિમૂર્તિ અદભૂત રચના છે.

**(ક) તમારી જાતે ચકાસો.**

**૧.નીચેની ખાલી જગ્યા પૂરો.**

(૧) ચૌલ રાજવંશના સમયગાળા દરમ્યાન તંજાવુરમાં ............... નામનું ભવ્ય મંદીરનું બાંધકામ થયું.

(૨) પ્રારંભિક ચૌલ શાસકો તમિલ પ્રદેશના સ્થાનિક સરદાર તરીકે ............. નદીના કિનારાના પ્રદેશો પર શાસન કરતા હતા.

(૩)રાજેન્દ્ર-૧ એ સામ્રાજ્યની શક્તિ અને ભવ્યતાના પ્રતીક તરીકે ............... ની નવી રાજધાની બનાવી.

(૪)........... એ શ્રીલંકા પર વિજય મેળવ્યો હતો.

(૫)ચોલોએ તેમના રાજાઓ માટે ............. નું બિરુદ અપનાવ્યું.

૨. ચૌલ સામ્રાજ્યની રાજધાનીઓ  વિશે પરિચય આપો.

.....................................................................

.....................................................................

……………………………………………………………

……………………………………………………………

……………………………………………………………

## 6.10 વેપાર અને વાણિજ્ય ક્ષેત્રે ફાળો

દક્ષિણ ભારતીય રાજ્યો ખાસ કરીને પ્રાદેશિક અને ચોલ રાજ્યોની સમૃદ્ધિ અને વિસ્તરણ માટે વેપાર અને વાણિજ્ય નિર્ણાયક હતા. આ વિભાગ આંતરિક વેપાર, બાહ્ય વેપાર, દરિયાઈ અને આર્થિક ક્ષેત્રે વિનિમય સરળ બનાવ્યો હતો. જેણે આ સમયગાળા દરમિયાન આર્થિક વૃદ્ધિ અને પ્રાદેશિક પ્રભાવને સરળ બનાવ્યો હતો. અહી રાષ્ટ્રકૂટ સામ્રાજ્યમાં ડાંગર, નાળિયેરી, જુવાર, બાજરી, કપાસની ખેતી થતી હતી. હીરા ઝવેરાતના મુખ્ય બજાર તરીકે માલખંડ જાણીતું હતું. ગુજરાત, ઉજ્જૈન, કાંચી કાપડ ઉત્પાદનના મૂખ્ય કેન્દ્રો હતા. વિદેશો સાથે દરિયાઈ માર્ગ ચંદન, કપૂર, લવિંગ, નારંગી, સીસુ તથા મલમલ વગેરે સંજાણ, સોપારા, થાંણા બંદરેથી નિકાસ થતી હતી. આ સમયે વેપાર વાણિજ્યનો નોંધપાત્ર વિકાસ થયો. ચોલરાજાઓએ વ્યાપારને પ્રોત્સાહન આપ્યું હતું. ચોલોએ રાજમાર્ગો પણ બાંધ્યા હતા. આંતરિક વેપાર અને પ્રવાસ માટે ઘણી સગવડ ઊભી કરી હતી. વિવિધ ઉદ્યોગ, ધંધામાં સારા પ્રમાણમાં પ્રગતિ થઈ હતી. કાંચી વસ્ત્ર ધંધાનું મુખ્ય કેન્દ્ર હતું. સમુદ્રતટ નજીકનાં કેટલાક સ્થળોમાં મીઠું તૈયાર કરવાનો ઉદ્યોગ ચાલુ હતો. વેપારીઓની શ્રેણીઓએ ચીન, મલાયા, સૂમાત્રા અને ઈરાનના અખાત પરના દેશોમાં પણ વ્યાપારનો વિકાસ કર્યો. આંતરિક વ્યાપારમાં વસ્તુ વિનિમય પ્રથા ચાલતી હતી. તાંજોર, મદુરાઈ અને કાંચીપુરમ જેવા શહેરો અને નગરો વ્યાપારી કેન્દ્રો તરીકે ઉભરી આવ્યા હતા. જયાં માલનો વેપાર અને પ્રક્રિયા થતી હતી. આ શહેરી કેન્દ્રોના બજારો, કાપડ અને ધાતુઓ જેવા માલસામાનના પરિવહન માટે આ માર્ગો આવશ્યક હતા.

- શહેરી કેન્દ્રો : તાંજોર, મદુરાઈ અને કાંચીપુરમ જેવા શહેરો અને નગરો વ્યાપારી કેન્દ્રો તરીકે ઉભરી આવ્યા. વ્યાજબી વેપાર, વ્યવહાર સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક અધિકારીઓ દ્વારા આ બજારોનું નિયમન કરવામાં આવ્યું હતું. આમ પ્રાદેશિક તથા ચોલ સામ્રાજ્ય માત્ર આંતરિક વેપારમાં જ સક્રિય ન હતા. પરંતુ બાહ્ય વેપારમાં પણ રોકાયેલા હતા. જેણે તેમને તેમની સરહદોની બહાર આર્થિક અને રાજકીય પ્રભાવ સ્થાપિત કરવામાં મદદ કરી હતી.

### 6.10.1 આર્થિક નીતિઓ અને બજાર નિયમો :

અહીં આર્થિક જીવનનો આધાર ખેતી પર હતો. નદીઓ ઉપર નહેરો કાઢવામાં આવી હતી. ગામોમાં તળાવો તથા સિંચાઈની સગવડો પૂરી પડાઈ હતી. વેપારનું સંચાલન કરવા, આર્થિક સ્થિરતા સુનિશ્ચિત કરવા અને વૃદ્ધિને ઉત્તેજન આપવા માટે આર્થિક નીતિઓ અને બજારના નિયમો મહત્વપૂર્ણ હતા. દક્ષિણના રાજ્યોએ વાણિજ્યનું નિયમન કરવા, સંસાધનોનું સંચાલન કરવા અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે વિવિધ નીતિઓ લાગુ કરી છે.

દાખલા તરીકે, ચૌલા રાજવંશો તેના વહીવટ અને લશ્કરી ઝુંબેશને ટેકો આપવા માટે એક સુવ્યવસ્થિત મહેસૂલ વ્યવસ્થાની સ્થાપના કરી હતી. આ વ્યવસ્થામાં કૃષિ ઉત્પાદકતા અને વેપાર અને વાણિજ્ય પરના કર પર આધારિત જમીન મહેસૂલ આકારણીનો સમાવેશ થાય છે. આ સ્રોતોમાંથી થતી આવકનો ઉપયોગ મંદિરો અને કિલ્લાઓના નિર્માણ સહિત માળખાકીય સુવિધા માટે ભંડોળ માટે કરવામાં આવતો હતો.

બજારો વાજબી વેપાર પ્રથાઓ સુનિશ્ચિત કરવા અને આર્થિક સ્થિરતા જાળવવા માટે નિયંત્રિત કરવામાં આવી હતી. 'અર્થાધિપતિ' તરીકે ઓળખાતા સ્થાનિક અધિકારીઓ બજારની ગતિવિધિઓ પર દેખરેખ રાખવા, વેપારના નિયમોનો અમલ કરવા અને વિવાદોને ઉકેલવા માટે જવાબદાર હતા. આ નિયમોથી છેતરપિંડી અટકાવવામાં અને બજારોમાં વેચાતા માલની ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં મદદ મળી.

દક્ષિણના રાજ્યોએ વેપાર અને વાણિજ્ય પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહનો આપ્યા. ઉદાહરણ તરીકે તેઓએ વેપારીઓને કર રાહતો આપી અને દૂરના પ્રદેશોના વેપારીઓને આકર્ષવા માટે વેપાર મેળાઓની સ્થાપના કરી. આ પ્રોત્સાહનોએ આર્થિક પ્રવૃત્તિને ઉત્તેજીત કરવામાં અને પ્રદેશની વ્યાપારી પ્રસિદ્ધિ વધારવામાં મદદ કરી.

વેપાર અને વાણિજ્યની સુવિધા માટે રસ્તાઓ, બંદરો અને સિંચાઈ પ્રણાલીનું નિર્માણ મહત્વપૂર્ણ હતું. દક્ષિણના રાજ્યોએ કૃષિ ઉત્પાદનને ટેકો આપવા, પરિવહન નેટવર્ક વધારવા અને બજારોમાં પ્રવેશ સુધારવા માટે ઈન્ફ્રાસ્ટ્રકચરમાં રોકાણ કર્યું છે. આ રોકાણે માત્ર આંતરિક વેપારને જ વેગ આપ્યો નથી પરંતુ બંદરો અને વેપાર માર્ગોને વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન કરીને બાહ્ય વેપારને પણ સરળ બનાવ્યો છે.

## 6.11 ચૌલ રાજ્યનું પતન

ચૌલા રાજ્યોના પતનથી દક્ષિણ ભારતીય ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ યુગનો અંત આવ્યો. એક સમયે શક્તિશાળી ચૌલા રાજવંશ, જે તેના લશ્કરી પરાક્રમ, વહીવટી કાર્યક્ષમતા અને સાંસ્કૃતિક યોગદાન માટે પ્રખ્યાત છે. તેણે શ્રેણીબદ્ધ પડકારોનો સામનો કરવો પડ્યો જેના કારણે તેનું વિભાજન અને પતન થયું. આંતરિક સંઘર્ષો, બાહ્ય આક્રમણો અને ચૌલા રાજ્યોના પડતીનું કારણ બન્યું.

## 6.12 સમાપન

છઠ્ઠી સદીમાં દક્ષિણ ભારતમાં કાંચીના પલ્લવ, મદુરાના પાંડ્ય અને બાદામીના ચાલુક્યો શાસન કરતા જોવા મળે છે. આ ત્રણેય રાજ્યો વચ્ચે દક્ષિણમાં પોતાના સામ્રાજ્ય વિસ્તાર કરવા માટે સતત સંઘર્ષો ચાલ્યો હતો. ત્યારબાદ આઠમી સદીમાં મોટા પરિવર્તન આવ્યા. ચાલુક્યોનું સ્થાન રાષ્ટ્રકૂટોએ લીધું. પલ્લવોએ રાષ્ટ્રકૂટો અને પાંડ્યોના આક્રમણનો સામનો કરવો પડ્યો. અંતે આ બધાનો લાભ ચોલોને મળ્યો. ચોલ શાસકો દક્ષિણ ભારતમાં જ નહિ પરંતુ દરિયાપારના વિસ્તારો પણ પોતાના સામ્રાજ્ય નીચે લાવવામાં સફળ રહ્યા હતા. લશ્કરી સિધ્ધિઓ, સ્થાનિક સ્વરાજ, વેપાર-ધંધા, સાહિત્ય અને વિવિધ કલાના વિકાસ માટે સારી એવી તકો દક્ષિણ ભારતના પ્રાદેશિક અને ચોલ સામ્રાજ્યના સમયમાં જોવા મળી હતી. જ્યારે ચોલ રાજ્ય આખરે આંતરિક સંઘર્ષો અને બાહ્ય દબાણોને વશ થયું ત્યારે પ્રદેશના ઈતિહાસ, સંસ્કૃતિ અને વહીવટ પર તેમની ઊંડી અને સ્થાયી અસર થઈ હતી. આના પરિણામ સ્વરૂપે જ દક્ષિણ ભારતીય ઈતિહાસને આકાર આપવામાં તેઓએ ભજવેલી મહત્વપૂર્ણ ભૂમિકા પ્રતિબિંબિત થાય છે.

**(ખ)તમારી જાતે ચકાસો.**

**૧. જોડકા જોડો.**

| | | | |
|---|---|---|---|
| (૧) | હજાર મંદિરોનું શહેર | (૧) | મંડલમ |
| (૨) | પ્રાંત | (૨) | કાંચીપૂરમ |
| (૩) | જિલ્લા | (૩) | નાડુ |
| (૪) | અલ્વાર | (૪) | વૈષ્ણવ સંતો |

૨.નીચેના વિધાનો વાંચી તે સાચાં (√) છે કે (×) ખોટા તેની નિશાની કરો.

(૧) ચૌલ શાસકો શિવના પ્રખર ભક્ત હતા.

(૨) ચોલવંશનો પ્રાચીન ઉલ્લેખ અશોકના બીજા અને તેરમા બુધ્ધ શિલાલેખમાં જોવા મળે છે.

(૩) પાયદળ એ ચૌલા સૈન્યની કરોડરજ્જુ હતી. 'કડગામ' નામે ઓળખાતી છાવણીઓમાં સેના રખાતી હતી.

૩. ચૌલ સૈન્યમાં નૌકાશક્તિ વિશે જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

## 6.13 ચાવીરૂપ શબ્દો

(૧) સંગમ : વિધ્વાનોનું મંડળ જેણે જૂની તમિલ કૃતિઓ એકત્ર કરી અને વર્ગીકૃત કરી.

(૨)ગંગાઈકોડા ચોલાપૂરમ : ગંગા સુધી વિસ્તાર પર વિજય મેળવનાર ચૌલોનું શહેર

(૩)કુદીરચૈવગર : ઘોડસવાર

(૪) યાનાઈ : હાથીદળ

## 6.14 તમારી જાતે ચકાસોના જવાબો

૧. (ક)(૧) બૃહદેશ્વર મંદિર (૨) કાવેરી (૩) ગંગાઈકોડા ચોલાપૂરમ (૪) રાજા રાજ-પ્રથમ (૫) રાજકેસરી

(ખ) (૧) ૧-૨, (૨) ૨-૧, (૩) ૩-૩, (૪) ૪-૪, (૫) ૫-૫

૨. (૧) √ (૨) × (૩) √

## 6.15 સ્વાધ્યાય

(૧) ચૌલોના લશ્કરી સંગઠન વિશે વિસ્તૃત ચર્ચા કરો.

(૨) દક્ષિણ ભારતમાં રાજ્યોની રચના, પ્રાદેશિક રાજ્યો અને ચૌલ રાજ્યના વહીવટી માળખાની માહિતી આપો.

(૩) ચૌલ રાજ્યમાં ધર્મ અને સંસ્કૃતિ પર વિસ્તૃત માહિતી આપો.

## 6.16. સંદર્ભ અને વિશેષ વાચન


૧. ડૉ. રવિ શાહ, દક્ષિણ ભારતમાં રાજકીય પરિવર્તનો

૨. પ્રફુલ્લ શાહ, ચોલ સામરાજ્ય : ઈતિહાસ અને સંસ્કૃતિ

૩. કિશોર પટેલ, દક્ષિણ ભારતમાં પુરાતત્વ અને સંસ્કૃતિક વર્ષો

૪. કે.એ. નીલકાંત શાસ્ત્રી, ચોલા રાજવંશ

૫. કે.એ. નીલકાંત શાસ્ત્રી, દક્ષિણ ભારતનો ઈતિહાસ

૬. આર. સથિયાનાથ અય્યર, ધ દક્ષિણ ભારતીય શિલાલેખો

૭. ડૉ.છોટુભાઈ આર. નાયક, મધ્યયુગીન ભારત ખંડ-૧, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૬, ૧૯૬૭

૮.ડૉ.હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ, અમદાવાદ, ૧૯૬૪

૯.ડૉ.કાંતિલાલ ફૂલચંદ સોમપુરા, ભારતીય સ્થાપત્ય અને શિલ્પ, અમદાવાદ, ૧૯૬૫

૧૦.https://www.amarujala.com/photo-gallery/bizarre news/know-about-brihadeeswara-temple-mysterious-temples-in-india

૧૧.https://shubhambooksonline.com/products/samrat-ashok-by-vasudev-govind-aapate?variant

૧૨.https://zeenews.india.com/hindi/zee-hindustan/pride-of-india/ancient-chola-king-rajendra-chola-conquered-the-countries-of-north-east-asia-leftist-historians-forgot-it/646013

૧૩.https://travelchronicles.net/blog/ellora-caves-kailash-temple/

# એકમ - 7 ગુજરાતમાં સોલંકીકાલીન વહીવટી વ્યવસ્થા

:: રૂપરેખા ::


**7.0** ઉદ્દેશો

**7.1** પ્રસ્તાવના

**7.1.1** ગુજરાતમાં સોલંકી શાસનનું ઐતિહાસિક મહત્વ

**7.2** કેન્દ્રીય વહીવટ

**7.2.1** કેન્દ્ર સરકારનું માળખું

**7.2.2** રાજાની ભૂમિકા

**7.2.3** મંત્રી પરિષદ અને વિવિધ ખાતાઓ

**7.3** પ્રાંતીય વહીવટ અને સ્થાનિક વહીવટ

**7.3.1** પ્રાંતોમાં કે મંડળમાં રાજ્યનું વિભાજન

**7.3.2** 'પથક' નગરનો વહીવટ

**7.3.3** સ્થાનિક શાસન અને ગામડાનો વહીવટ

**7.3.4** પ્રાંતોની વહીવટી અને સ્થાનિક શાસનની જવાબદારીઓ

**7.4** મહેસૂલ વહીવટ

**7.4.1** જમીન મહેસૂલ પદ્ધતિ

**7.4.2** કર અને ફરજો પ્રકાર

**7.4.3** મહેસૂલ વસૂલાતની પદ્ધતિઓ

**7.5** લશ્કરી સંગઠન

**7.5.1** સોલંકીઓની લશ્કરી રચના અને માળખું

**7.5.2** લશ્કરી બાબતોમાં સામંતવાદી પદ્ધતિ અને જાગીરદારોની ભૂમિકા

**7.5.3** કિલ્લેબંધી અને સંરક્ષણ વ્યૂહરચના

**7.5.4** નોંધપાત્ર લશ્કરી ઝુંબેશો અને તેમની અસર

(ક) તમારી જાતે ચકાસો.

**7.6** ન્યાયિક વ્યવસ્થા

**7.6.1** કાનૂની માળખું અને કાયદાના સ્રોતો

**7.6.2** ન્યાયિક બાબતોમાં રાજાની ભૂમિકા

**7.6.3 ન્યાયિક વ્યવસ્થા અને કાર્યકારીઓ**

**7.7 સ્થાનિક વહીવટ**

**7.7.1 સ્થાનિક સ્તરે વહીવટી અધિકારીઓ**

**7.8 વેપાર અને વાણિજ્ય વહીવટ**

**7.8.1 વેપાર અને વાણિજ્યનું નિયમન**

**7.8.2 મહાજનની ભૂમિકા**

**7.8.3 વેપાર માર્ગો અને તેમની જાળવણી**

**7.8.4 અર્થતંત્ર પર વેપાર નીતિઓની અસર**

**7.9 ધાર્મિક અને સાંસ્કૃતિક, વહીવટી પ્રગતિ**

**7.9.1 ધાર્મિક સ્થિતિ**

**7.9.2 સાંસ્કૃતિક સ્થિતિ**

**7.10 વિદેશી સંબંધો અને મુત્સદ્દીગીરી**

**7.10.1 પડોશી રાજ્યો સાથે રાજદ્વારી સંબંધો**

**7.10.2 રાજદૂતો અને રાજદૂતોની ભૂમિકા**

**(ખ) તમારી જાતે ચકાસો.**

**7.11 સમાપન**

**7.12 ચાવીરુપ શબ્દો**

**7.13 તમારી જાતે ચકાસોના જવાબ**

**7.14 સ્વાધ્યાય**

**7.15 સંદર્ભ અને વિશેષ વાચન**

## 7.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ બાદ તમે નીચે મુજબની માહિતી મેળવશો....

- ગુજરાતમાં સોલંકીવંશની સ્થાપના તથા તેમના શાસકો વિશે જાણી શકાશે.
- ગુજરાતમાં સોલંકીઓના વહીવટીતંત્ર વિશેની વિસ્તૃત માહિતી મેળવી શકાશે.

## 7.1 પ્રસ્તાવના

સોલંકીવંશ જેને ગુજરાતના ચાલુક્ય તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમણે ૧૦મી થી ૧૩મી સદી વચ્ચે વર્તમાન ગુજરાત અને રાજસ્થાનના ભાગો પર શાસન કર્યું હતું. રાજવંશની ઉત્પત્તિ દખ્ખાણના ચાલુક્યોમાં મળી શકે છે જે એક

શક્તિશાળી વંશ છે. જેણે ભારતીય ઈતિહાસને નોંધપાત્ર રીતે પ્રભાવિત કર્યો હતો. સોલંકીઓએ મૂલરાજ સોલંકીના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં તેમનું શાસન સ્થાપ્યું, જેને ૧૦મી સદીના અંતમાં આ પ્રભાવશાળી રાજવંશનો પાયો નાખવાનો શ્રેય આપવામાં આવે છે.

સોલંકીઓ તેમના અસરકારક વહીવટ, લશ્કરી પરાક્રમ અને કલા, સ્થાપત્ય અને ધર્મના આશ્રય માટે જાણીતા હતા. તેમની રાજધાની શરૂઆતમાં અણહિલવાડ પાટણમાં હતી, જે તેમના શાસન હેઠળ સંસ્કૃતિ, વેપાર અને શાસનનું એક વિકસતનું કેન્દ્ર બન્યું હતું. આ વંશે ભીમદેવ-૧, સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ સહિતના ઘણા નોંધપાત્ર શાસકોનું નિર્માણ કર્યું જેમણે રાજ્યની સત્તાને મજબૂત કરવામાં અને તેની સીમાઓ વિસ્તારવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

સોલંકી રાજાઓ હિંદુ અને જૈન ધર્મના નિષ્ઠાવાન અનુયાયીઓ હતા અને તેમના શાસનમાં ભવ્ય મંદિરો અને સ્થાપત્ય અજાયબીઓનું નિર્માણ જોવા મળ્યું, જેમાંથી ઘણા આજે પણ તેમના વારસાના પ્રમાણપત્ર તરીકે ઊભા છે. રાજવંશનો પ્રભાવ ગુજરાતની બહાર વિસ્તર્યો હતો, જેણે મધ્યયુગીન ભારતના વ્યાપક સાંસ્કૃતિક અને રાજકીય ઈતિહાસમાં ફાળો આપ્યો હતો.

### 7.1.1 ગુજરાતમાં સોલંકીશાસનનું ઐતિહાસિક મહત્વ :

ગુજરાતના સોલંકીશાસનને પ્રદેશના ઈતિહાસમાં સુવર્ણયુગ ગણવામાં આવે છે. જે વહીવટ, સ્થાપત્ય, ધર્મ અને વેપાર સહિતના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ દ્વારા ચિહ્નિત થયેલ છે. સોલંકીઓએ ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસને આકાર આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.

સોલંકીવંશ હેઠળ ગુજરાત વેપાર અને વાણિજ્યનું એક સમૃદ્ધ કેન્દ્ર બન્યું. તેના બંદરો અરબી દ્વીપકલ્પ, દક્ષિણપૂર્વ એશિયા અને આફ્રિકા સુધીના પ્રદેશો સાથે માલસામાનની આપ-લેની સુવિધા આપે છે. રાજવંશના અસરકારક વહીવટ અને માળખાકીય વ્યવસ્થાઓ જેમ કે સિંચાઈ પ્રણાલીઓ અને રસ્તાઓનું નિર્માણ આ ક્ષેત્રની આર્થિક સમૃદ્ધિમાં ફાળો આપ્યો.

સાંસ્કૃતિક રીતે, સોલંકીયુગ મહાન કલાત્મક અને સ્થાપત્ય સિદ્ધિઓન સમયગાળો હતો. શાસકો સાહિત્યના આશ્રયદાતા હતા અને તેમના દરબારો વિદ્વાનો, કવિઓ અને કલાકારોનું ઘર હતું. જેમણે ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસામાં યોગદાન આપ્યું હતું. આ સમયગાળા દરમિયાન ભવ્ય મંદિરો અને જાહેર

કાર્યોનું નિર્માણ સોલંકી શાસકોની ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

સોલંકીવંશે પડોશી પ્રદેશો અને વિદેશી શક્તિઓના આક્રમણ સામે ગુજરાતના સંરક્ષણમાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમની સૈન્ય તાકાત અને વ્યૂહાત્મક જોડાણોએ ઘણી સદીઓ સુધી ગુજરાતની સાર્વભૌમત્વ જાળવી રાખવામાં મદદ કરી.

## 7.2 કેન્દ્રીય વહીવટ

### 7.2.1 કેન્દ્ર સરકારનું માળખું :

સોલંકીવંશ હેઠળનું કેન્દ્રીય વહીવટ અત્યંત સંગઠિત અને સંરચિત હતું, જે તેમના વિશાળ અને વૈવિધ્યસભર સામ્રાજ્ય પર નિયંત્રણ જાળવવા પર રાજવંશને મદદગાર હતું. જેમાં રાજા ટોચ પર હતો, ત્યારબાદ અમલદારશાહી હતી જેણે વિવિધ પ્રદેશોમાં કાર્યક્ષમ શાસન સુનિશ્ચિત કર્યું હતું. વહીવટને ઘણા વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યો હત. જેમ કે મહેસૂલ સંગ્રહ, લશ્કરી બાબતો, ન્યાયિક કાર્યો અને જાહેર કાર્યો.

કેન્દ્ર સરકાર પ્રાંતીય અને સ્થાનિક વહીવટકર્તાઓના માધ્યમથી શાસન કરતી. આ રચનાએ સોલંકી શાસકોને સમગ્ર રાજ્યમાં સતત નીતિઓ અમલમાં મૂકવા અને તેમના શાસનમાં સ્થિરતા જાળવવા સક્ષમ બનાવ્યા. કેન્દ્રીય વહીવટીતંત્રે પણ કેન્દ્રીય અને સ્થાનિક સરકારો વચ્ચે સંકલનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આમ, સોલંકીવંશ દરમિયાન જ અણિહલપુર પાટણના નાનકડા રાજ્યને સિધ્ધરાજ અને કુમારપાળના સમયમાં વિશાળ સામ્રાજ્ય બન્યું.

### 7.2.2 રાજાની ભૂમિકા :

સોલંકી વહીવટમાં રાજા સર્વોચ્ચ વડો ગણાતો. જે શાસનના તમામ પાસાઓ પર સંપૂર્ણ સત્તા ધરાવતા હતા. રાજ્યના વડા તરીકે રાજા સમગ્ર વહીવટ, લશ્કરી આદેશ, ન્યાયિક દેખરેખ અને ધાર્મિક બાબતો માટે જવાબદાર હતા. રાજાના નિર્ણયોને અંતિમ માનવામાં આવતો હતો. આ પદ વંશપરંપરાગત હતું. ઉત્તરાધિકારી તરીકેનો વારસો જયેષ્ઠ પુત્રને મળતો. પ્રજાનું રક્ષણ કરવું તે મુખ્ય રાજ્યધર્મ મનાતો. બ્રાહ્મણો, વિદ્વાનના આશ્રયદાતા સોલંકી શાસકો હતા. રાજાઓ રાજ્યવિસ્તાર કરવા હંમેશા તત્પર રહેતા. સોલંકી રાજાઓએ આ રીતે પોતાનો રાજ્ય



સિધ્ધરાજ જયસિંહ

વિસ્તાર કર્યો હતો. પ્રજાની સ્થિતિ જાણવા માટે રાજા ગુપ્તવેશ ફરતા. તે સંકટ સમયે કરવેરામાં રાહત આપતા તથા વાવ, કૂવા, તળાવ વગેરે ખોદાવીને પ્રજાકલ્યાણના કાર્યો કરતા. તેમને ધર્મના રક્ષક અને ન્યાયના સમર્થક તરીકે પણ જોવામાં આવ્યા હતા. જેમાં લશ્કરી ઝુંબેશ, વિદેશી સંબંધો અને મુખ્ય ન્યાયિક બાબતોનો સમાવેશ થાય છે. વધુમાં રાજા ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મુખ્ય આશ્રયદાતા હતા. ઘણી વખત મંદિરના નિર્માણ અને જૂના મંદિરના જીર્ણોદ્ધાર કરાવતા. તેમની ધર્મનિષ્ઠા અને તેમની પ્રજાની સુખાકારી માટે પ્રતિબદ્ધ હતા.

સોલંકી રાજાઓ 'મહારાજાધિરાજ' જેવા બિરૂદ ધારણ કરતા. આ ઉપરાંત સોલંકી-વાઘેલા રાજાઓ 'પરમેશ્વર', 'પરમભટ્ટારક', 'ચક્રવર્તી' જેવા બિરૂદ ધારણ કરતા હતા. સિધ્ધરાજ પછીના અમુક રાજાઓ પોતાને 'અભિનવ સિધ્ધરાજ' પણ કહેતા. સોલંકી વહીવટીતંત્ર અધિકારી વર્ગમાં મહામાત્ય કે મહામંત્રીનું સ્થાન રાજા પછીનું ગણાતું. તે વહીવટી બાબતોનો મુખ્ય વડો ગણાતો અને અન્ય અધિકારીઓ ઉપર દેખરેખ તથા અંકુશ રાખતો. તેને હસ્તક 'શ્રીકરણ' (આવકખાતું) રહેતું. સોલંકી વાઘેલા સમયમાં મહામંત્રીઓ તરીકે શાંતુ મહેતા, મુંજાલ મહેતા, ઉદયન મહેતા, વસ્તુપાલ-તેજપાલ વગેરે હતા. અન્ય મંત્રીઓમાં 'મહાસંધિ વિગ્રાહક' (વિદેશ બાબતો), 'મહાઅક્ષયટલિક' (દફતર ખાતુ), મહામંડલેશ્વર (મંડળનો વડો), મહાસાધનિક (નગરનો વડો), પ્રાદેશિક અધિકારીઓ વગેરે નામ મળે છે.



**છીડીયા દરવાજા**

### 7.2.3 મંત્રી પરિષદ અને તેના વિવિધ ખાતાઓ :

મંત્રીઓની નિમણુંક તેમની કુશળતા, વફાદારી અને શાસનના ચોક્કસ પાસાઓનું સંચાલન કરવાની ક્ષમતાના આધારે કરવામાં આવી હતી. દરેક મંત્રી ચોક્કસ વિભાગ અથવા કાર્ય જેમ કે નાણા, સંરક્ષણ, ન્યાય અથવા વિદેશી બાબતોની દેખરેખ માટે જવાબદાર હતા.

વિવિધ ખાતાઓમાં 'ધર્માધિકરણ ખાતુ', 'મંડપિકાકરણ', 'ટંકશાલાકરણ', 'ભાંડાગારકરણ', 'વારિગૃહકરણ', 'ગણિકાકરણ', 'શ્રેણીકરણ', 'કોષ્ઠાગારકરણ', વગેરે જેવા ખાતાની માહિતી મળે છે.

## 7.3 પ્રાંતીય વહીવટ અને સ્થાનિક વહીવટ

સમગ્ર રાજ્યના વહીવટીતંત્રને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યું હતું. (૧) પ્રાંતનો વહીવટ (૨) નગરનો વહીવટ (૩) ગામડાનો વહીવટ.

### 7.3.1 પ્રાંતોમાં કે મંડળમાં રાજ્યનું વિભાજન :

અહી મંડળ એ સૌથી મોટો વિભાગ હતો. જે હાલના પ્રાંત કે રાજ્ય બરાબર હતો. મંડળનો પેટાવિભાગ 'વિષય' કહેવાતો. જે હાલના જિલ્લા બરાબર તથા તેનાથી નાનો વિભાગ 'પંથક' કહેવાતો. જે હાલના તાલુકાની સમકક્ષ ગણાય.

સોલંકી સામ્રાજ્ય વ્યૂહાત્મક રીતે કેટલાક પ્રાંતોમાં વહેંચાયેલું હતું. આ વિભાજન સોલંકીઓના નિયંત્રણ હેઠળના વિશાળ અને વૈવિધ્યસભર પ્રદેશોના સંચાલન માટે જરૂરી હતું. કેન્દ્રીય સત્તા દ્વારા એકંદર દેખરેખ જાળવી રાખીને સ્થાનિક મુદ્દાઓનું તાત્કાલિક નિરાકરણ લાવી શકાય તે માટે પ્રાંતના વહીવટ માટે જુદા જુદા અધિકારીઓને જુદા-જુદા ખાતા સોંપવામાં આવતા. સામાન્ય રીતે બધા જ ખાતાઓમાં 'શ્રીકરણ' ખાતું મહત્વનું ગણાતું અને એ મહામાત્યના હાથમાં રહેતું. રાજધાની પાટણની આસપાસનો વિસ્તાર 'સારસ્વતમંડળ' ના નામથી ઓળખાતો. આ ઉપરાંત 'સાંચોર મંડળ', 'કચ્છમંડળ', 'વંથલી', 'માગરોળ', 'ચોરવાડ' વગેરેનો ઉલ્લેખ જોવા મળે છે.

### 7.3.2 'પથક' નગરનો વહીવટ :

નગરના વહીવટ ઉપર રાજ્યની આબાદીનો ઘણો જ આધાર હતો. નગરનો વહીવટ 'પંચકુલો' મારફત થતો. સોલંકી-વાઘેલા યુગના અન્ય વહીવટી વિભાગોમાં 'પંથક' નું નામ જોવા મળે છે. મંડળો પંથકમાં વહેંચાયેલા હતા. આ યુગમાં ધાણદા (પાલનપુર આસપાસનો પ્રદેશ), દેહાંહી (મહેસાણા અને કડી વચ્ચેનો પ્રદેશ), ચાલીસા (કલોલ અને અમદાવાદ), નાગસારિકા (નવસારી) લાઠી (સુરાષ્ટ્રનો લાઠી વિભાગ) વગેરે મુખ્ય પંથકો હતા.

### 7.3.3 સ્થાનિક શાસન અને ગામડાંનો વહીવટ :

જ્યારે સોલંકી વહીવટીતંત્ર કેન્દ્રિય હતું ત્યારે પ્રાંતોમાં સ્થાનિક શાસન મંજૂરી આપવામાં આવી હતી. આ સ્થાનિક શાસનનું સંચાલન સામાન્ય રીતે ગ્રામસભા (પંચાયતો) અને અન્ય સ્થાનિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતું હતું. ગામડું એ સૌથી નાનું વહીવટી એકમ હતું. જેમની પાસે જમીન વિતરણ, સિંચાઈ વ્યવસ્થાપન અને વિવાદના નિરાકરણ સહિત રોજબરોજની બાબતોનું સંચાલન કરવાની સત્તા હતી.

જેના માટે જુદા જુદા અધિકારીઓ નિમવામાં આવતા. આ અધિકારીઓ મંડલ અને પંથકના અધિકારીઓ મારફત નિમાતા. ગામડાના વહીવટ માટે જે તે ગામની સરહદો નક્કી થતી. આ સ્થાનિક સંસ્થાઓ સમુદાયના આદરણીય સભ્યોથી બનેલી હતી.

સ્થાનિક સંસ્થાઓને આપવામાં આવેલી સ્વાયત્તતાએ સામાજિક સંવાદિતા જાળવવામાં મદદ કરી અને સોલંકી વહીવટીતંત્રને વ્યાપક શાસનના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની મંજૂરી આપી. આ પ્રણાલીએ મહેસૂલના કાર્યક્ષમ વસૂલાતમાં પણ મદદ કરી. કારણ કે સ્થાનિક નેતાઓ તેમના સમુદાયો પાસેથી કરનું મૂલ્યાંકન કરવા અને એકત્રિત કરવા માટે વધુ સારી સ્થિતિમાં હતા.

**7.3.4 પ્રાંતોની વહીવટી અને સ્થાનિક શાસનની જવાબદારીઓ :**

સોલંકીવંશ હેઠળના પ્રાંતમાં વહીવટી અને ન્યાયિક જવાબદારીઓ સારી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવી હતી, જે સુનિશ્ચિત કરે છે કે રાજ્યનું શાસન અસરકારક અને વ્યવસ્થિત હતું. પ્રાંતોની વહીવટી જવાબદારીઓમાં નીચે મુજબની જવાબદારીઓ હતી.

- મહેસૂલ વસૂલાત : પ્રાંતીય વહીવટીતંત્ર જમીનમહેસૂલ, વેપાર ફરજો અને કરવેરાનાં અન્ય સ્વરૂપો સહિત કરના મૂલ્યાંકન અને સંગ્રહ માટે જવાબદાર હતું. ત્યારબાદ એકત્ર કરાયેલી આવકને કેન્દ્રીય તિજોરીમાં મોકલવામાં આવી હતી, જેમાં એક હિસ્સો સ્થાનિક વહીવટ અને જાહેર કાર્યો માટે રાખવામાં આવ્યો હતો.
- કાયદાનો અમલ : પ્રાંતીય ગવર્નરો તેમના પ્રદેશોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જવાબદાર હતા. આમાં પોલિસા, ગુના નિવારણ અને ન્યાય વહીવટનો સમાવેશ થાય છે. ગવર્નરો પાસે આ ફરજોમાં મદદ કરવા માટે પોલીસ વડાઓ અને ન્યાયધીશ જેવા સ્થાનિક અધિકારીઓની નિમણુંક કરવાનો અધિકાર હતો.
- પ્રજા માટે જરૂરી નિર્માણકાર્ય : પ્રાંતીય વહીવટીતંત્રને રસ્તાઓ, સિંચાઈ પ્રણાલીઓ અને જાહેર ઈમારતો સહિત વ્યવસ્થાઓના નિર્માણ અને જાળવણીનું કામ સોંપવામાં આવ્યું હતું. આ કામો દ્વારા પ્રાંતના આર્થિકવિકાસ અને તેના રહેવાસીઓના કલ્યાણ માટે જરૂરી હતા.
- લશ્કરી સંરક્ષણ : પ્રાંતીય અધિકારીઓ પાસે ન્યાયિકસત્તા હતી અને તેઓ તેમના પ્રદેશોમાં ન્યાયના વહીવટની દેખરેખ માટે જવાબદાર હતા. તેઓ એવી અદાલતોની અધ્યક્ષતા કરતા હતા કે જેઓ સિવિલ અને ફોજદારી બંને કેસોનો સામનો કરે છે, તે સુનિશ્ચિત કરે છે કે સામ્રાજ્યમાં કાયદા અનુસાર ન્યાય

આપવામાં આવે. આ પ્રાંતીય અદાલતોમાંથી રાજા સહિત ઉચ્ચ અધિકારીઓને અપીલ કરી શકાય છે.

## 7.4 મહેસૂલ વહીવટ

રાજ્યની મુખ્ય આવક જમીન ઉપર લેવાતા કરમાંથી થતી. સોલંકી સમયની આર્થિકસ્થિતની માહિતી વિશેષ કરીને અભિલેખો, હેમચંદ્રાચાર્યનાં પુસ્તકો તથા પ્રવાસીઓની નોધોમાંથી પ્રાપ્ત થાય છે. સોલંકી વાઘેલા સમયમાં ગુજરાતમાં ખેતીવાડી, ઉદ્યોગ-ધંધા, વેપાર-વાણિજ્ય વગેરેમાંથી આવક પ્રાપ્ત થતી.

### 7.4.1 જમીન મહેસૂલ પદ્ધતિ :

જમીન મહેસૂલ વ્યવસ્થા સોલંકી વહીવટીતંત્રના અર્થતંત્રની કરોડરજ્જુ હતી. સામાન્ય રીતે જમીનની માલિકી રાજ્યની ગણાતી. જે રાજ્યની આવકના પ્રાથમિક સ્ત્રોત તરીકે સેવા આપતી હતી. આ પ્રણાલી હેઠળ, જમીનને તેની ફળદ્રુપતા, ઉત્પાદકતા અને તેના દ્વારા ઉત્પાદિત પાકના પ્રકારને આધારે વર્ગીકૃત કરવામાં આવી હતી. મહેસૂલ આકારણી સામાન્ય રીતે વિગતવાર  સર્વેક્ષણ દ્વારા હાથ ધરવામાં આવતી હતી, જ્યાં જમીનની માપણી કરવામાં આવતી હતી અને તેની ઉપજની સંભવિતતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ મૂલ્યાંકન દરેક જમીનધારક અથવા ખેડૂતને ચૂકવવાના કરની રકમ નક્કી કરે છે. દાનપત્રો પરથી જણાય છે કે એ વખતે જમીનની માપણી 'હલવાહ' માં કરવામાં આવતી.

જમીનની આવક, જેને ભોગ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે સામાન્ય રીતે કૃષિ પેદાશોનો એક નિશ્ચિત પ્રમાણ હતું જે પ્રદેશ અને ઉગાડવામાં આવતા પાકના પ્રકારને આધારે બદલાઈ શકે છે. રાજાનો હિસ્સો, મોટાભાગે ઉત્પાદનના છઠ્ઠા ભાગથી એક તૃતીયાંશ જેટલો હતો. જે વિવિધ અનાજ અથવા અન્ય કૃષિ પેદાશો અથવા અમુક કિસ્સામાં રોકડમાં એકત્રિત કરવામાં આવતો હતો. જમીન મહેસૂલ પ્રણાલીને ન્યાયી બનાવવા માટે તૈયાર કરવામાં આવી હતી, જે સુનિશ્ચિત કરે છે કે રાજ્યની આવક સ્થિર છે. જ્યારે ખેડૂતોને તેમના નિર્વાહ માટે પૂરતું ઉત્પાદન જાળવી રાખવાની મંજૂરી પણ આપી છે.

સોલંકી વહીવટી, વહીવટીતંત્રે ચોક્કસ સંજોગમાં, જેમ કે કુદરતી આફતો દરમિયાન અથવા ધાર્મિક સંસ્થાઓની કે દેવસ્થાનો તથા બ્રાહ્મણને દાનમાં અપાયેલી જમીનો માટે જમીનની આવકમાં કેટલીક છૂટ અને કરમુક્ત હતી. તે ગામપતિ તેમજ પંચકુલ મારફત વસૂલ થતું. ગોચર જમીન પર ઓછો કર લેવાતો. પાકની ચોરીને મોટો અપરાધ ગણાતો.

### 7.4.2 કર અને ફરજોના પ્રકાર :




ભીમદેવ સોલંકી

જમીન મહેસૂલ ઉપરાંત, સોલંકી વહીવટીતંત્રે રાજ્ય માટે વધારાની આવક ઉભી કરવા માટે અન્ય વિવિધ કર અને ફરજો લાદ્યા હતા. રાજ્યની મુખ્ય આવક જમીન પર લેવાતા કરમાંથી થતી. આ ઉપરાંત વાહનવેરો, જકાત, રસ્તા ઉપરનો કરવેરા, યાત્રાળું વેરો તથા બિનવારસી મિલકત દ્વારા આવક થતી.

સામંતવાદનો ચરમોત્કર્ષ આ સમયમાં જોવા મળે છે. રાજપૂતોના રાજ્યો અનેક નાનીમોટી જાગીરોમાં વહેંચાયેલા હતા. તેઓ મહાસામંત, મહારાજ, મંડલેશ્વર, મહામંડલેશ્વર, મહાસામંતાધિપતિ વગેરે જેવી ઉપાધિઓ ધારણ કરતા હતા. ‘અપરાજિતપૃછા’ નામના ગ્રંથમાં માંડલિક, મહામંડલેશ્વર, મહાસામંત લઘુસામંત ચતૂરંશીક જેવા સામંતોનો ઉલ્લેખ મળે છે. ચૌહાણ શાસક પૃથ્વીરાજ તથા ચાલુક્ય શાસક કુમારપાલ વગેરેના અનેક સામંતોનો ઉલ્લેખ જોવા મળે છે. સામંતો પાસે પોતાની મંત્રી પરીષદ હતી અને અમુક બંધનોને બાદ કરતા તેઓ મોટેભાગે સ્વતંત્ર હતા. સમયાંતરે રાજાને ભેટસોગાદો મૂકતા. આ સામંતો પોતાનું આગવું લશ્કર ધરાવતા અને જરૂર પડ્યે રાજાને લશ્કરી સહાય પૂરી પાડતા. મોટા સામંતોની નીચે ‘ઉપ-સામંત’ હતા. જે ભોક્તા, ઠાકુર અને રાજાના નામે ઓળખાતા. પ્રાંતિય શાસન પર સામંતોનો અધિકાર હતો. જ્યાં સુધી રાજા શક્તિશાળી હોય ત્યાં સુધી શાસનતંત્ર સરખું ચાલ્યા કરતું પણ રાજા દુર્બળ અને અયોગ્ય હોય ત્યારે સામંતો સ્વતંત્ર બની પોતાનું અલગ રાજ્ય સ્થાપતા.

## 8.3 વહીવટી એકમો : પ્રાંતીય વહીવટ તથા સ્થાનિક શાસન

રાજપૂત રાજ્યોનો પ્રાંતિય વહીવટ તેમના શાસનનો મહત્વપૂર્ણ ઘટક હતો. જે કેન્દ્રીય નિયંત્રણ અને સ્થાનિક વ્યવસ્થાપનના મિશ્રણને પ્રતિબિંબિત કરે છે. આ ઉપરાંત સ્થાનિક વહીવટીતંત્રે તેમના વિશાળ પ્રદેશોના શાસન અને દૈનિક કાગીરીને જાળવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. આ પરંપરાગત માળખા અને સ્થાનિક સ્વાયત્તતા પર મજબૂત નિર્ભરતા દ્વારા વર્ગીકૃત પધ્ધતિ જોવા મળી. જે ગામડાંઓને તેમની બાબતોને અસરકારક રીતે સંચાલિત કરવાની મંજૂરી આપે છે. રાજપૂત

રાજ્યોને પદાનુક્રમિક પ્રાદેશિક માળખામાં સંગઠિત કરવામાં આવ્યા હતા. જેણે અસરકારક શાસન અને નિયંત્રણની સુવિધા આપી.

રાજપૂત શાસન વ્યવસ્થામાં નગરો અને કેન્દ્રથી દૂર આવેલા ગ્રામ-વિસ્તારમાં સ્વાયત શાસન પધ્ધતિ પ્રચલિત હતી. સતત યુધ્ધરત કાળમાં પણ ગ્રામ્ય શાસનવ્યવસ્થા શાંતિપૂર્વક ચાલતી હતી. નગરોનો પ્રબંધ ચૂંટાયેલા પ્રતિનિધિઓની સમિતિ દ્વારા થતો. નગરનો મુખ્ય અધિકારી 'નગરપતિ' કહેવાતો. કેટલાક નગરોમાં પાંચ સભ્યોની બનેલી 'પંચકુલ' નામની સમિતિ વહીવટ કરતી. ગામડામાં ગ્રામ-પંચાયતો દ્વારા શાસન ચાલતું. ગ્રામ પંચાયતને 'ગ્રામસભા' કહેવામાં આવતી. ગ્રામસભા મહેસૂલ વસૂલાત કરવી, મંદિરોની દેખરેખ રાખવી, તળાવો તથા સિંચાઈની વ્યવસ્થા તથા વેપારની સગવડતા માટે રસ્તાનું બાંધકામ તથા જૂના રસ્તાઓનં સમારકામ કરાવતા. વળી રોગીઓ અને અશક્તો તથા બિમારીથી પીડીત વ્યક્તિઓ માટે ઋગ્ણાલયો ખોલાવતા. ગ્રામ-શાસનના સંચાલન માટે જુદી-જુદી ગ્રામસભા દીવાની અને ફોજદારી મુકદમાઓમાં ન્યાય આપવાનું કાર્ય પણ કરતી હતી.

આમ, રાજપૂત રાજ્યોનું પ્રાંતીય વહીવટીતંત્ર એક સુવ્યવસ્થિત પ્રણાલીનું પ્રતિનિધિત્વ કરે છે. જે કેન્દ્રીય સત્તાને સ્થાનિક શાસન સાથે સંતુલિત કરે છે. જે કાર્યક્ષમ શાસન જ નહી પરંતુ રાજપૂત રાજ્યોની સ્થિરતા અને સમૃદ્ધિમાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. વળી રાજપૂત રાજ્યોમાં સ્થાનિક વહીવટીતંત્ર, ગામના વડાની ભૂમિકા અને સ્થાનિક શાસન અને સ્વાયત્તતા વિકેન્દ્રિત શાસનની અસરકારકતાનો પુરાવો હતો. તે રાજપૂત રાજ્યોની સ્થિરતા અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરીને સંસાધનોના કાર્યક્ષમ સંચાલન, વિવાદોના ઝડપી નિરાકરણ અને સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે મંજૂરી આપે છે.

## 8.4 લશ્કરી વહીવટ

રાજપૂત સૈન્ય અનેક અલગ અલગ એકમોથી બનેલું હતું. જેમાં પ્રત્યેકની ચોક્કસ ભૂમિકાઓ અને જવાબદારીઓ હતી. સૈન્યનો મુખ્ય ભાગ રાજપૂત યોદ્ધાઓનો બનેલો હતો. જેઓ તેમની બહાદુરી, શૌર્ય અને યુદ્ધ કૌશલ્ય માટે પ્રખ્યાત હતા. આ યોદ્ધાઓ સામાન્ય રીતે રાજપૂત કુળના સભ્યો હતા. જેઓ તેમના પ્રદેશોમાં નોંધપાત્ર શક્તિ અને પ્રભાવ ધરાવતા હતા. રાજપૂત યોદ્ધાઓ ઘોડા પર બેસીને લડતા હતા અને તલવારો, ભાલા અને ધનુષ્યનો ઉપયોગ કરવામાં માહિર હતા. ઘોડેસવાર સેના રાજપૂત સૈન્યની ચુનંદા દળની રચના હતી અને સીધી લડાઈમાં ભાગ લેતી હતી.

આ ઉપરાંત સૈન્યમાં પાયદળનો સમાવેશ થતો હતો. જેમાં પગપાળા સૈનિકોનો સમાવેશ થતો હતો. જેઓ યુદ્ધમાં ઘોડેસવારોને ટેકો આપતા હતા. પાયદળ વિવિધ જૂથોથી બનેલું હતું; જેમાં સ્થાનિક ગ્રામજનો, ભાડૂતી સૈનિકો અને સહયોગી જાતિઓના સૈનિકોનો સમાવેશ થાય છે. આ પગપાળા સૈનિકો તલવારો, ઢાલ અને ધનુષ્ય જેવા શસ્ત્રોની શ્રેણી વહન કરતા હતા અને લાઈનોને પકડી રાખવામાં અને ઘોડેસવારોને આવરણ પૂરું પાડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવતા હતા. સૈન્યમાં પાયદળ અને ગજ હતા. સમય જતાં રથનો ઉપયોગ ઓછો થયો હતો. વિશેષ કરીને રાજપૂતાનામાં કેટલાક રાજાઓ ઊંટ ઉપર સવારી કરતા હતા. બંગાળના પાલો પાસે નૌકાદળ હતું. કનોજનું હયદળ શક્તિશાળી હતું. ઘોડાઓ અરબસ્તાનથી આયાત થતાં. પ્રતિહાર અને રાષ્ટ્રકૂટોનાં સૈન્યમાં તેમના પ્રદેશના લોકોની ભરતી થતી. સૈનીકોને પગાર સરકારી તિજોરીમાંથી મળતો અને તે સાથે સરકારી ભંડારમાંથી તેમની કેટલીકવાર અન્ન પણ મળતું. સેનાપતિ લશ્કરનો વડો હતો. સેનાના પદાધીકારીઓને રણભાંડાગારિક, અશ્વપતિ અને હસ્તાધ્યક્ષ કહેવામાં આવતા. મહાસેનાપતિ રાજા પછીનો સૌથી ઉચ્ચ અધિકારી હતો. દુર્ગોના રક્ષણની જવાબદારી 'કોટપાલ' અને 'દ્વારપાલ' ને શિરે હતી.

## 8.5 સંરક્ષણ પદ્ધિતઓ અને કિલ્લેબંધી



ચિત્તોડગઢનો કિલ્લો

રાજપૂત રાજ્યો તેમના પ્રચંડ કિલ્લેબંધી માટે પ્રખ્યાત છે. જેણે રક્ષણાત્મક માળખાં અને શક્તિના પ્રતીક બંને તરીકે સેવા આપી હતી. આ કિલ્લાઓ વ્યૂહાત્મક રીતે ટેકરીઓ, પર્વતો અને અન્ય કુદરતી રીતે રક્ષણ કરી શકાય તેવી જગ્યાઓ પર સ્થિત હતા. જેના કારણે તેમને ઘેરી લેવા અને કબજે કરવા મુશ્કેલ હતા. રાજપૂત કિલ્લાઓનું સ્થાપત્ય વિશાળ દિવાલો, સંરક્ષણના અનેક સ્તરો અને જટિલ ડિઝાઈન દ્વારા દર્શાવવામાં આવ્યું હતું. જે કાર્યક્ષમતા અને સૌંદર્યલક્ષી અપીલ બંનેને પ્રતિબિંબિત કરે છે.

રાજપૂત કિલ્લેબંધીની મુખ્ય વિશેષતાઓમાં ઉંચી લડાઈઓ, કિલ્લેબંધીવાળા દરવાજા અને ગઢનો સમાવેશ થાય છે. આ કિલ્લાઓની દિવાલોને મોટાભાગે જાડા પથ્થરથી મજબુત બનાવવામાં આવી હતી અને ઘેરાબંધી શસ્ત્રો દ્વારા હુમલાનો સામનો

કરવા માટે ડીઝાઈન કરવામાં આવી હતી. જેનાથી તેઓ કિલ્લાનું અસરકારક રીતે રક્ષણ કરી શકે.

કિલ્લાઓની અંદર પાણીના ભંડાર, અનાજ ભંડાર અને લાંબા ગાળાના સંરક્ષણ માટેની જોગવાઈઓ હતી. આ જોગવાઈઓ સુનિશ્ચિત કરે છે કે રહેવાસીઓ ભૂખમરો અથવા નિર્જલીકરણનો ભોગ બન્યા વિના લાંબા સમય સુધી ઘેરાબંધીનો સામનો કરી શકે છે. કિલ્લાઓમાં શાહી પરિવાર, સૈનિકો અને વહીવટી અધિકારીઓ માટે રહેણાંક નિવાસસ્થાન પણ હતા.



આમેરનો કિલ્લો

રાજપૂત રાજ્યોના લશ્કરી વહીવટીતંત્રે, તેની સુવ્યવસ્થિત સેનાઓ, સખત તાલીમ શાસન અને પ્રચંડ કિલ્લેબંધી સાથે, તેમની સાર્વભૌમત્વ જાળવી રાખવામાં અને બાહ્ય આક્રમણોનો પ્રતિકાર કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. કુંભલગઢના કિલ્લામાં વિરશીરોમણિ મહારાણા પ્રતાપનો જન્મ થયો હતો. જેમનો સિસોદિયા વંશ હતો. રાજપૂતકાલિન કિલ્લાઓમાં આમેર, ચિતોડ, કુંભલગઢ, રણથંભોર, મેહરગઢના કિલ્લાઓ ખૂબ જ મહત્વના છે. ગુજરાતમાં સોલંકીકાલિન ઝીંઝુવાડા, કથકોટનો કિલ્લો જોવા મળે છે. મધ્યપ્રદેશમાં ગ્વાલિયરનો કિલ્લો, સિંગોરગઢ કિલ્લો, ઉત્તરપ્રદેશમાં કાલિંજર કિલ્લો ચંદેલ રાજપૂતોએ બંધાવ્યો હતો. ઉપરાંત ઝાંસીનો કિલ્લો, કાગડાનો કિલ્લો, અમરકોટનો કિલ્લો એ મધ્યયુગીન રાજપૂત શાસકો દ્વારા બનાવેલા ઉત્તમ સંરક્ષણના ઉદાહરણો છે.

## 8.6 મહેસૂલ વ્યવસ્થા

### 8.6.1 જમીન મહેસૂલ અને કરવેરા :

અહી રાજ્યની આવકનું મુખ્ય સાધન 'ભાગભોગ' કે 'રાજભોગ (મહેસૂલ)' કહેવાતું. રાજપૂત રાજ્યોમાં મહેસૂલ વ્યવસ્થા મુખ્યત્વે કૃષિ આધારિત હતી. અહી જમીનની આવક એ રાજ્યની આવકમાં કરોડરજ્જુની સમાન હતી. જમીન સૌથી નોંધપાત્ર સંપત્તિ હતી અને કરવેરા પ્રણાલીની રચના કૃષિ ઉત્પાદનમાંથી આવક મેળવવા માટે કરવામાં આવી હતી. જમીન મહેસૂલનું મૂલ્યાંકન સામાન્ય રીતે જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા પર આધારિત હતું. જેને વિવિધ શ્રેણીઓમાં

વર્ગીકૃત કરવામાં આવ્યું હતું. મહેસૂલ ઉઘરાવનાર અધિકારીને તંત્રપાલ, અગ્રહારે કહેવાતા હતા.

અહીં ભાગ, ભોગ, બલી, હિરણ્ય, બટાઈ તરીકે ઓળખાતી આ પ્રણાલીમાં પાકનો એક નિશ્ચિત હિસ્સો, ઘણીવાર છઠ્ઠા ભાગથી એક ચતુર્થાંશ જેટલો રાજ્યને આપવો જરૂરી હતો. કેટલાક પ્રદેશોમાં હિરણ્ય કર રોકડમાં એકત્રિત કરવામાં આવતો હતો. આ સિવાય ઉદ્યોગો અને સિમણશૂલ્ક પણ લેવાતો. આ જમીન મહેસૂલ અને કર સ્થાનિય પંચાયતો દ્વારા એકત્રીત કરવામાં આવતા હતા અને પંચાયતો વહીવટ માટે સ્વતંત્ર હતી. ઉદ્ધંગએ અસ્થાયી રૂપે ખેતી કરતા ખેડૂતો પાસેથી ઉઘરાવતો કર હતો. રાજપૂતોએ ખેતીના વિકાસ માટે તળાવો, કૂવાઓ અને નહેરો બંધાવી હતી.

ખેતી એ રાજપૂત યુગની સમાજની આવકનું મુખ્ય સાધન હતું. આ સમયે ઘઉં, જવ, મસુર, તલ, શેરડી, દાળ વિવિધ પ્રકારના ચોખા વગેરેનું ઉત્પાદન થતું હતું. જમીનની માલિકી રાજા અને ખેડૂત બંને હતી. રાજાને નિયમિતરૂપે ખેડૂતોને કર આપવો પડતો. ચાહમલ રાજા અર્ણોરાજ અને તેના પુત્ર વિસલદેવે આનાસાગર અને વિસલસર નામક તળાવો બંધાવ્યા હતા. ચંદેલ શાસકોએ મહોબા અને પરમાર શાસકોએ  ધારાનગરીમાં જળાશયોનું નિર્માણ કરાવ્યું હતું. ભોજે ભોપાલની પાસે ભોજસ્તર તળાવ બંધાવ્યું હતું. ખેતી સિવાય બીજા અન્ય વ્યવસાયો પણ મહત્વના હતા. જેમાં સુથારકામ, લુહારકામ, રથકારકામ, સોનીકામ વગેરે કામ મહત્વના હતા. ઈ.સ.૧૨મી સદી પછી કર રોકડમાં લેવાની શરૂઆત થઈ. આરંભમાં મુખી કર વસૂલ કરતા. આ ઉપરાંત રાજપૂત શાસકોએ કર વસૂલ કરવા સામંતોને કામ સોંપ્યું હતું. મહેસૂલ ઉપરાંત સામંતો પાસેથી પ્રાપ્ત થતા કર અને ભેટ-સોગાદો, વેપાર અને ધંધા પર લેવાતા વેરા, તેમજ જીતાયેલા રાજ્યની લૂંટમાંથી મળેલું ધન અને ખંડણી આવકનાં સાધન હતા. ગોવિંદચંદ્રના લેખ પરથી જણાય છે કે મુસ્લિમોના આક્રમણ સામે ગહડવાલ રાજ્યમાં 'તુરુષ્કદંડ' નામનો વધારાનો વેરો ઉઘરાવાતો. બહારથી આવતા માલ પર જકાત રૂપે 'મંડપિકા' કર લેવાતો. કરની વસૂલાતને સરળ બનાવવા માટે રાજ્યએ વાર્ષિક સર્વક્ષણો થતા. જેમાં પાકના ઉત્પાદન મુજબ કરના દરો ગોઠવાતા. દુષ્કાળ અથવા નબળી લણણીના સમયમાં રાજ્ય કર રાહત આપી શકે છે અથવા ખેડૂતોને મુશ્કેલી ન પડે તે માટે વસૂલાતને સ્થગિત કરી શકે.

**8.6.2 આર્થિક નીતિઓ અને વેપાર :**

રાજપૂત રાજ્યોની અર્થવ્યવસ્થામાં વેપારે મહત્વની ભૂમિકા ભજવી હતી. વાણિજ્ય વ્યવસાય ઉપર દેખરેખ રાખવા માટે એક અલગ વિભાગ હતો. તેના કર્મચારીઓ અંતર્દેશીય તથા વિદેશ ખાતેના વેપાર ઉપરની જકાત વસૂલ કરવાની

તથા વસ્તુઓનું મૂલ્ય નક્કી કરવાની અને રાજ્યોમાં ઉપયોગ થતી વસ્તુઓ મંગાવવાની વ્યવસ્થા કરતા. નદીઓ અને સ્થળ માર્ગ વ્યાપાર ચાલતો. મિસર, ચીન, દક્ષિણ પૂર્વ એશિયા અને ફારસ સાથે વ્યાપાર ચાલતો હતો. ૧૧મી તથા ૧૨મી સદીમાં ચંદેલ, પરમાર, ચૌહાણ તેમના સમયમાં વાણિજ્યમાં પ્રગતિ થઈ હતી. તે સમયે મોટા-મોટા પાણીના જહાજો બનાવવામાં આવતા હતા. પ્રબંધકોથી જાણવા મળે છે કે વ્યાપારીઓને તેમના જાનમાલની સુરક્ષા માટે સૈનિક મદદ પણ આપવામાં આવતી હતી. માર્કોપોલોએ ગુજરાતમાં કપાસની ખેતીનો ઉલ્લેખ કર્યો છે. ગહડવાલ શાસકોએ 'દ્રમ' નામના સિક્કા બહાર પાડ્યા હતા. કલચુરી રાજા ગાંગેલ દેવ દ્વારા સોનાના સિક્કા બહાર પાડ્યા હતા. 'ગધૈય' નામના સિક્કાનું પ્રચલન જોવા મળતું હતું. ભૃગુકચ્છ, સૂર્પારક, ખંભાત, તામ્રલિપી વગેરે મહત્વના બંદરો હતા. ચીન પ્રવાસી ચાઉ-કુઆનના વર્ણન પ્રમાણે ભારતીય માલ ખરીદવા માટે ચીનને મોટા પ્રમાણમાં સ્વર્ણ મુદ્રાઓ આપવી પડતી હતી. આમ વેપાર માર્ગો સાથે વ્યૂહાત્મક સ્થાનો દ્વારા સુવિધા આપવામાં  આવી હતી. આ આર્થિક પ્રવૃત્તિઓમાંથી પેદા થતી આવક રાજ્યના લશ્કરી અને વહીવટીતંત્રને જાળવવા માટે મહત્વપૂર્ણ હતી. આ સમય દરમ્યાન નિકાસક્ષેત્રે કાપડનું સૂતર, કપડાં, મલમલ, ચામડા, સુગંધીદાર પદાર્થ, ચંદન, સાગનું લાકડું અને હાથીદાંત, હીરા વગેરે મોલવવામાં આવતું હતું. વેપારીઓને 'વ્યવહારિક' તરીકે વર્ણન મળે છે. અભિલેખોમાં ઘોટક અને સાર્થવાહ જેવા બે વર્ગ વેપારીઓમાં મુખ્ય હતા. માર્કોપોલોના જણાવ્યા અનુસાર થાણામાં ૧૩મી સદીમાં પશ્ચિમ એશિયામાંથી સોનું, ચાંદી અને તાંબાની આયાત થતી હતી. અરબસ્તાનથી ઘોડાઓની આયાત થતી. દખ્ખણમાં રાષ્ટ્રકૂટો ભરૂચ અને કલ્યાણનાં મોટા બંદરોએથી તથા નવસારી, સોપારા, થાણાં, સૈમુર, ડભોઈ, જયગડ, દેવગડ અને માલવણનાં નાનાં બંદરોએથી નિયમિત સમુદ્રતટીય વેપાર ખેડતાં હતા. આમ એકંદરે રજપૂતકાલિન સમયગાળામાં આંતરિક તથા વિદેશી વ્યાપાર ખૂબ જ સમૃધ્ધ હતો.

**(ખ) તમારી જાતે ચકાસો.**

**(૧) જોડકા જોડો.**

| | |
|---|---|
| ૧. ચંદબરદાઈ | ૧. પૃથ્વીરાજ રાસો |
| ૨. દુર્ગના રક્ષક | ૨. ચૌહાણવંશ |
| ૩. જૌહર | ૩. સ્ત્રીઓ દ્વારા સામૂહિક આત્મદાહ |
| ૪. અજમેર | ૪. કોટપાલ |

(૨) નીચેના વિધાનો વાંચી તે ખરા(✓)છે કે ખોટા (✗) તેની નિશાની કરો.

૧. ચંદબરદાઈએ પૃથ્વરાજ રાસોની રચના કરી હતી.

૨. રાજપૂત રાજ્યોના પતન માટે વિવિધ રાજપૂત કુળો વચ્ચે સતત આંતરિક સંઘર્ષ અને ઝઘડા હતા.

૩. ઉદ્રંગ એ સસ્થાઈરૂપે ખેતી કરતા ખેડૂતો પાસેથી ઉઘરાવાતો કર હતો.

(૩)રાજપૂત રાજ્યોમાં લશ્કરી વહીવટ વિશે માહિતી આપો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

## 8.7 ન્યાયિક પ્રણાલી

### 8.7.1 ન્યાયિક વહીવટનું માળખું :

પ્રાચીનકાળથી જ રાજા રાજ્યશાસનમાં ન્યાયતંત્રનો સર્વોચ્ચ અધિકારી હતો અને તેણે આપેલો ન્યાય અંતિમ ગણાતો. રાજપૂત રાજ્યોનું ન્યાયિક વહીવટ એ એક સારી રીતે વ્યાખ્યાયિત વ્યવસ્થા હતી. જે તે સમયના સામાજિક ધોરણો અને વંશવેલો માળખાને પ્રતિબિંબિત કરતી હતી. કેન્દ્રથી સ્થાનિક સુધી બહુવિધ સ્તરે ન્યાયિક વ્યવસ્થા કરવામાં આવી હતી. આ બંધારણની ટોચ પર રાજા હતો. જે ન્યાયની તમામ બાબતોમાં સર્વોચ્ચ સત્તાધીશ ગણાતો હતો. રાજાની સાથે વિવિધ અધિકારીઓ અને અદાલતો હતી. જે ન્યાયિક બાબતોનું સંચાલન કરતી હતી. જે સુનિશ્ચિત કરતી હતી કે સમગ્ર રાજ્યમાં કાયદાકીય મુદ્દાઓને અસરકારક રીતે અમલીકરણ થઈ શકે.

કેન્દ્રીય અદાલત, ઘણીવાર રાજાના મહેલમાં યોજાતી જે અપીલની સર્વોચ્ચ અદાલત હતી. આ અદાલતે ખાનદાની, જમીન અને ગંભીર ફોજદારી બાબતોને લગતા વિવાદો સહિત નોંધપાત્ર કેસોની કાર્યવાહી કરી હતી. રાજાએ આ કેસોની અધ્યક્ષાતા કરી, પ્રધાનોની મદદથી તથા કાનૂની સલાહ આપનાર વિદ્વાન માણસો દ્વારા કાયદા અને શાસનમાં તેમની કુશળતા માટે જાણીતા આ સલાહકારોએ કાનૂની ગ્રંથો અને રિવાજોના અર્થઘટનમાં નિર્ણાયક ભૂમિકા ભજવી ન્યાય આપતા હતા.

પંચાયતો દ્વારા પણ ન્યાયનું કાર્ય સારી રીતે ચાલતું. વિષય (જિલ્લા) માં ન્યાયધીશોને નગરશેઠો અને સ્થાનિક કાયસ્થોની મદદ મળી હતી. ગ્રામસભાના સભ્યોની સહાયથી ગ્રામમાં અધિકારીઓ ન્યાય કરતા. કેટલીક બાબતોમાં ગ્રામસભા પોતે ન્યાય આપતી અને સજા કરતી. ન્યાય ખાતાના અધ્યક્ષને 'મહાધર્માધ્યક્ષ' કહેવામાં આવતો. પ્રાંતોમાં સામંતો પણ ન્યાય આપવાનું કાર્ય કરતા. ગંભીર ગુનાઓમાં કઠોર સજાઓ થતી હતી.

## 8.8 રાજપૂતકાલિન શાસન વ્યવસ્થાના આંતરિક અને બાહ્ય પડકારો

રાજપૂત રાજ્યોની વહીવટી પ્રણાલીને અસંખ્ય આંતરિક અને બાહ્ય પડકારોનો સામનો કરવો પડ્યો જે આખરે તેના પતન તરફ દોરી ગયો. આંતરિક રીતે રાજપૂત રાજ્યો ઘણીવાર વિવિધ કુળો અને પરિવારો વચ્ચેના ઝઘડા અને હરીફાઈથી પીડાતા હતા. રાજપૂત સમાજ અસંખ્ય કુળોમાં સંગઠિત હતો. જેમાં પ્રત્યેકનું નેતૃત્વ એક સરદાર અથવા રાજા કરતા હતા અને આ કુળો વારંવાર પ્રદેશ, સત્તા અને સન્માનને લઈને તકરારમાં રોકાયેલા હતા. આવા આંતરિક ઝઘડાએ રાજપૂત રાજ્યોની રાજકીય સ્થિરતા અને વહીવટી કાર્યક્ષમતાને નબળી પાડી.

વધુમાં, રાજપૂત રાજ્યોમાં સામંતવાદી માળખું હતું. જ્યાં સ્થાનિક સરદારો અને ઉમરાવો, ઠાકુર અથવા જાગીરદાર તરીકે ઓળખાતા. અહી તેઓ નોંધપાત્ર સ્વાયત્તતા ભોગવતા હતા. જ્યારે આ વિકેન્દ્રીકરણ સ્થાનિક શાસન માટે પરવાનગી આપે છે તે પણ કેન્દ્રિય નિયંત્રણ અને વહીવટમાં એકરૂપતા જાળવવામાં મુશ્કેલીઓ તરફ દોરી જાય છે. આ ઉમરાવોની તેમના રાજાઓ પ્રત્યેની વફાદારી ઘણી વખત નાજુક હતી. જે વારંવાર બળવો અને કેન્દ્રીય સત્તા માટે પડકારો તરફ દોરી જાય છે.

બાહ્ય રીતે  રાજપૂત રાજ્યો પડોશી શક્તિઓ તરફથી સતત જોખમમાં હતા. દિલ્હી સલ્તનતના ઉદય અને બાદમાં મુઘલ સામ્રાજ્યએ રાજપૂત રાજ્યો પર નોંધપાત્ર દબાણ લાવ્યા. મુઘલ વિજયોની રાજપૂત વહીવટી વ્યવસ્થા પર ઉંડી અસર પડી હતી. બાબર, હુમાયુ, અકબર અને ઔરંગઝેબ જેવા શાસકોના નેતૃત્વ હેઠળ મુઘલોએ રાજપૂત રાજ્યો સામે અનેક ઝુંબેશ ચલાવી હતી. રાજપૂતો જેઓ તેમની બહાદુરી અને યુદ્ધના પરાક્રમ માટે જાણીતા હતા. તેમણે મુઘલ વિસ્તરણનો ઉગ્ર પ્રતિકાર કર્યો. જો કે, મુઘલોની શ્રેષ્ઠ સૈન્ય વ્યૂહરચના, સંસાધનો અને સંગઠનાત્મક કૌશલ્યો આખરે ઘણા રાજપૂત રાજ્યોને તાબે થવા તરફ દોરી ગયા. આ ઉપરાંત રાજપૂત રાજ્યોએ મરાઠાઓ અને બ્રિટીશ ઈસ્ટ ઈન્ડીયા કંપની જેવી ઊભરતી સભાઓ તરફથી નવા પડકારનો સામનો કરવો પડ્યો. મુઘલ કેન્દ્રીય સત્તા નબળી પડતા સત્તામાં શૂન્યાવકાશ

સર્જાયો અને રાજપૂત રાજ્યો જે પહેલેથી વહીવટી અને લશ્કરી રીતે નબળા હતા. તે નવા પડકારો સામે ટકી શક્યા નહીં. ઘણા રાજપૂત રાજ્યો આખરે બ્રિટીશ વસાહતી શાસન હેઠળ આવી ગયા તથા પરંપરાગત વહીવટી પ્રણાલીનો અંત આવ્યો.

## 8.9 રાજપૂત વહીવટીતંત્રનો વારસો

### 8.9.1 ભારતીય વહીવટી પ્રણાલીઓ પર કાયમી અસર :

રાજપૂત રાજ્યોની વહીવટી વ્યવસ્થાએ ત્યારપછીની ભારતીય વહીવટી પ્રણાલીઓ પર ઉંડી અને કાયમી અસર છોડી હતી. રાજપૂત વહીવટની મુખ્ય વિશેષતાઓમાંની એક તેમના સામ્રાજ્યોને પ્રાંત (સુબા) અને જિલ્લાઓ (પરગણા) જેવા વ્યવસ્થિત એકમોમાં વિભાજીત કરવાની હતી. આ પદાનુક્રમિક માળખું કાર્યક્ષમ શાસનની સુવિધા આપે છે અને બાદમાં મુઘલો અને બ્રિટિશ સંસ્થાનવાદી વહીવટીતંત્ર દ્વારા તેને અપનાવવામાં આવ્યું હતું અને શુદ્ધ કરવામાં આવ્યું હતું. સ્થાનિક સ્વ-શાસનની વિભાવના, ગ્રામ પંચાયતોમાં મૂર્તિમંત છે. જે વિવિધ શાસનો દ્વારા ટકી રહી છે અને આજે ભારતના વહીવટી માળખાનો એક અભિન્ન ભાગ છે.

રાજપૂત રાજ્યોએ પણ કેન્દ્રિય સત્તા અને સ્થાનિક સ્વાયત્તતા વચ્ચે સંતુલન પર ભાર મૂક્યો હતો. જ્યારે રાજા અથવા મહારાજા સર્વોચ્ચ સત્તા ધરાવતા હતા. અહીં સ્થાનિક સરદારો અને ગામના વડાઓને તેમના અધિકારક્ષેત્રમાં નોંધપાત્ર સ્વાયત્તતા હતી. આ બેવડા અભિગમે સ્થિરતા સુનિશ્ચિત કરી અને બળવો ઓછો કર્યો. જમીન સર્વેક્ષણો અને મૂલ્યાંકન પર આધારિત રાજપૂતોની કાર્યક્ષમ મહેસૂલ વસૂલાત પ્રણાલી મુઘલો દ્વારા અપનાવવામાં આવી હતી અને વધુ વિકસિત કરવામાં આવી હતી. જેમણે જમીનદારી પ્રણાલીની સ્થાપના કરી હતી તથા પાછળથી ભારતમાં બ્રિટિશ મહેસૂલ નીતિઓને પ્રભાવિત કરી હતી.

### 8.9.2 સાંસ્કૃતિક અને સામાજિક યોગદાન :



પૃથ્વીરાજ ચૌહાણ

રાજપૂત વહીવટ માત્ર શાસન માટે જ નહી પરંતુ સાંસ્કૃતિક અને સામાજિક વિકાસ માટે પણ હતો. રાજપૂત શાસકો કલા, સ્થાપત્ય અને સાહિત્યના મહાન આશ્રયદાતા હતા. તેમણે એક સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો પાછળ છોડી દીધો જે આજે પણે પ્રેરણા આપતો રહે છે. તેઓએ ભવ્ય કિલ્લાઓ, મહેલો અને મંદિરો

બનાવ્યા. જેમાંથી ઘણા હવે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટસ છે. જે વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષે છે. જટિલ કોતરણી, ભવ્ય રચનાઓ અને નવીન સ્થાપત્ય શૈલીઓ તેમની સૌંદર્યલક્ષી સંવેદનશીલતા અને એન્જિનિયરિંગ કૌશલ્યોનો પુરાવો છે. 'માનસાર', 'માનસોલ્લાસ', 'સમરાંગણ સૂત્ર', 'શિલ્પ પ્રકાશ' વગેરેમાં મંદિર બનાવવાના વિવિધ નિયમો જોવા મળે છે. રાજપૂત રાજાઓ મંદિર નિર્માતાઓ હતા. રાજપૂતકાલિન મંદિરોમાં દેલવાડાના દેરા, ભુવનેશ્વરના મંદિરો, ખજૂરાહોના મંદિરો વગેરે નોંધપાત્ર છે. પ્રતિહાર શાસકોએ જોધપુરમાં સિધ્ધેશ્વર મહાદેવનું મંદિર બંધાવ્યું. પ્રતિહાર રાજા મિહિરભોજે પોતાના અંતઃપૂરમાં ભગવાન વિષ્ણુનું મંદિર બનાવ્યું હતું. સોલંકી શાસકો પણ મહાન નિર્માતાઓ હતા. તેમના મંત્રીઓયે પછી અનેક મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. તેમના ધનાઢ્ય વેપારીઓએ મોટા પ્રમાણમાં દાન આપ્યા. ગુજરાતના પ્રમુખ મંદિરોમાં મોઢેરાનું સૂર્યમંદિર, સોમનાથ મંદિર ઉલ્લેખનીય છે.  આબુમાં જૈનમંદિરોમાં દેલવાડાના દેરા અદભૂત રચનાનું પ્રતિક છે. રાજા ભીમદેવ પહેલાના મંત્રી વિમલ શાહે ૧૧મી સદીમાં વિમલશાહી નામનું મંદિર બનાવ્યું હતું. બુંદેલ ખંડના છતપુરમાં આવેલ ખજુરાહો મંદિર ચંદલ રાજવીઓની અદ્વિતીય વાસ્તુકલાના નમુના છે.

રાજપૂતોએ પ્રાદેશિક ભાષાઓ અને સાહિત્યના વિકાસને પણ પ્રોત્સાહન આપ્યું. રાજપૂત રાજાઓના દરબારો શિક્ષણના કેન્દ્રો હતા. જ્યાં કવિઓ, વિદ્વાનો અને કલાકારોને આશ્રય અપાતો. આ સમર્થનને કારણે સંસ્કૃત, પ્રાકૃત અને પ્રાદેશિક ભાષાઓમાં અસંખ્ય સાહિત્યક કૃતિઓનું



**ખજુરાહો મંદિર**

સર્જન થયું. પરમાર રાજા મુંજ અને ભોજ ઉચ્ચકોટીના કવિ હતા. મુંજના દરબારમાં 'નવસહસાંક' ચરિતના રચયિતા પદ્મગુપ્ત નિવાસ કરતા. સિધ્ધરાજના દરબારમાં હેમચંદ્રાચાર્ય દ્વારા 'સિધ્ધહેમશબ્દાનુંશાસન' ની રચના કરી હતી. ચાલુક્યરાજ સોમેશ્વરે 'માનસોલ્લાસ' ની રચના કરી હતી. આ સિવાય શંકરાચાર્ય, રામાનુંજાચાર્ય, મંડનમિશ્ર, વલ્લભાચાર્ય, મીરાંબાઈ વગેરે ધાર્મિક મહંતો રાજપૂત યુગને શોભાવતા હતા. પૃથ્વીરાજના સમયમાં ચંદબરદાઈએ 'પૃથ્વીરાજરાસો' ની રચના કરી હતી. અજમેરમાં ચૌહાણવંશના શાસકોનું શાસન હતું.

### 8.9.3 આધુનિક ભારતમાં રાજપૂત વારસો :

રાજપૂત વહીવટનો વારસો આધુનિક ભારતમાં હજુ પણ સ્પષ્ટ છે. આર્કિટેક્ચર, કળા અને સંસ્કૃતિમાં તેમના યોગદાનને દેશભરના ઘણા ઐતિહાસિક સ્થળો અને સંગ્રહાલયોમાં સાચવવામાં આવ્યા છે. જયપુર, ઉદયપુર અને જોધપુર જેવા શહેરો માત્ર મહત્વપૂર્ણ પર્યટન સ્થળો જ નથી પણ રાજપૂત સ્થાપત્ય અને શહેરી આયોજનના કાયમી વારસાના પ્રતીક પણ છે.



જયપુર શહેર

સમકાલીન ભારતમાં રાજપૂત પરિવારોના વંશજો ઘણીવાર નેતૃત્વ અને સેવાનો વારસો ચાલુ રાખીને રાજકારણ, વ્યવસાય અને સમાજમાં અગ્રણી ભૂમિકા ભજવે છે. સન્માન, બહાદુરી અને વફાદારીના પરંપરાગત રાજપૂત મૂલ્યો હજુ પણ આદરણીય છે અને ભારતના સાંસ્કૃતિક નૈતિકતાનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

રાજપૂત વહીવટીતંત્રનો પ્રભાવ તેમની સાંસ્કૃતિક પ્રથાઓના સંરક્ષણ અને પ્રચારમાં પણ જોવા મળે છે. દિવાળી, હોળી અને દશેરા જેવા તહેવારો એવા પ્રદેશોમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. જે એક સમયે રાજપૂતાનાનો ભાગ હતા. પરંપરાગત સંગીત અને નૃત્ય સ્વરુપો જેમ કે કથક અને ઘૂમર, જેને રાજપૂત દરબારો દ્વારા આશ્રય આપવામાં આવ્યો હતો, તે હજુ પણ કરવામાં આવે છે અને ઉજવવામાં આવે છે.

વધુમાં, સમુદાય અને સામાજિક વ્યવસ્થા પરના રાજપૂત ભારતને આધુનિક ભારતીય સમાજમાં પડઘો મળ્યો છે. ગ્રામ પંચાયત પ્રણાલી, જે સ્થાનિક સ્વ-શાસન અને સમુદાયની ભાગીદારીને સુનિશ્ચિત કરે છે. તેના મૂળ રાજપૂત યુગમાં છે અને તે ભારતમાં ગ્રામીણવહીવટનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

રાજપૂત વહીવટનો વારસો કાર્યક્ષમ શાસન, સાંસ્કૃતિક સમર્થન અને સામાજિક વિકાસનું મિશ્રણ છે. ભારતીય વહીવટી પ્રણાલીઓ, સાંસ્કૃતિક અને સામાજિક યોગદાન અને કાયમી વારસો પર તેમની અસર આધુનિક ભારતને આકાર અને પ્રેરણા આપતી રહે છે. જે રાજપૂત વારસાની સમૃદ્ધિ અને વિવિધતાને પ્રતિબિંબિત કરે છે.

**(ક)તમારી જાતે ચકાસો.**

**૧. નીચેની ખાલી જગ્યા પૂરો.**

**(૧) મેવાડમાં ................ વંશના શાસકોનું શાસન હતું.**

**(૨) સોમેશ્વરની રચના ................ હતી.**

**(૩) રાજપૂત રાજ્યોમાં કરવેરા મુખ્યત્વે ................ આધારીત હતા.**

**(૪) રાજપૂત રાજ્યો ................ મી સદીની આસપાસ નોંધપાત્ર રાજકીય સંસ્થાઓ તરીકે ઉભરી આવ્યા હતા.**

**૨. રાજપૂત શાસનના રાજકીય માળખામાં સામંતીપ્રણાલી વિશે માહિતી આપો.**

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

## 8.10 સમાપન

રાજપૂતોએ ભારતના શરૂઆતના મધ્યયુગમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેઓ શૌર્ય અને પ્રેમભાવનાના પ્રતીક સમાન હતા. તેઓ શૈવ કે વૈષ્ણવ ધર્મના હોવા છતાં ઉદાર અને સહિષ્ણુ હતા. તેઓ ગાય, બ્રાહ્મણ, સ્ત્રી, શરણાર્થી વગેરેનું રક્ષણ કરતા હતા. તેઓ યુધ્ધમાં દગો અને પીછેહઠ કરતા ન હોતા. તેમણે આઠમી સદીથી બારમી સદી સુધી તથા ત્યારબાદ પણ મુસ્લિમોની સત્તાના ફેલાવાને રોકીને હિન્દુ ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ કર્યું. વફાદારી, ખાનદાની, ટેકીલાપણું, સ્ત્રી સન્માનની ભાવના એ તેમના મુખ્ય ગુણ હતા. તેઓ સાહિત્ય, શિક્ષણ અને કલાઓને પ્રોત્સાહન આપતા હતા. માળવાના પરમાર, ગુજરાતના ચાલુક્ય, તાંજોરના ચોલ વગેરે રાજાઓએ લોકકલ્યાણના કાર્યો કર્યા હતા તથા ભવ્ય મંદિરો બંધાવ્યા હતા. યુધ્ધમાં જીતવાની

આશા ન હોય તો તેઓ કેસરિયા કરતા હતા તથા રાજપૂતાણીઓ જૌહર કરતી હતી. રાજપૂત શાસકોમાં કેટલીક ઊણપો જોવા મળે છે. તેમનામાં સામંતપધ્ધતિ, નાના નાના રાજ્યોમાં વિભાજન, અંદરો-અંદરની લડાઈઓને કારણે તેમની હાર થઈ હતી. તેમનામાં કુલાભિમાન, વેરઝેર, દ્વેષભાવ જોવા મળે છે. પરિણામે વિદેશી આક્રમણો સામે રાજપૂત શાસકો ટકી શક્યા નહિ અને તેમની હાર થઈ.

## 8.11. ચાવીરૂપ શબ્દો

- રાજપૂત રાજ્યો – ઉત્તર પશ્ચિમ પ્રદેશમાં સ્થિત રજવાડાઓ
- મહારાણા – મહાન રાજા
- જૌહર – સામુદાયિક આત્મદાહ
- સામંતપ્રથા – અમીર ઉમરાવોના આધાર કે વર્ચસ્વવાળી શાસન પધ્ધતિ

## 8.12. તમારી જાતે ચકાસોના જવાબો.

(ક) (૧) સિસોદીયા (૨) માનસોલ્લાસ (૩) કૃષિ (૪) ૭મી સદી

(ખ) (૧) ૧-૧, ૨-૪, ૩-૩, ૪-૨

(૨) ૧ - ✓, ૨ - ✓, ૩ - ✓

## 9.13. સ્વાધ્યાય

(૧) રાજપૂત રાજ્યોની ન્યાયવ્યવસ્થાનો પરિચય આપો.

(૨) રાજપૂત રાજ્યોની વહીવટી એકમો અને સ્થાનિક શાસનનો પરિચય આપો.

(૩) રાજપૂત રાજ્યોના વિવિધ સાહિત્યિક રચનાઓ વિશે જણાવો.

(૪) રાજપૂત શાસકોના પતન માટે જવાબદાર પરીબળો જણાવો.

## 8.14. સંદર્ભ અને વિશેષ વાચન


- શર્મા જી.એન., રાજપૂત પોલિટી : અ સ્ટડી ઓફ પોલિટિક્સ એન્ડ એડમિનિસ્ટ્રેશન ઓફ ધ સ્ટેટ ઓફ મારવાડ, ૧૬૩૮-૧૭૪૯, મનોહર પબ્લિકેશન્સ, ૧૯૯૦
- જેમ્સ ટોડ, સ્મિથ. એલ્ડર અને કાં., રાજસ્થાનના ઈતિહાસ અને પ્રાચીન વસ્તુઓ અથવા ભારતન મધ્ય અને પશ્ચિમી રાજપૂત રાજ્યો, ૧૮૨૯
- સિંઘ સબિતા. સટલેજ. બ્રિટિશ ભારતમાં ખેડૂતો અને સાધુઓ, ૨૦૦૬

- એશર કેથરિન બી. અને સિન્થિયા ટેલ્બોટ, યુરોપ પહેલા ભારત, કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ, ૨૦૦૬
- ઉપિન્દર સિંઘ. પ્રાચીન અને પ્રારંભિક મધ્યયુગીન ભારતનો ઈતિહાસ : પથ્થર યુગથી ૧૨મી સદી સુધી, પીયર્સન એજ્યુકેશન ઈન્ડિયા, ૨૦૦૮
- સતીશચંદ્ર. મધ્યકાલીન ભારત : સલ્તનતથી મુઘલો-દિલ્હી સલ્તનત સુધી (૧૨૦૬-૧૫૨૬) ભાગ-૧, હર-આનંદ પબ્લિકેશન્સ, ૨૦૦૪
- રોમિલા પાથર. ધ પેગ્વિન હિસ્ટ્રી ઓફ અર્લી ઈન્ડિયા : ફ્રોમ ધ ઓરિજિન્સ ટુ એડી ૧૩૦૦, પેગ્વિન બુક્સ ઈન્ડિયા, ૨૦૦૩
- R.C. મજમુદાર. ભારતીય લોકોનો ઈતિહાસ અને સંસ્કૃતિ : મુઘલ સામ્રાજ્ય, ભારતીય વિદ્યા ભવન, ૧૯૭૭
- ડૉ.સતીશચંદ્ર, મધ્યકાલિન ભારત ભાગ-૧ અને ભાગ-૨, જવાહર પબ્લિશર્સ, ન્યૂ દિલ્હી
- ડૉ.છોટુભાઈ નાયક, મધ્યકાલિન ભારત, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
- https://www.jagran.com/lifestyle/travel-tourism-chittorgarh-fort-is-known-as-largest-fort-of-india-know-its-history-23649388.html
- https://www.fabhotels.com/blog/amer-fort-rajasthan/
- https://www.zeebiz.com/trending/news-prithviraj-chauhan-jayanti-date-2023-photo-history-wife-lesser-known-facts-235491
- https://unsplash.com/s/photos/khajuraho
- https://jaipurbeat.com/2017/05/17/witness-the-rise-of-the-pink-city-jaipur-now-and-then/

# એકમ - 9 દિલ્હી સલ્તનતનું વહીવટ – ઈસ્લામિક થિયરી ઓફ સ્ટેટ

:: રૂપરેખા ::

**9.0** ઉદ્દેશો

**9.1** પ્રસ્તાવના

**9.1.1** દિલ્હી સલ્તનતની ઝાંખી

**9.1.2** ભારતમાં ઈસ્લામિક શાસનનો ઉદભવ

**9.2** ઈસ્લામિક થિયરી ઓફ સ્ટેટ

**9.2.1**ઈસ્લામિક શાસનના મુખ્ય સિદ્ધાંતો તથા ઈસ્લામમાં સાર્વભૌમત્વનો ખ્યાલ

**9.2.2** ઈસ્લામિક રાજકીય સિદ્ધાંતમાં ખિલાફતની ભૂમિકા

**9.3** દિલ્હી સલ્તનતનું વહીવટી માળખું

**9.3.1** સુલતાન : સત્તા અને જવાબદારીઓ

**9.3.2** વઝીરની ભૂમિકા (દીવાન-ઈ-વીઝારત)

**9.3.3** દીવાન-એ-આરઝ : લશ્કરી વહીવટ

**9.3.4** દિવાન-એ-રિસાલત : વિદેશી બાબતોનો વિભાગ

**9.3.5** દિવાન-એ-ઈશા : પત્રવ્યવહાર વિભાગ

(ક)તમારી જાતે ચકાસો.

**9.4** પ્રાંતીય વહીવટ

**9.4.1** ઈક્તા પ્રણાલી : મહેસૂલ અને લશ્કરી વહીવટ

**9.4.2** મુક્તિ અને વાલીની ભૂમિકાઓ

**9.5** ન્યાયિક વહીવટ

**9.5.1** કાઝીઓ (ન્યાયધીશો) ની ભૂમિકા અને તેમના અધિકારક્ષેત્ર

**9.5.2** ઈસ્લામિક રાજ્યમાં ન્યાયનો ખ્યાલ

**9.6** મહેસૂલ વહીવટ

**9.6.1** આવકના સ્રોતો : જકાત, જજિયા, ખરાજ, ખસ્સ

**9.6.2** જમીન મહેસૂલ વ્યવસ્થા અને તેનું મહત્વ

**9.6.3** આર્થિક નીતિઓ અને વેપાર નિયમો

**9.7 લશ્કરી વહીવટ**

**9.7.1 લશ્કરની રચના અને સંગઠન**

**9.8 ધાર્મિક અને સાંસ્કૃતિક નીતિઓ**

**9.8.1 ઈસ્લામિક સંસ્થાઓ અને વિદ્વાનોનું સમર્થન**

**9.8.2 ઈસ્લામિક શિક્ષણ અને સંસ્કૃતિનો પ્રચાર**

**9.8.3 બિન-મુસ્લિમ સમુદાયો સાથેના સંબંધો**

**(ખ) તમારી જાતે ચકાસો.**

**9.9 સારાંશ**

**9.10 ચાવીરૂપ શબ્દો**

**9.11 તમારી જાતે ચકાસોના જવાબો.**

**9.12 સ્વાધ્યાય**

**9.13 સંદર્ભ અને વિશેષ વાચન**

## 9.0 ઉદ્દેશો (Objectives)

- દિલ્હી સલ્તનતના વહીવટીતંત્ર વિશે જાણી શકાશે.
- સલ્તનત સમયમાં ભારતમાં ઈસ્લામિક શાસન તથા ધાર્મિક માન્યતાઓ વિશે જાણી શકાશે.
- સલ્તનત સમયમાં ભારતીય સમાજ તથા વ્યવસ્થાઓમાં આવેલ પરિવર્તન વિશે જાણી શકાશે.

## 9.1 પ્રસ્તાવના (Introduction)

દિલ્હીના તૂર્કી સુલતાનો તેમની સાથે રાજ્ય માટેના ત્રણ ઈસ્લામ સિધ્ધાંતો લઈને આવ્યા હતા. પવિત્ર કુરાન, એક જ સર્વોપરી શાસક જે મહંમદ પયગમ્બરના અનુગામી તરીકે ખલિફા સ્વરૂપે હોય અને એક રાષ્ટ્ર એટલે 'મિલ્લત' અર્થાત મુસ્લિમ ભાતૃત્વવાળી પ્રજાનું રાષ્ટ્ર. આરંભથી જ તેનું સ્વરૂપ અર્ધલશ્કરી અને અર્ધરાજાશાહી-અમીરશાહીવાળું હતું. અમીરોના ટેકાથી સુલતાન બનતા. દિલ્હી સલ્તનતની રાજનીતિના પડઘા પ્રાદેશિક સ્વતંત્ર હિન્દુ રાજ્યોમાં પણ પડ્યા. ઉત્તર ભારતમાં રાજસ્થાનના રાજપૂતોએ ગાય, બ્રાહ્મણ અને હિંદુ ધર્મના રક્ષણને પોતાની ફરજ માની. જ્યારે દક્ષિણમાં વિજયનગરના સમ્રાટોએ તો હિન્દુ ધર્મના રક્ષણને જ પોતાનું લક્ષ બનાવ્યું. આ સિવાય દિલ્હી સલ્તનત સમયમાં વહીવટી વ્યવસ્થાનું ચોક્કસ

માળખું અમલમાં હતું. અહી 'વજીર' સલ્તનત સમયનું વહીવટનું ખૂબ જ મહત્વનું પદ હતું. આ ઉપરાંત 'નાઝિર', 'દીવાને-કઝા', 'સહઉસસૂકૂર', 'દીવાનેઈન્શા', 'દીવાન-એ-રિસાલત', 'દીવાન-એ-આર્ઝ' નામના અધિકારીઓની મદદથી નાણાં ખાતુ, ખેતીવાડી, બાંધકામ, પત્રવ્યવહાર વગેરે વિભાગોનું કામ સુચારુ રૂપથી ચાલતું.

### 9.1.1 દિલ્હી સલ્તનતની ઝાંખી

દિલ્હી સલ્તનત એ નોંધપાત્ર ઈસ્લામિક સામ્રાજ્ય હતું. જેણે ૧૩મી સદીની શરૂઆતથી ૧૬મી સદીની શરૂઆત સુધી ભારતીય ઉપખંડના મોટાભાગ પર શાસન કર્યું હતું. તે ભારતમાં મુસ્લિમ શાસનની સ્થાપનાને ચિહ્નિત કરે છે અને ઉપખંડના રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક ભૂમિકાની એક નવા યુગની શરૂઆત કરી હતી. રાજપૂત સામ્રાજ્યોની હાર પછી સલ્તનતની સ્થાપના કરવામાં આવી હતી અને તેની રાજધાની દિલ્હીમાં કેન્દ્રિત હતી. જે અનુગામી રાજવંશો માટે સત્તાનું કેન્દ્ર બન્યું હતું. દિલ્હી સલ્તનતમાં પાંચ મુખ્ય રાજવંશો દ્વારા શાસન કરવામાં આવ્યું હતું. મામલુક (ગુલામ) રાજવંશ, ખલજી રાજવંશ, તુગલક રાજવંશ, સૈયદ રાજવંશ અને લોદી રાજવંશ.

દિલ્હી સલ્તનત તેની વહીવટી નવીનતાઓ, લશ્કરી વિજયો અને ભારતીય સમાજમાં ઈસ્લામિક સ્થાપત્ય, સંસ્કૃતિ અને કાયદાની રજૂઆત માટે જાણીતી છે. તેણે ઉપખંડને મોંગોલ આક્રમણોથી બચાવવામાં અને વર્તમાન બાંગ્લાદેશ, પાકિસ્તાન અને દક્ષિણ ભારતના ભાગો સહિત વિવિધ પ્રદેશોમાં તેનો પ્રભાવ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી.

### 9.1.2 ભારતમાં ઈસ્લામિક શાસનનો ઉદભવ

દિલ્હી સલ્તનતની સ્થાપના સાથે ભારતમાં ઈસ્લામિક શાસનનો ઉદ્દભવ થયો. ભારતમાં આવેલા ઈસ્લામિક શાસકો તેમની સાથે રાજકીય અને વહીવટી સિદ્ધાંતો લાવ્યા હતા. જે ઈસ્લામિક વિશ્વમાં સદીઓથી વિકસેલા ઈસ્લામિક રાજ્યના સિદ્ધાંતમાં છે. આ શાસનવ્યવસ્થા દૈવી સાર્વભૌમત્વની વિભાવના પર આધારિત હતું. જયાં શાસકને પૃથ્વી પર અલ્લાહનો પ્રતિનિધિ માનવામાં આવતો હતો અને તે ન્યાય અને શરિયા (ઈસ્લામિક કાયદો) ના સિદ્ધાંતોને જાળવી રાખવા માટે જવાબદાર હતો.

ઈસ્લામિક શાસકોએ વહીવટની એક પ્રણાલી લાગુ કરી જે કેન્દ્રિય અને વંશવેલો બંને હતી. જેમાં સુલતાન ટોચ પર હતો. ત્યારબાદ વિવિધ અધિકારીઓ જેઓ શાસનના વિવિધ પાસાઓનું સંચાલન કરતા હતા. જેમ કે મહેસૂલ સંગ્રહ,

લશ્કરી સંગઠન અને ન્યાયિક બાબતો. ઈસ્લામિક શાસન વ્યવસ્થા એ નવી પ્રણાલીઓ દાખલ કરી જેમ કે ઈક્તા પ્રણાલી જ્યાં લશ્કરી અધિકારીઓને તેમની સેવાના બદલામાં જમીન મહેસૂલ સોંપવામાં આવી હતી.

ઈસ્લામિક શાસનનો ઉદ્દભવ પણ ઈસ્લામિક સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંસ્થાઓના એકીકરણ તરફ દોરી ગયો. ઈસ્લામિક ઉપદેશો અને અરબી અને ફારસી ભાષાઓના પ્રસારને પ્રોત્સાહન આપ્યું. આ સમયગાળામાં મસ્જિદો, મદરેસાઓ (ઈસ્લામિક શાળાઓ) અને ઈસ્લામિક કાયદાની અદાલતોની સ્થાપના જોવા મળી જે હાલની સ્થાનિક પરંપરાઓ અને કાયદાઓ સાથે સહઅસ્તિત્વ ધરાવે છે જે ઈન્ડો-ઈસ્લામિક સંસ્કૃતિના અનન્ય મિશ્રણ તરફ દોરી જાય છે.

દિલ્હી સલ્તનતે ભારતમાં ઈસ્લામિક શાસન માળખાનો પાયો નાખ્યો જેણે સદીઓથી પ્રદેશના રાજકીય, સાંસ્કૃતિક અને સામાજિક વિકાસને પ્રભાવિત કર્યા.

## 9.2 ઈસ્લામિક થિયરી ઓફ સ્ટેટ

### 9.2.1ઈસ્લામિક શાસનના મુખ્ય  સિદ્ધાંતો તથા ઈસ્લામમાં સાર્વભૌમત્વનો ખ્યાલ :

ઈસ્લામિક શાસન મુખ્ય સિદ્ધાંતો પર આધારિત છે. જે ઈસ્લામિક ઉપદેશો અનુસાર રાજ્ય ચલાવવાની રીતનું માર્ગદર્શન આપે છે. આ સિદ્ધાંતો કુરાન (ઈસ્લામનું પવિત્ર પુસ્તક) અને હદીસ (પયગંબર મુહમ્મદની વાતો અને ક્રિયાઓ) માંથી લેવામાં આવ્યા છે. અહીં મુખ્ય સિદ્ધાંતો છે : ઈસ્લામિક, રાજકીય વિચારમાં, સાર્વભૌમત્વનો અર્થ એ છે કે અંતિમસત્તા ફક્ત અલ્લાહની છે.

- **દૈવી સાર્વભૌમત્વ :** ઈસ્લામમાં એવું માનવામાં આવે છે કે અંતિમ સત્તા અલ્લાહ (ઇશ્વર) ની છે. પૃથ્વી પરના શાસકોને અલ્લાહના પ્રતિનિધિ માનવામાં આવે છે અને તેમની મુખ્ય ફરજ દૈવી કાયદો (શરિયા) લાગુ કરવાની અને લોકો માટે ન્યાય સુનિશ્ચિત કરવાની છે. શાસક તરીકે સુલતાન હોય કે અમીર અહી પૃથ્વી પર અલ્લાહના  પ્રતિનિધિ તરીકે જોવામાં આવે છે.
- **શરિયા કાયદો :** ઈસ્લામિક રાજ્યમાં કાનૂની વ્યવસ્થા શરિયા પર આધારિત છે. જે કાયદા, કૌટુંબિક બાબતો, અર્થશાસ્ત્ર અને વ્યક્તિગત આચરણ સહિત જીવનના તમામ પાસાઓને આવરી લે છે. શરિયાનો હેતુ લોકોને ઈસ્લામિક સિદ્ધાંતો અનુસાર જીવવા માટે માર્ગદર્શન આપવાનો છે.
- **ન્યાય :** ન્યાય એ ઈસ્લામિક શાસન માટે કેન્દ્રિય છે. શાસકે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે સમાજના તમામ પાસાઓમાં ન્યાયી અને સમાનતા જળવાઈ રહે. આમાં

બિન-મુસ્લિમો સહિત તમામ લોકોના અધિકારોનું રક્ષણ થાય તે સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે.

- **પરામર્શ (શુરા) :** ઈસ્લામિક શાસન પરામર્શના મહત્વ પર ભાર મૂકે છે. નિર્ણય લેતા પહેલા શાસક દ્વારા સમુદાયના જાણકાર અને આદરણીય સભ્યો સાથે સલાહ લેવાની અપેક્ષા રાખવામાં આવે છે. આ સુનિશ્ચિત કરવામાં મદદ કરે છે કે નિર્ણયો સમુદાયના શ્રેષ્ઠ હિતમાં લેવામાં આવે છે અને ઈસ્લામિક મૂલ્યો સાથે સુસંગત છે.
- **જવાબદારી (માસુલીયાહ) અને સોંપાયેલી સત્તા** : ઈસ્લામિક રાજ્યમાં, શાસક અલ્લાહ અને લોકો બંને માટે જવાબદાર છે. શાસકની ક્રિયાઓ ઈસ્લામિક સિદ્ધાંતોને પ્રતિબિંબિત કરતી હોવી જોઈએ અને જો તેઓ આમ કરવામાં નિષ્ફળ જાય તો તેમને જવાબદાર ઠેરવી શકાય છે અને સત્તા પરથી દૂર પણ કરી શકાય છે. શાસકોએ ન્યાય પૂર્ણ રીતે શાસન કરવું જોઈએ. કોઈપણ શાસન કે જે ઈસ્લામિક સિધ્ધાંતોની વિરુધ્ધ જાય તેને અમાન્ય ગણવામાં આવે છે.
- **લોકોનું કલ્યાણ (મસલાહ) :** ઈસ્લામિક શાસનમાં લોકોની સુખાકારી એ મુખ્ય ચિંતા છે. રાજ્ય તેની વસ્તીની જરૂરીયાતો પૂરી પાડવા માટે જવાબદાર છે. જેમ કે, ખોરાક, આશ્રય, શિક્ષણ અને સુરક્ષા. મોટાભાગે જનહિતને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેવામાં આવે છે.
- **માનવસત્તા પર મર્યાદાઓ :** ઈસ્લામમાં કોઈપણ માનવ શાસક સંપૂર્ણ સત્તાનો દાવો કરી શકતો નથી. તમામ માનવસત્તા દૈવી કાયદા દ્વારા મર્યાદિત છે. તે સુનિશ્ચિત કરે છે કે શાસકો અલ્લાહ અને લોકો બંને માટે જવાબદાર રહે.

### 9.2.2 ઈસ્લામિક રાજકીય સિદ્ધાંતમાં ખિલાફતની ભૂમિકા :

ખિલાફત ઈસ્લામિક શાસનમાં એક મહત્વપૂર્ણ સંસ્થા છે અને ઈસ્લામિક શાસનના આદર્શ સ્વરૂપનું પ્રતિનિધિત્વ કરે છે. ખિલાફતની નીચેની ભૂમિકાઓ છે.

- **ઉત્તરાધિકારી તરીકે ખલીફા :** ઈસ્લામના સ્થાપક મુહમ્મદ પેગંબર ધર્મના તેમજ સામ્રાજ્યના પણ વડા હતા. તેમને કોઈ પુત્ર ન હતો. પરિણામે તેમના વારસાની ચૂંટણી કરાઈ અને હજરત અબૂબકર પહેલા ખલીફા થયા. આ રીતે 'ખિલાફત' નામની સંસ્થા અસ્તિત્વમાં આવી. ''ખલીફા'' શબ્દનો અર્થ ''અનુગામી'' થાય છે અને મુસ્લિમ સમુદાયની આગેવાનીમાં ખલીફાને પ્રોફેટ મુહમ્મદના અનુગામી તરીકે જોવામાં આવે છે. ખલીફા મુસ્લિમ ઉમ્મા (સમુદાય) ની એકતા જાળવવા, શરિયા લાગુ કરવા અને ન્યાય અને લોકોના કલ્યાણની ખાતરી કરવા માટે જવાબદાર છે.

- **ખલીફાની જવાબદારીઓ :** ખલીફાની મુખ્ય ફરજોમાં ઈસ્લામિક આસ્થાનું રક્ષણ, ઈસ્લામિક કાયદાનો અમલ, રાજ્યને બાહ્ય જોખમોથી બચાવવા અને સામાજિક અને આર્થિક ન્યાયને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે. આમ તે સમગ્ર ઈસ્લામ સંપ્રદાયનો વડો હતો પરિણામે કોઈપણ નાના કે મોટા મુસ્લિમ શાસકોને પોતાના રાજ્ય માટે ખલીફાની મંજૂરી મેળવવી જરૂરી હતી.
- **ખિલફાતની કાયદેસરતા :** જો ખલીફા ઈસ્લામિક સિદ્ધાંતોનું પાલન કરે અને લોકોની સંમતિ મેળવે તો ખિલાફતને કાયદેસર ગણવામાં આવે છે. ઐતિહાસિક રીતે ખલીફાની પસંદગીમાં સમુદાયના આગેવાનો વચ્ચે પરામર્શનો સમાવેશ થયો હતો અને ખલીફા ન્યાયપૂર્ણ અને ધર્મનિષ્ઠાપૂર્વક શાસન કરે તેવી અપેક્ષા રાખવામાં આવતી હતી. દિલ્હીના સુલતાનો પણ ખલીફાની બહાલી મેળવીને સિક્કાઓ પર ખલીફાનું નામ કોતરાવતા અને નમાજ સમયે ખલીફાના 'ખૂત્બા' વંચાવતા.
- **પતન અને વારસો :** ૨૦મી સદીની શરૂઆતમાં ઓટ્ટોમન સામ્રાજ્યના પતન પછી સંસ્થા તરીકે ખિલાફતનો ઘટાડો થયો હોવા છતાં, ઈસ્લામિક રાજકીય વિચારમાં આ ખ્યાલ મહત્વપૂર્ણ રહે છે. ઘણા મુસ્લિમો હજુ પણ ખિલાફતને શાસનની એક આદર્શ પ્રણાલી તરીકે જુએ છે. જે ન્યાયી નેતા હેઠળ મુસ્લિમ વિશ્વની એકતાનું પ્રતીક છે. ઈસ્લામિક રાજ્યના સિદ્ધાંત, દૈવી સાર્વભૌમત્વ, શરિયા, ન્યાય અને ખિલાફત પર તેના ભાર સાથે દિલ્હી સલ્તનતના શાસનને આકાર આપવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. સલ્તનતના શાસકોએ ભારતના વૈવિધ્યસભર અને જટિલ સાંસ્કૃતિક અને રાજકીય વાતાવરણને અનુરૂપતા સાથે આ સિદ્ધાંતોને અનુસરવાનું લક્ષ્ય રાખ્યું હતું.

## 9.3 દિલ્હી સલ્તનતનું રાજકીય માળખું

### 9.3.1 સુલતાન : સત્તા અને જવાબદારીઓ :

રાજ્યમાં સર્વોચ્ચ સત્તા ધરાવતા દિલ્હી સલ્તનતના રાજકીય માળખામાં સુલતાન કેન્દ્રીય વ્યક્તિ હતા. સુલતાનની સત્તાઓ અને જવાબદારીઓ વિશાળ હતી. જેમાં શાસન, વહીવટ અને સૈન્યના તમામ પાસાઓનો સમાવેશ થતો હતો. સુલતાન સૈધ્ધાંતિક રીતે ખલીફાને આધિન હતો પરંતુ વ્યવહારમાં સ્વતંત્ર હતો.

- **સંપૂર્ણ સત્તા :** રાજ્ય પર સંપૂર્ણ સત્તા સાથે સુલતાન સર્વોચ્ચ શાસક હતો. તેઓ સરકાર, લશ્કર અને ન્યાયતંત્રના વડા હતા. તમામ કાયદાઓ અને નીતિઓને આખરે સુલતાન દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા. ભારતમાં ઘણાં તૂર્કી સુલતાનોએ પોતાને બગદાદના અબ્બસિહ વંશના ખલિફાના

'નાયબ' જાહેર કરી, 'ખુત્બા' માં ખલિફાના નામનો સમાવેશ કરી પોતાની નેતાગીરી અને સત્તાને કાયદેસરનું સ્વરૂપ આપેલું.

- **સર્વોચ્ચ સેનાપતિ :** સૈન્યના વડા તરીકે સુલતાન લડાઈમાં સૈન્યનું નેતૃત્વ કરે છે અને બાહ્ય જોખમો સામે રાજ્યનો બચાવ કરવા માટે જવાબદાર હતો. તેમણે લશ્કરી સંસાધનોનું પણ સંચાલન કર્યું અને વિવિધ લશ્કરી અભિયાનોનું નેતૃત્વ કરવા માટે સેનાપતિઓની નિમણૂક કરી.
- **વહીવટી નિયંત્રણ :** સુલતાન રાજ્યના સમગ્ર વહીવટ માટે જવાબદાર હતો. તેમણે વઝીર (વડાપ્રધાન) સહિત મુખ્ય અધિકારીઓની નિમણૂક કરી અને રાજ્યની રોજબરોજની બાબતોનું સંચાલન કરતા વિવિધ વિભાગોની દેખરેખ રાખી.
- **ન્યાય અને કાયદો :** સુલતાન રાજ્યની સર્વોચ્ચ ન્યાયિક સત્તા હતી. તેમણે સુનિશ્ચિત કર્યું કે ઈસ્લામિક કાયદા (શરિયા) અને રાજ્યના નિયમો અનુસાર ન્યાય આપવામાં આવે. સુલતાન પાસે વ્યક્તિઓને માફ કરવાની અથવા સજાઓ ઘટાડવાની સત્તા પણ હતી.
- **ધાર્મિક સમર્થન :** સુલતાને રાજ્યની અંદર ઈસ્લામના પ્રચાર અને રક્ષણમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. તેમણે ધાર્મિક વિદ્વાનોને ટેકો આપ્યો, મસ્જિદો બાંધી અને ખાતરી કરી કે ઈસ્લામિક પ્રથાઓનું સમર્થન કરવામાં આવે.

### 9.3.2 વઝીરની ભૂમિકા (દિવાન-ઈ-વીઝારત) :



ફિરોઝશાહ તુઘલક

દિવાન-ઈ-વીઝારત કે પાછળથી 'ખ્વાજાજહાઁ' તરીકે ઓળખાતા વઝીર અથવા સુલતાનના મુખ્ય સલાહકાર અને સુલતાન પછી સૌથી શક્તિશાળી અધિકારી હતા. વઝીરના કાર્યાલયને 'દિવાન-એ-વઝારત' કહેતા. દિલ્હી સલ્તનતના વહીવટ અને શાસનમાં વઝીરની ભૂમિકા નિર્ણાયક હતી. સલ્તનતના વહીવટીતંત્રમાં ચાવીરૂપ સ્થાન વઝીરનું હતું. વઝીર પગાર તરીકે 'ઈકતા' જમીનજાગીર અપાતી.

- **મુખ્ય વહીવટકર્તા :** વઝીર રાજ્યના વહીવટનો હવાલો સંભાળતા હતા. વઝીરના વહીવટી કાર્યો બદલાતા રહેતા. વિવિધ વિભાગોની કામગીરીની દેખરેખ રાખતો હતો અને સુલતાનના આદેશનો અમલ થાય છે તેની ખાતરી કરતો હતો. તેમણે રાજ્યની પ્રવૃત્તિઓનું સંકલન કર્યું અને સુલતાન અને અન્ય અધિકારીઓ વચ્ચે સેતુ તરીકે કામ કર્યું. સુલતાનની ગેરહાજરીમાં રાજધાની દિલ્હીનો વહીવટ ચલાવવા

જેવા અધિકારીનો સમાવેશ થતો. વઝીરને પગાર તરીકે 'ઈકતા' જમીનજાગીર અપાતી.

- **નાણાંકીય વ્યવસ્થાપન :** વઝીરની મુખ્ય જવાબદારીઓમાં એક રાજ્યના  નાંણાનું સંચાલન કરવાની હતી. તેમણે કરની વસૂલાતની દેખરેખ રાખી, રાજ્યના ખર્ચનું સંચાલન કર્યું. વઝીરે આર્થિક આયોજન અને સંસાધનોની ફાળવણીમાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. સમગ્ર વહીવટીતંત્રનો વડો હોવાની સાથે સાથે વઝીર પાસે રાજ્યના નાણાં વિભાગનો હવાલો રહેતો. નાણાંખાતા અંતર્ગત ચાર વિભાગ રહેતા. જેમાં હિસાબ (દિવાન-એ-ઈસરાફ), મહેસૂલ (દિવાન-એ-વિઝારત), જાહેર બાંધકામ (દિવાન-એ-ઈમારત) અને ખેતીવાડી (દિવાન-એ-કોહી) ખાતાઓનો સમાવેશ થાય છે. રાજ્યના કર્મચારીઓ તથા અધિકારીઓની પગાર વહેંચવાની જવાબદારી તેની પાસે રહેતી. આને કારણે તેમના પર તેનો અસરકારક અંકુશ રહેતો. તેમના વિભાગ દ્વારા વિદ્વાનો, ગરીબો અને જરૂરીયાતવાળાને આર્થિક સહાય આપવામાં આવતી. ફિરોઝશાહ તુઘલકના સમયમાં 'મુશરિફ-એ-મુમાલિક' આવકનો તથા 'મુસ્તોફી-એ-મુમાલિક' ને ખર્ચનો હિસાબ રાખવાની કામગીરી સોંપવામાં આવી હતી.
- **ભરતી અને તાલીમ :** દિવાન-એ-આરઝ સૈનિકોની ભરતી અને તેમની તાલીમનું નિરીક્ષણ કરે છે. તે સુનિશ્ચિત કરે છે કે સૈન્ય સારી રીતે તૈયાર છે અને રાજ્યની રક્ષા કરવા અને લશ્કરી અભિયાન ચલાવવા માટે પર્યાપ્ત રીતે સજ્જ છે. અલાઉદ્દીન ખીલજીએ સશસ્ત્ર દળોની નિયમિત હાજરી પત્રક રાખવાની રાજ્યમાં ઘોડા પર દાગ અંકિત કરવાની અને કાયમી શક્તિશાળી લશ્કર રચવા જેવી મહત્વપૂર્ણ કામગીરી કરી હતી.
- **લશ્કરી વ્યવસ્થા :** આ વિભાગ સૈન્ય વ્યવસ્થાનું સંચાલન કરે છે જેમાં શસ્ત્રો, ઘોડાઓ અને યુદ્ધ માટે જરૂરી અન્ય આવશ્યક સામગ્રીનો પુરવઠો સામેલ છે. તે સૈનિકો, તેમની સેવા અને પુરસ્કારોનો રેકોર્ડ પણ જાળવી રાખે છે. 'દીવાન-એ-અર્ઝ' તરીકે ઓળખાતા આ વિભાગનો વડો 'આરીઝ-એ-મુમાલિક' મુખ્યત્વે  કેન્દ્ર સરકાના લશ્કર તથા સામંતોના લશ્કરની તે દેખરેખ રાખતા.
- **શિસ્ત અને સંગઠન :** સૈન્યમાં શિસ્ત જાળવવા માટે દીવાન-એ-આરઝ જવાબદાર હતા. તેણે લશ્કરી નિયમો  લાગુ કર્યા અને ખાતરી કરી કે સૈન્ય સંગઠિત છે અને યુદ્ધ માટે દરેક સમયે તૈયાર છે.
- **સંરક્ષણ વ્યૂહરચના :** વિભાગે સંરક્ષણ વ્યૂહરચના ઘડવામાં અને લશ્કરી કામગીરીનું આયોજન કરવામાં ભૂમિકા ભજવી હતી. તેણે સુલતાનને સૈન્ય બાબતોમાં સલાહ આપી અને લશ્કરી અભિયાન ચલાવવામાં મદદ કરી.

### 9.3.4 દિવાન-એ-રિસાલત : વિદેશી બાબતોનો વિભાગ :

ડૉ.હબીબુલ્લાહના મતે તે વિદેશી બાબતો સંભાળતો. દિવાન-એ-રિસાલત એ સલ્તનતના વિદેશી સંબંધોના સંચાલન માટે જવાબદાર વિભાગ હતો. તે અન્ય રાજ્યો સાથે રાજદ્વારી પત્રવ્યવહાર, સંધિઓ અને જોડાણો સાથે વ્યવહાર કરે છે. અહી ભારતીય દેશી રાજાઓ તથા અન્ય એશિયાઈ સત્તાઓ સાથે સંબંધો સ્થાપવાની મહત્વની જવાબદારી તેની હતી.

- **રાજદ્વારી પત્રવ્યવહાર :** દિવાન-એ-રિસાલત સલ્તનત અને વિદેશી સત્તાઓ વચ્ચેના તમામ પત્રવ્યવહારનું સંચાલન કરતી હતી. આમાં રાજદ્વારી સંબંધોથી સંબંધિત પત્રો, સંધિઓ અને અન્ય સત્તાવાર દસ્તાવેજોનો સમાવેશ થાય છે.
- **સંધિઓ અને જોડાણો :** વિભાગ અન્ય રાજ્યો સાથે સંધિઓ અને જોડાણ માટે વાટાઘાટો અને મુસદ્દો તૈયાર કરવા માટે જવાબદાર હતો. તે સુનિશ્ચિત કરે છે કે તમામ રાજદ્વારી સંબંધોમાં સલ્તનતના હિતોનું રક્ષણ કરવામાં આવે.
- **રાજદૂતો :** દિવાન-એ-રિસાલતે વિદેશી અદાલતોમાં સલ્તનતનું પ્રતિનિધિત્વ કરતા રાજદૂતો અને રાજદૂતોની નિમણૂક કરી અને તેનું સંચાલન કર્યું. આ અધિકારીઓએ રાજદ્વારી સંબંધો જાળવવામાં અને ગુપ્ત માહિતી એકત્ર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.
- **વિદેશી નીતિ :** વિભાગે સુલતાનને વિદેશ નીતિની બાબતો પર સલાહ આપી અને ભારતીય ઉપખંડની અંદર અને બહાર બંને સત્તાઓ સાથે સલ્તનતની ક્રિયાપ્રતિક્રિયાઓને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી. રાજદૂતોને વિદેશ મોકલવા, વિદેશી રાજદૂતોને આવકારવા તથા વિદેશમાં સંબંધો સ્થાપવાની મહત્વની જવાબદારી.

### 9.3.5 દિવાન-એ-ઈશા : પત્રવ્યવહાર વિભાગ :

દિવાન-એ-ઈશા એ સલ્તનતના આંતરિક અને બાહ્ય પત્રવ્યવહારના સંચાલન માટે જવાબદાર વિભાગ હતો. તેણે સત્તાવાર બાબતોના સંચાર અને દસ્તાવેજીકરણમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત પ્રાંતિય સૂબાઓ, સામંત અને અન્ય અધિકારીઓ તેમજ બીજા રાજ્યો સાથેનો શાહી પત્રવ્યવહાર તેના દ્વારા થતો. તેને મદદ કરવા માટે બીજા સહાયક 'દબીરો' રહેતા.

- **સત્તાવાર સંદેશાવ્યવહાર :** દિવાન-એ-ઈશા સલ્તનતની અંદરના તમામ સત્તાવાર પત્રવ્યવહારનું સંચાલન કરતા હતા. જેમાં સુલતાનના આદેશો, વિવિધ વિભાગો વચ્ચેના સંદેશાવ્યવહાર અને પ્રાંતીય ગવર્નરોને પત્રોનો સમાવેશ થતો હતો.

- **રેકોર્ડ રાખવા :** વિભાગ તમામ પત્રવ્યવહાર અને સત્તાવાર દસ્તાવેજોના રેકોર્ડ જાળવવા માટે જવાબદાર હતો. આમાં હુકમનામા, આદેશો અને સંધિઓનો સમાવેશ થાય છે જે ખાતરી કરે છે કે તમામ સત્તાવાર સંદેશાવ્યવહાર યોગ્ય રીતે દસ્તાવેજીકૃત થયેલ છે.
- **મુસદ્દો અને સંપાદન :** દીવાન-એ-ઈંશા શાહી હુકમનામા, પત્રો અને ઘોષણાઓ સહિત સત્તાવાર દસ્તાવેજોના મુસદ્દા અને સંપાદન સાથે સંકળાયેલા હતા. તે સુનિશ્ચિત કરે છ`કે તમામ દસ્તાવેજો સ્પષ્ટ રીતે લખાયેલા છે અને સુલતાનના ઈરાદાને ચોક્કસ રીતે પ્રતિબિંબિત કરે છે.
- **આંતરિક વહીવટ :** વિભાગે સુનિશ્ચિત કરીને સલ્તનતના આંતરિક વહીવટમાં પણ ભૂમિકા ભજવી હતી કે સરકારના વિવિધ ભાગો વચ્ચે સંચાર કાર્યક્ષમ અને અસરકારક હતો.

દિલ્હી સલ્તનતનું રાજકીય માળખું અત્યંત વ્યવસ્થિત હતું, જેમાં દરેક વિભાગ અને અધિકારી માટે સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત ભૂમિકાઓ અને જવાબદારીઓ હતી. સુલતાન, કેન્દ્રીય વ્યક્તિ તરીકે, એક સુસંરચિત વહીવટ દ્વારા સમર્થિત હતો જેણે રાજ્યના કાર્યક્ષમ શાસનને સુનિશ્ચિત કર્યું હતું.

**(ક)તમારી જાતે ચકાસો.**

**૧) નીચેની ખાલી જગ્યા પૂરો.**

(૧) મામલુકવંશ બીજા ............... નામે ઓળખાતો ખતો. (ખીલજીવંશ, તુગલકવંશ, ગુલામવંશ, સૈયદવંશ)

(૨) ઈસ્લામનું પવિત્ર પુસ્તક .................. હતું. (કુરાન, બાઈબલ, ગ્રંથસાહેબ, અરેબિયા)

(૩) ઈસ્લામમાં .................. પ્રથમ ખલીફા બન્યા.

(હઝરત અબુબકર, હજત અલી, હજરત મહંમદ, હજરત બિન મહંમદ)

(૪) વઝીરના કાર્યાલયને .................. કહેવતું હતું.

(દિવાન-એ-વઝારત, દિવાન-એ-ઈંશા, દિવાન-એ-ઈસરાફ, દિવાન-એ-અર્ઝ)

(૫) દિવાન-એ-ઈંશા .................. ખાતાનો વડો હતો.

(પત્રવ્યવહાર, વિદેશ બાબતો, લશ્કરી વ્યવસ્થા, નાણાં ખાતું)

**૨) સુલતાનની સત્તાઓ અને જવાબદારીઓ વિશે જણાવો.**

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

## 9.4 પ્રાંતીય વહીવટ

### 9.4.1 ઈક્તા પ્રણાલી : મહેસૂલ અને લશ્કરી વહીવટ :

૧૩મી સદીમાં તૂર્કોએ ભારતમાં મેળવેલા પ્રદેશો 'ઈક્તા' નામે ઓળખાતા. રાજ્યના પ્રદેશોને સંખ્યાબંધ જમીન પરાઓમાં વહેંચી નાંખી જે સુલતાન પોતાના ઠેકેદાર અમીરોને આપતા. જે બંડખોરી, વિદ્રોહ, લશ્કરી નિભાવ, કાયદો વ્યવસ્થા જાળવવા માટે અપાતી.

ઈક્તા સિસ્ટમ એ દિલ્હી સલ્તનતમાં પ્રાંતીય વહીવટનો એક નિર્ણાયક ભાગ હતો. જે મહેસૂલ વસૂલાતની પદ્ધતિ અને સૈન્યને જાળવવાના સાધન બંને તરીકે કામ કરતી હતી. આ પ્રણાલી હેઠળ જેઓ મુક્તિસ અથવા ઈક્તાદાર તરીકે ઓળખાય છે. પછીના સમયમાં ઈક્તા એકમો, પ્રાંતો અથવા સૂબાઓ તરીકે ઓળખાયા. સૂબાઓના પ્રાંતો પછીના વહીવટી એકમો તરીકે 'શીક' અને પછી 'પરગણા' આવતા. પરગણાના ઉપરી તરીકે 'આમિલ' હતા. ગામના વહીવટમાં મહત્વના લોકો 'ખૂત' અને 'મુકાદમ' તરીકે ઓળખાતા. 'પટવારી' હોદ્દો ધરાવનાર  હિસબાનીશનું કામ કરતા.

### 9.4.2 મુક્તિ અને વાલીની ભૂમિકાઓ :

મુક્તિ અને વાલી દિલ્હી સલ્તનતના પ્રાંતીય વહીવટમાં મુખ્ય અધિકારીઓ હતા. તેમની અલગ-અલગ ભૂમિકાઓ અને જવાબદારીઓ હતી.

- **મુક્તિ :**

  - મુક્તિ, જેને ઈક્તાદાર તરીકે પણ ઓળખવામાં આવે છે. તે લશ્કરી અધિકારી હતા જેમને ઈક્તા આપવામાં આવી હતી.
  - મુક્તિ આવક એકત્ર કરવા અને લશ્કરી દળોની જાળવણી બંને માટે જવાબદાર હતા.
  - તેમના નિયંત્રણ હેઠળની જમીનના સંચાલનમાં તેમની પાસે નોંધપાત્ર સ્વાયત્તતા હતી પરંતુ સત્તાના દુરુપયોગને રોકવા માટે કેન્દ્ર સરકાર દ્વારા તેમની ક્રિયાઓ પર નજીકથી દેખરેખ રાખવામાં આવી હતી.
  - મુક્તિ પાસેથી તેમની ઈક્તામાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની, લોકોની સુરક્ષા કરવાની અને સુલતાનના આદેશનો અમલ થાય તેની ખાતરી કરવાની અપેક્ષા રાખવામાં આવતી હતી.

- **વાલી :**

  - વાલી એક પ્રાંતના નાગરિક વહીવટની દેખરેખ માટે સુલતાન દ્વારા નિયુક્ત ગવર્નર હતા.
  - વાલીની ફરજોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવી, સલ્તનતની નીતિઓનો અમલ કરવો અને વહીવટી તંત્રની સરળ કામગીરી સુનિશ્ચિત કરવી સામેલ છે.
  - મુક્તિથી વિપરીત, જેમણે લશ્કરી અને આવકના પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. વાલીની ભૂમિકા વધુ વહીવટી અને ન્યાયિક હતી. તે સુનિશ્ચિત કરવા માટે જવાબદાર હતા કે શરિયા કાયદા અનુસાર ન્યાય આપવામાં આવે.
  - પ્રાંતની સૈન્ય અને આવક પ્રણાલીઓ અસરકારક અને સુમેળભરી રીતે કાર્ય કરે છે તેની ખાતરી કરવા માટે વાલીએ મુક્તિ સાથે પણ સંકલન કર્યું.

દિલ્હી સલ્તનતનું પ્રાંતીય વહીવટ એ એક સુસંરચિત વ્યવસ્થા હતી. જેણે વિશાળ અને વૈવિધ્યસભર સામ્રાજ્યના કાર્યક્ષમ શાસનને મંજૂરી આપી હતી. ઈક્તા પ્રણાલીએ મહેસૂલ સંગ્રહ અને લશ્કરી જાળવણી બંનેમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. જ્યારે મુક્તિ અને વાલીની ભૂમિકાઓ એ સુનિશ્ચિત કરે છે કે લશ્કરી અને નાગરિક બંને બાબતોનું અસરકારક રીતે સંચાલન કરવામાં આવે. પ્રાંતીય સ્વાયત્તતા અને કેન્દ્રીય દેખરેખ વચ્ચેના સંતુલનથી સલ્તનતને સ્થાનિક જરૂરિયાતો અને

પરિસ્થિતિઓને સમાયોજિત કરતી વખતે તેના પ્રદેશો પર નિયંત્રણ જાળવી રાખવાની મંજૂરી મળી.

## 9.5 ન્યાયિક વહીવટ

સલ્તનત સમયમાં શાસક પોતે સર્વોચ્ચ ન્યાયધીશ હતો. તે અન્ય ન્યાયધીશો નીમતો. સુલતાન બલ્બને તેના ઉચ્ચ અધિકારીઓને પણ બાકાત ન રાખતા રાજ્યના ઉચ્ચ અધિકારીઓને પણ શિક્ષા કરી હતી. સલ્તનતમાં શહેર, નગર કે ગ્રામ્ય વિસ્તારની અદાલતોના અધિકાર અને કાર્યક્ષેત્રની અસ્પષ્ટતા હતી તથા 'કાઝી' નામે ઓળખાતા ન્યાયિક અધિકારીઓ જોવા મળે છે.

### 9.5.1 કાઝીઓ (ન્યાયાધીશો) ની ભૂમિકા અને તેમના અધિકારક્ષેત્ર :

દિલ્હી સલ્તનતની ન્યાયિક પ્રણાલી કાઝી અથવા ન્યાયાધીશોની ભૂમિકા પર ખૂબ આધાર રાખતી હતી. તેમને મદદ કરવા માટે મુક્તિઓ અને મુહતસિબ જેવા પોલીસ અધિકારીઓની નિમણૂંક થતી.

- **કાઝીઓની નિમણૂક :** સુલતાન દ્વારા સલ્તનતના વિવિધ પ્રદેશો અને શહેરોમાં અદાલતોની અધ્યક્ષતા માટે કાઝીઓની નિમણૂક કરવામાં આવી હતી. તેઓને ઈસ્લામિક કાયદાના જ્ઞાન, ન્યાય અને ધર્મનિષ્ઠા માટે તેમને માટે પસંદ કરવામાં આવ્યા હતા.
- **કાઝીનું અધિકારક્ષેત્ર :** કાઝીઓ પાસે ફોજદારી કેસો, કૌટુંબિક વિવાદો, વારસાગત બાબતો અને વ્યાપારી વિવાદો સહિતના કેસોની વિશાળ શ્રેણી પર અધિકારક્ષેત્ર છે. તેઓ ઈસ્લામિક ઉપદેશો અનુસાર જાહેર નૈતિકતાને જાળવી રાખવા માટે પણ જવાબદાર હતા. અપરાધ માટે કડકમાં કડક સજાની જોગવાઈ હતી. અંગવિચ્છેદ અને દેહાંતદંડની સજાઓ થતી.
- **અદાલતી કાર્યવાહી :** કાઝીઓએ અદાલતોની અધ્યક્ષતા કરી હતી જ્યાં તેઓ કેસ સાંભળતા હતા. પુરાવાઓની તપાસ કરતા હતા અને શરિયા કાયદાના આધારે ચુકાદાઓ આપતા હતા. કોર્ટની કાર્યવાહી સામાન્ય રીતે સરળ હતી અને કાઝીઓ ઝડપથી ન્યાય આપે તેવી અપેક્ષા રાખવામાં આવતી હતી. અહી મુક્તિ કાયદાનું અર્થઘટન કરતા તેને ન્યાયધીશે માન્ય રાખવું પડતું. ઉગ્ર વિવાદ વખતે સમગ્ર ન્યાય સુલતાન પાસે રજૂ થતો.
- **ચુકાદાઓનો અમલ :** કાઝીઓ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓ સલ્તનતના વહીવટી અધિકારીઓ દ્વારા લાગુ કરવામાં આવ્યા હતા. ફોજદારી ગુનાઓના કેસોમાં, ગુનાની ગંભીરતાને આધારે સજા દંડ અને કેદથી લઈને શારીરિક સજા

સુધીની હોઈ શકે છે. અહી મુહતસિબ નામનો અધિકારી લોકોના નૈતિક આચરણનું ધ્યાન રાખતો.

### 9.5.2. ઈસ્લામિક રાજ્યમાં ન્યાયનો ખ્યાલ :

ઈસ્લામિક રાજ્યમાં ન્યાય એ એક કેન્દ્રિય ખ્યાલ હતો અને ઈસ્લામિક સિદ્ધાંતો અનુસાર ન્યાયનું સમર્થન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા શાસક અને ન્યાયતંત્રની મૂળભૂત જવાબદારી માનવામાં આવતી હતી.

- **દૈવી આદેશ તરીકે ન્યાય :** ઈસ્લામમાં ન્યાયને દૈવી આદેશ તરીકે જોવામાં આવે છે. જેમાં અલ્લાહ અંતિમ ન્યાયાધીશ છે. સુલતાન અને કાઝીઓને અલ્લાહની ઈચ્છાના સાધન તરીકે ગણવામાં આવતા હતા. જે ન્યાયનું સંચાલન ન્યાયપૂર્ણ અને નિષ્પક્ષ રીતે કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.
- **કાયદા સમક્ષ સમાનતા :** ઈસ્લામિક ન્યાયના મુખ્ય સિદ્ધાંતોમાંનો એક કાયદા સમક્ષ સમાનતાનો વિચાર છે. તમામ વ્યક્તિઓ તેમની સામાજિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના કાયદાની નજરમાં સમાન રીતે વર્તે તેવી અપેક્ષા રાખવામાં આવી હતી. આમાં મુસ્લિમો અને બિન-મુસ્લિમો બંનેનો સમાવેશ થાય છે. જો કે ધાર્મિક ઓળખના આધારે અમુક કાનૂની ભેદ અસ્તિત્વમાં હતા.
- **અધિકારોનું રક્ષણ :** ઈસ્લામિક રાજ્યમાં ન્યાયની વિભાવના વ્યક્તિગત અધિકારોના રક્ષણ પર ભાર મૂકે છે. જેમાં મિલકતના અધિકારો, વ્યક્તિગત ગૌરવ અને ધાર્મિક સ્વતંત્રતાનો સમાવેશ થાય છે. ન્યાયતંત્ર આ અધિકારોનું રક્ષણ કરવા અને જેમની સાથે અન્યાય થતો હતો તેમને નિવારણ આપવા માટે જવાબદાર હતી.
- **દયા અને સજાનું સંતુલન :** ઈસ્લામિક ન્યાયે દયા અને સજા વચ્ચે સંતુલન માંગ્યું. જ્યારે શરિયા કાયદો અમુક ગુનાઓ માટે ચોક્કસ સજા સૂચવે છે. તે માફી અને સમાધાનના મહત્વ પર પણ ભાર મૂકે છે. કાઝીઓને વારંવાર વિવાદોમાં સૌહાર્દપૂર્ણ સમાધાન મેળવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ખાસ કરીને કૌટુંબિક બાબતોને લગતા કેસોમાં.
- **જાહેર નૈતિકતા :** ન્યાયિક વહીવટીતંત્રે પણ ઈસ્લામિક ધોરણો અનુસાર જાહેર નૈતિકતા જાળવવામાં ભૂમિકા ભજવી હતી. આમાં ચોરી, વ્યભિચાર અને જાહેર નશા સામેના પ્રતિબંધો જેવા નૈતિક આચરણના અમલીકરણનો સમાવેશ થાય છે. ન્યાયતંત્ર એ સુનિશ્ચિત કરવા માટે કામ કર્યું કે સમાજનું નૈતિક માળખું ઈસ્લામિક મૂલ્યો અનુસાર સાચવવામાં આવે.

દિલ્હી સલ્તનતનું ન્યાયિક વહીવટ શરિયા કાયદામાં ઊંડે ઊંડે જડાયેલું હતું. જેમાં કાઝીઓએ આ કાયદાકીય માળખાના અર્થઘટન અને લાગુ કરવામાં કેન્દ્રીય

ભૂમિકા ભજવી હતી. ઈસ્લામિક રાજ્યમાં ન્યાયની વિભાવના વ્યાપક હતી. જેનો ઉદ્દેશ્ય ન્યાયીપણું સુનિશ્ચિત કરવાનો, વ્યક્તિગત અધિકારોનું રક્ષણ કરવા અને જાહેર વ્યવસ્થા અને નૈતિકતા જાળવવાનો હતો. ન્યાયિક પ્રણાલી દ્વારા સલ્તનતે ઈસ્લામિક ન્યાયના સિદ્ધાંતોને જાળવી રાખવા, દયા અને સમાધાન સાથે કડક કાયદાકીય અમલીકરણને સંતુલિત કરવાનો પ્રયાસ કર્યો.

## 9.6 મહેસૂલ વહીવટ

### 9.6.1 આવકના સ્ત્રોતો : જકાત, જજિયા, ખરાજ, ખમ્સ :

દિલ્હી સલ્તનતની મહેસૂલ વ્યવસ્થા કરવેરાના ત્રણ પ્રાથમિક સ્વરૂપો સાથે વિવિધ સ્ત્રોતો પર આધારિત હતી. જકાત, જજિયા અને ખરાજ. આ કર રાજ્યની નાંણાકીય સ્થિરતા જાળવવામાં અને તેની વહીવટી અને લશ્કરી જરૂરિયાતોને ટેકો આપવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

- **જકાત :**

➢ જકાત એ ઈસ્લામના પાંચ સ્તંભોમાંના એક ભિક્ષાના સ્વરૂપ તરીકે મુસ્લિમો પર લાદવામાં આવતો ધાર્મિક કર હતો. તે સામાન્ય રીતે સંપત્તિ, બચત અને અમુક પ્રકારની સંપત્તિઓ જેમ કે પશુધન અને કૃષિ પેદાશો પર લાદવામાં આવી હતી. જેનું પ્રમાણ ૧:૪૦ ટકા જેવો ધાર્મિક કર હતો.

- **જજિયા :**

➢ ઈસ્લામિક શાસન હેઠળ રહેતા બિન-મુસ્લિમો 'ઝીમ્મી' પર જિઝિયા એક કર લાદવામાં આવ્યો હતો. ખાસ કરીને હિંદુઓ પાસેથી લેવાતો માથાદીઠ કર હતો. જજિયાવેરો આપવામાંથી બ્રાહ્મણો, સ્ત્રીઓ, બાળકો, સાધુઓ, ભિખારીઓ, અંધજનો, અપંગો જેવાને અપવાદરૂપે બાકાત રખાયા. સુલતાન ફિરોઝ તુઘલકે બ્રાહ્મણો પર જજિયાવેરો લાદ્યો હતો.

➢ જિઝિયાનો સંગ્રહ નોંધપાત્ર હતો કારણ કે તે સલ્તનતને આવકના સ્થિર સ્ત્રોતને સુનિશ્ચિત કરતી વખતે વૈવિધ્યસભર વસ્તી જાળવી રાખવાની મંજૂરી આપતી હતી. બિન-મુસ્લિમો જેઓ જિઝિયા ચૂકવતા હતા તેઓને લશ્કરી સેવામાંથી મુક્તિ આપવામાં આવી હતી અને રાજ્ય દ્વારા સુરક્ષિત હતા.

➢ જિઝિયાની રકમ પ્રદેશ અને વ્યક્તિની આર્થિક સ્થિતિના આધારે બદલાતી રહે છે અને તે સામાન્ય રીતે વાર્ષિક ધોરણે એકત્રિત કરવામાં આવતી હતી.

●**ખરાજ :**

- ખરાજ એ બિન-મુસ્લિમો વિશેષ કરીને હિંદુ રાજાઓ, જમીનદારો પાસેથી ૧/૧૦ થી ૧/૧૨ ટકા જેટલો લેવાતો કર હતો.
- ખરાજની માત્રા જમીનની ઉત્પાદકતા અને ઉગાડવામાં આવતા પાકના પ્રકારને આધારે નક્કી કરવામાં આવતી હતી. તે સંજોગોના આધારે રોકડમાં અથવા પ્રકારની ચૂકવણી કરી શકાય છે.
- સલ્તનતના વહીવટી ખર્ચ, લશ્કરી ઝુંબેશ અને જાહેર કાર્યોને ધિરાણ આપવા માટે ખરાજ નિર્ણાયક હતું. રાજ્યની આર્થિક સ્થિરતા માટે ખરજનું કાર્યક્ષમ સંગ્રહ જરૂરી હતું.

●**ખસ્સ :** લડાઈમાં કરેલી લૂંટનો પાંચમો ભાગ હતો.

### 9.6.2 જમીન મહેસૂલ વ્યવસ્થા અને તેનું મહત્વ :

જમીન મહેસૂલ વ્યવસ્થા દિલ્હી સલ્તનતની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ હતી. તે માત્ર આવકનો મુખ્ય સ્ત્રોત ન હતો પણ પ્રાંતો પર નિયંત્રણ અને સલ્તનતની લશ્કરી તાકાત જાળવી રાખવાનું પણ એક સાધન હતું. સલ્તનતની આવકનો આધાર ખેતીની પેદાશો પર હતો. સામાન્ય રીતે એકંદર પેદાશનો પાંચમો ભાગ ભૂમિકર તરીકે લેવામાં આવતો. સુલતાન અલાઉદ્દીન ખીલજીના સમયમાં એ કર વધારીને પેદાશનો અર્ધો ભાગ જેટલો કરવામાં આવ્યો હતો.

- જમીનની ગુણવત્તા અને ઉત્પાદિત પાકના પ્રકારને આધારે જમીન મહેસૂલનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. રાજ્યએ જમીનની ઉત્પાદકતા નક્કી કરવા માટે નિયમિત સર્વે હાથ ધર્યો હતો અને તે મુજબ કરના દરો નક્કી કર્યા હતા.
- મહેસૂલ વસૂલાત ઘણીવાર સ્થાનિક અધિકારીઓ દ્વારા સંચાલિત કરવામાં આવતી હતી. જેમ કે  મુક્તિ અથવા વાલી, જેઓ કર અસરકારક રીતે અને ન્યાયી રીતે એકત્રિત કરવામાં આવે તેની ખાતરી કરવા માટે જવાબદાર હતા. કેટલાક કિસ્સાઓમાં, વસૂલાત વચેટિયાઓને સોંપવામાં આવી હતી. જેમણે રાજ્યને સુનિશ્ચિત રકમ ચૂકવી હતી અને ખેડૂતો પાસેથી કર વસૂલ્યો હતો.

- **ઈક્તા પ્રણાલિ :**

- ઈક્તા મહેસૂલ વહીવટમાં ઈક્તા પ્રણાલીએ નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. આ પધ્ધતિ હેઠળ, લશ્કરી અધિકારીઓ (મુક્તીસ) ને તેમની સેવાના બદલામાં જમીન આપવામાં આવતી હતી. મુક્તિઓ જમીનમાંથી આવક એકત્રિત કરવા માટે જવાબદાર હતા. જેનો એક ભાગ તેમના સૈનિકોની જાળવણી માટે

ઉપયોગમાં લેવાતો હતો. જ્યારે બાકીનો ભાગ કેન્દ્રીય તિજોરીમાં મોકલવામાં આવતો હતો.

- ઈક્તા પ્રણાલીએ સલ્તનતને રાજ્ય પર સીધો નાણાકીય બોજ નાખ્યા વિના મોટી સેના જાળવવાની મંજૂરી આપી. તે એ પણ સુનિશ્ચિત કરે છે કે લશ્કરી અધિકારીઓ તેમની સોંપાયેલ જમીનની સમૃદ્ધિમાં નિહિત હિત ધરાવે છે.

- મહત્વ :

- સલ્તનતના નાંણાકીય સ્વાસ્થ્ય માટે જમીન મહેસૂલ વ્યવસ્થા નિર્ણાયક હતી. તે વહીવટને ટેકો આપવા, લશ્કરની જાળવણી કરવા અને રસ્તાઓ, નહેરો અને કિલ્લેબંધી જેવા જાહેર કાર્યો હાથ ધરવા માટે જરૂરી ભંડોળ પુરું પાડતું હતું.
- સ્થાનિક અધિકારીઓ કેન્દ્ર સરકારને વફાદાર રહે તેની ખાતરી કરીને આ પધ્ધતિએ પ્રાંતો પર સલ્તનતના નિયંત્રણને પણ મજબૂત બનાવ્યું. જમીન મહેસૂલના નિયમિત સંગ્રહથી પ્રાંતોને સલ્તનતના વહીવટના વ્યાપાક માળખામાં એકીકૃત કરવામાં મદદ મળી.

### 9.6.3 આર્થિક નીતિઓ અને વેપાર નિયમો :

દિલ્હી સલ્તનતે સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા અને રાજ્યની અર્થવ્યવસ્થાની કાર્યક્ષમ કામગીરી સુનિશ્ચિત કરવા માટે વિવિધ આર્થિક નીતિઓ અને વેપાર નિયમો લાગુ કર્યા. સલ્તનતકાળમાં ખેડૂતો, કારીગરો અને વેપારીઓ જ્ઞાતિ તથા સંયુક્ત કુટુંબ માળખામાં રહીને આર્થિક પ્રવૃત્તિઓ કરતા. ભારતીય ગામડું પહેલેથી જ વિશિષ્ટ આર્થિક અને સામાજીક સંગઠન હતું. સ્વાવલંબન તેની વિશેષતા હતી. ઉદ્યોગધંધા અને વેપારનો વિકાસ થયો હતો. અનાજ, વસ્ત્ર, વિવિધ ધાતુઓ, ઈંટ, કાગળ, ખાંડ, ચામડું, હાથીદાંત અને ઝવેરાતના ઉદ્યોગ ખિલ્યા હતા.

- **કૃષિ નીતિઓ :**
  - સલ્તનતએ કૃષિ ઉત્પાદકતા પર ખૂબ ભાર મૂક્યો કારણ કે તે આવકનો પ્રાથમિક સ્રોત હતો. ફળદ્રુપ જમીનોની ખેતી, સિંચાઈ પ્રણાલીના નિર્માણ અને નવા પાકોની રજૂઆતને પ્રોત્સાહિત કરવા માટે નીતિઓ લાગુ કરવામાં આવી હતી.
  - કૃષિ વિકાસને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય વારંવાર ખેડૂતોને કર રાહત અથવા લોન જેવા પ્રોત્સાહનો પૂરા પાડે છે. ખોરાક અને કાચા માલના સતત પુરવઠાની ખાતરી કરવા માટે કૃષિનું કાર્યક્ષમ સંચાલન જરૂરી હતું.

- **વેપારના નિયમો :**
  - ➢ વેપાર એ સલ્તનતની અર્થવ્યવસ્થાનો બીજો મહત્વપૂર્ણ ઘટક હતો. સલ્તનતે આવક વધારવા અને માલના પ્રવાહ પર નિયંત્રણ જાળવી રાખવા માટે આંતરિક અને બાહ્ય વેપાર બંનેનું નિયમન કર્યું.
  - ➢ સલ્તનતના પ્રદેશોમાં પ્રવેશતા અને બહાર નીકળતા માલ પર જકાત લાદવામાં આવી હતી. રાજયએ વેપાર માર્ગો પણ સ્થાપિત કર્યા અને વેપારને પ્રોત્સાહિત કરવા વેપારીઓને સુરક્ષા પૂરી પાડી.
  - ➢ સલ્તનત મધ્ય એશિયા, મધ્ય પૂર્વ અને દક્ષિણ પૂર્વ એશિયા સહિત પડોશી પ્રદેશો અને દૂરના પ્રદેશો સાથે વેપારમાં વ્યસ્ત હતી. આ વેપાર સલ્તનતમાં સંપત્તિ અને વિદેશી વસ્તુઓ લાવ્યા, તેની આર્થિક અને સાંસ્કૃતિક સમૃદ્ધિમાં વધારો થયો.
- **ચલણ અને બજાર નિયમન :**
  - ➢ સલ્તનત તેનું પોતાનું ચલણ બહાર પાડ્યું. જેણે વેપાર અને આવકની વસૂલાતની સુવિધા આપી. રાજય સિક્કાઓના ટંકશાળને નિયંત્રિત કરે છે અને સમગ્ર સામ્રાજયમાં તેમના માનકીકરણની ખાતરી કરે છે.
  - ➢ બજાર નિયમન પણ પ્રાથમિકતા હતી. સલ્તનતે ફુગાવાને રોકવા અને ગ્રાહકોને બચાવવા માટે આવશ્યક ચીજવસ્તુઓ પર ભાવનિયંત્રણો લાગુ કર્યા. મુહતસિબ તરીકે ઓળખાતા અધિકારીઓની નિમણૂક બજારોની દેખરેખ માટે કરવામાં આવી હતી. જે વાણિજ્યમાં વાજબી વેપાર પ્રથાઓ અને ઈસ્લામિક સિદ્ધાંતોના અમલને સુનિશ્ચિત કરે છે.

દિલ્હી સલ્તનતનો મહેસૂલ વહીવટ એ એક જટિલ અને સુવ્યવસ્થિત વ્યવસ્થા હતી. જે જકાત, જિઝિયા અને ખરજ સહિત આવકના બહુવિધ સ્રોતો પર આધાર રાખતી હતી. જમીન મહેસૂલ વ્યવસ્થા સલ્તનતની અર્થવ્યવસ્થામાં કેન્દ્રિય હતી. જે શાસન અને લશ્કરી જાળવણી માટે જરૂરી ભંડોળ પૂરું પાડતી હતી. સલ્તનતની આર્થિક નીતિઓ અને વેપાર નિયમો કૃષિ ઉત્પાદકતાને પ્રોત્સાહન આપવા, વેપારને સરળ બનાવવા અને રાજયની અર્થવ્યવસ્થાની કાર્યક્ષમ કામગીરીની ખાતરી કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા હતા. આ બધાએ સલ્તનતની સમૃદ્ધિ અને સ્થિરતામાં ફાળો આપ્યો હતો.

## 9.7 લશ્કરી વહીવટ

### 9.7.1 લશ્કરની રચના અને સંગઠન :



અલ્લાઉદ્દીન ખીલજી

દિલ્હી સલ્તનતની સૈન્ય વ્યવસ્થા મધ્યયુગીન ભારતમાં સૌથી પ્રબળ દળોમાંની એક હતી. જે સામ્રાજ્યના વિસ્તરણ અને સંરક્ષણ બંને માટે નિર્ણાયક હતી. લશ્કર વિવિધ એકમોથી બનેલું હતું અને યુદ્ધમાં સુંગમતા અને કાર્યક્ષમ વહીવટ બંને સુનિશ્ચિત કરવા માટે ગોઠવવામાં આવ્યું હતું. અહીં લશ્કર મુખ્યત્વે સુલતાન, સામંતો અને સુબેદારોના લશ્કરમાં વિભાજીત હતું. સુલતાનની સેના 'હશ્મેકલ્બ' કે 'ખાસખેલ' તરીકે ઓળખાતી. જ્યારે સુબેદારનું લશ્કર 'હુશ્મે અતરાફ' કહેવાતું. મુખ્યત્વે અંગરક્ષકોની બનેલી સુલતાનની સેના દિલ્હીમાં જ રહેતી.

- **ઘોડેસવાર :** ઘોડેસવાર સલ્તનતની સૈન્યની કરોડરજ્જુ હતી. જે તેની ગતિ અને ગતિશીલતા માટે જાણીતી હતી. મધ્ય એશિયા અને અરેબિયામાંથી ઘોડા આયાત કરવામાં આવતા સલ્તનતે સુસજ્જ અશ્વદળને જાળવવામાં ભારે રોકાણ કર્યું હતું. અલ્લાઉદ્દીન ખિલજીએ સશસ્ત્ર દળોની નિયમિત ભરી હાજરીપત્રક રાખવાની, રાજ્યના ઘોડા પર 'દાગ' અંકિત કરવાની મહત્વપૂર્ણ કામગીરી કરી હતી.
- **પાયદળ :** પાયદળમાં પગપાળા સૈનિકોનો સમાવેશ થતો. હતો જેઓ લશ્કરનો નોંધપાત્ર હિસ્સો બનાવે છે. તેઓ તલવારો, ભાલા, ધનુષ્ય અને ઢાલ સહિત વિવિધ પ્રકારના શસ્ત્રોથી સજ્જ હતા. પાયદળ લડાઈઓમાં ખાસ કરીને ઘેરાબંધી યુદ્ધમાં અને રક્ષણાત્મક સ્થાનો સંભાળવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. પાયદળમાં ધનૂર્ધારી સૈનિકોની સંખ્યા ઘણી હતી.
- **તીરંદાજો :** તીરંદાજો સલ્તનતની લશ્કરી વ્યૂહરચનાનો એક મહત્વપૂર્ણ ભાગ હતા. કુશળ તીરંદાજોને પગપાળા અને ઘોડેસવાર બંને પર તૈનાત કરવામાં આવ્યા હતા અને તેઓનો ઉપયોગ મોટાભાગે સંપૂર્ણ પાયાના હુમલા પહેલા દુશ્મન દળોને નબળા કરવા માટે કરવામાં આવતો હતો.
- **હાથીઓ :** યુદ્ધમાં હાથીઓ સલ્તનતની સૈન્યની એક વિશિષ્ટ વિશેષતા હતી. આ વિશાળ પ્રાણીઓનો ઉપયોગ દુશ્મનની પ્રથમ પંક્તિ તોડવી, કિલ્લેબંધી તોડવા અને વિરોધી દળોમાં ગભરાટ ફેલાવવા માટે કરવામાં આવ્યો હતો. તેઓ ધનુષ્ય, બરછી અને અન્ય શસ્ત્રોથી સજ્જ સૈનિકો પણ લઈ ગયા હતા.

- **તોપદળ :** તેમની પાસે અણઘડ તોપદળ હતું. તેનામાં આધુનિકતાનો અભાવ હતો. દારૂની મદદથી ગોળાઓ ફેંકવા સિવાય તે બીજી કોઈ કામગીરી કરી શકતો નહી. પુરવઠો, આયૂધી અને દારૂગોળો પહોંચાડવા માટે એક અલગ તંત્ર હતું.

## 9.8 ધાર્મિક અને સાંસ્કૃતિક નીતિઓ

### 9.8.1 ઈસ્લામિક સંસ્થાઓ અને વિદ્વાનોનું સમર્થન :

દિલ્હી સલ્તનત તેના મજબૂત સમર્થન અને ઈસ્લામિક સંસ્થાઓ અને વિદ્વાનોના સમર્થન માટે જાણીતી હતી. જેણે ભારતમાં ઈસ્લામના પ્રસાર અને એકત્રીકરણમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી.



કુતુબ મિનાર

- **મસ્જિદો અને મદરેસાઓ માટે સમર્થન :** દિલ્હીના સુલતાનોએ સમગ્ર સલ્તનતમાં અસંખ્ય મસ્જિદો, મદરેસાઓ (ઈસ્લામિક શાળાઓ) અને સૂફી મંદિરોના નિર્માણને પ્રાયોજિત કર્યું. આ સંસ્થાઓ ધાર્મિક શિક્ષણ, પૂજા અને સામુદાયિક જીવનના કેન્દ્રો બની ગયા. આ સમયગાળા દરમિયાન બનેલી કેટલીક જાણીતી મસ્જિદોમાં દિલ્હીમાં કુતુબ મિનાર સંકુલ અને અજમેરની ઢાઈની દીન કા ઝોંપડા મસ્જિદનો સમાવેશ થાય છે.
- **વિદ્વાનોનું સમર્થન :** સલ્તનતે ઈસ્લામિક વિદ્વાનો, ધર્મશાસ્ત્રીઓ, ન્યાયશાસ્ત્રીઓ અને કવિઓને આર્થિક સહાય અને આશ્રય આપ્યો હતો. આ વિદ્વાનોને ઘણીવાર શાહી દરબારમાં આમંત્રિત કરવામાં આવતા હતા. જ્યાં તેઓને સરપાવ અને અન્ય સન્માનો મળતા હતા. વિદ્વાનોના સમર્થનથી સલ્તનતમાં ઈસ્લામિક ન્યાયશાસ્ત્ર (ફિકહ), ધર્મશાસ્ત્ર (કલામ) અને સાહિત્યના વિકાસને પ્રોત્સાહન આપવામાં મદદ મળી.
- **વકફ :** વકફની સ્થાપના એ સલ્તનતની ધાર્મિક નીતિનું બીજું નોંધપાત્ર પાસું હતું. શ્રીમંત વ્યક્તિઓ અને રાજવી પરિવારના સભ્યો ધાર્મિક સંસ્થાઓ, વિદ્વાનો અને સામાજિક કલ્યાણ કાર્યોને ટેકો આપવા માટે જમીન, મિલકત અથવા નાણાંનું દાન કરશે. આ સિધ્ધાંત ઈસ્લામિક સંસ્થાઓની ટકાઉપણું સુનિશ્ચિત કરે છે અને સમુદાયની જરૂરિયાતો પૂરી પાડે છે.

### 9.8.2 ઈસ્લામિક શિક્ષણ અને સંસ્કૃતિનો પ્રચાર :

દિલ્હી સલ્તનતે સક્રિયપણે ઈસ્લામિક શિક્ષણ અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપ્યું. જે આ પ્રદેશના સામાજીક અને બૌદ્ધિક જીવન સાથે ઉંડે સુધી સંકળાયેલું બન્યું. ઈસ્લામી શિક્ષણનો અભ્યાસક્રમ 'મનકુલાત' અને 'મસાકૂલાત' એવી બે શ્રેણીઓમાં વહેંચાયેલો હતો. ફિરોજશાહ તુઘલકના સમયમાં મદરેસાઓમાં ભણાવાતા ૧૪ વિષયોની સૂચિ 'સીરત-ઈ-ફિરોઝશાહી' માં આપેલી છે.

- **ઈસ્લામિક શિક્ષણ :** સલ્તનતે મદરેસાની સ્થાપના કરી અને અને તેને સમર્થન આપ્યું. જ્યાં વિદ્યાર્થીઓ કુરાન, હદીસ, ઈસ્લામિક કાયદો (શરિયા), અરબી વ્યાકરણ અને અન્ય ધાર્મિક વિજ્ઞાનનો અભ્યાસ કરી શકે. આ મદરેસાઓ ઘણીવાર મસ્જિદો સાથે જોડાયેલા હતા અને મુસ્લિમ સમુદાય માટે શિક્ષણના મહતવપૂર્ણ કેન્દ્રો તરીકે સેવા આપતા હતા. આ સંસ્થાઓમાં આપવામાં આવતા શિક્ષણથી શિક્ષિત વિદ્વાનો અને વહીવટકર્તાઓનો વર્ગ પેદા કરવામાં મદદ મળી હતી. જે રાજ્યની કામગીરી માટે જરૂરી હતા.
- **સાંસ્કૃતિક એકીકરણ :** સલ્તનત સમયગાળા દરમિયાન ઈસ્લામિક સંસ્કૃતિના પ્રચારને કારણે ફારસી, અરબી અને ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓનું સમૃદ્ધ મિશ્રણ થયું. ફારસી વહીવટ, સાહિત્ય અને કવિતાની ભાષા બની, જે એક વિશિષ્ટ ઈન્ડો-પર્સિયન સંસ્કૃતિના વિકાસ તરફ દોરી ગઈ. ઈસ્લામિક કલા અને સ્થાપત્ય, જટિલ ભૌમિતિક પેટર્ન, સુલેખન અને ગુંબજ અને કમાનોના ઉપયોગ દ્વારા વર્ગીકૃત થયેલ પણ આ સમયગાળા દરમિયાન વિકાસ પામ્યા. ભારતીય ઈસ્લામી સંસ્કૃતિના વિકાસ માટે ઘણા પરિબળો જેવા કે વહીવટી પ્રવાહ તથા ભારતીય-ફારસી સાહિત્યનો વિકાસ વગેરે નોંધપાત્ર છે.
- **સાહિત્ય અને કવિતા :** સલ્તનતે ઈસ્લામિક સાહિત્ય અને કવિતાના વિકાસને પ્રોત્સાહન આપ્યું. ફારસી કવિઓ અને લેખકો, જેમ કે અમીર ખુસરો, શાહી દરબારમાંથી આશ્રય મેળવતા હતા અને યુગના સાંસ્કૃતિક જીવંતતામાં ફાળો આપ્યો હતો. આ સાહિત્યિક કૃતિઓ ઘણીવાર પ્રેમ, આધ્યાત્મિકતા અને નૈતિક મૂલ્યોની પ્રતિબિંબિત કરે છે, જે ઈસ્લામિક પરંપરામાં ઊંડે છે.



**અમીર ખુશરો**

**9.8.3 બિન-મુસ્લિમ સમુદાયો સાથેના સંબંધો :**

દિલ્હી સલ્તનત વિવિધ વસ્તી પર શાસન કરતી હતી જેમાં મોટી સંખ્યામાં હિન્દુઓ, જૈનો, બૌદ્ધો અને અન્ય ધાર્મિક સમુદાયોનો સમાવેશ થતો હતો. આ બિન-મુસ્લિમ સમુદાયો પ્રત્યે સલ્તનતની નીતિઓ ઈસ્લામિક સિદ્ધાંતો અને વ્યવહારિક વિચારણાઓના સંયોજન દ્વારા ઘડવામાં આવી હતી.

- **જજિયા વેરો :** ઈસ્લામિક શાસનના ભાગરૂપે, સલ્તનતે બિન-મુસ્લિમો (ઝીમ્મીઓ) જજિયાવેરો લાદ્યો હતો. આ કર સંરક્ષણ નાણાનું એક સ્વરૂપ હતું જે બિન-મુસ્લિમોને તેમના ધર્મનું પાલન કરવાની અને સૈન્યમાં સેવા કરવાની જરૂર વિના સલ્તનતના શાસન હેઠળ રહેવાની મંજૂરી આપતો હતો. જ્યારે જિઝિયા લાદવું એ બિન-મુસ્લિમો પર બોજ હતું. તે ઈસ્લામિક રાજ્યમાં તેમના રક્ષણ અને અધિકારોને પણ સુનિશ્ચિત કરે છે.
- **વહીવટમાં સમાવેશ :** ધાર્મિક મતભેદો હોવા છતાં સલ્તનતના વહીવટી તંત્રમાં ઘણીવાર બિન-મુસ્લિમોનો સમાવેશ થતો હતો. હિંદુઓ, ખાસ કરીને, મહેસૂલ અધિકારીઓ, હિસાબી અને કારકુન તરીકે મહત્વપૂર્ણ હોદ્દા પર હતા. વહીવટમાં તેમની કુશળતા અને સ્થાનિક પરિસ્થિતિઓનું જ્ઞાન રાજ્યની કામગીરી માટે અમૂલ્ય હતું.
- **સાંસ્કૃતિક વિનિમય :** સલ્તનત સમયગાળા દરમિયાન મુસ્લિમો અને બિન-મુસ્લિમો વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાને કારણે નોંધપાત્ર સાંસ્કૃતિક વિનિમય થયો. આ વિનિમય કલા, સ્થાપત્ય, ભાષા અને સંગીત સહિત જીવનના વિવિધ પાસાઓમાં સ્પષ્ટ હતું. ઈસ્લામિક અને ભારતીય પરંપરાઓના મિશ્રણે અનન્ય સાંસ્કૃતિક સ્વરૂપોને જન્મ આપ્યો. જેમ કે ઈન્ડો-ઈસ્લામિક સ્થાપત્ય શૈલી અને સમન્વયિત ધાર્મિક પ્રથાઓનો વિકાસ.

દિલ્હી સલ્તનતની ધાર્મિક અને સાંસ્કૃતિક નીતિઓ ઈસ્લામિક સંસ્થાઓના મજબૂત આશ્રય, ઈસ્લામિક શિક્ષણ અને સંસ્કૃતિનો પ્રચાર અને બિન-મુસ્લિમ સમુદાયો સાથેના સંબંધો માટે વ્યવહારિક અભિગમ દ્વારા દર્શાવવામાં આવી હતી. આ નીતિઓએ ભારતમાં ઈસ્લામિક શાસનને એકીકૃત કરવામાં મદદ કરી જ્યારે સમૃદ્ધ સાંસ્કૃતિક વિનિમયને પ્રોત્સાહન આપ્યું જેણે પ્રદેશના ઈતિહાસ અને ઓળખને આકાર આપ્યો.

**(ખ) તમારી જાતે ચકાસો.**

**૧)જોડકા જોડો.**

| | | | |
|---|---|---|---|
| (૧) | દિવાન-એ-કોહી | (૧) | વિદેશ વિભાગ |
| (૨) | દિવાન-એ-રિસાલયત | (૨) | ખેતીવાડી વિભાગ |
| (૩) | હિન્દુઓ ઉપરનો કર | (૩) | હશ્મેકલ્બ |
| (૪) | સુલતાનની સેના | (૪) | જજિયા |

**૨)નીચેના વિધાનો વાંચી તે ખરા (✓) છે કે ખોટા (✗) તેની નિશાની કરો.**

(૧) સુલતાનની સેના ખાસખેલ તરીકે ઓળખાતી.

(૨) રાજ્યમાં ઘોડા પર દાગપ્રથા સૌ પ્રથમ અલ્લાઉદ્દીન ખિલજીએ શરૂ કરી હતી.

(૩) ઈસ્લામી શિક્ષણનો અભ્યાસક્રમ મનકુલાત તરીકે ઓળખાતો.

(૪) મદરેસાઓમાં ભણાવતા ૧૫ વિષયોની સૂચિ 'સીરત-ઈ-ફિરોઝશાહી' માં આપેલ હતા.

**૩) દિલ્હી સલ્તનતમાં આવકના સ્ત્રોતો વિશે જણાવો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 9.9 સમાપન

સલ્તનત સમયની શાસન વ્યવસ્થામાં શરૂઆતમાં સિંધ અને પંજાબના થોડા ભાગ ઉપર જે અરબશાસન સ્થપાયું પરંતુ ભારતીય સમાજ ઉપર તેની અસર ઘણી ઓછી હતી. ત્યારબાદ દિલ્હીના તૂર્કી સુલતાનના શાસનમાં ગુલામવંશ, ખલ્જીવંશ અને તુઘલકવંશ તથા સૈયદ અને લોદી જેવા અફઘાન શાસકોના સમયમાં ક્રમબધ્ધ શાસન વ્યવસ્થા, ધાર્મિક બાબતો, વહીવટીય માળખામાં પરિવર્તનો થયા. જેની સીધી અસર

ભારતીય સમાજ ઉપર જોવા મળી. રાજ્યના ઈસ્લામિક સિધ્ધાંતની દિલ્હી સલ્તનતના શાસન અને વહીવટ ઉપર ઉંડી અસર હતી. દૈવી સાર્વભૌમત્વ, ન્યાય અને શરીયા કાયદાના સિધ્ધાંતોમાં મૂળ ધરાવતા ઈસ્લામિક સિધ્ધાંતોએ દિલ્હી સલ્તનત જેવા વૈવિધ્યસભર અને વિશાળ સામ્રાજ્ય પર શાસન કરવા માટે એક વ્યાપક માળખું પૂરું પાડ્યું. અહીં દિલ્હી સલ્તનતની વહીવટી પ્રથાઓ અને નીતિઓએ ભારતીય ઈતિહાસમાં કાયમી વારસો છોડ્યો. જે અનુગામી શાસકોને પ્રભાવિત કરે છે અને ભારતીય ઉપખંડના શાસનને આકાર આપે છે. તેના શાસન પર કાયમી અસર પડી હતી. જેણે મધ્યયુગીન ભારતના કાયદાકીય, વહીવટી અને સાંસ્કૃતિક આધારોને આકાર આપ્યો. સલ્તનતના વહીવટનો વારસો તેની વિવિધ સંસ્થાઓ, સાંસ્કૃતિક સંશ્લેષણ અને ધાર્મિક નીતિઓના સતત પ્રભાવમાં સ્પષ્ટ થાય છે. જેણે ભારતના ઈતિહાસ પર અમીટ છાપ છોડી દીધી છે.

## 9.10. ચાવીરૂપ શબ્દો

- ઝીમ્મી – ઈસ્લામિક શાસન હેઠળ રહેતા બિન-મુસ્લિમો
- ખરાજ – બિનમુસ્લીમો વિશેષ કરીને હિંદુઓ રાજા, જમીનદારો પાસેથી ૧/૧૦ થી ૧/૧૨ ટકા લેવાતો કર
- કાઝી – ૦ ધાર્મિક કે ન્યાયિક અધિકારીઓ
- મુહતસિબ - લોકોના નૈતિક આચરણનું ધ્યાન રાખતો અધિકારી

## 9.11. તમારી જાતે ચકાસોના જવાબો.

(ક)(૧) ગુલામવંશ (૨) કુરાન (૩) હજરત અબુબકર (૪) દિવાન-એ-વઝારત

**(ખ) ૧) (૧) ૧-૨ (૨) ૨-૧ (૩) ૩-૪ (૪) ૪-૩**

**૨) (૧) ✓ (૨) ✓ (૩) ✓ (૪) ×**

## 9.12. સ્વાધ્યાય

(૧) કાઝીઓની ભૂમિકા અને તેમના અધિકારક્ષેત્ર વિશે જણાવો.

(૨) ઈક્તા પ્રણાલી વિશે માહિતી આપો.

(૩) દિલ્હી સલ્તનતનું રાજકીય માળખું ચર્ચો.

(૪) ઈસ્લામિક રાજકીય સિધ્ધાંતમાં ખિલાફતની ભૂમિકા ચર્ચો.

## 9.13. સંદર્ભ અને વિશેષ વાચન


- રિચાર્ડ એમ. ઈટન, પર્સિયન યુગમાં ભારત : ૧૦૦૦-૧૭૬૫, યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા પ્રેસ, ૨૦૧૯
- પીટર જેક્સન, દિલ્હી સલ્તનત : અ પોલિટિકલ એન્ડ મિલિટરી હિસ્ટ્રી, કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ, ૧૯૯૯
- સતીશ ચંદ્ર, મધ્યયુગીન ભારત : સલ્તનતથી મુઘલો સુધી, ભાગ-૧, હર-આનંદ પબ્લિકેશન્સ, ૨૦૦૭
- ઈરફાન હબીબ, મુઘલ ભારતની કૃષિ વ્યવસ્થા ૧૫૫૬-૧૭૦૭, ઓકસફોર્ડ યુનિવર્સિટી પ્રેસ, ૧૯૬૩
- ઈશ્તિયાક હુસૈન કુરેશી, દિલ્હી સલ્તનતનું વહીવટીતંત્ર, હેગ : એમ.નિજોફ, ૧૯૪૨
- આર.સી.મજમુદાર, એડી. દિલ્હી સલ્તનત, ભારતીય વિદ્યા ભવન, ૨૦૦૭
- પ્રણવકુમાર ગુપ્તા, દિલ્હી સલ્તનતનું ઐતિહાસિક અભ્યાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત, ૧૯૮૬
- એ.આર.દેસાઈ, દિલ્હી સલ્તનતન નિયંત્રણાત્મક ને સાંસ્કૃતિક અભ્યાસ, ગુજરાત સાહિત્ય અકાદમી, ૧૯૯૦
- છોટુભાઈ રણછોડજી નાયક, 'મધ્યયુગીન ભારત', ખંડ-૧, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૬, ૧૯૬૭
- છોટુભાઈ રણછોડજી નાયક, 'મધ્યયુગીન ભારત', ખંડ-૨, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૬, ૧૯૬૭
- ર્ડા.ઈશ્વરભાઈ ઓઝા, 'મધ્યયુગીન ભારતનો ઈતિહાસ' (સોલંકીકાળ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૭, ૨૦૧૧
- જે.એલ.મહેતા, મધ્યયુગીન ભારતના ઈતિહાસમાં એડવાન્સ્ડ સ્ટડી, વોલ્યુમ-૨ : દિલ્હી સલ્તનત, સ્ટર્લિંગ પબ્લિશર્સ, ૨૦૦૯
- રામશરણ શર્મા, ભારતીય સામંતવાદ, મેકમિલન, ૧૯૬૫
- https://www.google.com/search?q=firoz+shah+tughlaq&rlz
- https://delhisultans.wordpress.com/
- https://commons.wikimedia.org/wiki/File:Qutab_Minar_mausoleum.jpg
- https://harmoniummusicblog.wordpress.com/2015/11/24/be-inspired-amir-khusrau-collection/

| એકમ - 10 | વિજયનગર સામ્રાજ્યની વહીવટી વ્યવસ્થા |
|---|---|

## :: રૂપરેખા ::

**10.0** ઉદ્દેશો

**10.1** પ્રસ્તાવના

**10.2** કેન્દ્રીય વહીવટી વ્યવસ્થા

**10.2.1** રાજા

**10.2.2** મંત્રીપરિષદ

**10.2.3** વહીવટી વ્યવસ્થામાં બ્રાહ્મણોનું સ્થાન

**10.2.4** રાજા અને મંદિરો, સંપ્રદાયો

**10.3** પ્રાંતિક વહીવટી વ્યવસ્થા

**10.3.1** નાયનકાર વ્યવસ્થા

**10.4** સ્થાનિક વહીવટી વ્યવસ્થા.

**10.4.1** આયગાર વ્યવસ્થા.

(ક)તમારી જાતે ચકાસો.

**10.5** સૈન્ય વ્યવસ્થા

**10.6** ન્યાય વ્યવસ્થા

**10.7** પોલીસ અને જાસૂસીતંત્ર

**10.8** કર વ્યવસ્થા (જમીન મહેસૂલી આવક અને તેને સંબંધિત અધિકારો)

**10.9** મંદિરો, મંદિર અધિકારીઓ, ધાર્મિક કર્મચારીઓની ગ્રામીણ અને વેપાર વ્યવસ્થામાં ભૂમિકા

**10.10** વિદેશ અને આંતરિક વેપાર વ્યવસ્થાને પ્રોત્સાહન અને સુરક્ષા

(ખ) તમારી જાતે ચકાસો.

**10.11** સારાંશ

**10.12** ચાવીરૂપ શબ્દો

**10.13** બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)

10.14 સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)

10.15 સંદર્ભ અને વિશેષ વાચન

## 10.0 ઉદ્દેશો (Objectives)

- આ એકમના અભ્યાસ પછી તમે વિજયનગર સામ્રાજ્યની કેન્દ્રીય અને પ્રાંતિક વહીવટી વ્યવસ્થાથી માહિતગાર થશો.
- વિજયનગર સામ્રાજ્યની પ્રતિકાત્મક રાજાશાહી વિશે સમજ કેળવશો.
- આ એકમમાં તમે વિજયનગર સામ્રાજ્યના સ્થાનિક અને ગ્રામીણ વહીવટ વિશે જાણશો.
- આ એકમના અભ્યાસ પછી તમે વિજયનગર સામ્રાજ્યની ન્યાય પ્રણાલી, મહેસૂલી વ્યવસ્થા, કર વ્યવસ્થા, મંદિર વહીવટ વિશે સમજશો.
- આ એકમમાં તમે વિજયનગર સામ્રાજ્યના વેપાર-વણજની સુરક્ષા વિશે જાણશો.
- આ એકમના અભ્યાસ પછી તમે વિજયનગર સામ્રાજ્યમાં બ્રાહ્મણોની રાજકીય ભૂમિકા વિશે સમજ મેળવશો.
- આ એકમના અભ્યાસ પછી તમે સ્થાનિક વહીવટી વ્યવસ્થામાં નાયનકાર અને આયગાર વ્યવસ્થાથી પરિચિત થશો.
- આ એકમમાં તમે રાજાઓ અને મંદિરો વચ્ચેના સંબંધો પર સમજ મેળવશો.

## 10.1 પ્રસ્તાવના (Introduction)

દિલ્હી સલ્તનતની નિર્બળતાએ દખ્ખણ અને દક્ષિણ ભારતમાં વિજયનગર અને બહમની સામ્રજ્યોને જન્મ આપ્યો. વળી, કૃષ્ણા અને તેની સહાયક નદી તુંગભદ્રા વચ્ચેની રાયચૂર દોઆબની ફળદ્રુપ જમીન, ખનીજ પદાર્થોથી સમૃદ્ધ હતી. તો ગોલકોન્ડામાં હીરાની ખાણો. આ બંને મેળવવા વિજયનગર અને બહમની વચ્ચે સંઘર્ષ પરંપરા શરૂ થઈ અને એ રીતે ચૌદમી, પંદરમી અને સોળમી સદીની શરૂઆતમાં દક્ષિણ ભારતના રાજકીય ઇતિહાસની મુખ્ય ઘટનાઓ આને લઈને રહી. ઉપરાંત આ સદીઓમાં નવું તત્ત્વ આવ્યું ને તે હતું દક્ષિણમાં યુરોપિયનોની હાજરી.પોર્ટુગીઝો(ફિરંગી) અહી વેપારની શોધમાં આવ્યા. જેમણે આરબો પાસેથી ઘોડાઓના વેપારમાં એકાધિકાર કરી લીધો. દક્ષિણ ભારતના રાજાઓ તુર્કોના વિરુદ્ધમાં હતાં. જયારે દક્ષિણમાં આરબો, મોપલા અને અન્ય મુસ્લિમો ત્યાંના સ્થાનિક અને કેન્દ્રીય શાસન વ્યવસ્થામાં કામ કરતા હતા. બહમની વિજયનગરનું કટ્ટર શત્રુ રહ્યું. સાથે દક્ષિણના ક્ષેત્રીય શાસકોની નિષ્ઠા બદલાતી રહેતી હોવાને કારણે વિજયનગરને શક્તિશાળી સૈન્ય શક્તિની હંમેશાં આવશ્યકતા રહી. સ્થાયી શત્રુ માટે

સ્થાયી સૈન્યમાં વૃદ્ધિ કરી તો સામંતી સૈન્ય ઉપર કડક નિયંત્રણ રાખવામાં આવ્યું. સાથે જ વિશાળ સામ્રાજ્યની રક્ષા માટે વિશાળ સેનાના નિભાવ માટે આવક અને વહીવટીતંત્રની દુરસ્તતા માટે કરનું ભારણ પ્રજા પર વિશેષ રહ્યું. છતાં સમકાલીન પ્રવાસીઓના વૃત્તાંતો પરથી પ્રજા સમૃદ્ધ અને સુખી હતી. આ બધી પરિસ્થિતિને કારણે રાજાથી લઈ છેક ગ્રામસભા સુધી એક વિશિષ્ટ પ્રકારની શાસન વ્યવસ્થા વિજયનગર સામ્રાજ્યમાં જોવા મળી. આ યુગ પહેલાંની ચૌલ કાલીન સ્થાનિક સંસ્થાઓ સભા(પ્રાદેશિક સભા), નાડુ અને ઉર(ગ્રામ સભાઓ)ને સ્થાને નાયક (પ્રાંતિક) અને આયગાર(સ્થાનિક) વ્યવસ્થાનું મહત્ત્વ વધ્યું. કેન્દ્રીય, પ્રાંતિક, સ્થાનિક અને ગ્રામીણ વહીવટીતંત્ર સાથે ન્યાય, મંદિરો અને વિભિન્ન પ્રકારના કરવેરા, કૃષિ, વેપાર વગેરેની વ્યવસ્થા કેવી રહી તે હવે આપણે વિસ્તારથી સમજીશું.

## 10.2 કેન્દ્રીય વહીવટી વ્યવસ્થા

વિજયનગર સામ્રાજ્યની શાસન વ્યવસ્થા ઉપર ધર્મ અને ધાર્મિક વર્ગોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હતી. કેન્દ્રીય કે મધ્યસ્થ શાસન વ્યવસ્થામાં રાજાશાહી પ્રતીકાત્મક હતી. દિલ્હી સુલતાનોના દક્ષિણ ભારત પરના સૈન્ય આક્રમણોએ ત્યાંના રાજ્ય ધર્મ તથા સંસ્કૃતિને ભારે નુકસાન પહોચાડ્યું. આના પ્રત્યાઘાત સ્વરૂપ ત્યાં ધાર્મિક અને સાંસ્કૃતિક આંદોલનને કારણે વિજયનગરનું હિંદુ રાજ્ય સ્થપાયું. આવું હોવા છતાં વિજયનગરના રાજાઓને સામ્રાજ્યના વિસ્તારની આડે આવતા હિંદુ રાજાઓ સાથે પણ યુદ્ધો કરવા પડ્યા અને દૂર દક્ષિણમાં તે વિસ્તાર પામ્યું. આમ, વિજયનગરનું રાજ્ય તામિલ, કન્નડ અને તેલુગુભાષી સમુદાયથી બનેલું વિશાળ રાજકીય વ્યવસ્થા ધરાવતું સામ્રાજ્ય હતું. જેમાં રાજા કેન્દ્રસ્થાને હતો.

### 10.2.1. રાજા

વિજયનગર સામ્રાજ્યમાં મધ્યકાલીન બીજા રાજ્યોની જેમ મધ્યસ્થ શાસનતંત્રમાં રાજા સર્વોચ્ચ સત્તા ધરાવતો હતો. તે શાસનતંત્રમાં કેન્દ્રસ્થાને હતો. તેની પાસે મુલકી, લશ્કરી અને ન્યાયતંત્રનો તે સર્વોપરી વડો હતો. અહીં હિંદુ રાજ્યનું તંત્ર પ્રાચીન પ્રણાલિકા પર આધારિત અને ધર્મ તેનો મૂલાધાર હતો. રાજા પાસે અબાધિત સત્તાઓ હોવા છતાં હમેંશા પ્રજા હિત અને ધર્મને માન આપતો. અને એ રીતે રાજાના અધિકાર અમર્યાદિત હોવા છતાં તે નિરંકુશ ન હતો. ડૉ. રમેશચંદ્ર સી. મજુમદાર આ સંદર્ભે લખે છે કે, ''વિજયનગરના શાસકોને પ્રજાની સહાનુભૂતિ મેળવવાનું જ્ઞાન હતું અને તેમની ઉદારનીતિ દ્વારા તેઓ રાજ્યમાં શાંતિ અને સમૃદ્ધિ લાવી શક્યા હતા.'' રાજાના કર્તવ્ય વિશે વિજયનગરનો પરાક્રમી રાજા કૃષ્ણદેવ રાય

પોતાના ગ્રંથ ''આમુક્ત માલયદા'' લખે છે કે, ''મુકુટધારી રાજવીએ હંમેશાં ધર્મ તરફ નજર રાખીને રાજ્ય કરવું જોઈએ.''

વિજયનગરની રાજાશાહી પ્રતીકાત્મક રાજાશાહી હતી. રાજાઓ પોતાની સત્તા રાજધાનીના કેન્દ્રથી પોતાના પ્રાંતિક અને સ્થાનિક શાસનમાં પોતાના અધિકારીઓ દ્વારા અંકુશ રાખતા હતા. જેમાં ધર્મનાં સાધનો દ્વારા તે પ્રતીકાત્મક સત્તા દેખાતી અને લોકો દ્વારા એ રીતે સ્વામીભક્તિ ધર્મનાં સાધનો મારફત નિશ્ચિત થતી. મહાનવમીનો ધાર્મિક ઉત્સવ એક વાર્ષિક રાજકીય ઉત્સવ હતો(જે ૧૫ સપ્ટેબર અને ૧૫ ઓક્ટોબર દરમિયાન થતો) અને પૂર્ણાહુતિ દશેરાના દિવસે થતી. પ્રાદેશિક વિસ્તારોની મહત્વની આગેવાન વ્યક્તિઓ તેમાં ઉપસ્થિત રહેતી. બધા અનુષ્ઠાનના કાર્યો રાજવી દ્વારા જ સંપન્ન થતાં. આમ આ ઉત્સવમાં સામ્રાજ્યની તમામ પ્રાદેશિક વિસ્તારોની અગ્રગણ્ય વ્યક્તિઓ હાજર રહેતી અને તે રીતે વિજયનગરના શાસકોની સત્તાની સર્વોચ્ચતાનો સ્વીકાર થતો.

સૈદ્ધાંતિક રીતે રાજાનું પદ વંશપરંપરાગત હતું. પરંતુ યોગ્ય અને સાહસી વ્યક્તિ આ નિયમને તોડી રાજગાદી પ્રાપ્ત કરી શકતો. રાજાઓ સફળ સૈન્ય અભિયાનો કરી ''દિગ્વિજયન''ની ઉપાધિ ધારણ કરતા. અંગરક્ષકો તરીકે ખાસ લાયકાત ધરાવતા સૈનિકોને પસંદ કરવામાં આવતા હતા. તેમને સહવાસી, વેલૌક્કાર, ગરુડ તથા સાયતુદિગલ જેવી શ્રેણીઓમાં વહેંચવામાં આવતા આવી મજબૂત સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં કેટલીક વાર શક્તિશાળી નાયકો સમ્રાટોનો ઘાત કરતા કે ગાદી પરથી ઉઠાડી મૂકતા હતા.

### 10.2.2. મંત્રીપરિષદ

રાજાને રાજકીય કાર્યોમાં મદદ કરવા એક મંત્રીપરિષદ અને પ્રતિનિધિ પરિષદ રહેતી. મંત્રીઓને રાજા નીમતો હતો. કેટલાક મંત્રીઓનાં પદ વંશાનુગત બની ગયાં હતાં. દા.ત. રામરાય પછી તેનો ભાઈ તિરુમલ મંત્રી બન્યો હતો. મોટાભાગે બ્રાહ્મણોની મંત્રી તરીકે પ્રથમ પસંદગી કરવામાં આવતી હતી. તેમછતાં યોગ્ય વૈશ્યોની પણ નિમણુક થતી. સામાન્ય રીતે મંત્રીપરિષદમાં વીસ સભ્યો રહેતા અને તેનો વડો ''મહાપ્રધાની'' કહેવાતો. પ્રતિનિધિ પરિષદના વડાને ''સભાવાચક'' કહેવામાં આવતો. રાજા મંત્રીપરિષદના નિર્ણયો કે સુજાવ માનવા માટે બંધાયેલ ન હતો. તેમછતાં ડૉ. ઈશ્વરલાલ જી. ઓઝા નોંધે તેમ ''મેઘાવી મંત્રીઓની યોગ્ય સલાહ રાજા શિરોમાન્ય કરતો. દા.ત. સમ્રાટ કૃષ્ણદેવ રાય જેવા મહાન સમ્રાટે પોતાના યોગ્ય મંત્રી સાલુવ ટીમ્માની સલાહ માનીને બહમની સલ્તનતના સુલતાનોને છંછેડવાનું બંધ કર્યું હતું.'' મંત્રીપરિષદમાં કેન્દ્રીય શાસનમાં યુવરાજ, દંડનાયક અને

અન્ય અધિકારીઓ રાજાને મદદ કરતા. વહીવટી સરળતા માટે મધ્યસ્થ તંત્રમાં રાજયના કાર્યોને વિવિધ વિભાગોમાં વહેંચવામાં આવ્યું હતું. પ્રત્યેક વિભાગના અધિકારીને ''રાયસમ'' કહેવામાં આવતો હતો. પ્રધાન લેખાકાર અને દેખરેખ અધિકારીને ''કણિકમ'' કહેવામાં આવતો. સામ્રાજ્યના વિભિન્ન પ્રાંતોની ઉપર દેખરેખ રાખનાર અને નિયંત્રણ રાખનાર અધિકારી ''માનેય પ્રધાન'' નામે અધિકારીની નિમણૂંક કરવામાં આવતી. જે ગૃહ પ્રધાન સમાન પદ હતું. કોષાધ્યક્ષ અધિકારી રાજ્યમાં નાણાંકીય બાબતો ઉપર દેખરેખ રાખતો હતો. કોશ અથવા ખજાનો લઘુકોશ અને સંચિત નિધિ એવા બે ભાગોમાં વિભક્ત હતો. લઘુકોશમાં રાજયનાં દૈનિક કાર્યો માટે નાણાં જમા રહેતાં અને સંચિત નિધિનાં નાણાંનો ઉપયોગ કટોકટીના સમયે કરાતો. પાયેઝ નામનો પ્રવાસી નોંધે છે કે, ''આ ખજાનો એ રીતે સીલ કરાતો કે સંતાડવામાં આવતો કે જેની જાણ કોઈને થઈ શકાતી નહિ જયારે કટોકટીના સમયમાં સમ્રાટને નાણાંની આવશ્યકતા પડે ત્યારે જ તે ખોલતો હતો. આ ઉપરાંત કેન્દ્રીય વહીવટમાં ઝવેરાત ખાતાનો ઉપરી, રાજ્યનાં વેપાર-વાણિજય હિતોનું ધ્યાન રાખનાર મુખ્ય પોલીસ અધિકારી, અશ્વદળનો નિયામક, મહેલ ખાતાનો ઉપરી પણ અન્ય અધિકારીઓ હતા.

### 10.2.3. વહીવટી વ્યવસ્થામાં બ્રાહ્મણોનું સ્થાન.

વિજયનગર સામ્રાજયમાં વહીવટીતંત્રમાં બ્રાહ્મણ વર્ગનું સ્થાન ઊંચું હતું. આ યુગમાં કિલ્લાઓનું સુરક્ષાત્મક દ્રષ્ટીએ ખૂબ મહત્વ હોઈ મોટે ભાગે કિલ્લાના નાયકો તરીકે બ્રાહ્મણો રહેતા. જે મોટેભાગે  તેલુગુ મૂળના બ્રાહ્મણો હતા અને તેમની પાસે કિલ્લાઓની વ્યવસ્થા તથા રાજયના વિભિન્ન વિભાગોમાં નવા કિલ્લાઓ બંધાવાની અને તેની દેખરેખની રાખવાની હતી. તેના બદલામાં આવા બ્રાહ્મણોને શાહી ગામો જેને ભંડારવાડા કહેતા, તેનું મહેસૂલ પગાર સ્વરૂપે મળતું. દરેક ગામડાંમાં બે પ્રકારની જમીન હતી. એક શાહી જમીન અને બીજી અમરમ જમીન. શાહી ગામો અને અમરમ ગામો વચ્ચે ભેદ હતો. જેમાં અમરમ ગામોની મહેસૂલી આવક સ્થાનિક સૈનિક મુખિયા પાસે રહેતી. આમ, બ્રાહ્મણ વર્ગ અહી ધાર્મિક વડા તરીકે નહોતો પરંતુ તેમનું રાજનૈતિક સ્થાન હતું. જે વિજયનગર સામ્રાજયની વિશેષતા કહી શકાય. શિક્ષિત બ્રાહ્મણોની એ બાબતે પ્રધાનતા રહેતી કે તેઓ સારા વહીવટકર્તા અને હિસાબનીશ બની રાજયની સેવામાં જોડાય. કારણ કે, અહી તેમના માટે વધુ તકો હતી. મધ્યસ્થ સરકારનું વહીવટી કાર્યાલય(સચિવાલય) બ્રાહ્મણો દ્વારા જ ચાલતું હતું. જેઓ તેલુગુ નિયોગી બ્રાહ્મણો સાથે સંલગ્ન હતાં અને તેઓ ધાર્મિક કાર્યોમાં પ્રાચીનપંથી ન હતા. બ્રાહ્મણો પ્રજામાં રાજાની કાયદેસરતા દ્રઢ રીતે સ્થાપિત કરવાનું કાર્ય કરતા. જેમકે વિધ્યારણ્ય અને તેમનો પરિવાર સંગમમાં મંત્રી હતા અને તેમણે

હરિહર અને બુક્કા રાયને પુનઃ હિંદુ ધર્મમાં સ્વીકારી તેને કાયદેસરતા આપી હતી. કેટલાક બ્રાહ્મણોએ સેનાપતિ પદે રહી સૈન્યની મહત્વપૂર્ણ જવાબદારી પણ નિભાવી હતી. જેમ કે પ્રતાપી રાજા કૃષ્ણદેવ રાયના સમયમાં સલૂવ ટિમ્મા સેનાપતિ હતો જે બ્રાહ્મણ હતો.

### 10.2.4. રાજા અને મંદિરો, સંપ્રદાયો.

દૂર દક્ષિણમાં તામિલ પ્રદેશોમાં વિજયો પછી પોતાનું શાસન મજબૂતી સાથે સ્થાપિત કરવા માટે સ્થાનિક તામિલ આગેવોનોનો સહકાર જરૂરી હતો. અને તેમાં વિજયનગરના શાસકોને વૈષ્ણવ તામિલ મુખીયોની મદદ લેવી પડી. અને ત્યાં પોતાની સત્તાની કાયદેસરતા સ્થાપવા તામિલ ધાર્મિક સંગઠનો સમાન મંદિરો સાથે વિજયનગરના શાસકોએ સંબંધ સ્થાપિત કર્યો. જેની જરૂરિયાત અને આવશ્યકતા વિશે આપણે કહી શકીએ કે દક્ષિણમાં રાજાની સત્તા ટકાવવા માટે મંદિરો જે આખું એક આગવું વહીવટી સંકુલ હતું જેનો આધાર લેવામાં આવ્યો. જયારે સંપ્રદાયના આગેવાનો સાથે પણ સંબંધ સ્થાપિત કરવામાં આવ્યો કે જે મંદિરો અને રાજા વચ્ચે કડી રૂપ હતા. કેમકે સંપ્રદાય વર્ગ પાસે ત્યાંના સ્થાનિક મંદિરોનો વહીવટ હતો. આમ હોવા છતાં મંદિરોને લગતા વિવાદમાં રાજા જ ન્યાય કે હસ્તક્ષેપ કરતો. આ યુગમાં દક્ષિણ ભારતમાં ઘણાં નવાં મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું. જેમાં સંગમ વંશના શરૂઆતના શાસકો શિવ ભક્ત હતા. તેમણે વિજયનગરમાં વિરુપકક્ષા(પમ્પાપતિ-વૈષ્ણવ)ના મંદિરને ફરી બનાવડાવ્યું. સલૂવ વંશના શાસકો વૈષ્ણવ હતા. તેઓએ શૈવ અને વૈષ્ણવ મંદિરોને સંરક્ષણ આપ્યું. તુલૂવ રાજવી કૃષ્ણદેવ રાયે કૃષ્ણાસ્વામી મંદિર (વૈષ્ણવ) બંધાવ્યું તો સાથે શૈવ મંદિરોને અનુદાનો આપ્યાં. તેવી જ રીતે અરાવિડુ શાસકોએ વૈષ્ણવ મંદિરોને અનુદાનો આપ્યાં હતાં.

## 10.3 પ્રાંતિક વહીવટી વ્યવસ્થા

આ યુગ પૂર્વે ચૌલ શાસન સમયથી જ સ્થાનિક સંસ્થાઓ સભા, નાડુ અને ઉરની સત્તાઓ ઓછી થઈ ગઈ તેમ છતાં વિજયનગર સામ્રાજ્યના સમયે તેમનું અસ્તિત્વ હજુ હતું.

વહીવટી સરળતા માટે સામ્રાજયને અનેક મંડલમ (પ્રાંતો)માં વહેચવામાં આવ્યું હતું. જેને સામાન્ય રીતે 'રાજય' તરીકે ઓળખવામાં આવતા. પ્રાંતોને અનેક વલનાડુ (જિલ્લાઓ)માં વહેચવામાં આવ્યા. અને જિલ્લાઓને અનેક અનુમંડલમાં વિભાજીત કરવામાં આવ્યા હતા. વહીવટીતંત્રના નાના એકમમાં સભા અને ઉર(ગામ સભાઓ) હતાં. ગામડાંના નાના સમૂહને 'સ્થળ' અને મોટા સમૂહને 'કોટ્ટયમ' કહેવામાં

આવતું. પ્રાંતનો વડો નાયક તથા જિલ્લા (વલનાડુ)નો વડો અમર નાયક કહેવાતો. પ્રાંતોના શાસકોને ઘણી સત્તાઓ આપવામાં આવી હતી. તે નવા કરવેરા લગાવી શકતા અને જૂના કર નાબૂદ કરી શકતા. તેમણે પોતાના પ્રાંતની આવકનો ૧/૩ ભાગ રાજાને મોકલી આપવો પડતો હતો. નાયક અને અમર નાયકનું પદ મોટે ભાગે રાજકુમારો કે રાજવંશ સાથે સંબંધિત યોગ્ય તથા વિશ્વાસપાત્ર વ્યક્તિઓને આપવામાં આવતું. પ્રાંતિક શાસકોને વહીવટમાં સહાયતા માટે લેખક, કાપરું(પોલીસ), અવિરગ, જ્યોતિષ, ગૌડ તથા પુરોહિત જેવા અધિકારીઓ રહેતા. પ્રાચીન પાંડ્યો, તિરુવદીઓ, ગેરશપ્પાના મુખીયાઓ કે કર્કલ રાજાઓના રાજકુમારોને સમ્રાટના દુશ્મનો પર ધ્યાન રાખવા 'નિરીક્ષક' રૂપે નીમવામાં આવતા હતા. આ સમયે પ્રાંતિક વહીવટમાં નાયનકાર અને આયગાર વ્યવસ્થાનું પ્રભુત્વ રહ્યું. હવે તેના વિશે આપણે વિગતે જોઈશું.

**10.3.1. નાયનકાર વ્યવસ્થા.**

વિજયનગર રાજ્યની અગત્યની વિશેષતા એટલે નાયનકાર વ્યવસ્થા કે પ્રાંતિક વહીવટી વ્યવસ્થા. સમગ્ર સામ્રાજ્યને વહીવટી સુગમતા ખાતર પ્રાંતોમાં વિભાજીત કરવામાં આવ્યું હતું જે રાજ્ય, મંડલ અથવા ચાવડી તરીકે ઓળખાતું. ઈતિહાસકાર ડૉ. આશીર્વાદીલાલ શ્રીવાસ્તવ આ સંદર્ભે લખે છે કે, "વિજયનગર સામ્રાજ્ય છ પ્રાંતોમાં વહેંચાયેલું હતું. પ્રત્યેક પ્રાંતના વહીવટ માટે એક અધિકારીની નિમણુક કરવામાં આવતી. જેને નાયક કહેવામાં આવતો. પ્રાંતોમાં તે રાજાનો પ્રતિનિધિ ગણાતો. સામાન્યતઃ રાજકુટુંબની જ કોઈ વ્યક્તિને અથવા રાજ્યના મોટા સામંતને આ હોદ્દા પર નીમવામાં આવતો. દરેક નાયકને તેના પ્રાંતમાં મુલ્કી, લશ્કરી અને ન્યાયિક સત્તાઓ આપવામાં આવતી. આ બાબતોમાં તે પોતાની સ્વતંત્ર નીતિ અપનાવી શકતો અને મહત્ત્વની બધી જ નિમણૂકો તેને હસ્તક રહેતી. પરંતુ તેને નિયમિતપણે કેન્દ્ર કે મધ્યસ્થ સરકારને પોતાના પ્રાંતની આવકજાવકનો હિસાબ રજૂ કરવો પડતો. રાજાને જરૂર પડે ત્યારે તેણે લશ્કરી મદદ લઈને હાજર રહેવું પડતું. પ્રાંતોની આવકનો ૧/૩ ભાગ તેણે મધ્યસ્થ સરકારને મોકલવો પડતો અને ૨/૩ જેટલો ભાગ તે પોતાની પાસે રાખી શકતો. એ આવકમાંથી તેને પોતાના પ્રાંતોનો વહીવટી અને લશ્કર માટેનો ખર્ચ ઉપાડવાનો હતો. જો આ નાયક વિદ્રોહ કરે અથવા તો પ્રજાને પીડે તો તેને કડક શિક્ષા કરવામાં આવતી." આમ, પ્રાંતમાં નાયકાર એક સામંત જેવી ભૂમિકામાં હતો અને તે રીતે સામ્રાજ્યની સત્તાનું અહી વિકેન્દ્રકરણ જોવા મળતું. નાયનકાર વ્યવસ્થામાં નાયકોને આપેલી વધુ સત્તા જ આગળ ચાલતા સામ્રાજ્યના પતન માટે કારણભૂત બની.

પ્રાંતોમાં નાયનકાર વ્યવસ્થા વિશે આપણને તે સમયે વિજયનગર આવેલા બે પોર્ટુગીઝ મુસાફરો ફરનાઓ નૂનિઝ અને ડોમેન્ગો પાયસના વર્ણન પરથી મળે છે. ફરનાઓ નૂનિઝ તુલૂવ શાસક કૃષ્ણદેવ રાય અને ડોમેન્ગો પાયસ અચ્યુત રાયના સમયમાં ભારત આવ્યા હતા. તેઓ નાયકોને મહજરાયો તરીકે ઓળખાવે છે. જે કેન્દ્રીય કે મધ્યસ્થ સરકારના પ્રાંતોમાંના અધિકારીઓ હતા. જયારે વિજયનગરના અભિલેખો અને ત્યાંની પાંડુલિપિઓમાં નાયકોને પ્રાદેશિક નાયકો તરીકે વર્ણવ્યા છે. એન.કે. શાસ્ત્રી આ સામ્રાજયને સૈનિક મહાસંઘ ગણે છે. જેમાં અનેક સરદારો મુખીઓ પોતાનામાંથી બાહોશ સરદારના પક્ષ જોડતા. કૃષ્ણસ્વામી આ વ્યવસ્થાને સામંતશાહી ગણે છે. તો વેંકટરમણ્યા તેમાં યુરોપ જેવાં સામંતવાદી લક્ષણોની ગેરહાજરી છે તેવું માને છે. ડી.સી. સરકાર આ બધાનું ખંડન કરતા આ વ્યવસ્થાને જમીનદારી પ્રથા બતાવે છે. આમ ડી.સી. સરકાર અને ટી. વી. મહાલિંગમ નાયકોને સૈનિક યોદ્ધાઓ કહે છે જેને મધ્યસ્થ સરકારની સૈન્ય સેવા બદલ એક પદ હતું તેવું માને છે. આ ઉપરાંત એક અન્ય સૈનિક પદ પણ હતું જે અમરનાયકનું હતું. જેના અધિકાર ક્ષેત્ર હેઠળ સામ્રાજયના જમીન અને પ્રદેશમાં મહેસૂલી અધિકાર મળ્યા હતા. જે સામ્રાજયની જમીનનો આશરે ૩/૪ ભાગ આ અધિકારીઓની સત્તા હેઠળ આવી જતો. તેમને મળેલ આ અધિકાર અમરમ, અમરમકરા, અમરામ કે હાલી કહેવામાં આવતું હતું. તેમના તાબામાં ચોક્કસ સંખ્યામાં લશ્કરી ટુકડીઓ રહેતી હતી.

પ્રાંતોમાં નાયકોની ફરજ મંદિરોને દાન આપવા, ઉપહાર આપવા, પાણીની વ્યવસ્થા માટે તળાવો બંધાવવા, ઉજ્જડ જમીનોને ખેતી લાયક બનાવવી, મંદિરો પાસેથી શુલ્ક વસૂલવો વગેરે હતી. તામિલ અભિલેખોમાં રાજા, અધિકારીઓને નાયકો દ્વારા આ કાર્યો માટે કોઈપણ પ્રકારના વળતરનો નિર્દેશ નથી.

## 10.4 સ્થાનિક વહીવટી વ્યવસ્થા

### 10.4.1. આયગાર વ્યવસ્થા.

આ યુગમાં તામિલ પ્રદેશોમાં ગ્રામીણ સ્વાયત્ત સંસ્થાઓનું મહત્ત્વ ઘટી ગયું હતું. વિજયનગર સામ્રાજયનો પાદુર્ભાવ અને વિકાસ થયો તે વહેલાંનાં યુગમાં તામિલ વિસ્તારોની સરખામણીએ આંધ્ર અને કર્ણાટકના પ્રદેશોમાં સ્થાનિક સંસ્થાઓ પાસે જુજ સ્વાયત્તતા હતી. વિજયનગરના યુગમાં કર્ણાટકમાં સ્થાનીય ક્ષેત્રીય વિભાજનને બદલવામાં આવ્યું. તેમ છતાં સ્થાનિક ક્ષેત્રે વિશાળ પાયે આયગાર વહીવટી વ્યવસ્થા ચાલુ રહી. પ્રાદેશિક સભાઓ નાડુ અને નટટાર જેવી સંસ્થાઓ પંદરમી અને સોળમી સદીમાં નબળી પડતાં તામિલ પ્રદેશોમાં આયગાર વ્યવસ્થાનો ફેલાવો થયો. તામિલ પ્રદેશમાં પ્રાંતોને કોટ્ટમમાં, કોટ્ટમને પર્રુમાં, પર્રુને નાડુમાં અને નાડુને ગ્રામમાં

વહેંચવામાં આવ્યાં હતાં. કર્ણાટકમાં પ્રાંતને વેણ્ઠે, નાડુ, સીમ, ગ્રામ તથા સ્થળ જેવા વિભાગમાં વહેંચવામાં આવ્યાં હતાં. આમ, સ્થાનિક તંત્રમાં વહીવટનો નાનો એકમ ગામડું હતું અને તેના વડાને ભટ્ટ નાયક કહેવામાં આવતો અને તેના મુખ્ય અધિકારીને અયંગર નામે ઓળખાતો. આયગાર ગ્રામ સેવક અથવા કર્મચારીઓ હતાં અને તેમના અંતગત પરિવારોના સમૂહ આવતા હતાં. સામાન્ય રીતે ગ્રામસેવકમાં મુખિયા(રેડ્ડી, ગૌડા, મનિયમ ), હિસાબનીશ અને ચોકીદાર(તલાઈયારી) મુખ્ય હતા અને તેમને ગ્રામ વહીવટના બદલામાં ગામમાં એક જમીનનો ટુકડો આપવામાં આવતો. જે કર મુક્ત હતો. આવા જમીનના કરમુક્ત ટુકડાને કે જે ગ્રામસેવકોને મળતો તેને 'માન્યા' કહેવામાં આવતો. આ જમીન પર કોઈ નિયમિત કર ન હતો. ક્યારેક તેમને એક ચોક્કસ રકમ પણ ભરવી પડતી. ગ્રામસેવકોની જેમ ગામની સેવા કરનાર ધોબી અને પૂજારીને પણ વળતર સ્વરૂપે ગામમાં જમીન આપવામાં આવતી હતી. આ ઉપરાંત પણ ગામની સેવા કરનાર અન્ય વર્ગ જેવો કે મોચી, કુંભાર, લુહાર, સુથાર, નિરનિક્કર(પાણીવાળો-સિંચાઈ માર્ગની દેખરેખ રાખનાર) અને અન્ય હતાં. તેમને સેવાના બદલામાં ગામની જમીન મહેસૂલ આવકમાંથી ચોક્કસ રોકડ રકમ આપવામાં આવતી હતી. આમ આયગાર વ્યવસ્થામાં જમીન મહેસૂલથી પ્રાપ્ત આવકની વહેચણી ગ્રામસેવકોને તેમના કાર્યના બદલામાં પ્રથમ વાર કરવામાં આવ્યું.

આમ, વિજયનગર સામ્રાજયમાં વહીવટીતંત્રમાં ગ્રામ એકમ હતું. સાથે તે સ્વાયત્ત અને સ્વાવલંબી પણ હતું. ગ્રામ્ય કક્ષાએ આયગાર વ્યવસ્થા એક સંગઠનાત્મક સંસ્થા હતી. અહી ગ્રામપંચાયતો ને સ્થાને ગ્રામસભા હતી. જેની પાસે ગામની કારોબારી, ન્યાયકીય અને પોલીસ જેવી વહીવટી સત્તાઓ હતી. ગ્રામ સભાઓ સમગ્ર ગામનું જમીન મહેસૂલ અને વેરા વસૂલ કરતી. સાથે જ નાના મોટા ઝઘડાઓમાં ન્યાય આપી શાંતિ અને વ્યવસ્થા જાળવતી. ગ્રામ વહીવટ અને વ્યવસ્થાના કર્યો કરાવવા માટે ગ્રામસભા દ્વારા હિસાબનીશ, ગ્રામરક્ષક અને મજૂરો પાસે કામ કરાવનાર અધિકારીની નિમણુક કરવામાં આવતી હતી. જેમને વળતર રૂપે જમીન અથવા મહેસૂલમાંથી કેટલાક ટકા બાંધી આપવામાં આવતા હતા. ગ્રામસભાઓમાં વેપારીમંડળો અને કારીગરોની શ્રેણીયોનું પણ પ્રતિનિધિત્વ જોવા મળતું. દરેક ગામડાં પર મધ્યસ્થ કે કેન્દ્રીય સરકાર વતી દેખરેખ રાખવા માટે 'મહાનાયકાચાર્ય' નામના અધિકારીની નિમણુક થતી હતી.

**(ક)તમારી પ્રગતિ ચકાસો.**

૧. વિજયનગર સામ્રાજ્યની કેન્દ્રીય વ્યવસ્થા વિશે જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

૨. વિજયનગર સામ્રાજ્યમાં બ્રાહ્મણનું સ્થાન અને કર્યો વિશે વર્ણવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

૩. કેન્દ્રીય શાસન વ્યવસ્થામાં રાજા અને મંદિરો વચ્ચેના સંબંધોને સ્પષ્ટ કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

૪. વિજયનગર સામ્રાજ્યની પ્રાંતીય વહીવટી વ્યવસ્થા વિશે સમજાવો.

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

૫. સ્થાનિક વહીવટીતંત્ર વિશે પાંચ વાક્યો લખો.

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

**૬. યોગ્ય રીતે જોડકાં જોડો.**

| | |
|---|---|
| ૧.મહાનાયાકાચાર્ય | A. ગામની કરમુક્ત જમીન |
| ૨.ભટ્ટનાયક | B. સમસ્ત પ્રાંતોની દેખરેખ રાખનાર અધિકારી |
| ૩.પ્રાંત | C. પ્રધાન લેખાકાર |
| ૪.વલનાડુ | D. મંત્રીપરિષદનો વડો |
| ૫.મહાપ્રધાની | E. જિલ્લા |
| ૬.કણિકમ | F. રાજ્ય, મંડલ કે ચાવડી |
| ૭.માનેય પ્રધાન | G. ગામનો વડો |
| ૮.માન્યા | H. ગામડાં પર દેખરેખ રાખનાર અધિકારી |

**૭. ટૂંકનોંધ લખો.**

૧. નાયનકાર વ્યવસ્થા

૨. આયગાર વ્યવસ્થા.

## 10.5 સૈન્ય વ્યવસ્થા

કેન્દ્રીય લશ્કરી તંત્રને કંડાચાર કહેવાતું. તેના વડા અધિકારી દંડનાયકની નિમણુક થતી. સમ્રાટ હરિહરરાય બીજાના સમયે સૈન્યની સંખ્યા એક લાખ જયારે દેવરાયે વધારો કરી બે લાખ કરી હતી. ડૉ. એ.એલ. શ્રીવાસ્તવ નોંધે છે તેમ "વિજયનગરના સમ્રાટ એક વિશાળ સેના રાખતા હતાં. જેની સંખ્યા સમય સમયે વધતી કે ઘટતી રહેતી હતી. કૃષ્ણદેવ રાયના સમયમાં સેનામાં ૩૬૦૦ ઘોડેસવાર, સાત લાખ પાયદળ સૈન્ય અને ૬૫૧ હાથી હતા. એક તોપખાનું પણ હતું પરંતુ તે અનિયમિત વ્યવસ્થા રહ્યું હશે. સૈન્ય વિભાગની વ્યવસ્થા મહાસેનાપતિ(દંડનાયક)ને આધીન હતી જેની સહાયતા માટે અનેક અધિકારીઓ પણ રહેતા. પરંતુ એવું લાગે છે કે, વિજયનગરની સેનાનું સંગઠન તથા અનુશાસન દક્ષિણના મુસ્લિમ સુલ્તાનોની અપેક્ષાએ ઉતરતી કક્ષાનું રહ્યું હશે." તાલીકોટાના ઐતિહાસિક યુદ્ધમાં વિજયનગરે નવ લાખનું સૈન્ય ઊભું કર્યું હતું. વળી વિજયનગરના લશ્કરમાં મુસ્લિમોની ભરતી થતી. ડૉ. ઈશ્વરલાલ જી. ઓઝા લખે છે કે, "આ લશ્કર સાચા અર્થમાં રાષ્ટ્રીય લશ્કર હતું. તેમાં હિન્દુઓની વિવિધ જાતિઓ ઉપરાંત મુસ્લિમોને પણ સામેલ કરવામાં આવ્યા હતા. આ લશ્કરનો યુદ્ધઘોષ 'ગોવિંદ ગોવિંદ' હતો. તે અશ્વદળ, તોપદળ, નૌકાદળ અને ગજદળમાં વહેંચાયેલું હતું.

વિજયનગર પાસે શક્તિશાળી નૌકાસેના હતી. જેની મદદથી વિજયનગરના સમ્રાટોએ છેક શ્રીલંકા સુધી વિજયો કર્યા હતા. સામ્રાજ્યના અતિ મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક સ્થાનોએ મજબૂત કિલ્લાઓનું નિર્માણ કરાવ્યુ હતું.

રાજા ઉપરાંત નાયકો, પલેગારો અને પ્રાંતના અધિકારીઓને પણ સૈન્ય રાખવાનો અધિકાર હતો. આગળ ઉપર આપણે જોઈ ગયા કે નાયકને રાજાને જરૂર પડે ત્યારે લશ્કરી મદદ લઈને હાજર રહેવું પડતું.

## 10.6 ન્યાય વ્યવસ્થા

રાજા ન્યાયનો સ્રોત હતો અને પોતે સમસ્યાઓ પર ન્યાય કરતો હતો. ન્યાય માટે ન્યાયાલયોની વ્યવસ્થા હતી. ન્યાયાધીશની નિમણુક સ્વયં રાજા કરતો હતો. ગામડાંના લોકો ગ્રામસભા કે પંચાયતો દ્વારા પોતાના ઝગડાઓનો ન્યાય કરી લેતા

હતાં. કેટલીક વાર ન્યાયાધીશો સ્થાનીય સંસ્થાઓની મદદથી ઝગડાઓમાં ન્યાય આપતા હતાં. ગ્રામ્ય ન્યાયાલયો સામાન્ય કક્ષાના સામાજિક અપરાધો, વાણિજ્ય ગુના અને અન્ય ગુનાઓમાં ન્યાય કરતાં હતાં. ગામડાંમાં જ્ઞાતિપંચો અને વેપારી સંઘો પણ સામાન્ય ઝઘડાઓનો નિકાલ કરતા. ન્યાયાલયોમાં ન્યાય વ્યવસ્થા પ્રાચીન સમયથી ચાલ્યા આવતા કાયદાઓ અને પરંપરાગત નિયમો, રીતિરીવાજો તથા દેશના વ્યવહારો પર આધારિત હતો. ડૉ. આઈ.જી.ઓઝા નોંધે છે કે, યાજ્ઞવલ્કય સ્મૃતિ અને પરાશર સ્મૃતિ પરના માધવના ભાષ્ય પ્રમાણે ન્યાય આપવામાં આવતો હતો. ગુનેગાર માટે દંડની જોગવાઈ કઠોર હતી. ચોરી, વ્યભિચાર અને રાજદ્રોહ માટે અંગ છેદન અને મૃત્યુ દંડની સજા હતી. ગંભીર ગુનાઓમાં હાથીના પગ નીચે કચડીને મારી નાખવાની સજા પણ થતી. સામાન્ય અપરાધ માટે આર્થિક દંડની કે સંપત્તિ જપ્ત કરવાની જોગવાઈ હતી. ટૂંકમાં અપરાધ માટે સજાનું પ્રાવધાન ખૂબ કઠોર હતું.

આમ ન્યાયવ્યવસ્થા સંગઠિત હતી ને જુદા જુદા સ્તરે ન્યાયાલયોની જોગવાઈ કરવામાં આવી હતી. નીચેના ન્યાયાલયોના ન્યાયમાં અસંતોષ હોય તો ઉપરના ન્યાયાલય કે રાજા સમક્ષ પણ ફરિયાદ કરી શકાતી.

## 10.7 પોલીસ અને જસૂસીતંત્ર

વિજયનગર સામ્રાજયમાં પોલીસ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. જેને 'કાપરું' કહેતા. રાજ્યમાં ચોરી ઘટનાઓને ડામવાનું કાર્ય તેમનું હતું. કોઈ જગ્યાએ ચોરી થાય તો પોલીસે ચોરોને પકડવા પડતા નહી તો ચોરીની કિંમત પોલીસ અધિકારીઓએ ચૂકવવી પડતી. એક જાસૂસીતંત્રની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી જે સામ્રાજ્યના વિભિન્ન પ્રાંતોની અને વેપારી ગતિવિધિઓની જાણકારી સમ્રાટને આપતા હતા. જંગલ વિસ્તારોમાં આદિવાસીઓ ઉપદ્રવ ના કરે તે માટે તેવા વિસ્તારોમાં પાલયગરો નામના પોલીસ અધિકારીઓને નીમવામાં આવતા હતા.

## 10.8 કર વ્યવસ્થા. (જમીન મહેસૂલી આવક અને તેને સંબંધિત અધિકારો)

જમીનમહેસૂલ સરકારની આવકનું મુખ્ય સાધન હતું. તેને 'સિસ્ત' કહેવામાં આવતું. મહેસૂલ સંબંધિત વ્યવસ્થા માટે એક અલગ ખાતું રહેતું. જેને 'અથવને' કહેતા. જમીન ઉત્પાદન કે આવક પર લગાવવા માટેના કરનો દર નિર્ધારણ કરવા માટે ત્રણ પ્રકારમાં જમીનને વહેચવામાં આવી હતી. જેમાં સિંચાઈવાળી જમીન(વંધ્યા), સૂકી જમીન(ઉર્વરા) અને બાગાયત તથા જંગલવાળી જમીન. ત્રણેય પ્રકારની જમીન ધરનાર એ કેટલું જમીન મહેસૂલ અપાવું તેના વિગતે નિયમો બનાવવામાં આવ્યા હતાં. હિંદુ યુગમાં સામાન્ય રીતે ઉપજનો છઠ્ઠો ભાગ રાજ્ય કર તરીકે વસૂલવામાં આવતો હતો. પરંતુ વિજયનગર સામ્રાજયમાં એવું માલુમ પડે છે કે, રાજ્ય કર તરીકે

૧/૩ થી ૧/૬ સુધી કર વસૂલવામાં આવતો હતો. તેનું કારણ બહમની રાજ્ય સાથેના સતત સંઘર્ષને કારણે રાજ્યની સુરક્ષા માટે વિશાળ સેના રાખવી પડતી તે હતું. ડૉ. નિલકંઠ શાસ્ત્રી નોંધે તેમ, જમીન મહેસૂલનો દર ૫૦ ટકા જેટલો ઊંચો હતો. ભૂમિ કર ઉપરાંત સરકાર ઘરવેરો, ચરાઈવેરો, વિવાહ કર, સંપત્તિ, ઉદ્યાનો અને હસ્તકલાની વસ્તુઓ પર પણ કર લગાવતી. રાજ્યનો કર ભારે હતો. કર રોકડ અને ઉત્પાદિત વસ્તુઓના સ્વરૂપે બંને રીતે લેવાની વ્યવસ્થા હતી.

બ્રાહ્મણોની જમીન પર ૧/૨૦મો ભાગ અને મંદિરોની જમીનો પર ૧/૩૦ જેટલો રાજ્ય કર વસૂલવામાં આવતો હતો. ઉપરાંત રાજ્યની આવકનું મુખ્ય સાધન જમીની કર ઉપરાંત તટીય ક્ષેત્રોમાં થતા વેપાર પર લગાવવામાં આવેલ કર પણ મહત્ત્વનો હતો. વિવાહ કર બંને પક્ષો પાસેથી લેવામાં આવતો પરંતુ દહેજ વિનાના લગ્નો પર કર વસૂલવામાં આવતો નહી. આ ઉપરાંત માલ પરની જકાત, રસ્તા પરના વેરા, બાગબગીચા પરના વેરા, વેચાણ વેરો, કારીગરો, કુંભાર, ધોબી, મોચી, હજામ, સાધુ, દેવળ અને ગણિકાઓ પર કર લેવામાં આવતો હતો. ગામવાસીઓએ ગામના અધિકારીઓના જીવનનિર્વાહ માટે પણ કઈંક આપવું પડતું. આ ઉપરાંત સ્થળ દાયમ, માર્ગ દાયમ અને મગુલા દાયમ એ ત્રણ પરિવહન વેરા હતા. આમ વિજયનગર સામ્રાજયમાં પ્રજાએ અનેક પ્રકારના કરવેરા ભરવા પડતા. સામાપક્ષે રાજ્ય પણ પ્રજાની નાનામાં નાની તકલીફો દૂર કરવા પ્રત્યે હંમેશા સજાગ અને તત્પર રહેતું હતું. વિષમ પરિસ્થિતિઓમાં રાજ્ય કેટલીક વાર કરનો દર ઓછો કરતું અથવા કેટલાક કરો માફ કરવામાં આવતા. ડૉ. રમેશચંદ્ર મજુમદાર નોંધે તેમ લોકો રાજ્ય પાસે સીધી ફરિયાદ કરી શકત અને તે પ્રત્યે રાજ્ય પૂરતા પ્રમાણમાં ધ્યાન આપતું.

જમીન સિંચાઈ ક્ષેત્રે એક શ્રેણી સિંચાઈમાં મૂડી રોકી આવક પ્રાપ્ત કરતી હતી. આ પ્રવૃત્તિ તામિલ પ્રદેશોમાં દસાવંન્દા અને આંધ્રમાં કાટ્ટુ-કોડગે તરીકે ઓળખાતી. જે અર્ધ સૂકા ભાગોમાં વધારે પ્રયોજાતી. આમાં નહેરો અને તળાવ નિર્માણ કરનાર વ્યક્તિ દ્વારા વધારે ઉત્પાદન મેળવાતું અને તે આવક પરનો હક્ક વ્યક્તિગત હતો. આ ઉત્પાદનનો એક ભાગ ગામના ખેડૂતોને આપવામાં આવતો અને તેનો ઉપયોગ ગામ વિકાસ અંગે કામો કરવા પાછળ થતો.

જમીન વહેચણી અંગે મુખ્યત્વે ત્રણ વર્ગોની માહિતી મળે છે. ૧. આમરા, ૨. ભંડારવાડા અને ૩. માન્યા. જે ગામડાંની આવકના વિભાગ દર્શાવે છે. સૌથી નાનો વર્ગ ભંડારવાડા રાજાના અધિકાર ક્ષેત્રવાળાં ગામડાં હતાં અને તેની આવકનો એક ભાગ સામ્રાજ્યના કિલ્લાઓના ઉપયોગમાં લેવામાં આવતો હતો. માન્યા(કરમુક્ત ) ગામડાંની આવક બ્રાહ્મણો, મઠો અને મંદિરોની દેખભાળ પાછળ થતો હતો. આમરા એ સૌથી મોટો જમીન ધરવતો વર્ગ હતો. આ આમરા ગામડાં રાજાએ અમરનાયકોને આપ્યાં હતાં પરંતુ તેવાં ગામડાં પર અમરનાયકોનો કોઈ માલિક અધિકાર ન હતો હા તેની આવક પર તેમનો વિશેષાધિકાર હતો. તે આવકમાંથી બ્રાહ્મણો, કિલ્લાઓ માટેના ખર્ચને બાદ કરી વધેલ રકમની વહેચણી થતી. દરેક ગામમાં ૩/૪ ભાગ આ વર્ગમાં આવતો ને દરેક ગામની આવકના એક માર્યાદિત ભાગ પર જ અમરનાયકનો

અધિકાર રહેતો. જે અમરમકની(૧/૧૬મો ભાગ-મકની) કહેવાતું. માન્યા અધિકારોમાં પરિવર્તન આવ્યું ને રાજય દ્વારા જમીન વ્યક્તિગત રૂપે બ્રાહ્મણો, બ્રાહ્મણ સિવાયના શિવ અને વૈષ્ણવ ગુરુઓને પણ આપવામાં આવી. રાજ્ય તરફથી અપાતાં વિવિધ અનુદાનોમાં મંદિરોને અપાતાં દેવદાન અનુદાનમાં ખૂબ વધારો થયો.

સમ્રાટ કૃષ્ણદેવરાયે આવક પ્રમાણે ખર્ચને ચાર ભાગમાં વિભાજીત કર્યો હતો. એક ભાગ મહેલના નિભાવ માટે અને દાનધર્મ માટે, જયારે બે ભાગ લશ્કરના નિભાવ માટે રહેતો. ચોથો ભાગ આકસ્મિક આપત્તિ અર્થે કોષના સંચિત નિધિ માટે જમા થતો હતો.

## 10.9 મંદિરો, મંદિર અધિકારીઓ, ધાર્મિક કર્મચારીઓની ગ્રામીણ અને વેપાર વ્યવસ્થામાં ભૂમિકા.

વિજયનગર સામ્રાજ્યમાં મંદિરો જમીનોના માલિકો બન્યાં. અસંખ્ય ગામડાંની આવકમાંથી દેવદાન દેવી-દેવતાઓને આપવામાં આવતું. આ મોટાં મંદિરોમાં પૂજા થતી. મંદિરોના વહીવટ માટે પણ અધિકારીઓ રહેતા અને તેઓ મંદિરોને મળેલ દેવદાન અનુદાનનો ઉપયોગ ગામડાંની વ્યવસ્થા માટે કરતા હતા. આ વ્યવસ્થામાંથી ધાર્મિક કર્મચારીઓનું પોષણ થતું. આ અનુદાનનો ઉપયોગ ધાર્મિક અનુષ્ઠાન વખતે ખાદ્યસામગ્રી, સુગંધિત વસ્તુઓ અને વસ્ત્રો ખરીદવા માટે થતો હતો. અનુષ્ઠાન માટે રોકડમાં પણ દાન મળતું. મંદિરો કૃષિ વિષયક સિંચાઈ માટેની યોજના કરતાં. મોટાં મંદિરોમાં પાસે અનુદાનમાં મળેલ જમીન બહોળી હોઈ તેવાં મંદિરોમાં એક આખો સિંચાઈ વિભાગ પણ રહેતો. તેમાં પણ મંદિરને રોકડમાં દાન આપનાર વ્યક્તિ કે ગામડાંને મંદિર જમીનમાંથી ઉત્પાદીત આવકમાંથી એક ભાગ પ્રસાદી સ્વરૂપે આપવામાં આવતો હતો. અને આમ અહીંના મંદિરો વાસ્તવમાં આર્થિક પ્રવૃત્તિઓનાં મહત્વપૂર્ણ કેન્દ્રો હતાં. મંદિરો જમીન અને કૃષિ ઉપરાંત બેકિંગ અને વેપારી પ્રવૃત્તિઓ સાથે પણ જોડાયેલાં હતાં. અને આમ મંદિરો અનેકને આજીવિકા આપનાર સંગઠિત સંસ્થા હતી. મહાલિંગમના એક અભિલેખમાં એક મંદિરમાં ૩૭૦ જેટલા સેવકો હતાં તેવું વર્ણન છે. આર્થિક ઉદ્દેશ્ય માટે વ્યક્તિઓ અને ગ્રામસભાઓને આ મંદિરો જમીનના બદલામાં ઋણ પણ આપતાં. અને તેવી જમીનની આવક મંદિરોને મળતી. તિરુપતિ જેવા મોટા મંદિરોને રાજ્ય તરફથી મળતાં રોકડ દાનનું પુનઃ સિંચાઈ કામોમાં રોકાણ થતું અને તેમાંથી પ્રાપ્ત થતી આવક ધાર્મિક કાર્યો કરવા માટે ઉપયોગમાં લેવાતી. શ્રીરંગમ મંદિરમાં જે રોકડ અનુદાનો મળતાં એનો ઉપયોગ ત્રિચિનાપલ્લીના વેપારી સંઘોને વેપાર માટે ઋણ આપવામાં થતો. મંદિરોને પોતાના વેપારી સંઘો પણ હતા અને તેઓ વિવિધ હેતુઓ માટે પોતાના નાણાંનો ઉપયોગ કરતાં.

## 10.10 વિદેશ અને આંતરિક વેપાર વ્યવસ્થાને પ્રોત્સાહન અને સુરક્ષા

વિજયનગર સામ્રાજયની સમૃદ્ધિનું એક કારણ વિદેશ વેપાર અને આંતરિક વેપાર હતો. આ યુગમાં આવેલા વિદેશી મુસાફરો નિકોલો કોન્ટી, અબ્દુર્રઝાક, ડોમેન્ગો પાએઝ, ડુઆર્ટો બાર્બોસા અને નૂનિઝ તથા સ્વયં સમ્રાટ કૃષ્ણદેવ રાયે લખેલ આમુક્તમાલયદા માં ૧૫મી અને ૧૬મી સદીમાં ખાસ કરીને અશ્વવેપારનું વર્ણન મળે છે. ભારતમાં આ યુગમાં જાતવાન ઘોડાની અછત, સામંતોની વધતી સંખ્યા, સૈન્ય અભિયાનોની પરંપરા વગેરે કારણોને લઈ ઘોડાની માંગ વધુ હતી. દરિયાઈ અને ઘોડાના વેપાર પર આરબ મુસ્લિમ સૌદાગરોનું નિયંત્રણ હતું અને તેથી વિજયનગરના સમ્રાટો તેમની સાથે સારો વ્યવહાર કરતા. ડુઆર્ટો બાર્બોસા નોંધે છે તેમ, રાતા સમુન્દ્ર તરફથી પરત આવતા સમ્રાટ તેઓને સ્થાનિક લેણદેણમાં સહાયતાના હેતુથી એક નાયર અંગરક્ષક, ચેટ્ટી- હિસાબનીશ અને દલાલ આપતા ગોવા ઘોડાના વેપારનું મહત્ત્વનું બંદર હતું. વેપાર-વાણિજ્યના વિકાસમાં અને સુરક્ષામાં વિવિધ સ્થાનિક વેપારી સંઘોએ પણ પોતે અલગ વ્યવસ્થા ઊભી કરી હતી. રાજાઓ દ્વારા આંતરિક વેપારના માર્ગો સુરક્ષિત કરવામાં આવ્યા હતાં તથા આરબ વેપારીઓની, તેમના જહાજોની સુરક્ષા માટે પણ વ્યવસ્થા કરી હતી. કોઈ વિદેશી વેપારીનું મૃત્યુ થાય તો તેનું જહાજ અને તેનો મૃતદેહ તેમના પરિવારને સોંપી દેવામાં આવતો હતો. ઉપરાંત સમુન્દ્રમાં તોફાનમાં ફસાયેલ જહાજોને પૂરતી સહાયતા મળી રહે તે પણ જોવામાં આવતું.

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

૧.વિજયનગરની સૈન્ય વ્યવસ્થા સમજાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

૨.વિજયનગર સામ્રાજ્યની ન્યાય વ્યવસ્થા વિશે વર્ણવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

૩. વિજયનગર સામ્રાજ્યની કેન્દ્રીય સરકારની આવકના સાધનો વિશે લખો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

૪. વહીવટી વ્યવસ્થાના ભાગ તરીકે મંદિરોની ભૂમિકા સમજાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

**૫. ખાલી જગ્યા પૂરો.**

૧. કેન્દ્રીય લશ્કરને ................. કહેવામાં આવતું. (સૈન્ય, કંડાચાર)

૨. વિજયનગર સામ્રાજ્યના લશ્કરનો યુદ્ધઘોષ ........... હતો.(ગોવિંદ-ગોવિંદ, હર હર મહાદેવ)

૩. કાપરું ........................ને કહેવામાં આવતું.(પોલીસ વ્યવસ્થા, ન્યાય વ્યવસ્થા)

૪.વિજયનગર સામ્રાજ્યની આવકનું મુખ્ય સાધન ................. હતું.(જમીન મહેસૂલ, વિવાહ કર)

૫. સિંચાઈવાળી જમીનને ................... કહેતા હતાં.(વંધ્યા, ઉર્વરા)

૬. સ્થળ દાયમ, માર્ગ દાયમ, મુગલા દાયમએ ...................... કર હતો.(પરિવહન, વેપાર કર)

૭. જમીન સિંચાઈના કામમાં મૂડી રોકનાર શ્રેણીને........કહેતા.(દસાવંદા- કટ્ટુ-કોડગે, આમરા-માન્યા)

૮. રાજાના અધિકાર ક્ષેત્રવાળા ગામડાં......................કહેવાતાં.(આમરા, ભંડારવાડા)

૯. વિજયનગર સામ્રાજ્યમાં આર્થિક પ્રવૃત્તિનાં કેન્દ્ર .............. હતાં.(મંદિરો, પ્રાંતો)

૧૦.ચેટ્ટીઓનું મુખ્ય કાર્ય ......................હતું.(હિસાબનીશ, અંગરક્ષક)

## 10.11 સારાંશ

વિજયનગર સામ્રાજયમાં સમ્રાટ વહીવટીતંત્રનો સર્વોચ્ચ વડો હતો. તેમછતાં પ્રજાના હિતને પ્રાધાન્ય આપી શાસન ચલાવતો. તેને વહીવટમાં મદદ કરવા માટે મંત્રીમંડળના મંત્રીઓ પણ રહેતા. પ્રાંતિક શાસનમાં નાયનકાર અને સ્થાનિક કક્ષાએ આયગાર વ્યવસ્થા એ વિજયનગર વહીવટીતંત્રની વિશેષતા હતી. મંદિરોની આર્થિક, કૃષિ અને વહીવટી ભૂમિકા પણ એક વિશેષતા ગણાવી શકાય. આવી ઉત્તમ વ્યવસ્થાને કારણે સામ્રાજ્ય સમૃદ્ધ હતું અને દરેક માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું. તેની જાહોજલાલી બેનમૂન હતી. તેની પાસે ૮૦ જેટલાં બંદરો, હીરાની ખાણો, કિંમતી પથ્થરોની ખાણો અને રાયચૂર દોઆબનો ફળદ્રુપ ડેલ્ટાને કારણે વેપાર, ઉદ્યોગ ધંધો અને કૃષિ ઉન્નત હતી ને તે બહમની સામ્રાજ્ય સાથે નિરંતર સંઘર્ષોનું કારણ પણ હતું.

વિજયનગરની સૈન્ય શક્તિ વિશાળ અને મજબૂત હતી. નૌકાદળ શક્તિશાળી હતું અને તેથી જ શ્રીલંકા સુધી સામ્રાજ્ય ફેલાયું હતું. પોલીસ વ્યવસ્થા અને જસૂસીતંત્રની જાળ સમગ્ર સામ્રાજયમાં પાથરવામાં આવી હતી. આ બધું હોવા છતાં આ સામ્રાજયનો વિનાશ થયો.

પ્રજા સમૃદ્ધ હતી અને તેથી ૫૦ ટકા જેટલું કરનું ભારણ હોવાછતાં પ્રજા પર તેની અસર વર્તાતી નહોતી. મંદિરો, વેપાર અને કૃષિને રાજ્યનું સંરક્ષણ પ્રાપ્ત હતું. ન્યાય

વ્યવસ્થાની પણ સામ્રાજયમાં સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજા પોતે દરરોજ દરબાર ભરી ન્યાય આપતો. તો ન્યાયાધીશો પ્રાંતોમાં તથા ગ્રામ સ્તરે ગ્રામસભાઓ, મંદિરો, જ્ઞાતિપંચો, સંઘો, શ્રેણીઓ પણ નાના મોટા ઝઘડાઓનું નિરાકરણ લાવતા. કઠોર દંડનું પ્રાવધાન હતું. સભા નાડુ જેવી સંસ્થાઓ પણ કાર્યરત હતી. જોકે તેનું સ્થાન નાયનકાર અને આયગાર વ્યવસ્થાએ લીધું હતું.

કેટલાક ઇતિહાસકારો તેની વહીવટી વ્યવસ્થાને પોલીસરાજ કે લશ્કરીરાજ ગણાવે છે. પરંતુ ડૉ. આઈ.જી.ઓઝા નોધે છે કે, ''આ રીતે મજબૂત, કાર્યદક્ષ, સક્ષમ, શ્રેષ્ઠ અને સુગ્રથિત વહીવટીતંત્ર ગોઠવીને વિજયનગરના સમ્રાટોએ દક્ષિણ ભારતની હિંદુ પ્રજાની કરેલી સેવા અદ્વિતીય છે. તેના પાયામાં જનકલ્યાણ હતું કારણ કે તેનો ઉદ્દભવ જ એ માટે થયો હતો. તેથી તેને કોઈપણ રીતે લશ્કરી રાજ્ય કે પોલીસરાજ કહી શકાય નહિ.''

સલ્તનત સમયની શાસન વ્યવસ્થામાં શરૂઆતમાં સિંધ અને પંજાબના થોડા ભાગ ઉપર જે અરબશાસન સ્થપાયું પરંતુ ભારતીય સમાજ ઉપર તેની અસર ઘણી ઓછી હતી. ત્યારબાદ દિલ્હીના તૂર્કી સુલતાનના શાસનમાં ગુલામવંશ, ખલ્જીવંશ અને તુઘલકવંશ તથા સૈયદ અને લોદી જેવા અફઘાન શાસકોના સમયમાં ક્રમબધ્ધ શાસન વ્યવસ્થા, ધાર્મિક બાબતો, વહીવટીય માળખામાં પરિવર્તનો થયા. જેની સીધી અસર ભારતીય સમાજ ઉપર જોવા મળી. રાજ્યના ઈસ્લામિક સિધ્ધાંતની દિલ્હી સલ્તનતના શાસન અને વહીવટ ઉપર ઉંડી અસર હતી. દૈવી સાર્વભૌમત્વ, ન્યાય અને શરીયા કાયદાના સિધ્ધાંતોમાં મૂળ ધરાવતા ઈસ્લામિક સિધ્ધાંતોએ દિલ્હી સલ્તનત જેવા વૈવિધ્યસભર અને વિશાળ સામ્રાજ્ય પર શાસન કરવા માટે એક વ્યાપક માળખું પૂરું પાડ્યું. અહીં દિલ્હી સલ્તનતની વહીવટી પ્રથાઓ અને નીતિઓએ ભારતીય ઈતિહાસમાં કાયમી વારસો છોડ્યો. જે અનુગામી શાસકોને પ્રભાવિત કરે છે અને ભારતીય ઉપખંડના શાસનને આકાર આપે છે. તેના શાસન પર કાયમી અસર પડી હતી. જેણે મધ્યયુગીન ભારતના કાયદાકીય, વહીવટી અને સાંસ્કૃતિક આધારોને આકાર આપ્યો. સલ્તનતના વહીવટનો વારસો તેની વિવિધ સંસ્થાઓ, સાંસ્કૃતિક સંશ્લેષણ અને ધાર્મિક નીતિઓના સતત પ્રભાવમાં સ્પષ્ટ થાય છે. જેણે ભારતના ઈતિહાસ પર અમીટ છાપ છોડી દીધી છે.

## 10.12. ચાવીરૂપ શબ્દો

- સભા, નાડુ અને ઉર : ચૌલ કાલીન ગ્રામ સભાઓ.
- અથવને : જમીન મહેસૂલ ખાતું.
- સિસ્ત : કેન્દ્રીય સરકારની જમીન મહેસૂલી આવક.

- આમરા : સ્થાનિક સેનાનાયકોને આપવામાં આવેલ ગામડાં.
- ભંડારાવાડા : ગામની શાહી જમીન
- દેવદાન : મંદિરોને મળેલાં ગામડાં.
- દસાવંન્દા અને કટ્ટુ-કોડગે : સિંચાઈના કારમાંથી મળતી આવક.
- માન્યા : ગ્રામસભા કર્મચારીઓને આપવામાં આવેલ કરમુક્ત જમીનનો ટુકડો.
- મકની : ગામડાની આવકનો ૧/૧૬ ભાગ જે અમારનાયાકોને મળતો.

## 10.13. તમારી જાતે ચકાસોના જવાબો.

**તમારી પ્રગતિ ચકાસો (ક)ના જવાબો.**

૧.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૦.૨. અને તેના પેટા મુદ્દાઓ.

૨.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૦.૨.૩.

૩.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૦.૨.૪.

૪.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૦.૩. અને તેના પેટા મુદ્દાઓ.

૫.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૦.૪., ૧૦.૪.૧.

૬.ના જવાબઃ ૧.-ૐ ૨.-ૅ ૩.-ૡ ૪.-ઈ ૫.-ઢ ૬.-ઋ ૭.-ૠ ૮.-છ

૭.ના જવાબ (૧) મુદ્દા નં. ૧૦.૩. (૨) મુદ્દા નં. ૧૦.૪.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)ના જવાબો.**

૧.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૦.૫.

૨.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૦.૬.

૩.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૦.૮.

૪.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૦.૯.

**૫.ના જવાબ** (૧) કંડાચાર (૨) ગોવિંદ-ગોવિંદ (૩) પોલીસ વ્યવસ્થા (૪)જમીનમહેસૂલ (૫)વંધ્યા (૬)પરિવહન (૭) દસાવંદા- કાટ્ટુ-કોડગે (૮) ભંડારવાડા (૯) મંદિરો (૧૦) હિસાબનીશ.

## 10.14. સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)

પ્રશ્નઃ ૧. વિજયનગર સામ્રાજ્યની વહીવટી વ્યવસ્થા વિશે સવિસ્તાર સમજાવો.

પ્રશ્ન. ૨. વિજયનગર સામ્રાજ્યના વહીવટીતંત્રની વિશેષતાઓ મુદ્દાસર વર્ણવો.

પ્રશ્ન. ૩. વિજયનગર સામ્રાજ્યમાં પ્રતિકાત્મક રાજાશાહી હતી. – વિધાન સમજાવો.

પ્રશ્ન. ૪. ટૂંકનોંધ લખો.

(૧) નાયનાકાર વ્યવસ્થા (૨) આયગાર વ્યવસ્થા

(૩) જમીન મહેસૂલ અને વિવિધ કરવેરા. (૪) મંદિરોની ભૂમિકા

## 10.15. સંદર્ભ અને વિશેષ વાચન


- ડૉ. છોટુભાઈ નાયક : મધ્યયુગીન ભારત- ખંડ ૨.
- ભારત દર્શન -૨ (મધ્યકાલીન ઈતિહાસ, જ્ઞાનગંગોત્રી ગ્રંથ – શ્રેણી – ૨૧.)
- પ્રા. દેવેન્દ્ર પૃ. ભટ્ટ : ભારત ઈતિહાસ દર્શન.
- ડૉ. ઈશ્વરલાલ જી. ઓઝા, મધ્યયુગીન ભારતનો ઈતિહાસ.

**એકમ - 11**

# મુઘલ રાજ્યની વહીવટી વ્યવસ્થા, મનસબદારી વ્યવસ્થા

## :: રૂપરેખા ::


**11.0** ઉદ્દેશો

**11.1** પ્રસ્તાવના

**11.2** મુઘલ કેન્દ્રીય વહીવટી વ્યવસ્થા

**11.2.1** શહેનશાહ (રાજા)

**11.2.2** પ્રધાનમંડળ

**11.2.2.1** વઝીર અને દીવાન

**11.2.2.2** દીવાન-ઈ-કુલ

**11.2.2.3** મીરબક્ષી

**11.2.2.4** મીર સામાન

**11.2.2.5** સદ્ર-ઉસ-સુદૂર

**11.2.2.6** કાઝી-ઉલ-કઝાત

**11.3** પ્રાંતિય વહીવટી વ્યવસ્થા

**11.3.1** પ્રાંતીય સૂબાદાર

**11.3.2** દીવાન

**11.3.3** બક્ષી

**11.3.4** દરોગા-ઈ-ડાક અને ગુપ્તચર વિભાગ

**11.4** સ્થાનિય વહીવટી વ્યવસ્થા

**11.4.1** સરકારનો વહીવટ

**11.4.2** પરગણાનો વહીવટ

(ક)તમારી જાતે ચકાસો.

**11.5** શહેર, કિલ્લા, બંદરોનો વહીવટ

**11.5.1** કોટવાલ

**11.5.2** કિલ્લાદાર

**11.5.3** મુત્સદ્દી

**11.6 મુઘલ મનસબદારી વ્યવસ્થા**

**11.6.1 બેવડા હોદ્દા**

**11.6.2 મનસબદારોની શ્રેણીઓ**

**11.6.3 મનસબદારોની નિમણુક અને બઢતી**

**11.6.4 મનસબદારોનું વેતન**

**11.6.5 જપ્તી પ્રથા**

**11.6.6 મનસબદારોની રચના અને જાગીરદારી પ્રથા**

**(ખ) તમારી જાતે ચકાસો.**

**11.7 સારાંશ**

**11.8 ચાવીરૂપ શબ્દો**

**11.9 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)**

**11.10 સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)**

**11.11 સંદર્ભ અને વિશેષ વાચન**

## 11.0 ઉદ્દેશો (Objectives)

- આ એકમના અભ્યાસ પછી તમે મુઘલોની કેન્દ્રીય અને પ્રાંતિક વહીવટી વ્યવસ્થાથી માહિતગાર થશો.
- મુઘલ કેન્દ્રીય વહીવટના ક્રમિક વિકાસ વિશે સમજ કેળવશો.
- આ એકમમાં તમે વિશાળ મુઘલ વહીવટી તંત્રના સ્થાનિય વહીવટ વિશે જાણશો.
- આ એકમના અભ્યાસ પછી તમે મુઘલ સામ્રાજયની ન્યાય પ્રણાલી, મહેસૂલી વ્યવસ્થા, કર વ્યવસ્થા વિશે સમજશો.
- આ એકમમાં તમે મુઘલ સામ્રાજયના વેપારી બંદરોના વહીવટ વિશે જાણશો.
- આ એકમના અભ્યાસ પછી તમે મુઘલ વહીવટીતંત્રના સ્વરૂપ વિશે સમજ મેળવશો.
- આ એકમના અભ્યાસ પછી તમે મુઘલ વહીવટી વ્યવસ્થામાં મનસબદારી અને જાગીરદારી વ્યવસ્થાથી પરિચિત થશો.
- આ એકમમાં તમે મનસબદારોની રચનાની સમજ મેળવશો.

## 11.1 પ્રસ્તાવના (Introduction)

મુઘલોએ વિશાળ સામ્રાજ્યનું સર્જન કર્યું અને તેના પર અસરકારક અંકુશ સ્થાપવા માટે તથા વિદ્રોહીઓને ડામવા માટે મજબૂત તંત્રનું આયોજન કર્યું હતું. મુખ્યત્વે સામ્રાજ્યના વિભિન્ન સ્થાનિક રાજાઓ અને સરદારોનું તેમના પ્રદેશમાં પ્રજાનું સમર્થન હતું. પ્રજા વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિ ધરાવતી હતી. તેથી સુચારુ સંચાલન વાસ્તે આવા રાજાઓ અને સરદારોને મુઘલ શાસન વ્યવસ્થામાં મુલ્કી અને લશ્કરી સત્તાઓ આપી સમાવી લેવામાં આવ્યા. જે મુઘલ વહીવટી વ્યવસ્થાનું એક મહત્ત્વપૂર્ણ લક્ષણ રહ્યું. વિશાળ સામ્રાજ્યના વહીવટ માટે વિશાળ સંખ્યામાં અધિકારીવર્ગ અને સૈનિક વર્ગની આવશ્યકતા ઊભી થઈ ને તેના નિભાવ માટે વધારે પ્રમાણમાં દ્રવ્યની જરૂરિયાત. આને પહોંચી વળવા વધારે મહેસૂલી આવક પ્રાપ્ત કરવા માટે સક્ષમ રાજ્યતંત્રનું નિર્માણ મુઘલોએ કર્યું.

મુઘલોએ જે સુદ્રઢ વહીવટી વ્યવસ્થા ઊભી કરી તેનો પાયો શેરશાહ સૂરી(ઈ.સ.૧૫૪૦-૧૫૫૫)ના શાસનમાં પડેલો છે. અકબરે તેનું પુનર્ગઠન કર્યું ને શેરશાહના સુધાર અપાવી લીધા હતા. શેરશાહ આપખુદ શાસક હોવા છતાં તેણે સામ્રાજ્યની તમામ પ્રજાને પોતીકી ગણી તેની જરૂરિયાતોને પ્રાધાન્ય આપ્યું. તે વહીવટનું દરેક ક્ષેત્રને પોતાના સીધા અંકુશ અને નિરીક્ષણ હેઠળ ચાલે તેનો ભારે આગ્રહી હતો. તેના શાસનમાં ગામડું વહીવટનું એકમ હતું. ગામનો અધિકારી મુકાદમ હતો ને તે સરકારી નોકર નહોતો. તેના અધિકાર હેઠળનાં ગામડાંમાં કાયદો, શાંતિ અને વ્યવસ્થા તેના હસ્તક હતી. તેમછતાં કેન્દ્ર અને ગામડાં વચ્ચે મુકાદમ કડી સમાન હતો. પટવારી ગામડાંનું દફતર સંભાળતો. તેના ઉપર ગામડાંનો સમૂહ કે જેને પરગણું કહેવામાં આવતું તેનો વહીવટ ગોઠવવામાં આવ્યો હતો. થોડાંક પરગણાં મળીને શિક બનતો જે મુઘલ સમયમાં સરકાર કહેવાતો. પરગણાનો સરકારી અને લશ્કરી વડો શિકદાર પરગણાનું મહેસૂલ ઉગરાવતો અને શાંતિ અને સલામતી જાળવવી એમ બેવડી જવાબદારી નિભાવતો. જેને અમુક સમય પછી બદલી કરી બીજે મુકવામાં આવતો. તેને વહીવટમાં મદદ કરવા માટે દફતર સંભાળનાર બે કારકુન(એક હિંદુ અને એક ફારસી-લખવા માટે), મુનસિફ(ન્યાય અને બજારો પર નિયંત્રણ બેવડી ભૂમિકા) નામના અમલદાર રહેતા. તિજોરી સાંભળનાર અધિકારી ફોતદાર હતો. જેની નિમણુક શેરશાહ જાતે કરતો. પરગણાની મહેસૂલી નોંધ રાખવા માટે અર્ધસરકારી કાનૂનગો(અમલદારોનો કાયદા વિષયક સલાહકાર) નામનો અમલદાર પણ રહેતો. પરગણાની ઉપર પણ એક વિભાગ રહેતો જેના વડાને શિક્દાર-ઈ-શિકદારાં કહેવામાં આવતો. તેના અધિકાર ક્ષેત્રમાં આવતા બધા

શિકાદારો તેને જવાબદાર હતા. મુનસિફ-ઈ-મુનસિફાં આ વિભાગનો બીજો અધિકારી હતો. સઘળાં પરગણાના મુનસિફો તેને જવાબદાર હતા. શેરશાહે સામ્રાજ્યના ૪૭ જેટલા વિભાગો પાડયા હતા. તેમાં આવાં ૬૬ શિક હોઈ મોટી સંખ્યામાં અધિકારી વર્ગ વહીવટમાં રહેતો. ન્યાય વ્યવસ્થાનું પણ વિકેન્દ્રીકરણ કરી સુંદર ન્યાયતંત્રનું ગઠન શેરશાહે કર્યું હતું. તેની વ્યવસ્થામાં પ્રાંતીય વિભાગને સ્થાન નહોતું. લશ્કરી તંત્રમાં તેને અલાઉદ્દીન ખીલજીના સુધારા અપનાવી સૈનિકોને રોકડમાં વેતન આપવાની નીતિ અપનાવી હતી. મુઘલ શાસક અકબરે શેરશાહની વહીવટી વ્યવસ્થાને આવશ્યક સુધારા કરીને અપનાવ્યું. પરંતુ અકબરે મનસબદારી લશ્કરી પદ્ધતિ(જે જાગીરદારી પદ્ધતિને મળતી) અપનાવી. જે આગળ ચાલતાં નિર્બળ શાસકોના સમયે સામ્રાજ્ય માટે વિઘાતક પૂરવાર થઈ. જેની હવે આપણે વિસ્તારથી ચર્ચા કરીશું.

## 11.2 મુઘલ કેન્દ્રીય વહીવટી વ્યવસ્થા

મુઘલ શાસક બાબર અને હુમાયુને વહીવટી વ્યવસ્થા દૂરસ્ત કરવાનો સમય મળ્યો નહી. પરંતુ અકબરને આ ક્ષેત્રે સમય પણ મળ્યો અને તે યોગ્ય શાસનકર્તા પણ સાબિત થયો. પોતાના વિશાળ સામ્રાજ્યના સુચારુ સંચાલન માટે તેને અનેક ખાતાંનું સર્જન કરી તેના વડા, અમલદારો અને અધિકારી વર્ગ તેમનાં કાર્યો અને ફરજો, તેની પદ્ધતિ, દફતર વ્યવસ્થા જેવી અનેક બાબતો સ્થાપી. જે નીચે મુજબ છે.

### 11.2.1. શહેનશાહ (રાજા)

શહેનશાહ સામ્રાજ્યની સર્વ શક્તિનો સ્રોત હતો. મુસ્લિમ જગત અને ભારતીય શાસ્ત્રો  શક્તિશાળી શાસકને આવશ્યક ગણી તેને આવકારે છે. આમ પ્રજા રાજાને પોતાના દુઃખભંજક તરીકે તેના દૈવી અધિકારને સરળતાથી માન્ય કરે છે. આમ પ્રજા માટે રાજા ઈશ્વર તુલ્ય છે. આ સંદર્ભે અકબરે ''ઝરૂખા દર્શન''ની પ્રથા શરૂ કરેલી. જે તેના અનુગામી શાસકોએ પણ ચાલુ રાખી હતી. આ દૈવી અધિકારની માન્યતાએ શહેનશાહને આપખુદ, નિરંકુશ તથા સર્વસત્તાધીશ બનાવ્યો. સામ્રાજ્યની તમામ વહીવટી, નાણાકીય, ન્યાય અને લશ્કરી સત્તાઓ તેનામાં નિહિત હતી. સામ્રાજ્યની નીતિઓની રચના કરવી અને તેનું પાલન કરાવવું તેના હાથમાં હતું. બધા જ અગત્યના હુકમો અને ફરમાઓ જાતે જ કરતો. જરીર પડ્યે તે પ્રધાનમંડળના કોઈપણ વ્યક્તિની સલાહ લેતો પરંતુ તે પ્રમાણે વર્તવા તે બંધાયેલ ન હતો. પ્રા. એમ.મુજીબ લખે છે તેમ, ''સમ્રાટ પોતાની ઈચ્છા મુજબ પ્રધાનોને નીમી શકતો અને દૂર પણ કરતો તથા તેમની સલાહ લેવા કે અનુસરવા પણ બંધાયેલ ન હતો.  સામ્રાજ્યના તમામ અગત્યના હોદ્દાઓ(લશ્કરી કે વહીવટી) પર નિમણૂક કરતો કે બરતરફ કરી

શકતો. અધિકારીઓની બદલી, બઢતી તેની ઈચ્છા પ્રમાણે થતી. અગત્યના તમામ ખાતાઓ, સામ્રાજ્યની ઘટનાઓ, હિલચાલો પર તે દેખરેખ રાખતો. નાના-મોટા તમામ કર્મચારીઓ સીધા તેને જવાબદાર હતા. આમ શહેનશાહ સમગ્ર વહીવટીતંત્રનો સર્વસત્તાધીશ હતો.

### 11.2.2. પ્રધાનમંડળ.

શાસનતંત્રમાં કેન્દ્રીય તંત્રનો વડો શહેનશાહ હતો. તેમ છતાં તેને વહીવટમાં મદદ કરવા માટે વિવિધ ખાતાઓના વડાઓનું બનેલું એક પ્રધાન મંડળ રહેતું હતું. જે નીચે મુજબ છે.

### 11.2.2.1. વઝીર, દીવાન કે વકીલ(પ્રધાનમંત્રી)

વકીલ, વઝીર કે દીવાનનો હોદ્દો શહેનશાહ પછીનો હતો. બધા પ્રધાનોમાં તેનું સ્થાન સૌથી ઉપર હતું. નબળા શાસકોના સમયે તે ખરો શાસક બનતો. વઝીરનો અર્થ પ્રતિનિધિ થાય છે. કેટલાક વિદ્વાનો વિકાલત કે વિઝારતનો એક જ અર્થ કરે છે. આ સંસ્થા અબ્બાસી ખલીફાના સમયથી અસ્તિત્વમાં હતી. સલ્તનતકાળમાં વઝીર પાસે દીવાની અને લશ્કરી સત્તા હતી. બલ્બને તેની સત્તામાંથી માત્ર નાણાંકીય સત્તા રહેવા દઈ લશ્કરી સત્તા માટે નવું ખાતું ઊભું કરી ‘‘દીવાન-ઈ-અર્ઝ’’ નામના અધિકારીને તેની સત્તા સોંપી હતી. શેરશાહના સમયે વઝીરનો હોદ્દો નહોતો પરંતુ બાબર અને હુમાયુએ આ હોદ્દો પુનઃ શરૂ કર્યો હતો. જેમ કે બાબરના શાસન સમયે નિઝામુદ્દીન મુહમ્મદ ખલીફા દીવાની(નાણાંકીય) અને સૈન્ય વિષયક બંને સત્તાઓ સંભાળતો. તો હુમાયુના શાસન સમયે હિન્દુબેગ વઝીર હતો. અકબરના આરંભિક શાસનમાં(ઈ.સ. ૧૫૫૬-૧૫૬૦ સુધી) બહેરામખાન ‘વકીલે-મુતાલિક’ કે વઝીર તરીકે વિશાળ સત્તાઓ ધરાવતો હતો. અકબરે તેની અમર્યાદિત સત્તા જોઈ વઝીરની પાસેથી દીવાની સત્તા લઈ ‘‘દીવાન-ઈ-કુલ’’ નામના નાણાંપ્રધાનને સોંપી દીધી હતી. આમ અકબરે વઝીરની સત્તા પર કાપ મૂક્યો હતો. તેમછતાં મુઘલકાલમાં વઝીરનું સ્થાન પ્રધાનમંડળમાં સૌથી ઊંચું હતું. બધા ખાતાઓનો તે ઉપરી હોઈ બધા ઉપર દેખરેખ રાખતો.

### 11.2.2.2. દીવાન-ઈ-કુલ(નાણાખાતાનો વડો)

તે નાણાખાતાનો વડો હતો તથા સામ્રાજ્યની મહેસૂલી અને નાણાકીય દેખરેખ તેને હસ્તક હતી. અકબરે આ ખાતાનું સર્જન કરી તથા તેના હાથમાં મહેસૂલી સત્તા સોંપી તેના સ્થાનનું મહત્ત્વ વધારી દીધું હતું. શાહી તિજોરીની જવાબદારી, રાજ્યના બધા ખર્ચાઓનો હિસાબ તપાસવાનું કામ તેનું હતું. ઉપરાંત મહેસૂલની ઉઘરાણી, રાજ્યના

તમામ ખર્ચ મંજૂર કરવાની અને ખર્ચ કરવાની તથા તેના હિસાબો રાખવાની જવાબદારી તેણે નિભાવવી પડતી. રાજ્યના તમામ પ્રકારનાં નાણાંકીય ખર્ચમાં તે અંગત રસ લેઈ ધ્યાન રાખતો. પ્રાંતના તમામ દીવાનો તેને સીધા જવાબદાર હતા તથા તેમની કામગીરી જોતો. સામ્રાજ્યના સઘળા નાણાંકીય દસ્તાવેજો પર તેની સહી તથા સીલ  આવશ્યક હતા. આવા દસ્તાવેજો જ કાયદેસર ગણાતા. દરેક ખાતાના અમલદારોની નિમણૂક, બઢતીના હુકમ પણ તેની મુદ્રા અંકન પછી જ અમલમાં આવતા. આમ દિવાન પાસે વિશાળ નાણાકીય સત્તાઓ હતી. તેમછતાં તેના પર દેખરેખ વાસ્તે શહેનશાહ સમક્ષ દરરોજ રાજ્યની નાણાકીય સ્થિતિનો હિસાબ રજૂ કરવો પડતો હતો. આ પ્રથાથી દીવાન-ઈ-કુલ પર નિયંત્રણ રહેતું. આમ વિશાળ સામ્રાજ્યની દીવાની સત્તા અને તેને માટે આ ખાતાને મદદ કરવા કેન્દ્રમાં બીજા પણ પેટા ખાતાં ઊભા કરવામાં આવ્યાં હતાં. જેમાં દીવાન-ઈ-ખાલસા, દીવાન-ઈ-તન(રોકડ પગાર ખાતું), દીવાન-ઈ-જાગીર, દીવાન-ઈ-બયુતાત(શાહીમહેલ ખાતું) વગેરે હતાં. આ ખાતાંનું પણ બીજા પેટા ખાતાંમાં વિભાજન કરવામાં આવ્યું હતું. આ તમામ વિભાગોમાં એક સચિવ તથા પૂરતી સંખ્યામાં નિરીક્ષકો અને કારકુનો રાખવામાં આવ્યા હતા. નાણાખાતામાં દીવાન-ઈ-કુલ ઉપરાંત તેના નીચે મુખ્ય હિસાબો રાખનાર(મુશરિફ), હિસાબો તપાસનાર(મુસ્તૌફી) તથા ખજાનાદાર પ્રમુખ અધિકારીઓ હતા.

### 11.2.2.3. મીરબક્ષી(લશ્કરી પગાર અને હિસાબ ખાતાનો વડો)

સલ્તનતકાલમાં મીર-અર્ઝ નામનો એક અધિકારી લશ્કરી વ્યવસ્થા સંભાળતો તે મુઘલકાલમાં મીર બક્ષી બન્યો. સામ્રાજ્યના સઘળા મનસબદારોના નિમણૂક હુકમો તેની સહીથી જ થતાં. ઉપરાંત તેઓના પગાર-પત્રકો પણ તેની સહીથી તૈયાર થતાં. મનસબદારો ઘોડાઓમાં છેતરપીંડી ન કરે તે વાસ્તે તેઓના ઘોડાઓ પર ઓળખની નિશાનીઓ ‘‘દાગ’’ લગાવવામાં આવતા. આ કામગીરી મીરબક્ષીની ઉપસ્થિતિમાં જ થતી. સૈનિકોમાં પણ દગો ન થાય તે માટે સૈનિકોના ચહેરાનું વૃત્તાંત અને હાજરી પત્રક તે જાતે તપાસતો. મનસબદારનું પગાર પત્રક ત્યારે જ માન્ય થતું જયારે ઉપરોક્ત બંને પ્રક્રિયાઓ સાચી છે એને પ્રમાણિત કરી જ્યાં સુધી મીરબક્ષી તેનું પ્રમાણપત્ર ન આપે. આવું પગારપત્ર દીવાન-ઈ-કુલ સમક્ષ રજૂ થતું જયાં તેની નોંધ થતી. અંતે તે પત્રક શહેનશાહની મંજૂરી માટે રજૂ થતું.

સામ્રાજ્યના સૈન્યને સ્પર્શતી તમામ બાબતો શહેનશાહ સમક્ષ રજૂ કરતો. ઉપરાંત પ્રાંતીય બક્ષીસોની વ્યવસ્થા જોતો. ખબરપત્રીઓ(વકાઈ-નવીસો) સાથે સંપર્કમાં રહેતો. લશ્કરી અભિયાન, આનંદપ્રમોદ, શિકાર અને પ્રાંતોની મુસાફરી સમયે તે

સદૈવ શહેશાહ સાથે રહેતો. મનસબદારોની યાદી, મનસબ-ઘોડેસવારોની સંખ્યા, લશ્કરના પગાર અને હિસાબો વગેરેના દફતરો તેને હસ્તક રહેતા. શહેશાહના દરબારની વ્યવસ્થા સંભાળવાના કાર્યએ આ અધિકારીની મહત્તા વધારી દીધી હતી. તેણે શહેશાહના દરબારમાં મનસબદારોને હોદ્દા અને મોભા પ્રમાણે સ્થાન મળ્યું છે કે કેમ તે તપાસવાની જવાબદારી તેની હતી. આમ તેની કામગીરી પણ વિસ્તૃત અને અગત્યની હતી. તેથી તેને સહાય કરવા માટે તેના હાથ નીચે અન્ય બક્ષીઓ નીમવામાં આવતા હતાં. તે પણ તેમના હોદ્દા મુજબ પ્રથમ બક્ષી, દ્વિતીય બક્ષી, તૃતીય વગેરે નામે ઓળખાતા. એક વિશેષ બક્ષી શાહી અંગરક્ષક દળ (અહદી દળ) તથા શાહી મહેલની જરૂરિયાતો માટે એક બક્ષી-ઈ-શાગિર્દ-પેશાની નિમણૂક કરાતી.

### 11.2.2.4. મીર સામાન(શાહી કારખાનાંનો વડો)

મુઘલ શાહી પરિવાર મોટો હતો. તેમાં પણ શહેનશાહ અને તેનો પરિવાર, તેના ભાઈઓ, તેનાં સગા-સંબંધીઓ, સ્ત્રીઓ વગેરેની સંખ્યા બહુ મોટી હતી. તેમની દૈનિક જરૂરિયાતોથી લઈ મોજશોખની વસ્તુઓ વગેરેનું ધ્યાન રાખવા તથા તેની વ્યવસ્થા સંભાળવા માટે પણ એક અગત્યનું ખાતું હતું. શાહી પરિવારની જરૂરિયાતો માટે શાહી કારખાનાં હતાં. મીર સામાન આ કારખાનાંઓનો વડો હતો. તેનું ખાતું શાહી મહેલ અને શાહી રસાલાની જરૂરી ચીજવસ્તુઓ ખરીદવાની અને તેનો સંગ્રહ કરવું કામ કરતો. શાહી કારખાનાંઓમાં બનાવાતી વસ્તુઓ, હથિયારો અને મોજશોખની વસ્તુઓનું ઉત્પાદન, તેની ગુણવત્તા પર તે ધ્યાન રાખતો. શાહી પરિવાર સાથે તેને કામ કરવાનું હોવાથી આ હોદ્દો વિશ્વાસપાત્ર વ્યક્તિને આપવામાં આવતો વળી તે શહેનશાહના સતત સંપર્કમાં રહી કામ કરતો હોઈ તે સ્થાન અગત્યનું હતું. તેને પોતાના ખાતાના કામ માટે નાણાં મંજૂર કરાવવા અને હિસાબોની તપાસ માટે દીવાનના ખાતાના સંપર્કમાં રહેવું પડતું. તેના હાથ નીચે દીવાન-ઈ-બયુતાત(શાહી મહેલના નાણાતંત્રનો અધિકારી), તહવિલદાર(રોકડ રકમ સંભાળનાર) વગેરે અધિકારીઓ કામ કરતા.

### 11.2.2.5. સદ્ર-ઉસ-સુદૂર(ધાર્મિક ખાતાનો વડો)

સદ્ર-ઉસ-સુદુર એ ધાર્મિક ખાતાનો અને ન્યાય ખાતાનો વડો અધિકારી હતો. તેની મુખ્ય ફરજોમાં શરિયતના કાયદાઓનું રક્ષણ કરવાનું અને સામ્રાજ્યએ મંજૂર કરેલ ધાર્મિક દાન જેમાં રોકડ(વઝિદા) અને જમીન(સુયુર ધાલ, ઇનામ, મદદ-ઈ-માશ) બંનેની વહેચણી કરવાનું કાર્ય તેને હસ્તક હતું. તે ન્યાયખાતા માટે કાઝીઓ અને મુફતીઓની નિમણૂકો કરતો. જોકે શાહજહાંના સમય લગી એક વ્યક્તિ કાઝી-ઉલ-કઝાત અને સદ્ર-ઉસ-સુદુર બંને ખાતાં સંભાળતો. પરંતુ ઔરંગઝેબના વખતમાં આ

ખાતાં જુદાં પાડવામાં આવ્યાં હતાં. જેથી સદ્ર-ઉસ-સુદુરની સત્તા ઓછી થઈ. હવે તેનું કાર્ય માત્ર સદ્ર તરીકે રહ્યું અને તે ધર્માદા,દાનો, મદદો, વર્ષાસનો જેવા ધાર્મિક કાર્યો પુરતી તેની સત્તા સીમિત થઈ. યોગ્ય વ્યક્તિને દાન મળે તથા તે ધાર્મિક દાનોનો યોગ્ય ઉપયોગ થાય છે કે કેમ તે જોવાનું કામ હવે તેનું હતું. તે નવા દાન માટે આવેલી અરજીઓ તપાસતો તથા જૂના દાન ચાલુ રાખવા કે નહી તે ચકાસી આવી અરજીઓ વિસ્તૃત નોંધ સાથે શહેનશાહની મંજૂરી વાસ્તે રજૂ કરતો. શહેનશાહ, શાહઝાદાઓ, કુટુંબીજનોએ વિદ્વાનો, સંતોને તથા બીજાઓને ભેટમાં આપેલ જાગીરો, મિલકતોની વ્યવસ્થા અને દેખરેખ તે રાખતો.

### 11.2.2.6. કાઝી-ઉલ-કઝાત (ન્યાય ખાતાનો વડો)

તે ન્યાયખાતાનો વડો અને સામ્રાજ્યનો મુખ્ય કાઝી હતો. ઔરંગઝેબે સદ્ર-ઉસ-સુદુરની સત્તા પર કાપ મૂકી આ ખાતાને અલગ કર્યું હતું. સામ્રાજ્યમાં તે પ્રમુખ ન્યાયાધીશ હતો. ફોજદારી મુકદ્દમાઓની શહેનશાહ પછીની સૌથી મોટી અદાલત તેની હતી. તેનું કાર્ય દીવાની અને ફોજદારી બાબતોમાં શરિયતના કાયદાઓનું પરિપાલન કરાવવાનું હતું. ઉપરાંત તેના હાથ નીચે સામ્રાજ્યના વિભિન્ન ભાગો જેવા કે, સૂબા, સરકાર, પરગણા, મુખ્ય શહેરોમાં ન્યાય માટે કાઝીઓની નિમણૂક તે કરતો હતો. દીવાન-એ-આલા તે નાણા અને મહેસૂલ ને લાગતા દાવાઓ પર ન્યાય આપતો. કેન્દ્રમાં તેની અદાલત કર, મહેસૂલ અને ભૂમિને લગતા દાવાઓ પર ન્યાય આપવાનું કાર્ય કરતી. લશ્કરી સૈનિકો માટે અલગ કાઝી-એ-લશ્કર નીમાતો. કેન્દ્રીય ન્યાય વ્યવસ્થામાં બીજો અગત્યનો અધિકારી મીર-અદલ હતો. જેનું કામ કાઝીના ચૂકાદાનો અમલ કરાવવાનો હતો. ન્યાયતંત્રમાં મહતાસિબ પણ અગત્યનો અધિકારી હતો. જોકે તેનું કામ જાહેર સદાચાર જોવાનું હતું. લોકોના નૈતિક જીવન પર દેખરેખ રાખતો. સામાજિક અને નૈતિક રીતે અનિષ્ટ ગણતાં તત્વોને તે દાબી દેતો. લોકો શરાબ, ભાંગ જેવા નશીલા દ્રવ્યોનું સેવન ન કરે, જુગાર અને વ્યભિચારથી અલિપ્ત રહે વગેરે પર દેખરેખ રાખવાનું કામ તેનું હતું. બજારમાં માપ-તોલનાં સાધનોની તપાસ કરવી અને ચીજ વસ્તુઓના ભાવો નિયંત્રણમાં રાખવા જેવાં કાર્યો પણ તેને કરવાનાં હતાં.

## 11.3 પ્રાંતિય વહીવટી વ્યવસ્થા.

પ્રાંતીય વહીવટ અકબરના સમયમાં વિકાસ પામ્યો. તેણે વિજયો કરી સામ્રાજ્યનું સર્જન કર્યું ને તેથી તેના સુચારુ સંચાલન માટે અકબરે સામ્રાજ્યને ૧૨ સૂબાઓ(પ્રાંતો)માં વિભાગો પાડી શાસન ગોઠવ્યું. તેના અનુગામી શાસકોએ કેટલાક વધુ પ્રદેશો જીતી સામ્રાજ્ય વિસ્તાર કર્યો ત્યારે તેની સંખ્યા ૧૫ જેટલી થવા પામી.

આગ્રા, અલ્લાહાબાદ, અવધ, દિલ્હી, લાહોર. મુલતાન, કાબૂલ, અજમેર, બંગાળા, અહેમદાબાદ, માળવા, વરાડ, ખાનદેશ વગેરે. જહાંગીરના સમયમાં સૂબાઓની સંખ્યા ૧૭ અને ઔરંગઝેબના શાસન સમયે તે ૨૧ની થઈ હતી. દરેક સૂબાને અમુક સંખ્યામાં સરકારમાં, સરકારને પરગણા અને મહાલમાં વહેંચવામાં આવ્યાં હતાં. વળી જહાંગીરના શાસનમાં ચકલા નામનો અમુક ગામડાંનું જૂથ બનાવી એક નવીન વહીવટી એકમ શરૂ કરાયો હતો. પ્રાંતના પ્રમુખ અમલદારને સુબહદાર, સિપહસાલાર, સાહિબે સુબાહ જેવા વિવિધ ઈલકાબો આપવામાં આવતા. હોદ્દાની દ્રષ્ટિએ તેમેને નાઝીમ કહેવામાં આવતા. પ્રાંતના વહીવટદાર તરીકે મોટેભાગે શાહઝાદાઓની નિમણૂક થતી. સૂબા(પ્રાંત)નું શાસનતંત્ર કેન્દ્રીય શાસનતંત્ર જેવા જ નમૂના પર રચાયેલું હતું.

### 11.3.1. પ્રાંતીય સૂબાદાર

સૂબા(પ્રાંત)નો વડો સૂબેદાર કહેવતો અને તેની નિમણૂક શહેનશાહ જાતે કરતો. તેની ફરજની અવધી મોટે ભાગે ત્રણેક વર્ષની રહેતી. સૂબા(પ્રાંત)ની અગત્યની ફરજોમાં સૂબા(પ્રાંત)ની પ્રજાના હિત માટે કામ કરવું, લશ્કરની વ્યવસ્થા જોવી, સૂબામાં કાયદો, શાંતિ અને વ્યવસ્થા જાળવવી, કૃષિની ઉન્નતી માટે કામ કરવું, વેપાર અને ઉદ્યોગોના વિકાસ માટે પ્રયત્નો કરવા, સૂબામાં સરાઈ, બગીચા, કૂવા, તળાવ જેવાં જાહેર ઉપયોગનાં બાંધકામ કરાવવા જેવી મુખ્ય હતી. ઉપરાંત સૂબાની મહેસૂલી આવકમાં વૃદ્ધિ વાસ્તે જરૂરી પગલાં લેવા તેની સત્તામાં આવતું હતું. ઉપરોક્ત બધી બાબતોમાં શ્રેષ્ઠ કામગીરી કરે તેવા સૂબેદારને સફળ સૂબેદાર ગણવામાં આવતો.

### 11.3.2. દીવાન

દીવાન સૂબા(પ્રાંત)નો બીજો અગત્યનો અમલદાર હતો. મુઘલકાલમાં સૂબામાં સત્તાની સમતુલા જાળવવાના આશયથી સૂબાદારથી સ્વતંત્ર અને તેને સમકક્ષ દીવાનનો હોદ્દો સર્જવામાં આવ્યો હતો. દીવાનની નિમણૂક પણ સીધી શહેનશાહ કરતો હતો. તે સીધો શહેનશાહને ઉત્તરદાયી હતો. સૂબાની મહેસૂલી બાબતોનો તે વડો હતો. સૂબાની મહેસૂલી આવક પર તે દેખરેખ રાખતો. ઉપરાંત અન્ય ખાતાંના અધિકારીઓના પગાર ચૂકવવાની જવાબદારી તેની હતી. હિસાબો રાખવા, તેની કચેરીમાં મોટી સંખ્યામાં કારકુનો અને અમલદારો રાખતો. સૂબાની મહેસૂલી આવકમાં વધારો કરવા યોગ્ય પગલાં લેવાં તેનું કાર્ય હતું. તેની કચેરી સૂબાના ખેડૂતોને તકાવી (લોન) આપવાની વ્યવસ્થા કરતી. સૂબાના અમલદારો અને જમીનદારો જે મહેસૂલ જમા કરાવતા તેની નોંધ રોજનામચા દીવાની કચેરીમાં થતી હતી. જેના ચોકસ દફતરો નિભાવવામાં આવતા હતા.

### 11.3.3. બક્ષી.

કેન્દ્રમાં લશ્કરી બાબતો માટેનો અધિકારી મીરબક્ષી હતો. જેની ભલામણથી સૂબામાં લશ્કરી દેખરેખ માટે બક્ષીની નિમણૂક કરવામાં આવતી હતી. આમ પ્રાંતમાં લશ્કરી વ્યવસ્થા સંભાળવા શાહી દરબાર દ્વારા તેની નિયુક્તિ કરવામાં આવતી હતી. તેનાં કર્યો અને ફરજોમાં સૂબામાં મનસબદરોના અશ્વો, સૈનિકો વગેરેની તપાસ કરતો અને દેખરેખ રાખતો, સૂબામાં મનસબદારો અને સૈનિકોના પગાર કરતો. સૂબાના મૃત્યુ પામનાર મનસબદરોની માહિતી રાખતો. પરગણાના સરકારી ખબરપત્રીઓ(વકાઈ-નવીસ) આવી માહિતી સીધા દીવાનની કચેરી સુધી મોકલતા. ક્યારેક બક્ષી અને વકાઈ-નિગાર બંને હોદ્દા અને કાર્યો એક વ્યક્તિ હસ્તક રહેતી. આમ સૂબાની અગત્યની ઘટનાઓ અને બનાવોનો વૃતાંત કેન્દ્ર સુધી પહોંચાડવાની ફરજ પણ તેની હતી. અને આ કાર્ય માટે તે પરગણાંમાં અને મહત્ત્વની કચ્રીઓમાં પોતાના પ્રતિનિધિઓ નીમી શકતો.

### 11.3.4. દરોગા-ઈ-ડાક અને ગુપ્તચર વિભાગ

વિશાળ સામ્રાજ્યના સુચારુ સંચાલન માટે દરેક પ્રાંતોની નાની-મોટી ઘટનાઓની માહિતી શહેનશાહ અને તેના કેન્દ્રીય અધિકારીઓ સુધી પહોંચે અને તેના પર ઝડપી કાર્યવાહી કરી શકાય તે વાસ્તે સક્ષમ, કાર્યક્ષમ અને સ્વતંત્ર સંદેશા વ્યવહારનું તંત્ર મુઘલોએ ઉભું કર્યું હતું. સુદૂર આવેલા અને સામ્રાજ્યના ખૂણે-ખૂણા સૂધી માહિતી, સંદેશા મેળવવા અને સૂચના પહોંચાડવા શાહી ટપાલ-વિભાગની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રત્યેક પ્રાંતના મુખ્ય મથકે દારોગા-ઈ-ડાક(ટપાલનો નિરિક્ષક) નીમાતો. તેના હાથ નીચે બે પ્રકારના ટપાલ લાવવા-લઈ જવા કર્મચારીઓ રહેતા. એકને હલકારો કહેતા. જેમને ઘોડાઓ મારફત અતિ અગત્યની ઝડપી ટપાલ વ્યવસ્થા એક ચોકીથી બીજી ચોકી પહોંચતી કરવી પડતી. બીજો વર્ગ મેવડા હતો. જે દોડીને ટપાલને એક ચોકીથી બીજી ચોકી સુધી પહોચાડતા હતા. વચ્ચે જો નદી જેવો અવરોધ હોય તો ત્યાં હોડીની વ્યવસ્થા રહેતી. પ્રાંતોથી છેક કેન્દ્ર સુધી આવી અમુક અંતરે આવી અનેક ડાકચોકીઓ ઊભી કરવામાં આવી હતી. આમ આ વ્યવસ્થાથી ઝડપી ટપાલ શાહી દરબાર સુધી પહોચાડવામાં આવતી. સૂબામાં વકાઈ-નિગાર(બનાવોનો વૃત્તાંત રાખનાર) અને વકાઈ-નવીસ(ખબરપત્રી) કેન્દ્ર તરફથી નીમવામાં આવતા. જે સૂબાના મહત્ત્વના બનાવોનો વૃત્તાંત તથા સૂબાદારની કચેરીની કાર્યવાહીનો અહેવાલ નિયમિત રીતે ટપાલ મારફત શહેનશાહને સીધો જ મોકલી આપતા. આ વકાઈ-નિગાર અને વકાઈ-નવીસ સૂબાદારના ભય કે લાલચમાં આવી ખોટો અહેવાલ અથવા અગત્યની માહિતી દબાવી રાખે તેવું બની શકે. આના ઉપાય અર્થે શહેનશાહ સૂબાદારની કચેરીમાં ગુપ્ત ખબરપત્રી નીમતો. જેને સાવનિહ-નિગાર કહેતા. જે ગુપ્ત

કે જાસૂસી ખબરપત્રી હતો. વકાઈ-નવીસ અને સાવનિહ-નિગાર બંનેના અહેવાલને સરખાવવામાં આવતા. ને તેમાં જો અસમાનતા દેખાતી તો વકાઈ-નવીસને તેનો ખુલાસો આપવો પડતો. તે ખુલાસો આપવામાં નિષ્ફળ રહે તો તેને શિક્ષા કરવામાં આવતી. આમ પ્રાંતોમાં આ વિભાગના અધિકારીઓ પર અંકુશ પ્રતિઅંકુશ સ્થાપિત કરીને ટપાલ વ્યવસ્થામાં પણ દીર્ઘદ્રષ્ટિ બતાવી હતી.

સુગ્રથિત ટપાલ વિભાગને કારણે શહેનશાહને સૂબાની ઝીણામાં ઝીણી બાબતોની બાતમી મળી રહેતી. આ વ્યવસ્થાથી પ્રાંતોના અધિકારી વર્ગમાં એક પ્રકારે કેન્દ્રીય શાસન કે શહેનશાહ વિરુદ્ધ કાવતરા અને બળવા કરવાના વિચાર પર અંકુશ આવ્યો. તેઓ પોતાની ફરજો નિષ્ઠાથી કરતા કેમ કે શહેનશાહ ગમે ત્યારે સૂબાની મૂલાકાત લેતો અને તેનો વહીવટ તપાસતો અને ફરિયાદો સંભાળતો. ઉપરાંત મુઘલ સમયે દર ત્રણ વર્ષે પ્રાંત, સરકાર અને પરગણાંના અધિકારીઓની બદલી કરી દેવામાં આવતી. જેથી આ અધિકારીઓને પોતાની વગ વધારવાનો મોકો મળતો નહી.

## 11.4 સ્થાનિય વહીવટી વ્યવસ્થા

### 11.4.1. સરકારનો વહીવટ (જિલ્લાનો વહીવટ)

પ્રાંતોના સુચારુ વહીવટ માટે તેને પેટા વિભાગમાં વહેચવામાં આવ્યા હતાં. તે પેટા વિભાગને સરકાર કહેવામાં આવતું. તે આજના જિલ્લા બરાબર હતો. ફોજદાર અને અમલગુઝાર તેના મુખ્ય અધિકારીઓ હતાં. ફોજદાર સરકારનો વહીવટી વડો હતો. તેની ફરજો અને કાર્યોમાં સરકારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા, બળવાઓ રોકવા, લોકોની જાનમાલ અને સંપત્તિનું રક્ષણ કરવું, સરકારમાંથી પસાર થતા રસ્તાઓ વેપારીઓ માટે સુરક્ષિત રાખવા અને તેમની માલમિલકતનું રક્ષણ કરવું, પોતાના વિસ્તારના માથાભારે જમીનદારો પર નજર રાખવી, મહેસૂલ વસૂલાતમાં ક્યારેક અમલગુઝારને મદદ કરવી વગેરે હતાં.

સરકારમાં અમલગુઝાર કે આમિલ નામનો અધિકારી મહેસૂલ વિભાગ સંભાળતો. તેનું મુખ્ય ફરજોમાં જમીન મહેસૂલની આકારણી કરવી, મહેસૂલ ઉગરાવવું, ખેતીને ઉત્તેજન આપવા ઉપાયો કરવા જેથી ખેડૂતો નિયમિત મહેસૂલ ભરે, મહેસૂલી હિસાબો રાખવા, પ્રાંતોના દીવાનને સરકારની મહેસૂલી આવકના અહેવાલો નિયમિત પહોંચાડવા વગરે હતી. સરકારમાં એક નિશ્ચિત જગ્યાએ લશ્કરનું થાણું રહેતું. તેનો અમલદાર થાણેદાર હતો. જેની નિમણૂક પ્રાંતના સૂબાદાર અને દીવાનની ભલામણને આધારે થતી. તે સરકારના મુખ્ય ફોજદારના હાથ નીચે કાર્ય કરતો. તે થાણાના લશ્કરી સૈનિકોની જરૂરિયાતોની વ્યવસ્થા કરતો.

### 11.4.2. પરગણાનો વહીવટ

સરકારને પણ પરગણાંમાં વહેચવામાં આવ્યું હતું. પરગણાનો પ્રમુખ અધિકારી શિકદાર હતો. તેની ફરજોમાં પરગણાંમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની, મહેસૂલ વસૂલાતમાં આમિલને મદદ કરવાની વગેરે હતી. આમિલ એ પરગણાંમાં મહેસૂલી અધિકારી હતો. તેના કર્યો સરકારના અમલગુઝાર જેવા જ હતાં. તે સરકારના અમલગુઝારને જવાબદાર હતો. પરગણાંની મહેસૂલ સંબંધિત કાર્યો અને તેના અહેવાલ, દફતર અમલગુઝાર સમક્ષ રજૂ કરતો. કાનૂનગો એ પરગણાનો ત્રીજો મહત્વનો અધિકારી હતો. પરગણાની કૃષિ જમીનો, તેના પ્રકાર, તેમાં લેવાતા પાકો અને ખેડૂતો પાસેથી વસૂલવામાં આવેલ મહેસૂલની તે નોંધો તૈયાર કરતો.

મુઘલ વહીવટી વ્યવસ્થાનું નાનું એકમ ગામડું હતું. ગામના વડોને મુકાદમ કે મુખી કહેતા. તે ગામ વહીવટ પર દેખરેખ રાખતો. પટવારી નામે અમલદાર ગામની કૃષિ જમીનની નોંધ રાખતો. ગ્રામ્ય વહીવટ અગાઉના યુગની જેમ જ રાખવામાં આવ્યો હતો.

**(ક)તમારી પ્રગતિ ચકાસો.**

૧. વઝીર અને દીવાન-ઈ-કુલનાં કર્યો વિશે લખો.

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………

…………………………………………………………………
…………………………………………………………………

૨. મીરબક્ષીની બે-ત્રણ ફરજો લખો.

…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………
…………………………………………………………………

૩. મીર સામાન વિશે ટૂંકમાં જણાવો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................
........................................................

૪. ધાર્મિક ખાતાના વડાને શું કહેતા? તેનાં કાર્યો વિશે બે-ત્રણ વાક્યો લખો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

૫. મુઘલ કેન્દ્રીય ન્યાયખાતા અને તેના અધિકારીઓ વિશે ટૂંકમાં લખો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.....................................................

.............................................................

૬. પ્રાંતીય વહીવટ વિશે ચાર વાક્યો લખો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

૭. મુઘલ સ્થાનિય વહીવટ વિશે ટૂંકમાં જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**૮. યોગ્ય રીતે જોડકાં જોડો.**

| | |
|---|---|
| ૧.મુકાદ્દમ | A.સરકાર(જિલ્લા)નો વડો અધિકારી |
| ૨.શિકદાર | B.સૂબા(પ્રાંત)નો લશ્કરી વડો |
| ૩.મીરબક્ષી | C.ગામનો વડો |
| ૪.ફોજદાર | D.સૂબા(પ્રાંત)નો વડો અધિકારી |
| ૫.બક્ષી | E.કેન્દ્રીય ન્યાય ખાતાનો વડો. |
| ૬.કાઝી-ઉલ-કુઝાત | F.પરગણાનો અધિકારી |
| ૭.મીર સામાન | G.કેન્દ્રીય ધાર્મિક ખાતાનો વડો. |
| ૮.દીવાન-ઈ-કુલ | H.કેન્દ્રીય નાણાંખાતાનો વડો. |
| ૯.સદ્ર-ઉસ-સુદૂર | I.લશ્કરી બાબતોનો વડો. |
| ૧૦.સૂબાદાર | J.શાહી મહેલ અને કારખાનાંનો વડો. |

## 11.5 શહેર, કિલ્લા, બંદરોનો વહીવટ

અગત્યનાં શહેરો, સામ્રાજ્યના કિલ્લાઓ અને બંદરોના માટે મુઘલોએ અલાયદા વહીવટીતંત્રની વ્યવસ્થા કરી હતી. જે નીચે મુજબની હતી.

### 11.5.1. કોટવાલ

શહેરોમાં કોટવાલ નામે અધિકારીની નિમણૂક થતી. તેની ફરજોમાં લોકોને રક્ષણ પૂરું પાડવું, તેમની સંપત્તિનું રક્ષણ કરવું, શહેરમાં આવનાર અને બહાર જનારની નોંધ

રાખવી, ગેરકાયદેસર દારૂ ન બને, બજારમાં વેપારીઓ અને તોલમાપ પર દેખરેખ રાખવી વગેરે હતાં. શહેરમાં બહારથી આવનાર આગન્તૂકોએ શહેર પ્રવેશ માટે તેની પરવાની લેવી પડતી. તેવી જ રીતે શહેર છોડતી વખતે પણ તેની પરવાનગી લેવી આવશ્યક હતી. આમ તે શહેરનો પોલીસ વડો હતો તેવું આપણે કહી શકીએ.

### 11.5.2. કિલ્લાદાર

મધ્યકાલીન સમયમાં કિલ્લાઓનું સામરિક મહત્ત્વ હતું. મુઘલકાલમાં સામ્રાજ્યમાં અનેક વ્યૂહાત્મક સ્થળોએ કિલ્લાઓ આવેલા હતાં. આ કિલ્લાઓના વહીવટ માટે કિલ્લાદારની નિમણૂક કરવામાં આવતી હતી. તેની ફરજોમાં કિલ્લાની જાળવણી અને તેનું રક્ષણ કરવી, કિલ્લાની અંદરના લશ્કર અને તેની જરૂરિયાતો વગેરે હતી. મોટેભાગે ઊંચો મનસબદારી હોદ્દો ધરાવનાર વ્યક્તિને કિલ્લાદાર નીમવામાં આવતો.

### 11.5.3. મુત્સદ્દી

મુઘલકાલમાં વેપારી પ્રવૃત્તિ ઉન્નતી પર હતી. સુરત, મસુલિપટ્ટનમ વગેરે અનેક બંદરો વ્યાપારી પ્રવૃત્તિનાં કેન્દ્રો હતાં. આ બંદરોમાંથી સારી આવક પ્રાપ્ત થતી તેથી તેને માટે અલગથી વહીવટી વ્યવસ્થા ગોઠવામાં આવી હતી. બંદરનો મુખ્ય વહીવટી અધિકારીને મુત્સદ્દી હતો જેની નિમણૂક શહેનશાહ જાતે કરતો. કેટલીક વાર આ હોદ્દાની હરાજી થતી અને ઊંચો ભાવ બોલનારને ત્યાંનો મુત્સદ્દી નીમવામાં આવતો. તેની ફરજોમાં બંદરે આયાત થતી ચીજવસ્તુઓ પર જકાત ઉઘરાવવાની હતી. ઉપરાંત કેટલાક અન્ય વેપારી કર પણ ઉઘરાવતો. તે બંદરની ટંકશાળનો પણ ઉપરી હોઈ તેની પર દેખરેખ રાખતો. તેને અંતર્ગત દરિયાઈ જકાત ઉગરાવવા શાહબંદર નામે અધિકારીઓ કામ કરતા. આમ, બંદરોમાંથી સારી એવી આવક સામ્રાજ્યને થતી હતી.

## 11.6 મુઘલ મનસબદારી વ્યવસ્થા

મુઘલકાલમાં મનસબદારી અને જાગીર વ્યવસ્થાનો ધીમે ધીમે વિકાસ થયો. જેનું સ્વરૂપ પશ્ચિમ એશિયામાંથી આવ્યું ને અહીની જરૂરિયાત મુજબ તેમાં ફેરફાર કરવામાં આવ્યા. મનસબદારો મુઘલ વહીવટીતંત્રમાં નોકરશાહીનો એક ભાગ હતા અને તેમને બધાં ખાતાઓમાં નીમવામાં આવતા. ''મનસબ'' નો શાબ્દિક અર્થ સ્થાન કે સ્થિતિ થાય છે. મુઘલ સમયમાં તેનો અર્થ હોદ્દો થતો. અકબરના શાસન સમયે તેણે વહીવટીતંત્રની પુનઃ રચના કરી તેમાં મુલ્કી અને લશ્કરી સેવા બજાવનારને મનસબ આપવાની શરૂઆત કરી. તેણે આ સિદ્ધાંત ચંગીઝખાનના દશાંશ પદ્ધતિના સિદ્ધાંત પરથી લીધો હતો. તેમાં દશ, સૌ, હજાર ઘોડેસવાર ટુકડીઓ એમ ચઢતાક્રમ પ્રમાણે

અમલદારોને હોદ્દામાં ક્રમ આપવામાં આવતો. અકબરે પણ પોતાના અમલદારોને સૈનિક ટુકડીઓમાં વર્ગીકૃત કરી તે પ્રમાણે ચઢતાક્રમમાં હોદ્દાઓ આપી તે પ્રથા શરૂ કરી જેને મનસબદારી વ્યવસ્થા કહેવામાં આવે છે. સામાન્ય રીતે મુઘલકાલમાં મનસબ શબ્દ તેને ધારણ કરનાર મનસબદારની ત્રણ બાબતોનો સૂચક હતો. (૧) હોદ્દાનો (૨) પગારનો (૩) કેટલી સંખ્યામાં ઘોડા રાખવા. આ પ્રથાના આરંભિક સમયે મનસબદાર અને તેની સાથે જોડાયેલ અંક ઉપરોક્ત ત્રણેય બાબત દર્શાવતો. દાત. ૧૦૦નો મનસબદાર હોય તો તેને પોતાની રાજ્ય માટે બજાવેલ ફરજ બદલ તેનો હોદ્દો ૧૦૦ના જેટલો અંગત પગાર, ઘોડેસવાર સૈનિકો ૧૦૦ રાખવાના તથા ૧૦૦ ઘોડા અને સવાર રાખવાનો નિભાવ ખર્ચ મળે તેવો તેનો અર્થ થતો.

અકબરે રાજ્યના અધિકારીઓનાં પદ અને વેતન નક્કી કરવા માટે મનસબદારી પ્રથા જેવું સરળ માધ્યમ અપનાવ્યું હતું. મૂળે મનસબદારોએ વેતન અને હોદ્દા મુજબ સૈનિકો, ઘોડા, ઊંટ કે હાથી રાખવા પડતા એ નિયમ હતો. પરંતુ વ્યવહારમાં તેવી અપેક્ષાની ઉપેક્ષા થતી. જરૂરી ન હતું કે ૧૦૦૦ના મનસબદારે એક હજાર સૈનિકો રાખવા. તેવીજ રીતે મોટો મનસબદાર નોકરીમાં ઉચ્ચ હોદ્દા પર નીમવામાં આવે તે પણ જરૂરી નહોતું. માનસિંહ સાત હજારનો મનસબદારી હોવા છતાં તેને દરબારમાં સ્થાન તો મળતું પણ મંત્રીપદ ક્યારેય અપાયું નહોતું. જ્યાં અબુલ ફજલ નાનો મનસબદાર હોવા છતાં માન-મોભાની દ્રષ્ટિએ ઉંચું સ્થાન અને વેતન મેળવતો. એજ રીતે મનસબદાર નાનો હોય કે મોટો દરેકે નક્કી કરેલ સૈન્ય રાખવું પડતું ને સૈન્ય અભિયાન વખતે જોડાવું પડતું.

### 11.6.1. જાત અને સવાર

સોળમી સદીના અંતમાં મુખ્યત્વે મનસબદારના હોદ્દામાં બે આંકડા જાત અને સવાર લગાવવાની શરૂઆત થઈ. જેમ કે ૧૦૦૦ + ૫૦૦નો મનસબદાર. જેમાં પ્રથમ આંકડો મનસબદારનો જાત હોદ્દો અને બીજો તેણે કેટલાં ઘોડેસવાર રાખવા તેનો નિર્દેશ કરે છે. આમાં પણ વિદ્વાનોમાં મતમતાંતર છે. વિલિયમ ઈર્વિન બે સંખ્યામાં ટૂકડીઓ રાખવી એવો અર્થ કરે છે. અબ્દુલ અઝીઝ અને અતહર અલી પ્રથમ સંખ્યા જાત મનસબદારનો પગાર(તાલિબ-ખાસા) કે રાજ્યના મનસબદારોમાં તેનું સ્થાન સૂચવે છે જ્યારે બીજો આંકડો તેને કેટલા ઘોડેસવાર રાખવા અને તેના નિભાવ માટે કેટલી રકમ(તાબિનાન) મળે તેનો નિર્દેશ કરે છે તેવું માને છે. આ બીજો મત વિદ્વાનોમાં સ્વીકાર્ય છે.

**11.6.2. મનસબદારોની શ્રેણીઓ અને વર્ગો.**

અબુલ ફઝલના વર્ણન મુજબ અકબરે ૧૦ થી લઈ ૧૦,૦૦૦ ઘોડેસવારના કુલ ૬૬ હોદ્દાઓ ઊભા કાર્ય હતા. તેમાંથી તે ૩૩ હોદ્દાઓની માહિતી આપે છે. ઘણું કરીને ૫૦૦૦ કે તેથી વધુનું મનસબપદ શાહઝાદાઓને આપવામાં આવતું હતું. મનસબદારોને ત્રણ શ્રેણીમાં વહેચવામાં આવ્યા હતા.(૧) ૨૦ થી ૪૦૦ સૈનિક ધરાવનાર અમલદારો 'મનસબદાર' કહેવાતા. (૨) ૫૦૦ થી ૨,૫૦૦ સૈનિકો ધરાવનાર મનસબદારો 'ઉમરાહ' કહેવાતા (૩) ૩,૦૦૦ કે તેથી વધારે સૈનિક ધરાવનાર મનસબદારોને 'ઉમરા-ઈ-આઝમ કહેતા

સોળમી સદીના અંતમાં ત્રણ પ્રકારના મનસબદારોના ઉલ્લેખો મળે છે.(૧) જે મનસબદારોની સવાર સંખ્યા જાત બરાબર હોય (૨) જે મનસબદારોની સવાર સંખ્યા જાત સંખ્યા કરતાં અડધી કે અડધા કરતા થોડી વધારે હોય અને (૩) જે મનસબદારોની સવાર સંખ્યા જાત સંખ્યાના અડધાથી પણ ઓછી હોય. જોકે સવાર સંખ્યા વધારે અને જાત સંખ્યા ઓછી હોય તો પણ મનસબદારોની હરોળમાં તેવા મનસબદારોના સ્થાન કે દરજ્જામાં ફરક પડતો નહી. તે હરોળમાં તેનો દરજ્જો ઊંચો જ ગણાતો. આ પદ્ધતિ લચીલી હતી. કેટલીક પરિસ્થિતિઓમાં મનસબદારોની સવાર સંખ્યા વધારી આપવામાં આવતી. જે હંગામી સવાર હોદ્દો હતો. જેનો ખર્ચ રાજ્ય ઉપાડતું હતું. બળવાઓ કે કટોકટીના સમયે આવો પ્રયોગ કરવામાં આવતો. જાતમાં ફેરફાર કરવામાં આવતો નહી. આ વ્યવસ્થામાં જહાંગીરના શાસનમાં તેણે એક સુધારો કર્યો જે "દો અસ્પ સિહ અસ્પ"ની પ્રથા અમલમાં મૂકી. જેમાં પૂર્ણ કે આંશિક સવાર હોદ્દાવાળા મનસબદારોને દો અસ્પ સિહ અસ્પ આપવામાં આવતા. જેમાં જેટલી સંખ્યામાં સિહ અસ્પ આપવામાં આવતા તે મનસબદારે પોતાના મૂળ સવાર જેટલા બીજા સવાર રાખી શકતા. દા.ત. ૪૦૦૦ તેના સવાર હોય તો બીજા ૪૦૦૦ તે રાખી શકતો આમ ૪૦૦૦+૪૦૦૦= ૮૦૦૦ તે રાખી શકતા. જો તેમાંથી તેને ૨૦૦૦ દો અસ્પ સિહ અસ્પ આપવામાં આવ્યા હોય તો ૪૦૦૦+૨૦૦૦= ૬૦૦૦ ઘોડેસવાર રાખવા પડતા. જાત હોદ્દા કરતાં સવાર હોદ્દો ઊંચો ન હોવો જોઈએ એવો મુઘલ મનસબદારી પદ્ધતિનો નિયમ હતો અને તેથી જાત હોદ્દાને ખલેલ પહોચાડ્યા સિવાય સવાર હોદ્દાને મંજૂર કરવા આ દો અસ્પ સિહ અસ્પ પ્રથા લાવવામાં આવી હશે તેવું કહી શકાય. કારણ કે મુઘલકાલીન સાધનો આ પ્રથા વિશે જાજો પ્રકાશ પાડતાં નથી. આ પ્રથામાં સામ્રાજ્યએ કોઈપણ પ્રકારનો પગાર આપવાનો નહોતો.

### 11.6.3. મનસબદારોની નિમણુક અને બઢતી

મનસબદારોની નિમણૂક શહેનશાહ દ્વારા થતી. તેમાં તે સ્વતંત્ર હતો. તેમછતાં ભરતીના સામાન્ય ધારાધોરણો પ્રમાણે તે અનુસરતો. મનસબદારની ઉમેદવારી સૌ પ્રથમ દીવાન અને  મીર બક્ષી આગળ રજૂ થતી ને તે પછી શહેનશાહ તેમાંથી મનસબદારોની નિમણૂક કરતો. આ પ્રકિયામાં ક્યારેક શક્તિશાળી ઉમરાવો તથા સૂબાદારોની ભલામણોને પણ મહત્ત્વ અપાતું. શહેનશાહ મનસબદારોની નિમણૂક કરતો તે પછી દીવાનની મુદ્રા લાગતી ને ત્યાર પછી નિમણૂક ફરમાન બહાર પાડવામાં આવતું. તેમની નિમણૂકમાં વિશિષ્ટ જૂથો પ્રત્યે જુકાવ કે આગ્રહ રહેતો. જેમ કે મુઘલ સેવા બજાવનાર લોકો, તેમના પુત્રો અને સગાસબંધીઓની પ્રથમ પસંદગી થતી. બીજા એવા લોકો હતા કે જે અન્ય રાજ્યોમાં ઊંચા હોદ્દાઓ પર ફરજ બજાવતા હોય, જેમાં ઉઝબેગ, સફાવી અને દખ્ખણના રાજ્યો આવતા. ત્યાંના ઉમારવોમાં ઈરાની, તુરાની, ખુરાસાની મોટે ભાગે પસંદ થતા. સ્વતંત્ર રાજ્યોના રાજવીઓને પણ મનસબદારો તરીકે પસંદ કરવામાં આવતા. જેમાં રાજપૂત રાજાઓની વિશેષ પસંગી થતી. જેમ કે, રાજા માનસિંહ, જસવંતસિંહ, રાજા બીરબલ, ટોડરમલ  વગેરે. મનસબદારોની બઢતીનો આધાર તેમના કાર્યો, વફાદારી, જાતિ અને કુળ પર આધારિત હતો. હજારી કે એક હજારના પગારની બઢતી માટે મનસબદારોએ સખત પરિશ્રમ અને લાંબા સમય સુધી પ્રતીક્ષા કરવી પડતી. આમ, મનસબદારોની નિમણૂક, પદોન્નતિ કે બરતરફી માટે કોઈ ચોક્કસ નિયમો ન હતા. નોકરીમાં વફાદારી, કાર્યદક્ષતા અને આવડત એ બઢતી માટે આવશ્યક હતા તેમ કહી શકાય.

### 11.6.4. મનસબદારોનું વેતન

કેન્દ્રમાં મનસબદારોની ઘોડેસવાર ટુકડીઓની તપાસ અને નિરીક્ષણ માટે એક 'ડાઘ મહલી' ખાતું હતું. તેનો વડો મીરબક્ષી હતો. ઘોડેસવાર ટુકડીઓની તપાસ માટે એક ચોક્કસ પદ્ધતિ રહેતી જે 'દાગ-ઓ-ચહેરા' નામે પ્રચલિત હતી. મનસબદારો ઘોડા અને સૈનિકોમાં કોઈ હેરાફેરી ન કરે તે માટે ઘોડાઓ પર દાગ લગાવવામાં આવતો. તેવી જ રીતે ઘોડેસવાર સૈનિકોની ઓળખનો વૃત્તાંત પણ નોંધવામાં આવતો હતો. તેથી આ બાબતે દગો થઈ શકતો નહી. આ નિયમનું પાલન કરવું ફરજીયાત હતું. ને તેમાં કોઈ ચૂક થાય તો મનસબદારને શિક્ષા કરવામાં આવતી કે નીચલી પાયરીએ ઊતારી દેવામાં આવતા. આવી સજાની અનેક ઘટનાઓની નોંધ મળે છે.

મનસબદારોને ઘોડેસવારના નિભાવ-ખર્ચ માટેની રકમ તેની પાસે ઉપલબ્ધ વાસ્તવિક ઘોડેસવારોની સંખ્યાના સરવાળા મુજબ નક્કી કરાયેલ રકમ આપવામાં આવતી. સામાન્યતઃ ઘોડે સવાર દીઠ માસિક પંદર થી પચ્ચીસ રૂપિયા ચૂકવવામાં આવતા.

મનસબદારોને પગાર સ્વરૂપે જાગીર(અમુક જમીનની મહેસૂલ આવક) આપવામાં આવતી હતી. તે જમીન મહેસૂલી આવક 'જમા' કહેવાતી અને વાસ્તવિક આવક 'હાસિલ' કહેવાતી. મનસબદારનો પગાર આવી નક્કી કરેલ જાગીરમાંથી પૂરો થતો નહી તેથી પગાર માટે માસિક ધોરણ નક્કી કરવામાં આવ્યું. જાગીરની વાસ્તવિક મહેસૂલી આવક(હાસિલ) અંદાજીત આવક(જમા) કરતાં અડધી થાય તો શાશમાહા(છ માસિક) અને ૧/૪ જેટલી થાય તો સિહમાહા(ત્રિમાસિક) ગણવામાં આવતી. આ માસિક ધોરણ કેવળ રોકડ પગાર માટે અપનાવ્યું હતું. મનસબદારોનો બીજો એક વર્ગ એવો હતો જેમને પાગરના સ્વરૂપે નક્કી કરેલ પ્રદેશની(જાગીર) મહેસૂલ મળતી. અહી યાદ રાખવું ઘટે કે મનસબદારો તે જાગીરની જમીનોના માલિક નહોતા. પરંતુ તે જાગીરની રાજ્યએ નક્કી કરેલ મહેસૂલી આવકનો પગારના સ્વરૂપે વસૂલવાનો એક અધિકાર હતો.

મનસબદારોના પગારમાંથી કપાત પણ થતી, દખ્ખણના મનસબદારો પાસેથી ચૌથાઈ(૧/૪) રકમ કાપી લેવામાં આવતી. શહેનશાહના પશુઓ માટે ઘાસચારાની કપાત 'ખુરાક દવ્વાહ', રોકડ પગાર લેતા મનસબદારો પાસેથી 'દો દામી' કપાત ઉપરાંત કેટલીક વાર મનસબદારો પર દંડ લગાવવામાં આવતો તે પણ તેમના પગારમાંથી કાપી લેવામાં આવતો. તેમછતાં સામ્રાજ્યની મોટી આવક ઉમરાવ વર્ગની પાછળ ખર્ચાઈ જતી.

**11.6.5. જપ્તી પ્રથા.**

જપ્તી પ્રથા વિશે સમકાલીન સાધનો ને તેમાં પણ યુરોપિયન પ્રવાસીઓએ લખેલ વૃત્તાંતો સારો પ્રકાશ પાડે છે. મનસબ વિશે ડૉ. આઈ.એચ. કુરેશી નોંધે છે તેમ આ વ્યવસ્થા વંશાનુગત ન હતી. એટલે કે  જ્યાં સુધી મનસબદાર જીવે ત્યાં સુધી ચાલુ રહેતી. તેના મૃત્યુ પછી તેની જાગીર રાજ્યની ગણાતી ને તે જપ્ત કરવામાં આવતી. આની પાછળ એવું પરિબળ હશે કે, ઉમરાવો રાજ્ય પાસેથી લોન લેતા તે ભરપાઈ કરી શકતા નહીં અને તેમનું અવસાન થતું ત્યારે રાજ્યની લોન(મુતાબલા) તેની મનસબની જપ્તી કરી વસૂલવામાં આવતી. આ કાર્ય ખાન સામાન નામનો અધિકારી કરતો. જોકે રાજ્યની લેણી રકમ વસૂલ થઈ જાય ત્યાર પછી વધેલી મિલકત શહેનશાહ દ્વારા ઉમરાવના પરિવારના સભ્યો વચ્ચે વહેચી દેવામાં આવતી. ઔરંગઝેબે પોતાના શાસન સમયે ઈ.સ. ૧૬૬૬માં આ સંદર્ભે બિનવારસ મૃત્યુ પામનાર ઉમરાવના કિસ્સામાં તેની સઘળી માલમિલકત ખાલસા કરી રાજ્યની તિજોરીમાં જમા કરી દેવી એવું ફરમાન જરી કર્યું હતું. તેવીજ રીતે ૧૬૯૧માં એક ફરમાન દ્વારા ઉમરાવના વારસદારો જો નોકરીમાં હોય તો તેવા ઉમરાવના અવસાન

પછી તેની મિલકત જપ્ત ન કરવી કેમ કે તેના વારસદારો પાસેથી ઉમરાવની બાકી રકમ વસૂલ કરી શકાય. આમ મનસબદારો માટે જપ્તી પ્રથા દાખલ કરવામાં આવી હતી. મનસબદારોના અવસાન પછી તેની મિલકત પર તેના પુત્રોનો નહીં પરંતુ રાજ્યનો અધિકાર મનાતો.

### 11.6.6. મનસબદારોનું માળખું અને જાગીરદારી પ્રથા

મનસબદારોનું માળખું કે તેનો મૂળ ઢાંચો અકબરના સમયે ગડાયો હતો. સલ્તનત યુગમાં રાજ્યની સેવાના બદલામાં અમુક જમીનની મહેસૂલી આવક પગાર તરીકે લખી અપાતી. તે પ્રથા ઈકતા અને તેને મેળવનાર ઈક્તાદાર કહેવાતો. મુઘલ શાસનમાં આજ પદ્ધતિ અપનાવી મનસબદારોને પગાર સ્વરૂપે જમીન મહેસૂલ લખી આપવામાં આવી. આવી જમીન 'જાગીર' કહેવાઈ અને તે મેળવનાર જાગીરદાર. મુઘલોમાં બાબરે અફઘાન-પઠાણ સરદારોને જીતેલા પ્રદેશોનો વહીવટ સોંપ્યો. તે પ્રદેશો વજહ(મહેનતાણું) કહેવાતું. તે મેળવનાર વજહ્દાર. તેમાં વજહ તરીકે અમુક નક્કી રકમ તે રાખતા અને બાકી(ખાલીસા)ની રાજ્યને જમા કરાવતા. નવા જીતાયેલ અમુક પ્રદેશો પર તે હાકિમ નામે ગવર્નરની નિમણૂક કરતો.

અકબરે આના બે ભાગ ખાલિસા અને જાગીર પાડ્યા હતા. ખાલિસા રાજ્યની જમીન હતી તેથી તેની આવક રહ્યાની તિજોરીમાં જમા થતી જયારે જાગીર એ મનસબદારોને રોકડ પગારના બદલામાં અમુક પ્રદેશની જમીનની મહેસૂલી આવક લખી આપી હતી. આવો વર્ગ મોટો હતો. ઉપરાંત કેટલાક નકદી મનસબદારો પણ હતા. તો કેટલાક રોકડો પગાર અને જાગીર બંને લેવાવાળો વર્ગ હતો. પ્રદેશની અંદાજી આવક (જમા) દામમાં ગણાતી. અને વાસ્તવિક આવક હાસિલ કહેવાતી. અહીં યાદ રાખવું જોઈએ કે ખાલીસા જમીન ખૂબ ઓછી રહેતી. પાછળના સમયે આ ખાલીસા જમીન પર ઘણું દબાણ આવ્યું હતું. જાગીર પ્રદેશોમાં જાગીરદારો પોતાની વગ વધારી ન શકે તે માટે બદલી પદ્ધતિ અપનાવી જાગીરદારોની બીજી જાગીરમાં બદલી કરી લેવામાં આવતી. આવી પદ્ધતિએ મનસબદારો પોતાને મળેલ જાગીરના વિકાસમાં રસ લેતા નહીં. મુઘલકાલમાં ચાર પ્રકારની જાગીર જોવા મળે છે. (૧) તનખા જાગીર (૨) મશરત જાગીર (૩) ઈનામ જાગીર અને (૪) વતન જાગીર. જહાંગીરે વતન જાગીર જેવી 'અલ-તમઘા' જાગીરો મુસ્લિમ ઉમરાવો ને આપી હતી. તનખા જાગીર બદલી પાત્ર હતી. વતન જાગીર વંશાનુગત હતી. વતન જાગીરને ક્યારેક ખાલિસા જાગીરમાં ફેરવી દેવામાં આવતી. આવું ઔરંગઝેબે જોધપુરના કિસ્સામાં કર્યું હતું. મનસબદારોનો જે જાત અને પગાર નક્કી થયો હોય તે તેની જાગીરની આવકમાં ઓછો પડે તો તેને બીજે 'જાગીર તનખા' આપવામાં આવતી. મનસબદારો પોતાની

જાગીરની મહેસૂલ વસૂલ કરવા આમિલ, ફોતદાર, કારકુનો રાખી શકતા હતા. જે મનસબદારોના વતી કાર્ય કરતા હતા. મનસબદારો પર શાહી અમલદારો, સૂબાના દીવાનો નજર રાખતા હતા.

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

૧. નીચેના અધિકારીઓ માટે બે વાક્યો લખો.

(૧) કોટવાલ

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

............................................................................

(૨) કિલ્લાદાર

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

............................................................................

(૩) મુત્સદ્દી

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

૨. મુઘલ મનસબદારી વિશે પાંચ વાક્યો લખો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................

.............................................................

.............................................................

૩. જાત અને સવાર હોદ્દાઓ વિશે બે-ત્રણ વાક્યો લખો.

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

૪. મનસબદારોના વેતન વિશે ટૂંકમાં જણાવો.

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

.............................................................

૫. નીચેના શબ્દો સમજાવો.

(૧) જપ્તી પ્રથા

.............................................................

.............................................................

.............................................................

.............................................................

(૨) જાગીરદારી પ્રથા

.............................................................

.............................................................

.............................................................

.............................................................

**૬. યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(૧) શહેરનો વડો અધિકારી ......................... હતો.(ફોજદાર, કોટવાલ)

(૨) કિલ્લાઓની જાળવણી અને રક્ષણનું કાર્ય .............. નામનો અધિકારી કરતો.(કિલ્લાદાર,સૂબાદાર)

(૩) મુઘલકાલમાં .............................બંદર અગત્યનું હતું.(ભરૂચ, સુરત)

(૪) બંદરોનો વહીવટદાર ......................... હતો. (બક્ષી, મુત્સદ્દી)

(૫) મનસબદારોનો પગાર સૂચવતો શબ્દ ......................... હતો. (તાલિબ-ખાસા, તાબિનાન)

(૬) ૩,૦૦૦ કે તેથી વધુ સૈનિક ધરાવનાર મનસબદારોને ..................... કહેતા. (ઉમરાહ, ઉમરા-ઈ-આઝમ)

(૭) દો અસ્પ સિહ અસ્પ પ્રથા ......................એ શરૂ કરી હતી. (અકબર, જહાંગીર)

(૮) મનસબદારોની નિમણૂકનું ફરમાન ........................ની મુદ્રા લગાવી બહાર પાડવામાં આવતું.(દીવાન, મીરબક્ષી)

(૯) મનસબદારોની બધાતીનો આધાર ....................ની ઈચ્છા પર રહેતો. (દીવાન, શહેનશાહ)

(૧૦) મનસબદારો રાજ્ય પાસેથી લોન લેતા તેને ................ કહેવામાં આવતું. (મુતાબલા, મશરત)

## 11.7 સારાંશ

અકબરના વિજયો કરતાં તેના સુધારાઓ મહત્ત્વના છે. તેણે કુશળ અને કાર્યક્ષમ વહીવટીતંત્ર સ્થાપી પ્રજા માટે ન્યાયી સરકારની રચના કરવા પોતાની સમસ્ત શક્તિ ખર્ચી હતી. તે સામ્રાજ્યવાદી હોઈ કેન્દ્રીકૃત શાસનતંત્ર સ્થાપવા પ્રયાસ કર્યો હતો. મુઘલોના વહીવટીતંત્રમાં રાજાનો સીધો અંકુશ સ્થાપવામાં આવ્યો હતો. તથા રાજા જ બધા મહત્વપૂર્ણ અધિકારીઓની નિમણૂક કરતો. પ્રાંતોમાં અંકુશ અને સમતુલનનો સિદ્ધાંત સ્થાપિત કરવામાં આવ્યો હતો. સમસ્ત સામ્રાજ્યને સૂબા(પ્રાંત), સૂબાને

સરકાર(જિલ્લા) અને સરકારને પરગણાં(તાલુકા)માં વહેંચી દેવામાં આવ્યું હતું. સૂબામાં વહીવટ કેન્દ્રના નમૂના પર ગોઠવવામાં આવ્યો હતો. જ્યાં સૂબાદાર અને દીવાન સ્વતંત્ર રીતે કર્યા કરતા અને તે સીધા શહેનશાહને જવાબદાર હતા. શહેરો અને બંદરો અને કિલ્લાઓનો વહીવટ પણ સ્વતંત્ર રીતે ગોઠવવામાં આવ્યો હતો. જ્યાં કોટવાલ, મુત્સદ્દીઓ અને કિલ્લાદાર પણ સીધા જ શહેનશાહને જવાબદાર રહેતા. પરગણાંનો વહીવટ પણ વ્યવસ્થિત ગોઠવવામાં આવ્યો હતો જયારે વહીવટી વ્યવસ્થામાં ગામડું એ નાનો વહીવટી એકમ હતો.

મનસબદારી અને જાગીરદારી એ બે પ્રથાઓ મુઘલ સામ્રાજ્યની મહત્ત્વપૂર્ણ સંસ્થાઓ હતી. જેને સામ્રાજ્યની મુલ્કી અને લશ્કરી વ્યવસ્થા સાથે જોડી દેવામાં આવી હતી. જેને સામ્રાજ્યના વિસ્તાર અને તેના સરળ વહીવટમાં પાયારૂપ ભાગ ભજવ્યો હતો. જાત હોદ્દો મનસબદારનું અમલદારોની હરોળમાં તેનું સ્થાન નિશ્ચિત કરતો તો સવાર હોદ્દો તેણે કેટલા ઘોડા અને સવાર નિભાવવા તે નિશ્ચિત કરતું. આ વ્યવસ્થાથી ત્રણ પરકારના મનસબદારોના વર્ગો અસ્તિત્વમાં આવ્યા હતા. મનસબદારોનું વેતન તેમની સવાર સંખ્યા પ્રમાણે નાકી થતું હતું. જે સમયાંતરે બદલાતું રહેતું. સામ્રાજ્યની સમસ્ત જમીનોને ખાલિસા અને જાગીરમાં એમ બે ભાગમાં વહેચી દેવામાં આવી હતી. આમ વિશાળ સામ્રાજ્યને માટે વિશાળ નોકરશાહીનું તંત્ર ગોઠવવામાં આવ્યું હતું ને તે અમલદારોને તેમના વેતન સ્વરૂપે મનસબદારી અને જાગીરદારી પ્રથા જેવી પાયાની સંસ્થાઓનો વિકાસ કરવામાં આવ્યો હતો.

## 11.8. ચાવીરૂપ શબ્દો

- અમીન : મહેસૂલી આકારણી અધિકારી.
- દામ : ત્રાંબાનો નાનો સિક્કો(એક ચાંદીનો રૂપિયો = ૪૦ દામ ગણાતા)
- મશરત : મનસબદારોને આપવામાં આવેલો શરતી હોદ્દો.
- તલબ ખાસ્સા : મનસબદારોનો અંગત પગાર.
- ઉમરા : ઉમરાવો નું બહુવચન

## 11.9. તમારી જાતે ચકાસોના જવાબો.

**તમારી પ્રગતિ ચકાસો.(ક)ના જવાબો.**

૧.ના જવાબ માટે જુઓ મુદ્દા નં.૧૧.૨.૨.૧. અને ૧૧.૨.૨.૨.

૨.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૧.૨.૨.૩.

૩.ના જવાબ માટે જુઓ મુદ્દા નં.૧૧.૨.૨.૪.

૪.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૧.૨.૨.૫.

૫.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૧.૨.૨.૬.

૬.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૧.૩. અને તેના પેટા મુદ્દાઓ.

૭.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૧.૪. અને તેના પેટા મુદ્દાઓ.

૮. જોડકાં જોડોના જવાબો.

1.-C 2.-F 3.-I 4.-A 5.-B 6.-E 7.-J 8.-H 9.-G 10.-D

**તમારી પ્રગતિ ચકાસો.(ખ)ના જવાબો.**

૧. ના જવાબ માટે જુઓ (૧) મુદ્દા નં. ૧૧.૫.૧.(૨)મુદ્દા નં.૧૧.૫.૨.(૩) મુદ્દા નં. ૧૧.૫.૩.

૨.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૧.૬. અને તેના પેટા મુદ્દાઓ.

૩.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૧.૬.૧.

૪.ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૧.૬.૪.

૫.ના જવાબ માટે જુઓ (૧) મુદ્દા નં.૧૧.૬.૫. (૨) મુદ્દા નં. ૧૧.૬.૬.

૬.ખાલી જગ્યાઓ પૂરોના જવાબો. (૧)કોટવાલ (૨)કિલ્લાદાર (૩)સુરત (૪)મુત્સદ્દી (૫) તાલિબ-ખાસા (૬)ઉમરા-ઈ-આઝમ (૭)જહાંગીર (૮)દીવાન (૯)શહેનશાહ (૧૦)મુતાબલા

## 11.10. સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)

પ્રશ્ન.મુઘલોના વહીવટીતંત્ર વિશે મુદ્દાસર વર્ણન કરો.

પ્રશ્ન.મુઘલ વહીવટી વ્યવસ્થા વિશે વિસ્તારથી નોંધ તૈયાર કરો.

પ્રશ્ન.મુઘલોનું કેન્દ્રીય વહીવટી માળખું સમજાવી તેનું પ્રાંતિક અને સ્થાનિય વહીવટી વિગતે સમજાવો.

પ્રશ્ન. મુઘલોની વહીવટી વ્યવસ્થામાં મનસબદારી વ્યવસ્થા પાયા રૂપ હતી- વિધાન સમજાવો.

પ્રશ્ન.મનસબદારી વ્યવસ્થા સંદર્ભે શબ્દો સમજાવો. (૧) જાત હોદ્દો,(૨) સવાર હોદ્દો,(૩) જાગીર વિજયનગર સામ્રાજ્યની વહીવટી વ્યવસ્થા વિશે સવિસ્તાર સમજાવો.

## 11.11. સંદર્ભ અને વિશેષ વાચન


- જસુભાઈ બી. પટેલ : ભારતનો ઈતિહાસ(મોગલ યુગ ૧૫૨૬ થી ૧૭૦૭) યુનિ., ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
- Dr. Ishwari Prasad : A Short History of Muslim Rule in India.
- K.P.Tripathi : Rise and Fall of the Mughal Empire.
- P. Saran : Provincial Administration Under the Mughals.
- Dr. R.C. Majumdar(Ed.) :Mughal Empire, Vol VII, Bharatiya Vidya Bhavan, Bombay.

એકમ - 12

# શિવાજી અને પેશ્વા શાસન હેઠળના મરાઠા રાજ્યની પ્રકૃતિ અને શાસનવ્યવસ્થા

## :: રૂપરેખા ::


12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવના

12.2 શિવાજીની શાસનવ્યવસ્થા

12.2.1 કેન્દ્રીય વહીવટી વ્યવસ્થા

12.2.1.1 છત્રપતિ (રાજા)

12.2.1.2 અષ્ટ પ્રધાનમંડળ

12.2.2 પ્રાંતિય વહીવટી વ્યવસ્થા

12.2.3 સૈન્ય સંગઠન

12.2.3.1 કિલ્લાઓ અને તેનો વહીવટ

12.2.3.2 પાયદળ અને અશ્વદળ

12.2.3.3 તોપદળ

12.2.3.4 નૌકાદળ

12.2.4 ન્યાયતંત્ર

(ક)તમારી જાતે ચકાસો.

12.3 પેશવા શાસન હેઠળની મરાઠા શાસનવ્યવસ્થા.

12.3.1 મરાઠા રાજ્યસંઘ

12.3.1.1 રાજા અને પેશવાઓ

12.3.1.2 સરંજામી પદ્ધતિ

12.3.1.3 સરંજામી રાજ્યો

12.3.1.3.1 નાગપુરના ભોસલે

12.3.1.3.2 વડોદરાના ગાયકવાડ

12.3.1.3.3 ઈન્દોરના હોલ્કર

12.3.1.3.4 ઈન્દોરના હોલ્કર

12.3.1.4 વહીવટી વ્યવસ્થા

(ખ) તમારી જાતે ચકાસો.

12.4 સારાંશ

12.5 ચાવીરૂપ શબ્દો

12.6 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)

12.7 સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)

12.8 સંદર્ભ અને વિશેષ વાચન

## 12.0 ઉદ્દેશો (Objectives)

- આ એકમના અભ્યાસ પછી તમે મરાઠાઓની કેન્દ્રીય અને પ્રાંતિક વહીવટી વ્યવસ્થાથી માહિતગાર થશો.
- મરાઠા કેન્દ્રીય વહીવટમાં અષ્ટ પ્રધાનમંડળ વિશે સમજ કેળવશો.
- આ એકમમાં તમે શિવાજી અને પેશ્વાઓના સ્થાનીય વહીવટ વિશે જાણશો.
- આ એકમના અભ્યાસ પછી તમે મરાઠા સામ્રાજ્યની ન્યાય પ્રણાલી, ભૂમિ મહેસૂલી વ્યવસ્થા, કર વ્યવસ્થા વિશે સમજશો.
- આ એકમના અભ્યાસ પછી તમે મરાઠાઓના વહીવટીતંત્રના સ્વરૂપ વિશે સમજ મેળવશો.
- આ એકમના અભ્યાસ પછી તમે મરાઠા લશ્કરી સંગઠનથી પરિચિત થશો.

## 12.1 પ્રસ્તાવના (Introduction)

મુઘલ સામ્રાજ્યમાં ઔરંગઝેબના સમયમાં તેની નીતિઓને કારણે મહારાષ્ટ્રમાં મરાઠા સત્તાનું ઉત્થાન થયું. જેને ત્યાંની ભૌગોલિક, રાજકીય, આર્થિક અને ધાર્મિક પરિબળોએ વેગ આપ્યો. ઔરંગઝેબના સમયમાં શિવાજીએ મરાઠા સત્તાને નેતૃત્વ પૂરું પાડ્યું ને મરાઠા રાજ્યતંત્રનું નિર્માણ કર્યું. મુઘલ વહીવટીતંત્ર તદ્દન તૂટી પડ્યું. મુઘલ બાદશાહ શાહઆલમ બીજા પર ઈ.સ. ૧૭૬૫માં અંગ્રેજોએ વર્ચસ્વ સ્થાપ્યું ત્યારે તો મુઘલ સત્તા નામમાત્રની જ હતી. શિવાજીના અવસાન પછી પણ ૧૨૫ વર્ષ મરાઠી સત્તા પેશ્વા શાસન હેઠળ ટકી રહી. ઉત્તર ભારતમાં અંગ્રેજ સત્તા ઝડપ ભેર વિસ્તાર પામી રહી હતી. જ્યાં ૧૭૫૭ના પ્લાસીના યુદ્ધ બાદ તે સર્વોપરી બની. દક્ષિણ કિનારે ૧૭૬૦માં ફ્રેંચ સત્તાનો અંત આવ્યો ત્યારે અંગ્રેજોની હરિફ એકમાત્ર સત્તા મરાઠાઓની હતી. જેણે અડધા સૈકા સુધી અંગ્રેજોને સર્વોપરી બનતા અટકાવ્યા. આમ ૧૮મી સદીના અંત સુધી મરાઠાઓએ દક્ષિણમાં અંગ્રેજ સત્તાના પ્રવેશને અટકાવી દીધો. નાના ફડણવીસના અવસાન પછી મરાઠાઓમાં ઉગ્ર આંતર કલહો શરૂ થયા. તેમાં બાજીરાવ બીજાના નિર્બળ અને અયોગ્ય વહીવટને

કારણે મહારાષ્ટ્રમાં અંગ્રેજ સત્તા સ્થપાઈ. તેમછતાં રિચર્ડ ટેમ્પલ લખે છે તેમ પેશ્વાના શાસને મહારાષ્ટ્રમાં આશરે એક સદી સુધીની શાંતિ અને સલામતી આપી.

મરાઠા વહીવટી તંત્રનાં મુખ્ય તત્ત્વો એ દખ્ખણનાં વહીવટીતંત્રમાંથી જ લેવામાં આવ્યાં હતાં. તો સાથે કેટલીક સંસ્થાઓ મુઘલોની વહીવટી વ્યવસ્થામાંમાંથી લેવામાં આવી હતી. શિવાજીને વહીવટી તંત્રનો ચોક્કસ ખ્યાલ હતો. સાથે મુઘલ વહીવટનો જાત અનુભવ, દેવગિરિના યાદવ અને વિજયનગરના હિંદુ રાજ્યના આદર્શો અને તેમની ખામીઓથી પણ સારી રીતે પરિચિત હતા. આ તમામને દ્રષ્ટિ સમક્ષ રાખીને શિવાજીએ શાસનવ્યવસ્થા, લશ્કરી વ્યવસ્થા, કરવેરાનું ધોરણ, ન્યાયતંત્ર, પરરાજ્ય અને આંતરિક નીતિ, ધર્મભાવના વગેરેને લગતા સિદ્ધાંતો પ્રમાણે રાજ્ય વ્યવસ્થા ગોઠવી હતી. તેમણે લાયકાત પ્રમાણે પદો આપવાની પદ્ધતિ અપનાવી. શિવાજીના અવસાન પછીના છત્રપતિઓ અને પેશ્વાઓએ શિવાજીના સ્થાપિત સિદ્ધાંતોનો ભંગ કર્યો, અષ્ટ પ્રધાનમંડળનો ભંગ કર્યો. લાયકાતનું સ્થાન વંશાનુગત બન્યું. રાષ્ટ્રીય લશ્કરને સ્થાને ફરી સામંતશાહી પ્રકારની લશ્કરી પ્રથા દાખલ કરી. આ તમામે મરાઠી સત્તાને નબળી પાડી. તેમ છતાં મરાઠી સત્તા શિવાજીના અવસાન પછી પણ ટકી રહી. તેની વહીવટી વ્યવસ્થા વિશે હવે આપણે વિગતે અભ્યાસ કરીશું.

## 12.2 શિવાજીની શાસનવ્યવસ્થા

રાજ્યાભિષેક પછીના બીજા વર્ષથી શિવાજીએ સમગ્ર દક્ષિણ ભારતના વિજયની યોજના ઘડી કાઢી તે દિશામાં આરંભ કર્યો. બીજાપુર, ગોવલકોંડા અને મુઘલોના કેટલાક પ્રાંતો લૂંટ્યા, મુંબઈથી દક્ષિણે પાંચ માઈલે આવેલ જંજીરા કોંકણની સલામતી માટે સિદ્દીઓ પાસેથી જીતી લીધું. બીજાપુરી સલ્તનતને આધીન કર્ણાટકના મેદાની પ્રદેશો જેની જાગીર શાહજીને મળેલી ત્યાં શિવાજીના અપરમાતાના પુત્ર અંકોજીએ આધિપત્ય જમાવેલું ત્યાં શિવાજીએ આક્રમણ કરી તેમાંથી થોડા પ્રદેશો પડાવ્યા હતા. ઉપરાંત જિંજી, વેલૂર, વાલી, બંગાવાર, તાંજોર, કુંડાપુરમ પર અંકુશ સ્થાપિત કર્યો. આમ શિવાજીએ વિજયો મેળવી મરાઠા રાજ્યને પશ્ચિમઘાટ થી આરંભી કલ્યાણ અને ગોવા વચ્ચે આવેલા કોંકણ લગી અને દક્ષિણમાં કર્ણાટકની પશ્ચિમે બેલગાંવથી તમિલનાડુંના બિલારી જિલ્લા સુધી વિસ્તૃત કર્યું હતું. આમ વિસ્તૃત રાજ્યના સુચારુ શાસન માટે કાર્યક્ષમ વહીવટીતંત્ર શિવાજીએ ઉભું કર્યું હતું, જે નીચે મુજબ છે.

### 12.2.1. કેન્દ્રીય વહીવટી તંત્ર.

#### 12.2.1.1. છત્રપતિ (રાજા).

મરાઠા રાજ્યતંત્ર કેન્દ્રીય એકચક્રી પ્રકારની રાજાશાહી હતી. વળી તે પ્રજાકલ્યાણ તરફ વધુ ધ્યાન આપનારી જાગૃત રાજાશાહી હતી. વહીવટી તંત્રના કેન્દ્રસ્થાને રાજા હતો અને તે સર્વોચ્ચ સત્તા ધરાવતો હતો. ભારતના પ્રાચીન યુગના રાજત્વના સિદ્ધાંત ''રાજા કાલસ્ય કારણમ્" પ્રમાણે તે વહીવટ ચલાવતો હતો એટલે કે તેનાં રાજ્યકાર્યનો મુખ્ય હેતુ પ્રજાનાં સુખ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ કરવાનો હતો. ઈ.સ. ૧૬૬૬માં આગ્રાની મુલાકાત સમયે શિવાજીએ મુઘલ વહીવટી વ્યવસ્થાને પ્રત્યક્ષ જોઈ હતી. તેનો પણ પોતાના વહીવટી વ્યવસ્થામાં સુયોગ સાધ્યો હતો. ઈ.સ. ૧૬૭૪માં રાજ્યાભિષેક સમયે પોતાની રાજયવ્યવસ્થાનું પુનઃગઠન કર્યું હતું. ઉપર જોયું તેમ શિવાજીએ અનેક વિજયો કરી રાજ્ય વિસ્તાર કર્યો હતો તે રાજ્યના વિવિધ પ્રાંતો બનાવી, સુંદર અને કાર્યક્ષમ વહીવટીતંત્રની સ્થાપના કરી હતી. તમામ વહીવટી સત્તાઓ છત્રપતિ (રાજા)ના હાથમાં કેન્દ્રિત હતી. છતાં શાસનને 'નિરંકુશ' કે પૂર્ણતઃ લશ્કરી શાસન કહેવું અયોગ્ય છે. આમ શિવાજીના વહીવટીતંત્રમાં છત્રપતિ (રાજા) સર્વોચ્ચ સ્થાને હતો. તે મહત્વના પ્રધાનોની લાયકાત પ્રમાણે જાતે નિમણૂક કરતો. શિવાજીએ રાજ્યને ચાર મોટા પ્રાંતોમાં વિભાજીત કર્યું હતું. શિવાજીના સીધા અંકુશ હેઠળનો વિભાગ 'સ્વરાજ્ય' કહેવાતું. શિવાજીએ વર્ષોથી ચાલી આવતી જમીનદારી પદ્ધતિને દૂર કરી પ્રજા સાથે સીધો સંપર્ક સ્થાપ્યો હતો.

#### 12.2.1.2. અષ્ટ પ્રધાનમંડળ.

શિવાજીએ સ્થાપેલી રાજયવ્યવસ્થાનાં મૂળ મહાભારત અને શુક્રનીતિમાં વર્ણવવામાં આવેલી શાસનવ્યવસ્થામાં રહેલાં છે. શુક્રનીતિમાં આઠ પ્રધાનો (૧) પ્રતિનિધિ (૨) સચિવ (૩) પ્રધાન (૪) મંત્રી (૫) પ્રાદવિવેક(ન્યાયાધીશ) (૬) પંડિત (૭) સુમંત્ર (૮) અમાત્ય (૯) પુરોહિત અને (૧૦) દૂતનાં નામ મળે છે. મહાભારતના શાંતિપર્વના 'રાજધર્મ' પ્રકરણમાં આ પ્રકારના પ્રધાનોનું વર્ણન છે. દાદા કોંડદેવે શિવાજીની પૂનાની જાગીરની વ્યવસ્થા ઉપરના આદર્શ અનુસાર (૧) પેશ્વા(મુખ્ય પ્રધાન), (૨) મજૂમદાર(હિસાબનવીસ), (૩) ડબીર(પરરાજ્યમંત્રી) તથા (૪) સબનીસ(લેખક)ની નિયુક્તિ કરેલી, ઈ.સ. ૧૬૪૭માં કોંડદેવના અવસાન પછી શિવાજીએ (૫) સર-ઇ-નૌબત(અશ્વદળના વડા), (૬) ડબીરના મદદનીશનો ઉમેરો કર્યો. ઈ.સ. ૧૬૫૬માં જાવલી વિજય પછી (૭) વાકનીસ, (૮) સરનીસ અને (૯) પાયદળના વડાનો સમાવેશ કરી પ્રધાનોની સંખ્યા નવ કરી હતી. ઈ.સ.૧૬૬૬માં આગ્રાથી પાછા ફર્યા પછી મુઘલોના ન્યાયતંત્ર જોયા પછી (૧૦) પંડિતરાવ(મુખ્ય

ન્યાયાધીશ)ની નિમણૂક કરી હતી. આમ શિવાજીએ તત્કાલીન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ઘટતા ફેરફારો કરીને પ્રધાનમંડળની રચના કરી હતી. ઈ.સ. ૧૬૭૪માં રાજ્યાભિષેક વખતે રાજાને મદદ કરવા માટે નિમાતા પ્રધાનમંડળના સભ્યોની સંખ્યા આઠ રાખવામાં આવી. જે અષ્ટ પ્રધાનમંડળ તરીકે ઓળખાતું. આ આઠ પ્રધાનોના હોદાનાં નામ અને ફરજો નીચે પ્રમાણે હતાં,

(૧) પેશ્વા (પ્રધાનમંત્રી) – શિવાજીના અષ્ટપ્રધાનમંડળનો તે મુખ્ય પ્રધાન હતો. તેનું સ્થાન રાજા પછીનું હતું. રાજાની ગેરહાજરીમાં રાજ્યવ્યવસ્થાની જવાબદારી તેની હતી. તે મુલકી અને લશ્કરી એમ બંને બાબતોનો વડો હતો. રાજ્યના બધાજ રાજકીય પત્રો અને ખતપત્રોમાં રાજાની સહી નીચે તેની સહી થતી. તેનો પગાર વાર્ષિક ૧૫,૦૦૦હન હતો. મુસ્લિમ રાજ્યતંત્રની તુલનામાં વજીર જેવું સ્થાન પેશ્વાનું મરાઠા રાજ્યતંત્રમાં સ્થાન હતું.

(૨) મઝુમદાર (મહેસૂલ મંત્રી) - તે રાજ્યની આવક અને જાવકનો હિસાબ રાખતો. તે પ્રાંતો અને પ્રદેશોના હિસાબો તપાસતો.

(૩) વાકનવિસ (ખાનગી મંત્રી) - તે રાજાની ખાનગી બાબતોનું ધ્યાન રાખતો. ઉપરાંત કચેરીની કાર્યવાહીના અહેવાલો જાળવતો અને રાજાની મુલાકાત નક્કી કરતો.

(૪) ડબીર (વિદેશ મંત્રી) - તે રાજ્યના અન્ય રાજ્યો સાથેના સંબંધો અંગે રાજાને સલાહ આપતો. જાસૂસો મારફત તે પરરાજ્યોની માહિતી મેળવતો. તે રાજાનાં આદેશ પ્રમાણે બીજાં રાજ્યોમાં પ્રતિનિધિ મોકલવાનું કે બીજાં રાજ્યોના પ્રતિનિધિઓને આવકારવાનું કાર્ય પણ કરતો. યુદ્ધ કે સંધિની બાબતમાં રાજાને સલાહ આપતો. પરરાજ્યોમાં રાજ્યની પ્રતિષ્ઠા વધારવાની તેની ફરજ હતી.

(૫) સબનીસ/સુરનીસ (પત્રવ્યવહાર નિરિક્ષક) – બધાજ સરકારી પત્રો અંગેનો મુખ્ય અધિકારી તે હતો. લશ્કરી વિભાગના સૈનિકોના નામ, ઠામ, ફરજો, મર્યાદાઓ, વિશેષતાઓ, પગાર, બઢતી વગેરેની નોંધ પણ તે રાખતો.

(૬) સરનોબત (સેનાપતિ) - તે લશ્કરી ખાતાનો વડો હતો. તેની નીચે પાયદળ, તોપદળ અને લશ્કરની અન્ય શાખાના અધિકારીઓ હતા.

(૭) ન્યાયાધીશ (ન્યાય ખાતાનો વડો)- રાજા પછી તે ન્યાય ખાતાનો સર્વોચ્ચ અધિકારી હતો. તે દીવાની અને ફોજદારી દાવાઓનો નિકાલ કરતો.

(૮) પંડિતરાવ (દાન-ધર્મનો અધ્યક્ષ) - તે દાન-પુણ્ય ખાતાનો વડો હતા. ધાર્મિક સંસ્થાઓ, બ્રાહ્મણો, લાયક વ્યક્તિઓ, અનાથ લોકો, ગરીબો વગેરેને તેની ભલામણથી દાન આપવામાં આવતું. તે ધાર્મિક ઉત્સવો ઊજવતો અને ધાર્મિક મતભેદોનો નિકાલ પણ કરતો.

શિવાજીનું અષ્ટપ્રધાનમંડળ એ નવું સર્જન ન હતુ. તેણે ભારતના પ્રાચીન યુગના ગ્રંથોમાંથી તે અંગની માહિતી મેળવી હતી. મુઘલ વહીવટના કેટલાંક તત્ત્વોને તેણે અપનાવ્યાં હતાં. ઉપરાંત સમકાલીન દખ્ખણના રાજ્યોમાં પણ પેશ્વા, મઝુમદાર, વાકનીસ (વાકનવિસ), ડબીર. સબનીસ, સરનોબત જેવા હોદાઓ અસ્તિત્વમાં હતા. આમ, તેણે પ્રાચીન હિંદુ રાજયવ્યવસ્થા અને સત્તરમી સદીમાં દખ્ખણના મુસ્લિમ રાજ્યોમાં અને મુગલ સામ્રાજ્યમાં પ્રવર્તતી રાજયવ્યવસ્થામાંથી પોતાને યોગ્ય હોય તે પ્રકારના હોદાઓ રાખી વહીવટીતંત્રનું સર્જન કર્યું હતું.

અષ્ટપ્રધાનમંડળની નોંધપાત્ર વિશેષતા એ હતી કે તેમાંના ન્યાયાધીશ અને પંડિતરાવ સિવાયના બધા પ્રધાનોને કોઈ પણ સમયે લશ્કરી અભિયાનમાં જોડાવું પડતું કે લશ્કરી આક્રમણનું નેતૃત્વ લેવું પડતું. અને આમ તેમનામાં લશ્કરી કૌશલ્ય આવશ્યક ગણાતું. બધા જ પ્રધાનો  વ્યક્તિગત રીતે રાજાને જવાબદાર હતા અને રાજાની ઈચ્છા હોય ત્યાં સુધી જ હોદ્દા પર રહી શકતા. રાજાને જરૂર પડે ત્યારે તે પ્રધાનોની સલાહ લઈ શકતો, પરંતુ તે સલાહને અવગણી પણ શકતો. ટૂંકમાં પ્રધાનમંડળની સલાહ એ રાજાને બંધનકર્તા ન હતી. વળી, પ્રધાનોના હોદ્દા વારસાગત કે કાયમી ન હતા. તેમની અવારનવાર બદલી પણ કરવામાં આવતી. તેમને સીધો રાજ્યની તિજોરીમાંથી રોકડમાં પગાર આપવામાં આવતો હતો. કોઈ પણ મુલકી કે લશ્કરી અમલદારને જાગીર આપવામાં આવતી ન હતી. પરંતુ પછીથી પેશ્વાઓના સમય દરમ્યાન પ્રધાનોના હોદ્દા વંશાનુગત અને કાયમી બન્યા હતા. અષ્ટ પ્રધાનમંડળના સભ્યો, કાર્યો અને વેતન નીચેના કોષ્ટક પરથી જાણી શકાય છે.

| નં. | ફારસી નામ | સંસ્કૃત નામ | મુખ્ય કાર્યો/ફરજો | વાર્ષિક વેતન |
|---|---|---|---|---|
| 1. | પેશવા (પેશ્વા) | પંતપ્રધાન | મુખ્ય દિવાનગીરી અને અન્ય પ્રધાનો ઉપર અંકુશ રાખવો (વહીવટી કાર્યોનો વડો) | ૧૫,૦૦૦હન |
| 2. | મજુમદાર | પંત અમાત્ય | મુલ્કી વસૂલાત તથા હિસાબો રાખવા | ૧૨,૦૦૦હન |
| 3. | સુરનીસ | પંત સચિવ | દફતરોની સંભાળ રાખવી | ૧૦,૦૦૦હન |
| 4. | વાંકનીસ | મંત્રી | ખાનગી કારભાર સંભાળવો | ૧૦,૦૦૦હન |
| 5. | ડબીર | સુમંત | પર-રાજ્ય વ્યવહાર સંભાળવો | ૧૦,૦૦૦હન |
| 6. | સરનોબત | સેનાપતિ | લશ્કરી વ્યવસ્થા સંભાળવી | ૧૦,૦૦૦હન |

| | | | | |
|---|---|---|---|---|
| 7. | સરનોબત | ન્યાયાધીશ | ન્યાય અંગેનાં કાર્યો કરવા | ૧૦,૦૦૦હન |
| 8. | સરનોબત | પંડિતરાવ | શાસ્ત્રાર્થ અને દાનધર્મ અંગેનાં કાર્યો કરવાં | ૧૦,૦૦૦હન |

દરેક પ્રધાનની મદદ કરવા માટે આઠ મદદનીશો નીમવામાં આવતા હતા. જેવા કે દીવાન, મઝુમદાર, ફડનીસ, સબનીસ, કારખાનીસ, ચિટનીસ, જામદાર અને પોટનીસ. અષ્ટપ્રધાનો પછી વહીવટમાં મહત્ત્વનો હોદ્દો ચિટનીસ(સચિવ)નો હતો. તેને આપણે કાર્યાલય મંત્રી કહી શકીએ. તે બધા જ પ્રકારના રાજદ્વારી પત્રવ્યવહાર પર ધ્યાન રાખતો. ઉપરાંત રાજાના બધા પત્રોનો મુસદ્દો તૈયાર કરતો. પ્રાંતિક અને જિલ્લાના અમલદારોને મોકલાતા પત્રો પણ તે લખતો. જયારે કિલ્લાઓના સેનાપતિઓ દ્વારા આવતા પત્રોના જવાબ લખવાનું કાર્ય ફડનીસનું હતું. ફડનીસ એ શિવાજીના શાસનકાળમાં સચિવાલયનો નાયબ અધિકારી હતો. પેશ્વાઓના શાસનકાળમાં આ હોદાનું મહત્ત્વ ઘણું વધી ગયું હતું. પોટનીસ નામનો અધિકારી શાહી ખજાનાના આવક અને ખર્ચની દેખરેખ રાખતો. તો પોતદાર નામે અધિકારી નાણાંની તથા ધાતુની પરખ કરવાનું કાર્ય કરતો.

### 12.2.2. પ્રાંતિય વહીવટી વ્યવસ્થા

મરાઠાઓએ પોતાના રાજયનો વહીવટ સુચારુ રીતે ચાલે તે વાસ્તે રાજયને પ્રાંત, તર્ફ અને મૌજા જેવા એકમોમાં વહેંચી નાખ્યું હતું. દખ્ખણના અહમદનગર, બીજાપુર અને ગોલકોંડા વગેરે રાજ્યોમાં પણ આવા જ એકમો હતા. શિવાજીએ પણ પોતાની આસપાસનાં રાજ્યોના આવા એકમોનું અનુકરણ કરીને પોતાના પ્રાંતીય વહીવટી તંત્રનું આયોજન કર્યું હતુ. પરંતુ શિવાજીએ આ એકમોને પુનઃ સંગઠિત કરી તેને નવાં નામ આપ્યાં હતાં. તે શિવાજીની આગવી દેન હતી. સંપૂર્ણ વહીવટી તંત્રમાં સૌથી નાનામાં નાનું એકમ મૌજા હતું. ઘણાં મૌજાં ભેગાં કરીને એક તર્ફ બનતું. તેના વડા તરીકે હવાલદાર, કારકુન અથવા પરિપત્યાગાર નીમવામાં આવતા હતા. તર્ફ ઉપરનો એકમ પ્રાંત હતો, તેના વડા તરીકે સૂબેદાર, કારકુન અથવા મુખ્ય દેશાધિકારીની નિમણૂક કરવામાં આવતી હતી. વિવિધ પ્રાંતોના સૂબેદારોનાં કાર્યોનું નિયંત્રણ, નિરીક્ષણ અને દેખરેખ રાખવા માટે સરસૂબેદાર નામનો અધિકારી નીમાતો. પ્રાંતના પ્રત્યેક સૂબેદારની નીચે આઠ મદદનીશ અમલદારો (૧)દીવાન, (૨)મઝુમદાર, (૩)ફડનીસ, (૪)સબનીસ, (૫)કારખાનીસ, (૬)ચિટનીસ, (૭)જમાદાર અને (૮)પોટનીસ હતા. શિવાજીના અવસાન પછી પેશ્વાઓના સમયમાં તર્ફ, પરગણા, સરકાર અને પ્રાંત જેવા વહીવટી એકમોનો ઉપયોગ અણઘડ રીતે થયો. તે માટે કોઈ નિશ્ચિત નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હતું. શિવાજીના શાસન સમયે કોઈ પણ

અધિકારી વારસાગત કે કાયમી નહોતો. તે બધામાં કામવિસદાર અને મામલતદારના હોદ્દા કાયમી બનાવવામાં આવ્યા હતા. વહીવટતંત્રમાં નિયંત્રણ અને સંતુલનનો સિદ્ધાંત અમલમાં મૂકવામાં આવ્યો હતો. મામલતદારો તથા અન્ય નૌકાદળ અને સૈન્ય અધિકારીઓની સત્તા પર અંકુશ રાખવા દરખદાર નામે વારસાગત પ્રાંતીય અધિકારીઓ રાખવામાં આવ્યા હતા. મામલતદાર વિશેષ સત્તા ધરાવતા તેમછતાં તે દરખદારને હટાવી શકતા નહી કે તેમને કોઈ વિશિષ્ટ કામ કરવા માટેની સત્તા આપી ન હોય તો તેઓ દરખદારને નવું કોઈ કામ કરવા ફરજ પાડી શકતા નહિ. મામલતદારની મદદ માટે રખાયેલા એવા આઠ પ્રાંતિય અધિકારીઓ ઉપર પણ મામલતદારની સત્તા નહોતી, ઊલટું તે અધિકારીઓ મામલતદારની સત્તાઓ ઉપર નિયંત્રણ રાખવાનું કાર્ય પણ કરતા. આમ, પ્રાંતમાં કોઈ અધિકારી એકાધિકાર ભોગવીને સર્વસત્તાધીશ બની ન જાય તે માટેની અંકુશ પ્રતિઅંકુશની પદ્ધતિ અપનાવવામાં આવી હતી.

## 12.2.3 . સૈન્ય સંગઠન.

### 12.2.3.1. કિલ્લાઓ અને તેનો વહીવટ

શિવાજીના સમયમાં સૈન્ય સંગઠનમાં કિલ્લાઓ અત્યંત મહત્ત્વના હતા. શિવાજીએ કિલ્લાઓનું સંરક્ષનાત્મક અને સામરિક મહત્ત્વ સમજીને તેનો ભરપુર ઉપયોગ કર્યો હતો. કિલ્લાઓના નિર્માણની એક ચોક્કસ પદ્ધતિ હતી. શિવાજીએ અનેક કિલ્લાઓ જીત્યા સાથે ઘણા કિલ્લાઓનું નિર્માણ પણ કરાવ્યું હતું. શિવાજીની રાજકીય જીવનની શરૂઆતમાં તેની પાસે માત્ર ત્રણ કિલ્લા હતા પરંતુ શિવાજીએ પોતાના સંપૂર્ણ જીવનકાળ દરમ્યાન ૨૪૦ કિલ્લાઓ બંધાવ્યા હતા. કિલ્લાઓની એક હારમાળા એવી રીતે ઊભી કરી હતી કે તેના રાજ્યમાં આવતું પ્રત્યેક પરગણું કે તાલુકો કિલ્લા ધરાવતાં હતાં. કિલ્લાના વહીવટ માટે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કિલ્લાના વહીવટમાં પણ શિવાજીએ નિયંત્રણ અને સંતુલનની નીતિ અપનાવી હતી. કોઈ પણ એક અધિકારી પાસે કિલ્લાની બધી સત્તા ન હતી. તેના સ્થાને પ્રત્યેક કિલ્લામાં એક હવાલદાર, એક સબનીસ અને એક સરનોબત નીમવામાં આવતો. ઉપરાંત કારખાનીસ નામે અમલદાર નીમવામાં આવતો, મોટા કિલ્લામાં પાંચથી દસ તત-સરનોબત નીમવામાં આવતા. આ બધા અધિકારીઓ સમાન કક્ષાના હતા અને બદલીને પાત્ર હતા. અવારનવાર તેઓની બદલી કરવામાં આવતી. જેથી તેઓ પોતાની વગ વધારી શકે નહી. આમ, આ અધિકારીઓ એકબીજા ઉપર નિયંત્રણ અને સંતુલનનું કામ કરતા હતા. શિવાજી ઓચિંતી મુલાકાત લઈને કિલ્લાની વ્યવસ્થા જોતો. કિલ્લાની ચાવીઓ હવાલદાર હસ્તક રહેતી. સબનીસ કિલ્લાના સરકારી

પત્રવ્યવહાર અને હાજરીપત્રકનું તથા હિસાબનું કામ સભાળતો. કિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા આસપાસના પ્રદેશની મહેસૂલી આવકની બાબતોની પણ તે દેખરેખ રાખતા, સરનોબત સેના, શસ્ત્રો અને દારૂગોળાનું ધ્યાન રાખતો. કારખાનીસ કિલ્લાના અનાજના પુરવઠા તથા અન્ય વસ્તુઓની જરૂરિયાતોનું ધ્યાન રાખતો. અહી બધાજ અધિકારીઓ એકબીજા દ્વારા અંકુશિત હતાં. સબનીસ હિસાબી બાબતનો પ્રમુખ અધિકારી હતો, છતા તેના દરેક હુકમ ઉપર હવાલદાર અને કારખાનીસની મુદ્રા લગાવવી પડતી. આવું જ બીજા ખાતાઓમાં પણ હતું. વળી કોઈ પણ એક અધિકારી કિલ્લો દુશ્મનને સોંપી શકતો નહિ. આમ, શિવાજીએ અધિકારીઓ ઉપર નિયંત્રણ રાખવા આ પદ્ધતિ અમલમાં મૂકી. કોઈ પણ અધિકારી પોતાની જાતિનું જૂથ ઉભું કરી શકતા નહી. આ વિષયક સ્પષ્ટ આદેશ હતા કે હવાલદાર અને સરનોબત તરીકે મરાઠાને, સબનીસ તરીકે બ્રાહ્મણને અને કારખાનીસ તરીકે પ્રભુ(કાયસ્થ)ને જ નીમવા. શિવાજીનું કિલ્લાનું વહીવટી તંત્ર એ દખ્ખણનાં બીજાપુર રાજ્યની પ્રતિકૃતિ જેવું જ હતું. પેશ્વાના સમયમાં પણ શિવાજીની જ વહીવટી પદ્ધતિ ચાલુ રાખવામાં આવી હતી. શિવાજીના કિલ્લાદળે તેને અનેક વિજયો અપાવ્યા હતા.

### 12.2.3.2. પાયદળ અને અશ્વદળ

શિવાજીએ અશ્વદળ અને પાયદળની રચના કરી હતી. મહારાષ્ટ્રની ભૌગોલિક વિષમતા જોઇને તેઓને પર્વતાળ પ્રદેશની લડાઈની તથા ગેરીલા પદ્ધતિની લડાઈની ખાસ તાલીમ આપવામાં આવી હતી. માવળા અને હેતકરી જેવા બહાદુર ગ્રામીણ લોકોને લશ્કરી તાલીમ આપીને શ્રેષ્ઠ સૈનિકોનું લશ્કર ઊભું કર્યું હતું. સૈનિકોની તાલીમ માટે તાલીમશાળા પણ હતી. સામંતશાહી લશ્કરના બદલે તેણે રાજ્યનું લશ્કર ઊભુ કર્યું હતું. શિવાજીના પાયદળનું લશ્કરી તંત્રનું માળખું આ પ્રમાણે હતું - પાયદળનો સૌથી નાનો એકમ નવ સૈનિકોનો હતો. તેને એક નાયકની દેખરેખ હેઠળ રાખવામાં આવતો. આમ એક એકમમાં નાયક સાથે નવ સૈનિકો મળી કુલ દસ સૈનિકોની એક ટુકડી બનતી. આવા પાંચ નાયકો ઉપર એક હવાલદાર રહેતો. બે કે ત્રણ હવાલદાર ઉપર એક જુમલેદાર રહેતો. આવા દસ જૂમલેદાર ઉપર એક હજારી હતો અને આવા સાત હજારી ઉપર એક સરનોબત હતો. આમ પાયદળની રચના ઉતરતા ક્રમમાં જોઈએ તો સરનોબત, હજારી, જુમલેદાર, હવાલદાર અને નાયકની બનતી જેમની નીચે અનુક્રમે સાત હજાર, હજાર, સો, પચાસ અને દસ સૈનિકોના તે વડા હતા. સરનોબત પાયદળનો વડો હતો.

શિવાજીએ યોગ્ય અશ્વદળની રચના કરી હતી. તેમાં બારગીર અને સિલેહદાર એમ બે શાખાઓ હતી. બારગીર શાખામાં જોડાનાર સૈનિકોને પગાર, ઘોડા તથા શસ્ત્રો રાજ્ય

તરફથી આપવામાં આવતાં હતાં. જ્યારે સિલેહદાર સૈનિકોએ અશ્વ અને શસ્ત્રો પોતાના રાખતો. તેનો પગાર તેને રાજ્યનાં લશ્કરની સેવા માટે લાવનાર તરફથી અપાતો હતો. ઉપરાત યુદ્ધના મેદાનમાં કામ કરવા અંગેનો ખર્ચ ચલાવવા માટે રાજ્ય તરફથી તેમને એક નિશ્ચિત રકમ આપવામાં આવતી હતી. શિવાજીએ સિલહદાર સૈનિકોને સ્થાને બારગીર સૈનિકોની સંખ્યા વધારી દીધી હતી.

અશ્વદળનો સૌથી નાનો એકમ પચીસ બારગીર સૈનિકોનો હતો. તેના વડા તરીકે મરાઠા હવાલદાર નીમવામાં આવતો. આવા પાંચ હવાલદાર એટલે કે ૧૨૫ સૈનિકો મળીને એક જુમલો કહેવાતો. તેના વડાને જુમલેદાર કહેતા. આવા દસ જુમલેદાર(૧૨૫૦) ઉપર એક હજારી નિમાતો. એવા પાંચ હજારી ઉપર એક પંચહજારી(૬૨૫૦) નિમાતો. પંચહજારી સરનોબત નીચે કામ કરતો. બધા સિલેહદાર અશ્વારોહીઓ પણ સરનાબતના નિયંત્રણ હેઠળ રહેતા. પચીસ ઘોડસવારની દરેક ટુકડી સાથે એક પાણી લાવનારો અને એક અશ્વવૈદ રાખવામાં આવતો હતો.

પેશ્વાઓના સમયમાં ચોર અને લુટારુ હતા એવા પિંઢારાઓને પણ સેનાની સાથે જોડાવાની પરવાનગી આપવામાં આવી હતી. તેઓને સેવાના બદલામાં તેમને યુદ્ધની લૂંટમાંથી ૨૫ ટકા ભાગ જે પાલપટ્ટી તરીકે ઓળખાતો તે મળવવાની હક્ક મળ્યો હતો. તેઓ નીતિમત્તાના કોઈ ધોરણો પાળતા નહિ. તેઓ મિત્ર હોય કે દુશ્મન, સામાન્ય પ્રજાજન હોય કે મંદિર તેમાં ભેદભાવ કર્યા વિના બધાંને લૂંટતા.

શિવાજીએ સેના માટે એક જાસૂસી વિભાગ ઊભો કર્યો હતો. તેના વડા બહિરજી નાયક જાદવ હતા. શિવાજીએ અંગરક્ષકોનું દળ પણ ઊભું કર્યું હતું. તેમની ૨૦, ૩૦, ૪૦, ૬૦ કે ૧૦૦ની ટુકડીઓ બનાવવામાં આવી હતી.

કટોકટી કે આવશ્યકતાના સમયે વતનદારોને પણ સૈનિકોની ટુકડીઓ મોકલવા પડતી. પરંતુ શિવાજી વતનદારોની આવી સૈનિક ટુકડીઓ કે સિલેહદાર સૈનિકો ઉપર ઓછો આધાર રાખતા, તેને સ્થાને શિવાજી કાયમી પ્રકારના બારગીર સૈનિકોને પર વધુ ભાર મૂક્યો હતો. તે વિશ્વાસપાત્ર સૈનિકો હતા. પરંતુ પેશવાઓના સમયમાં મરાઠી સેના સામંતી સેના ઉપર વધુ આધારીત બની ગઈ હતી. તેમછતાં પેશવાઓના સમયમાં અશ્વદળની સંખ્યા વધી હતી. સામંતો પોતાની સૈનિક ટુકડીઓ રાખતા તે ખાસગી પગા તરીકે ઓળખાતી. પેશવાઓએ યુરોપિયન ઢબે પોતાના લશ્કરને શિસ્તભદ્ર રાખવા કામ્પસ પદ્ધતિ તરીકે ઓળખાતી પદ્ધતિ દાખલ કરી હતી. તેમાં પણ સમય જતા ભ્રષ્ટાચાર ફેલાયો અને તેઓ પણ પોતાના અન્ય સાથી સૈનિકાની જેમ લડાઈ સમયે લૂંટફાટ કરતા. ડૉ. આર. સી. મજુમદાર નોંધે છે તેમ શિવાજીના

સમયમા પાપદળની કુલ સંખ્યા દસ હજારની અને અશ્વદળની કુલ સંખ્યા ચાળીસ બજારની થઈ ગઈ હતી.

### 12.2.3.3. તોપદળ.

શિવાજીના સમયમાં મરાઠા સેનામાં તોપદળનો યોગ્ય વિકાસ થયો ન હતો . તેણે પોર્ટુગીઝો તથા અંગ્રેજો પાસેથી તાપો પ્રાપ્ત હતી. તેણે અલગ તોપખાનાનો વિભાગ સ્થાપ્યો હતો. શિવાજીએ સુરતના ફ્રેન્ચ ડાયરેક્ટર પાસેથી એંશી તોપો અને પોતાની તોડેદાર બંદૂકો માટે ખૂબ સીસુ ખરીધુ હતુ. જોકે પેશ્વાઓના સમયમાં તોપદળને વિકસાવવામાં આવ્યું હતું. તેમના સમયમાં તો તોપ અને દારૂગોળા બનાવવા માટેના કારખાનાં પણ ઊભાં કરવામાં આવ્યાં હતાં. સભાસદ બખરના જણાવ્યા પ્રમાણે શિવાજીએ એક હાથીદળ પણ રાખ્યું હતું. તેમાં ૧૨૬૦ હાથી હતા. ઊંટોનું દળ પણ રાખ્યું હતું. જેમાં ૧૫૦૦થી ૩૦૦૦ ઊંટો હતાં.

શિવાજીની સેના ઝડપી સ્થળાંતર માટેનું આગવું સ્થાન ધરાવતી. જયારે પેશવાના સમયમાં મરાઠી સેનાની છાવણીઓ વિસ્તૃત બની હોઈ તેની ઝડપ ઘટી ગઈ, શિવાજી સૈનિકોને નિયમિત પગાર અને પુરસ્કાર આપતા સાથેજ કડક શિસ્તના ભારે આગ્રહી હતા. તેમનું ઊંચું નૈતિક ધોરણ આવશ્યક ગણાતું. આ માટે શિસ્તના કેટલાક નિયમો જેવાકે  કોઈ સ્ત્રી, દાસી કે નર્તકીને લશ્કર સાથે જવાની મનાઈ હતી. આ નિયમનો ભંગ કરનાર સૈનિક માટે શિર છેદની સજા હતી. બ્રાહ્મણોને હેરાન કરવાની મનાઈ હતી. કૂચ તથા નવરાશના સમય માટે ખાસ નિયમો હતા. પરંતુ શિવાજીએ સ્થાપેલ આ લશ્કરી શિસ્તમાં પેશવાના સમયમાં ઢીલાશ આવી. મરાઠા લશ્કરમાં વિલાસિતા અને વૈભવ પ્રવેશવા લાગ્યા. મોંઘા તંબૂઓ અને ભવ્ય સાધનસામગ્રીનો ઉપયોગ થવા લાગ્યો. શિવાજીના સમયની શિસ્તને સ્થાને  પેશવાઈ સૈન્યમાં સ્ત્રી અને શરાબ પ્રવેશ્યાં. પેશ્વાઓના શાસન સમયની સેનામાં સામાન્ય ઘોડેસવાર પણ પોતાની સાથે પોતાનાં કુટુંબની સ્ત્રી સભ્યોને, નર્તકીઓ, જાદુગરો અને ફકીરો કે પંડિતોને લઈ જતો. શિવાજી પોતાની સેનાને રોકડમાં પગાર ચૂકવતો પરંતુ પેશવાના સમયમાં પગારના બદલે જાગીર (સરંજામ) આપવાની પરંપરા શરૂ થઈ. પરિણામે પેશવાકાળમાં મરાઠી સેનામાં વિલાસિતા પ્રવેશી.

### 12.2.3.4. નૌકાદળ.

શિવાજીએ કોંકણ વિજય કર્યા પછી નૌકાદળની રચના કરી હતી. તેથી શિવજીને આપણે મરાઠા નૌકાદળના સ્થાપક ગણાવી શકીએ. પોર્ટુગીઝો, અંગ્રેજો અને જંજીરાના સિદ્દીઓ મરાઠા સત્તાને અવરોધક હતા અને તેથી  તેમને કાબુમાં રાખવા નૌકાદળ વિકસાવવું આવશ્યક હતું. તેના નૌકાદળમાં બે પ્રકારનાં વહાણો હતાં. એક

ઘુરાબ (તોપવાળું વહાણ) અને બીજું ગલિવાટ (બે કૂવાસ્તંભ અને ચાલીસથી પચાસ હલેસાંવાળું વહાણ). રોબર્ટ ઓર્મેના મતે શિવાજી પાસે ૫૭ વહાણો હતાં. શિવાજીએ મોટે ભાગે મલાબારકાંઠાની દરિયાખેડુ કોળી જાતિના લોકોને જ નૌકાદળમાં ભરતી કર્યા હતા. શિવાજીના પાયદળ અને અશ્વદળમાં તો મોટે ભાગે મરાઠાઓ અને સ્વધર્મી લોકો હતા. પરંતુ તેના તોપદળ અને નૌકાદળમાં મુસ્લિમો, આરબો, કોળીઓ તથા પરદેશીઓ પણ હતા. દરિયાસારંગ, માઈનાયક ભંડારી અને દૌલતખાન એ શિવાજીના મુખ્ય નૌકાસેનાપતિઓ હતા. પેશવાના સમયમાં તો વિવિધ ધર્મો અને જાતિઓના લોકોને નૌકાદળમાં ભરતી કરવામાં આવ્યા હતા. તે હતા રાજપૂતો, શીખો, રોહિલાઓ, સિંધીઓ, ગોસાંઈઓ, કર્ણાટકીઓ, આરબો, તેલંગાઓ, બિદરવાસીઓ અને યુરોપિયનો વગેરે. મરાઠાઓનાં મહત્ત્વનાં નૌકામથકોમાં સિંધુદુર્ગ, વિજયદુર્ગ, સુવર્ણદુર્ગ અને કોલાબાનો સમાવેશ થતો.

આમ હોવા છતાં શિવાજી જંજીરાના સિદીઓની સત્તાને નમાવી શક્યા નહોતા. પેશવાએ પણ નૌકાદળનું મહત્ત્વ સમજી પશ્ચિમ કાંઠાની સુરક્ષા વાસ્તે શક્તિશાળી નૌકાદળ રાખ્યું હતું. કાન્હોજી આંગ્રેના સમયમાં મરાઠા નૌકાશક્તિ મજબૂત બની હતી.

## 12.2.4. ન્યાયતંત્ર

મરાઠાઓની ન્યાય વ્યવસ્થા સામાન્ય પ્રકારની હતી. ગ્રામ કક્ષાએ દીવાની ઝઘડાઓની સુનાવણી પંચાયતમાં, ગામના પટેલના ઘરે કે મંદિરમાં વડીલો દ્વારા થતી હતી. ફોજદારી દાવાઓનો નિકાલ ગામના પટેલ દ્વારા કરાતો. દીવાની અને ફોજદારી બાબતો માટેની સર્વોચ્ચ અદાલતનું નામ હાજીર મજલીસ હતુ. મુખ્ય ન્યાયાધીશ સભાનાયક કહેવાતો. ઉપરાંત ફરિયાદ દાખલ કરનારની તપાસ અને પૂછપરછ કરનાર મહાપ્રાશ્નિક (મુખ્ય પ્રશ્ન પૂછનાર) કહેવાતો હતો. જોકે પેશવાના સમયમાં ધીમે ધીમે આ હોદ્દાઓનું મહત્ત્વ એકદમ ઘટી ગયું હતું.

**(ક)તમારી પ્રગતિ ચકાસો.**

૧. અષ્ટપ્રધાનમંડળના સભ્યોના નામ અને તેમની ફરજો ટૂંકમાં લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

૨. મરાઠાઓના પ્રાંતીય વહીવટ વિશે બે વાક્યો લખો.

.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................

૩. શિવાજીએ કિલ્લાનો વહીવટ કેવો ગોઠવ્યો હતો? તે વિશે જણાવો.

.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................

૪. મરાઠી પાયદળ અને અશ્વદળ વિશે બે-બે વાક્યો લખો.

.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................
.....................................................................................
.............................................................

**૫. સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(૧) વહીવટી કાર્યોનો વડો .......................... હતો. (પેશવા,મજુમદાર)

(૨) રાજદ્વારી પત્રવ્યવહાર ......................................સંભાળતો હતો. (ચિટનીસ, પોટ્નીસ)

(૩)કિલ્લાના સેનાપતિઓના પત્રો સંભાળવાનું કામ ............................નું હતું.(પોટ્નીસ, ફડનીસ)

(૪) નાણાંની તથા ધાતુની પરખ ......................નામનો અધિકારી કરતો.(પોતદાર, પોટ્નીસ)

(૫) મરાઠી વહીવટીતંત્રનું નાનું એકમ...................હતું. (તર્ફ, મૌજા)

(૬) શિવાજીના સૈન્યમાં લશ્કરનો નાનો એકમ .........સૈનિકનો બનેલો હતો.(૯,૧૦)

(૭) ............સૈનિકોને પગાર, ઘોડા અને શસ્ત્રો રાજ્ય તરફથી અપાતાં.(બારગીર, સિલેહ્દાર)

(૮) પેશવા સમયે ચોર,લુટારા અને પિંઢારાઓને સેનામાં ભરતી કરી તેમને યુદ્ધ લૂંટમાંથી ભાગ મળતો તે .................... કહેવાતો.(જુમલો, પાલપટ્ટી)

(૯) શિવાજીના વખતમાં સામંતોની લશ્કરી ટૂકડી........................નામે ઓળખાતી.(ખાસગીપગા, સિલેહ્દાર)

(૧૦) ધુરાબ અને ગલિવાટ એ ...........................હતાં.(તોપો, વહાણો)

## 12.3 પેશવા શાસન હેઠળની મરાઠા રાજયવ્યવસ્થા

શિવાજીએ વહીવટમાં વધુ ને વધુ કેન્દ્રીકરણ દાખલ કરીને તેને નવીન સ્વરૂપ આપ્યું હતું. આવી વ્યવસ્થા માત્ર શક્તિશાળી વહીવટકર્તા હોય તો જ સફળ થઈ શકે. તેથી શિવાજીના મૃત્યુ પછી મરાઠાઓના પતનનો પ્રારંભ થયો. પેશ્વાઓના સમયમાં કેન્દ્રીય અને પ્રાંતીય વહીવટની સાથે સાથે સેનામાં પણ ભ્રષ્ટાચાર અને શિથીલતા દાખલ થયા. પેશ્વાના સમયમાં રાજાની સત્તામાં ઘટાડો થયો અને અઢારમી સદી દરમ્યાન તે હકીકતમાં પેશ્વાઓના હાથમાં જ આવી ગઈ. ૧૮મી સદીના મધ્ય ભાગમાં ભારતના મરાઠા રાજયતંત્રનું સ્વરૂપ અલગ હતું. ૧૮મી સદીનું તેનું પ્રાદેશિક વિસ્તરણ અને મરાઠાઓએ વિકસાવેલ રાજકીય અને વહીવટી માળખું હવે આપણે સમજીશું. દખ્ખણના પશ્ચિમ ભાગમાં સત્તરમી સદીમાં નાનકડા એવા મરાઠા રાજ્યનો ઉદ્દભવ થયો હતો. તે ધીમે ધીમે વિકાસ પામીને એક વિશાળ મરાઠા સ્વરાજય (સાર્વભૌમ રાજય)માં પરિવર્તન પામ્યું હતું. ૧૮મી સદીમાં ઉત્તર, પૂર્વ અને દક્ષિણમાં વિસ્તર્યું હતું. દખ્ખણમાંથી મુઘલોએ પીછેહઠ કર્યા પછી મરાઠાઓએ પોતાનો રાજયવિસ્તાર કર્યો હતો તથા મરાઠા સરદારોએ લશ્કરી નેતાઓનો એક રાજયસંઘ કે શિથિલ સંગઠન ઊભું કર્યું હતું. આ સરદારો વિધિસર રીતે તો જમીન મહેસૂલ ઉપરાવવાના કામચલાઉ હક ધરાવતા હતા પરંતુ તેમણે પોતાની  સત્તા સ્થાપ્યા પછી તો તેઓ આ હકો, વારસાગત ચાલુ રાખવાનું વલણ ધરાવતા હતા. દખ્ખણના પશ્ચિમી પ્રદેશમાં વિજયો કરીને મરાઠાઓએ જે નવા અને શક્તિશાળી રાજ્યતંત્રની સ્થાપના કરી હતી. ઉપરાંત આ પ્રદેશના સમાજ અને અર્થતંત્રમાં પણ કેટલાંક પરિવર્તનો આવ્યાં જેણે રાજ્યનિર્માણની પ્રક્રિયા પર મહત્વપૂર્ણ પ્રભાવ પાડ્યો. ઉપરાંત, આ પરિસ્થિતિએ એવી સ્થિતિ નિર્માણ કરી કે તેને કારણે ૧૯મી સદીનાં પ્રારંભિક વર્ષો સુધી મરાઠા સત્તા  બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સત્તા માટે પડકારરૂપ બની હતી.

સામ્રાજ્યવાદી ઇતિહાસકારોએ ૧૮મી સદીના મરાઠાઓની સત્તાને સામાન્ય રીતે અરાજકતાપૂર્ણ અને અસ્તવ્યસ્ત ગણાવી, તો કેટલાક મરાઠી વિદ્વાનોએ મરાઠા રાજ્યને હિંદુ સામ્રાજ્યના અંતિમ પુનઃ અવતાર તરીકે દર્શાવ્યું છે. ઇતિહાસકાર ઈરફાન હબીબનો એવો મત છે કે મરાઠા રાજ્યના વિકાસ માટેનું આંદોલન એ તો મુઘલ સામ્રાજ્યના મનસબદારો અને જાગીરદારોનો બળવો હતો. ઈતિહાસકાર સતીશચંદ્ર મરાઠાઓની પ્રાદેશિક સ્વતંત્રતાના મૂળ મુઘલ જાગીરદારી પ્રથાની કટોકટીમાં રહેલા માને છે. ઈતિહાસકાર સી. એ. બેયલી મરાઠાઓ, શીખો અને જાટોના રાજ્યનો ઉદ્દભવ એ તો ભારતીય મુસ્લિમ ઉમરાવશાહી વિરુદ્ધ ખેડૂતોનો બળવો હતો. તેમણે મરાઠા રાજ્યને બ્રાહ્મણ વર્ચસ્વવાળું એક પ્રશિષ્ટ પ્રકારનું 'બ્રાહ્મણ" રાજ્ય ગણાવ્યું હતું, જે પવિત્ર સ્થળો અને પવિત્ર પશુઓનું રક્ષણ કરતું હતું. આદ્રે વિક્ર ફિટના (ઉપદ્રવ, વિદ્રોહ) એ મરાઠા રાજવ્યવ્યવસ્થાના સામાજિક અને રાજકીય જીવનમાં કેન્દ્રસ્થાને હતો એવું માને છે. જેનો ઉપયોગ મરાઠા સત્તાના વિસ્તાર, દ્રઢીકરણ અને પછીના સંસ્થાકરણમાં કર્યો હતો.

### 12.3.1. મરાઠા રાજ્યસંઘ.

પેશવા બાજીરાવ-૧લા(ઈ.સ.૧૭૨૦-૧૭૪૦)ના નેતૃત્વ હેઠળ મરાઠાઓ દખ્ખણ અને મધ્ય ભારતમાં મુઘલોની સામે સંઘર્ષરત હતા. છતાં ઈ.સ.૧૭૮૦ સુધી મુઘલ સમ્રાટનું ભારતના રાજાઓ પર વર્ચસ્વ હતુ. મુઘલો-મરાઠાઓ વચ્ચેની સંધિઓ માન્ય રાખવામાં આવતી. ચોથ એ ગુજરાત, માળવા અને વરાડમાં મરાઠા સાર્વભામત્વની સ્થાપના કરવા નિમિત્ત બની. કેમકે મરાઠા સત્તા અહી શક્તિશાળી બની અને તેથી આ પ્રદેશોમાં ચોથ ઉઘરાવવાનો હક્ક કે માન્યતા મુઘલ સમ્રાટે મરાઠાઓને આપવો પડ્યો.

#### 12.3.1.1. રાજા અને પેશવાઓ.

ઈતિહાસકાર જી.એસ.સરદેસાઈ નોંધે છે કે, બાલાજીએ મોટી સનદ મેળવી મરાઠાઓ માટે દિલ્હીનાં દ્વાર ખોલ્યાં હતાં. ઈ.સ. ૧૭૧૯માં પેશવા બાલાજી વિશ્વનાથ દિલ્હીથી ચોથ અને સરદેશમુખીના ફરમાનો મેળવીને મરાઠા રાજધાનીમાં પાછો ફર્યો હતો. આ ફરમાનો મુજબ મરાઠા છત્રપતિ સંપૂર્ણ દખ્ખણ(ઔરંગાબાદ,વરાડ, બીદર, બીજાપુર), હૈદરાબાદ, ખાનદેશ અને કર્ણાટકનો સરદેશમુખ બન્યો. તે સાથે પેશવાએ છત્રપતિ શાહુ અને તેના સરદારો વચ્ચે ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાનું કામ વહેંચ્યું હતું. જે રકમમાંથી રાજાને સરદેશમુખી અને ચોથનો બંનેનો મળીને ૩૪ ટકા ભાગ આપવામાં આવતો. અહીથી રાજા આવક માટે હવે પોતાના સરદારો પર નિર્ભર બન્યો. પેશવાનું પદ મુખ્ય પ્રધાન તરીકેનું હતું અને વંશપરંપરાગત નહોતું. તે પદ ૧૭૨૦માં બાલાજી વિશ્વનાથના અવસાન પછી તેનો પુત્ર બાજીરાવ પહેલો પેશવા બનતાં વારસાગત બન્યું. ૧૭૪૦માં બાજીરાવ પહેલાના મૃત્યુ પછી તેનો પુત્ર બાલાજી બાજીરાવ પેશવા બન્યો. ૧૭૪૯માં શાહુના મૃત્યુ સુધી પેશવા સાતારાના(શાહુનગર) રાજાના નિયંત્રણમાં હતો. પરંતુ તેના(શાહુ) મૃત્યુ સાથે જ છત્રપતિ પદ નામમાત્રનું જ રહ્યું. વળી સતારા ને સ્થાને પૂના મરાઠી રાજ્યની રાજધાની બની અને પેશવા સાચો સત્તાધારી. મરાઠા સામ્રાજ્યના વિકાસ અને

વિસ્તારમાં પ્રારંભથી જ પેશવા અને તેના સરદારોએ કામ કર્યું. એ રીતે ઈ.સ. ૧૭૪૦ સુધીમાં મરાઠા રાજ્ય માળવા ગુજરાત, બુંદેલખંડ જીતી અને ઉત્તરમાં છેક અટક સુધી અને રાજસ્થાન દોઆબ, અવધ, બિહાર અને ઓરિસા સુધી ફેલાયું.
પેશવાઓના સમયે શિવાજીએ સ્થાપેલી અને અપનાવેલી વ્યવસ્થાને સ્થાને સરંજામી કે જાગીરદારી પદ્ધતિ અપનાવવામાં આવી તેના વિશે સમજીએ.

### 12.3.1.2. સરંજામી પદ્ધતિ.

શિવાજીના અવસાન પછી દક્ષિણ ભારતના મરાઠી પ્રદેશોને સુરક્ષિત રાખવાનું અને મુઘલ પ્રદેશોમાં વિજયો કરી નવા પ્રદેશો મેળવવામાં જે શક્તિશાળી મરાઠી સરદારોએ કામ કર્યું તેમણે સ્વરક્ષણ માટે લશ્કર રાખવાનું અને ચોથ, સરદેશમુખી ઉઘરાવવાનો જે વંશપરંપરાગત હક મેળવ્યો તે "સરંજામી પદ્ધતિ" તરીકે ઓળખાતી. જે એક રીતે જાગીરદારી પદ્ધતિ જ હતી.
શિવાજીના અવસાન પછી છત્રપતિ બનેલા શંભાજી, રામરાજા (૧૭૪૯-૭૭), શાહુ બીજો (૧૭૭૭-૧૮૦૮), પ્રતાપસિંહ બીજો (૧૮૦૮-૩૯) અને શાહજી (૧૮૩૯-૪૮) વગેરે નિર્બળ હતા. ઔરંગઝેબે આનો લાભ ઉઠાવી ઘણા મરાઠી-સ્વરાજ્યના પ્રદેશો મુઘલ સામ્રાજયમાં ભેળવી દીધા. ટૂંકમાં મરાઠા કેન્દ્રીય સત્તા નબળી પડતાં મુઘલોએ તો લાભ ઉઠાવ્યો પણ સાથે શક્તિશાળી મરાઠા સરદારો સંતાજી, ધનાજી, પરશુરામ ત્ર્યંબક, શકરાજી નારાયણ વગેરેએ પોતાના મરાઠી સ્વરાજ્યના પ્રાંતોમાં મોગલોનો પ્રબળ સામનો કરી તે પ્રદેશોને મુઘલોના હાથમાં જતા બચાવ્યા. તેથી તે પ્રદેશોના તેઓ માલિક બની બેઠા. તે પ્રદેશોની જાગીર તથા કરવેરા ઉઘરાવવાનો હક, શાસનનો હક, લશ્કરી હક મેળવ્યા. સાથે તેમના પ્રદેશો પરનો હક વંશપરંપરાગત બનાવ્યો. આમ, કેન્દ્રીય નિર્બળ સત્તાએ સરંજામી પદ્ધતિને જન્મ આપ્યો જે આગળ ચાલતાં વધુ મજબૂત બની. શાહુ, તારાબાઈ અને રાજસબાઈના ત્રિપક્ષી સત્તા સંઘર્ષમાં મરાઠા સરદારોને પોતાના પક્ષે કરવા તેમણે બચાવેલા પ્રદેશો પરના તેમના હક અને અધિકારને માન્યતા આપવામાં આવી. તો નવા અને વફાદાર મરાઠા સરદારોને તેમની સેવા બદલ આવી જાગીરો આપવામાં આવી. પેશવા બાલાજી વિશ્વનાથે પણ કમને આ પદ્ધતિ ચાલુ રાખવી પડી. આમ, સેવા અને શૌર્યની બક્ષિસ સ્વરૂપે અપાતી જાગીરો વંશપરંપરાગત બની ગઈ. છત્રપતિ સંપૂર્ણ રીતે જાગીરદારો પર નિર્ભર બન્યો. મરાઠી સત્તાના ઝડપી વિકાસ-વિસ્તાર માટે સરંજામી પદ્ધતિ જ સફળ પુરવાર થાય તેમ લાગતાં શાહુ અને બાલાજી વિશ્વનાથે નાછૂટકે તેનો સ્વીકાર કર્યો. મુઘલો, ફિરંગીઓ, સિદ્દીઓ અને પાછળથી અંગ્રેજો વગેરે સાથે સતત સંઘર્ષમય રહેવાને કારણે કેન્દ્રીય અને પ્રાંતીય વહીવટીતંત્ર સાવ નિર્બળ બની ગયું હતું. ત્યારે જગીરદારોનું મહત્ત્વ વધી ગયું.
હવે આપણે પેશવાના નિયંત્રણમાં અને મરાઠાસંઘમાં સામ્રાજ્યના ભૂમિ, શ્રમ અને મૂડી પર નિયંત્રણને કારણે આર્થિક રીતે મજબૂત બનેલાં મોટાં મરાઠી કુટુંબો વિશે જોઈએ. સરંજામી કે જાગીરદારી પદ્ધતિમાં વરાડ અને નાગપુરમાં ભોસલે કુટુંબ, ખાનદેશમાં દાભાડે, ગુજરાતમાં ગાયકવાડ, કર્ણાટકમાં ઘોરપડે, મહારાષ્ટ્રના મધ્ય ભાગમાં પેશવા કુટુંબ, બાગલણમાં નિમ્બાલકર કુટુંબ સ્થાયી બન્યાં. ઔરંગઝેબના

મૃત્યુ પછી ઈંદોરમાં હોલકર કુટુંબ, ગ્વાલિયરમાં શિંદે કે સિંધિયા કુટુંબ સ્થાયી શાસકો બન્યા. જે પેશવા અને છત્રપતિને નિયમિત ખંડણી આપતાં અને જરૂર પડયે લશ્કર મોકલી આપતાં.

### 12.3.1.3. સરંજામી રાજ્યો.

#### 12.3.1.3.1.નાગપુરના ભોંસલે

પરસોજી ભોંસલે પુના જિલ્લાના ગામડાના એક સામાન્ય કુટુંબનો હતો. તેણે દિલ્હીના મુઘલ દરબારમાંથી છુટીને પાછા ફરેલ શાહુના વફાદાર સરદારોમાં જોડાયો અને શાહુએ તેના બહારના વિજયોને માન્યતા આપી. પેશવા બાલાજી વિશ્વનાથે પણ વરાડ, ગોંડવાના અને કટક તેના અધિકારને માન્ય ગણ્યો હતો. મરાઠી રાજવી શાહુએ રઘુજી ભોંસલેને ૧૭૪૩માં બિહાર, ઓરિસા, વરાડ અને અવધમાંથી ચોથ તથા સરદેશ્મુખી ઉઘરાવવાના હક આપ્યા હતાં. ૧૭૫૫માં રઘુજી ભોસલેનું અવસાન થતાં પેશવાએ ભોંસલેના અધિકારો અને સરંજામ પર કાપ મૂક્યો અને તેમની સત્તા નબળી પાડી હતી.

#### 12.3.1.3.2. વડોદરાના ગાયકવાડ.

૧૮મી સદીની શરૂઆતમાં ગુજરાતમાં મુઘલોના પ્રદેશો ઉપર હુમલા કરનાર મરાઠા સરદારોમાં બાંડે, પવાર અને દાભાડે મુખ્ય હતા. ગાયકવાડે દાભાડેના સેનાપતિઓ તરીકે કામગીરીનો પ્રારંભ કરી ઈ.સ.૧૭૩૦માં શક્તિશાળી પૂરવાર થયા. ઈ.સ.૧૭૨૭માં ગુજરાતના મુઘલ સૂબેદારે મરાઠા રાજવી શાહુને ગુજરાતની મહેસુલી આવકના દસ ટકા સરદેસમુખી તથા દક્ષિણ ગુજરાત પ્રદેશની ચોથ સરંજામ તરીકે આપી હતી. શાહુના મૃત્યુ પછી પેશવાએ ગુજરાતની ચૌથ અને સરદેશમુખી પોતાની અને દાભાડેની વચ્ચે વહેંચી લીધી હતી. પરંતુ ઈ.સ. ૧૭૫૧થી ગાયકવાડે દાભાટેની જગ્યાએ પોતાનો પ્રભાવ વધાર્યો અને ૧૭૫૨માં વડોદરાને પોતાની રાજપાની બનાવી.

#### 12.3.1.3.3. ઈન્દોરના હોલ્કર

મુઘલશાસન સમયે માળવાનો પ્રાંત ઉત્તરભારત અને દખ્ખણના પ્રદેશની વચ્ચે રાજકીય અને વેપારી દષ્ટિએ વ્યૂહાત્મક દ્રષ્ટીએ મહત્ત્વપૂર્ણ પ્રદેશ હતો. ૧૮મી સદીના પ્રારંભથી મરાઠાઓએ ત્યાં પોતાના આક્રમણો કર્યા હતાં. ઈ.સ. ૧૭૧૯માં નર્મદા નદીના કાઠે મરાઠા થાણાં સ્થાપી સતા સ્થાપી ત્યાંની ચોથ ઉઘરાવવાનો પોતાનો દાવો રજૂ કર્યો હતો. ૧૭૩૮ના દરોહા સરાઈની જીત પછી પેશવાને ૧૭૪૧માં માળવાનો નાયબ ગવર્નર નીમવામાં આવ્યો. તે દરમિયાન પેશવાએ ચૌથ અને સરદેશમુખી ઉપરાવવાની કામગીરી પોતાની તથા સિંધિયા, હોલકર અને પવારની વચ્ચે વહેંચી લીધી હતી. માળવાનો પૂર્વ તરફનો અડધો ભાગ પેશવા દ્વારા શાસિત હતો, જયારે માળવાના પશ્ચિમ તરફના અડધા ભાગમાં હોલકર, સિંધિયા અને પવારના વારસાગત સરંજામ આવેલા હતા. સિંધિયા અને ગાયકવાડની જેમ હોલકરો પણ ગામડાના વતનદારો હતા. ૧૭૩૩માં તેમને ઈંદોરનો જિલ્લો જાગીરમાં અપાયો હતો. આગળ

ચાલતાં ત્યાં જ તેમણે પોતાનું રાજય સ્થાપ્યું હતું. ઈંદોરનો પ્રદેશ એ તેમનો સરંજામ રહ્યો. હોલકર છેક સુધી પેશવાને વફાદાર રહ્યા હતા.

### 12.3.1.3.4. ગ્વાલિયરના સિંધિયા

૧૮મી સદીના ઉત્તરાર્ધમા છેલ્લા ત્રણ દાયકાઓ સુધી ગ્વાલિયર ઉપર સિંધિયાનો કબજો ન હતો, સિધિયા કુટુંબ માળવા પ્રદેશમા પ્રસિદ્ધિમાં આવ્યું હતું અને તેમની રાજધાની ઉજ્જૈન હતી. સિંધિયા પોતે વારસાગત સરજામદાર હતા. ૧૭૬૧માં પાણિપતના યુદ્ધમાં પોતાના પિતાના લશ્કરનો નાશ થતાં મહાદજી સિંધિયા નાસી છૂટયો અને પછીથી તેણે માળવામાં પોતાના કુટુંબની સત્તાની પુનઃસ્થાપના કરી હતી. મલ્હારરાવ હોલકરના અવસાન પછી તે હિંદુસ્તાનનો વાસ્તવિક સાર્વભામ શાસક બન્યો હતો. ઉપરોક્ત કુટુંબો પેશવાઈ શાસન સમયે શાહી દરબાર અને સ્થાનિક ખેડૂતવર્ગ વચ્ચે મહત્વપૂર્ણ કડી સમાન હતાં.

૧૮મી સદીમાં પેશવાઓના સમયે મરાઠાઓની જે વહીવટી અને મિલકત સંબંધી વ્યવસ્થા વિકાસ પામી તે નીચે મુજબની હતી.

### 12.3.1.4. વહીવટી વ્યવસ્થા.

પેશવા માધવરાવની મહત્તા તેની વહીવટી સૂજમાં દાખવેલ વ્યવસ્થા અને સુધારમાં છે. જે તેને તેના વિજયોની સરખામણીએ વધુ મહાન બનાવે છે. પ્રો. મનુભાઈ બી. શાહના નોધ્યા મુજબ ‘‘તેના આ વહીવટી સુધારાઓ દ્વારા ન માત્ર વહીવટીતંત્રને તેણે સુધારી સુવ્યવસ્થિત, કટિબદ્ધ અને સંગીન પાયા પર મૂકી આપ્યું, પરંતુ તેને પ્રગતિશીલ બનાવવાનો પણ પ્રયાસ કર્યો. એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે, પેશ્વા માધવરાવ પહેલાં કોઈ પણ પુરોગામીએ રાજ્યવહીવટને સુધારવા તરફ લક્ષ્ય આપ્યું હોય.’’ તેણે કરેલા વિભિન્ન સુધારાઓમાં (૧) તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને લાંચરુશ્વત તથા ભ્રષ્ટાચારની બદીમાંથી મુક્ત કરવા કડક ફરમાનો બહાર પાડયા હતા. સરકારી ખાતાઓમાં ભ્રષ્ટાચારીઓ અને દૂષણોને ડામવા કડક શિક્ષાઓ કરી દાખલા બેસાડ્યા. (૨) મહેસૂલી નીતિમાં અમૂલ પરિવર્તન કરી જનકલ્યાણ અને સમૃદ્ધિ વધારવા પ્રયત્ન કર્યો. (૩) બિનજરૂરી અને ભારરૂપ કરવેરા નાબૂદ કરી પ્રજા પરથી ભારણ ઘટાડ્યું. (૪) રાજ્યની નોકરીમાં કે સેવામાં જોડયેલા અધિકારીઓ વાસ્તે આચારસંહિતા તૈયાર કરી તેનો અમલ લાગુ કર્યો. (૫) જાગીરદારો (ભોસલે, સિંધિયા, ગાયકવાડ, પુરંદરે ઈત્યાદી) કેટલી સંખ્યામાં સૈન્ય રાખી શકે, પેશ્વાને સહાય કરી શકે વગેરે બાબતના સિદ્ધાંતો તૈયાર કરી તેનું પ્રકાશન કરી મરાઠાસંઘના રાજ્યોને તે પ્રમાણે વર્તવા જણાવ્યું. (૬) પેશ્વા સરકાર શક્તિશાળી બનાવવા વાસ્તે પેશવાએ આ મુજબ નિર્ણયો લીધા. જેમકે જાગીરદારો કેન્દ્રીય સત્તાની અદેખાઈ કરતા હતા. પેશ્વાને અવઢવમાં મૂકતા અથવા રાજ્યના આંતરિક અને બાહ્ય શત્રુઓ સાથે મળીને પેશ્વાને નબળો પડવા મથતા. આવી મુશ્કેલીઓને અંજામ આપવા પેશવાએ વહીવટમાં નીવડેલા અનુભવી રાજપુરુષોને નીમ્યા અને તેવા જાગીરદારોને શિક્ષા કરી ડામી દીધા. આવું કરવાનું કારણ તેના સમયમાં આંતરવિગ્રહો અને યુદ્ધોમાં વસ્તતામાંથી સમય કાઢી આ પેશવાએ કેવો વહીવટ પર

ધ્યાન આપ્યું તે જોઈ શકાય છે. (૭) પોતાના પુરોગામી શિવાજીના સમયમાં કેવો કેન્દ્રીય કે એકતંત્રીય વહીવટ હતો અને પેશવાઓના સમયમાં કેવો સંઘીય કે મરાઠી સંઘ થયો તે માધવરાવ તેના ફાયદા અને ગેરફાયદા બંને જાણતો હોઈ જાગીરદારી-એકમો કેન્દ્રીય(પેશવાઈ) સરકારની અવગણના કરતા, કોઈ નિયમો કે તેના માટે કોઈ શિક્ષાની જોગવાઈને અભાવે શિથિલ, અવ્યવસ્થિત, અને શક્તિહીન, વહીવટી માળખું પેશવા માધવરાવને વારસામાં મળેલું. જેમાં તેણે હિંમત દાખવી તેને સુધારી સુવ્યવસ્થિત, પ્રજાભીમુખ એ જવાબદેહી બનાવ્યું. ડૉ.એલ.કે. સિંહાએ મદ્રાસના અંગ્રેજ અધિકારીની માધવરાવ પેશ્વા વિશેની નોંધ ટાંકતાં નોધ્યું છે તેમ, ''ઉત્તર તથા દક્ષિણમાં મરાઠાઓનાં પ્રવર્તમાન પગલાંઓ અને પેશ્વા માધવરાવની વિચક્ષણ બુદ્ધિ, ઉત્સાહ અને મહત્વાકાંક્ષાથી અમને શંકા જાય છે કે, તેમની યોજનાઓનો હેતુ ફક્ત ચોથ ઉઘરાવવાનો જ નહિ, બલ્કે સમગ્ર ભારતીય ઉપખંડમાં પોતાના આધિપત્ય હેઠળનું શાસન સ્થાપિત કરવાનો છે.તેવું અમને લાગે છે.'' (૮) તેણે વેઠ પ્રથા બંધ કરાવી. (૯) સામ્રાજ્યમાંથી કોઈ બાબત છૂપી ન રહે તે વાસ્તે તેણે કાર્યદક્ષ જાસૂસી વ્યવસ્થા ગોઠવી અને રાજ્ય વિરુદ્ધ ષડયંત્ર કરનાર જાગીરદારોને કડક શિક્ષાઓ કરી. (૧૦) તેણે વહીવટીતંત્રમાં પ્રમાણિક અને કાર્યક્ષમ અધિકારીઓને નીમી પ્રજાકલ્યાણકારી રાજ્ય સ્થાપવા પ્રયાસ કર્યો. તેવી જ રીતે ન્યાયતંત્રને નિષ્પક્ષ અને કાર્યક્ષમ બનાવ્યું. રાજ્યમાં લાંચરુશ્વત અને ગુનાઓ અટકે તે માટે કડક સજાઓ અને પ્રજાને ઝડપી ન્યાય મળે તેવું આયોજન કર્યું હતું. રામશાસ્ત્રી તેમના સમયના સુપ્રસિદ્ધ ન્યાયાધીશ હતા. આ વ્યવસ્થાએ વહીવટી અને મહેસૂલી અધિકારીઓને પ્રામાણિક અને કાર્યક્ષમ બનાવવામાં અગત્યનું સાબિત થયું હતું. આ બધું હોવા છતાં ભરયુવાન વયે માધવરાવ પેશવાનું મૃત્યુ મરાઠી સામ્રાજ્ય માટે વજ્રઘાત સાબિત થયું ને પછીથી મરાઠી સામ્રાજ્યનું પતન થયું.

મરાઠા સત્તા હેઠળના પ્રદેશના બે વિભાગ પાડી શકાય. (૧) નિયંત્રણ વગરના પ્રદેશો અને (૨) નિયંત્રણવાળા પ્રદેશો, પહેલા નિયંત્રણ વગરના પ્રદેશામાં જમીનદારો, સ્વતંત્ર અને અડધા-સ્વતંત્ર સરદારોને આંતરિક વહીવટમાં સ્વતંત્રતા આપવામાં આવી હતી. ત્યાની રાજાની ખંડણી નિયંત્રણવાળા પ્રદેશોની ખંડણી કરતાં વિરોધાભાસી હતી. એટલેકે આવા પ્રદેશોના સરદારોની રાજાનો પ્રતિકાર કરવાની શક્તિ ઉપર ભૂમિ-મહેસૂલનો આધાર હતો. શક્તિશાળી અને રાજાનો પ્રતિકાર કરી શકે તેવા સરદારો કરતાં ઓછા શક્તિશાળી સરદારોએ વધારે ખંડણી ભરવી પડતી. નિયંત્રણવાળા પ્રદેશોમાં પેશવાનો સીધો વહીવટ ચાલતો. આવા પ્રદેશોના મહેસૂલની આકારણી, મહેસૂલ વ્યવસ્થા અને તેના હિસાબો રાખવા સંદર્ભે અલગ પ્રકારની પદ્ધતિ અપનાવવામાં આવી હતી. આવા પ્રદેશોનો વહીવટ વંશપરંપરાગત માલિકી હક ધરાવનાર વતનદારો વચ્ચે તે પ્રદેશ વહેંચી દેવામાં આવ્યો હતો. જેમાં ૧૦ ગામોથી લઈ ૨૦૦ ગામોનો એક વહીવટી એકમ જિલ્લાનો જમીનદાર દેશમુખ અને જિલ્લાનો વંશપરંપરાગત હિસાબનીશ એવા દેશપાંડે એમ બંનેના સંયુક્ત વહીવટ નીચે મૂકવામાં આવતો. આવી વતનદાર પદ્ધતિમાં જિલ્લાના વહીવટમાં સત્તા કોઈ એક વ્યક્તિના હાથમાં ન રહેતાં કુટુંબના પિતરાઈ સભ્યો વચ્ચે વહેચાઈ જતી હતી.

તેમાં વતનદરોને પગાર સ્વરૂપે ભૂમિ પેદાશનો અમુક ભાગ મેળવવાનો હક આપવામાં આવ્યો હતો. સાથેજ સરકારના ભૂમિ મહેસૂલથી મુક્ત જમીનમાં પણ હિસ્સો મળતો. અહી યાદ રાખવું ઘટે કે વતન પદ્ધતિમાં નિયંત્રણવાળા પ્રદેશમાંથી થતી ઉપજ અને આવકની વહેચણી થતી, નહી કે વતનની ભૂમિની વહેચણી. તેમછતાં વારસાગત મિલકત વહેચવામાં હક સિદ્ધાંત માન્ય રાખવામાં આવતો. કેટલીક વિષમ પરિસ્થિતિઓમાં જમીનદારોને મહેસૂલ ઉઘરાવવાના કામચલાઉ ઈજારા આપવામાં આવતા.

ગ્રામીણ વ્યવસ્થામાં ખેતી કરનાર ખેડૂતો કે ગણોતિયાના પણ બે પ્રકાર હતા. એક વર્ગ નિવાસી ખેડૂતોનો હતો. જે જમીનના વારસાગત કબજો ધરાવતા હતા. જે મિરાસદારો કહેવાતા. અને બીજો વર્ગ કામચલાઉ ખેતી કરનારાનો હતો. જેમને ઉપરીઓ કહેવામાં આવતા. બધા મરાઠી પ્રદેશોમાં દક્ષિણ મહારાષ્ટ્ર અને ગુજરાતની ગણોતિયા પદ્ધતિ ખૂબ જ જટિલ હતી.

૧૮મી સદીમાં મરાઠી નિયંત્રણવાળા પ્રદેશોમાં જમીન મહેસૂલી દરો અગાઉના જે દરો લાગુ કરવામાં આવેલા તે જ ચાલુ રાખવામાં આવ્યા હતા. પેશવાના શાસન દરમિયાન પ્રત્યેક ગામડા માટે એક કાયમી આકારણી નક્કી કરવામાં આવી હતી. જેને તનખા કહેવામાં આવતી. જે મહેસૂલી નિર્ણયોનો આધારસ્તંભ હતી. ઈ.સ. ૧૭૫૦ થી ઈ.સ.૧૭૬૦ વચ્ચે તનખા જેવી કમાલ (પૂર્ણ) વ્યવસ્થા કરાઈ. આ વ્યવસ્થા હેઠળ ખેતી હેઠળ આવેલા નવા પ્રદેશોને ધ્યાનમાં લઈને તનખા વ્યવસ્થા પૂર્ણ કરવામાં આવી. આ પદ્ધતિ એ જમીનની માપણી અને તેના ગુણોના વર્ગીકરણ ઉપર આધારિત હતી. રાજાનો ભાગ ઊપજના છઠ્ઠા ભાગ જેટલો લેવામાં આવતો હતો. એકવખત ગામની આકારણી (તનખા અથવા કમાલ) થઈ ગયા પછી તેની આંતરિક વહેંચણી કરવાનું કાર્ય દાતિલ (મુખી)ની કે ગામની મરજી મુજબ કરવામાં આવતી. નિયમિત જમીન મહેસૂલ ઉપરાંત મરાઠા સરકાર ગ્રામ્ય ખર્ચના શીર્ષક હેઠળ અન્ય અનેક પ્રકારના કર ઉઘરાવતી. તેની અસ્પષ્ટ નોંધ મરાઠા અધિકારીઓ રાખતા હતા. મહેસૂલ ઉઘરાવનારા અધિકારીઓ કામવિસદારો કે મામલતદારો કહેવાતા.

અઢારમી સદીમાં દખ્ખણ, દક્ષિણ મરાઠા પ્રદેશ, ગુજરાત, મધ્યભારત અને નાગપુરમાં ગામની આકારણી દર વર્ષે કરવામાં આવતી હતી. ઈ.સ. ૧૮૧૦ સુધીમાં પેશવાને લશ્કરનો પગાર ચૂકવવા તથા બ્રિટિશ કંપનીને આપવાની રકમ માટે વધારે નાણાંની જરૂરિયાત ઊભી થઈ તે વખતે પેશવાએ મહેસૂલના ઈજારાનું વિસ્તરણ કર્યું અને રાજયના મહેસૂલી દરોમાં વધારો કર્યો હતો. ગામડાઓમાંથી જમીન મહેસૂલ જિલ્લા મારફત ઉઘરાવી પૂના પહોચાડવામાં આવતી હતી.

ઈંદોર, ગ્વાલિયર અને નાગપુર જેવા ઉત્તરનાં સરંજામી રાજયોના પ્રદેશોમાં વહીવટી વ્યવસ્થા પેશવાતંત્ર જેવું જ હતું. તેમાં એક વિશેષતા એ હતી કે તેમના દરબારમાં વહીવટ પર દેખરેખ રાખવા માટે પૂનાથી દીવાનો અને નિરીક્ષકો નીમવામાં આવતા. તમામ મરાઠી પ્રદેશોમાં વિવિધ વર્ગના બ્રાહ્મણ અમલદારોનું પ્રભુત્વ જોવા મળતું. ઉત્તર ભારતનાં સરંજામી મરાઠી રાજયો ધરાવતાં મોટાં કુટુંબોને મળેલ મહેસૂલી અને લશ્કરી હોદ્દાઓની રુએ તેમણે કેટલાંક પગલાં લઈ નવા પ્રયોગો દાખલ કર્યા હતાં.

જેમાં ભૂમિ સર્વેક્ષણ, હિસાબોની પદ્ધતિ, દસ્તાવેજોની જાળવણી અને રોકડમાં મહેસૂલ જેવી બાબતોમાં નવા પ્રયોગો કર્યા.

રાજ્યની માંગણીથી પોતાને સુરક્ષિત રાખવા ઘણીવાર વતનદાર સભાઓ (કોટા) બોલાવવામાં આવતી. આ સભાઓ પ્રજાના વિરોધનું કેન્દ્ર બની. ૧૮મી સદીમાં નવી વહીવટી પ્રક્રિયામાં ગામડાના મુખી અને પ્રાદેશિક વડાઓના હકો અને સત્તાને અવગણવામાં આવી હોય તેવું પ્રતીત થાય છે.

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

(૧) મરાઠા રાજ્ય સંઘ વિશે સંક્ષિપ્તમાં લખો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૨) રાજા(છત્રપતિ) અને પેશ્વાના સંબંધ વિશે પાંચ વાક્યો લખો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૩) સરંજામી પદ્ધતિ ટૂંકમાં સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૪) મરાઠા રાજ્યસંઘનાં રાજ્યો અને તેના રાજકુટુંબો વિશે જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૫) પેશ્વાઓના શાસન સમયની વહીવટી વ્યવસ્થા વિશે ચાર વાક્યો લખો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(૬) પેશવા માધવરાવ પ્રથમના વહીવટી સુધારા જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**(૭) યોગ્ય રીતે જોડકાં જોડો.**

| | |
|---|---|
| ૧. ગાયકવાડ | A. ગ્વાલિયર |
| ૨. ભોસલે | B. ઈંદોર |
| ૩. દભાડે | C.બાગલણ |
| ૪. ઘોરપડે | D. મહારાષ્ટ્રનો મધ્ય ભાગ |

| | |
|---|---|
| ૫. પેશવા | E. કર્ણાટક |
| ૬. નિમ્બાલકર | F. ખાનદેશ |
| ૭. હોલ્કર | G. વરાડ, નાગપુર |
| ૮. સિંધિયા | H. ગુજરાત |

## 12.4 સારાંશ

શિવાજીએ કાર્યક્ષમ વહીવટી વ્યવસ્થા ઊભી કરી હતી. જેમાં તમામ અધિકારીઓ રાજાને જવાબદાર હતા. શિવાજીના વહીવટીતંત્રમાં છત્રપતિ (રાજા) સર્વોચ્ચ સ્થાને હતો. તે મહત્વના પ્રધાનોની લાયકાત પ્રમાણે જાતે નિમણૂક કરતો. શિવાજીએ રાજ્યને ચાર મોટા પ્રાંતોમાં વિભાજીત કર્યું હતું. શિવાજીના સીધા અંકુશ હેઠળનો વિભાગ 'સ્વરાજ્ય' કહેવાતું. શિવાજીએ વર્ષોથી ચાલી આવતી જમીનદારી પદ્ધતિને દૂર કરી પ્રજા સાથે સીધો સંપર્ક સ્થાપ્યો હતો. પરંતુ સેવા અને શૌર્યની બક્ષિસ સ્વરૂપે અપાતી જાગીરો વંશપરંપરાગત બની ગઈ. છત્રપતિ સંપૂર્ણ રીતે જાગીરદારો પર નિર્ભર બન્યો. મરાઠી સત્તાના ઝડપી વિકાસ-વિસ્તાર માટે સરંજામી પદ્ધતિ જ સફળ પુરવાર થાય તેમ લાગતાં શાહુ અને બાલાજી વિશ્વનાથે તેનો સ્વીકાર કર્યો. મુઘલો, ફિરંગીઓ, સિદ્દીઓ અને પાછળથી અંગ્રેજો વગેરે સાથે સતત સંઘર્ષમય રહેવાને કારણે કેન્દ્રીય અને પ્રાંતીય વહીવટીતંત્ર સાવ નિર્બળ બની ગયું હતું. જોકે માધવરાવ પેશ્વાએ વહીવટી વ્યવસ્થાને વ્યવસ્થિત કરવા કડક પગલાં લીધાં પરંતુ તેનું યુવાન વયે અવસાન સાથે જ મરાઠી સત્તાનું પતન ઝડપી બન્યું.

## 12.5. ચાવીરૂપ શબ્દો

- બખર-જીવનચરિત્રો માટેનો મરાઠી ભાષાનો શબ્દ
- ભૂમિયા-ભૂમિ ધરાવતી જાતિ
- બારગીર-સૈનિકો કે જેને ઘોડા અને હથિયારો રાજ્ય દ્વારા આપવામાં આવતા.
- ચિટનીસ-પત્રવ્યવહાર કરનાર લિપિક (ક્લાર્ક)
- દેશમુખ-ઉત્તર ભારતમાં ચૌધરી અને ગુજરાતના દેસાઈના સમકક્ષ
- દેસ-પશ્ચિમ ઘાટથી પૂર્વ તરફ ફેલાયેલ દખ્ખણનો પ્રદેશ
- ફડનીસ-નાયબ હિસાબ તપાસનીસ (ઑડિટર)
- જમાદાર-ખજાનચી
- કારખાનીસ- કારખાનાનો વડો
- કામવિસદાર-નાના પ્રાંતોનો સૂબેદાર (પેશવાના સમયમાં)

- મામલતદાર-મોટા પ્રાંતોનો સૂબેદાર (ગવર્નર) - (પેશવાના સમયમાં) તેઓ સીધા કેન્દ્ર સરકારની હેઠળ હતા. પરંતુ ખાનદેશ, ગુજરાત અને કર્ણાટકમાં તેઓ સરસૂબેદારના નિયંત્રણ હેઠળ હતા.
- મઝુમદાર -હિસાબ વિભાગનો વડો
- પોટનીશ -નાણાં રાખનાર
- કિલ્લેદાર -કિલ્લાનો મુખ્ય અધિકારી
- સબનીસ -દફતદાર
- સિલહદાર - ભાડૂતી સૈનિકો જે પોતાના ઘોડા અને હથિયાર લઈને લડવા આવતા.
- વતન -વારસાગત જમીન ભોગવટો.
- ચોથ -ભૂમિ-મહેસૂલનો ચોથો ભાગ દેશમુખ - જિલ્લાનો જમીનદાર
- દેશપાંડે -જિલ્લાનો વંશપરંપરાગત હિસાબનીશ
- ફિટના (મરાઠીમાં) - વફાદારીમાંથી હટી જવું (આ શબ્દનો એરેબિક, ફારસી ભાષામાં અર્થ) - વિદ્રોહ, રાજદ્રોહ
- સરંજામ - ભૂમિ કે ભૂમિ-મહેસૂલની સોંપણી
- સરદેશમુખ - વડો દેશમુખ
- સરદેશમુખી - કરની ઉઘરાવાયેલી રકમના ૧૦ ૧૨ ૧૨૫૫
- વતન - વંશપરંપરાગત માલિકીહક
- વતનદાર - વતન ધરાવનાર

## 12.6. તમારી જાતે ચકાસોના જવાબો.

**તમારી પ્રગતિ ચકાસો.(ક)ના જવાબો.**

(૧) ના જવાબ માટે જુઓ મુદ્દા નં.૧૨.૨.૧.૨.

(૨) ના જવાબ માટે જુઓ મુદ્દા નં.૧૨.૨.૨.

(૩) ના જવાબ માટે જુઓ મુદ્દા નં.૧૨.૨.૩.૧.

(૪) ના જવાબ માટે જુઓ મુદ્દા નં.૧૨.૨.૩.૨.

(૫) ના જવાબ (૧) પેશવા (૨) ચિટનીસ (૩) ફડનીસ (૪) પોતદાર (૫) મૌજા

(૬) ૧૦ (૭) બારગીર (૮) પાલપટ્ટી (૯) ખાસગી પગા (૧૦) વહાણો

૮. જોડકાં જોડોના જવાબો.

1.-C 2.-F 3.-I 4.-A 5.-B 6.-E 7.-J 8.-H 9.-G 10.-D

**તમારી પ્રગતિ ચકાસો.(ખ)ના જવાબો.**

(૧) ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૨.૩.૧.

(૨) ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૨.૩.૧.૧.

(૩) ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૨.૩.૧.૨.

(૪) ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૨.૩.૧.૩.

(૫) ના જવાબ માટે જુઓ મુદ્દા નં. ૧૨.૩.૧.૪.

(૬) ના જવાબ માટે જુઓ મુદ્દા નં.૧૨.૩.૧.૪.નો પહેલો ફકરો.

૭. જોડકાં જોડોના જવાબો.

1.-H 2.-G 3.-F 4.-E 5.-D 6.-C 7.-B 8.-A

## 12.7. સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)

પ્રશ્ન. મરાઠી રાજયશાસન વિશે સવિસ્તાર ચર્ચા કરો.

પ્રશ્ન. શિવાજીએ મરાઠી રાજ્યની શાસનવ્યવસ્થા વિશે કરેલ આયોજન વિશે મુદ્દાસર જવાબ લખો.

પ્રશ્ન. શિવાજી અને પેશવા સમયની વહીવટી વ્યવસ્થા વિશે વિસ્તારથી વર્ણન કરો.

પ્રશ્ન. પેશવાઓના સમયે અપનાવેલ મરાઠા રાજ્યસંઘ અને સરંજામી પદ્ધતિ વિશે વિગતે ચર્ચા કરો.

## 12.8. સંદર્ભ અને વિશેષ વાચન


- G.S.Sardesai, New History of the Maratha, Vol. I-IV, Phoenix Publications, Bombay.
- J.C.Grant Duff, History of the Marathas, C.R. Cambray & Co. Culcutta.
- S.N.Sen, The Administrative System of the Marathas.
- S.R. Sharma, Maratha History Re-examined.
- પ્રો. મનુભાઈ શાહ, ભારતનો ઇતિહાસ-મરાઠા યુગ-૧૭૦૭ થી ૧૮૧૮, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ,૨૦૧૬.
- જયચંદ્ર વિદ્યાલંકાર, ભારતીય ઇતિહાસની વિકાસરેખા, પોપ્યુલર પ્રકાશન, સુરત.

એકમ - 13

# ભારતીય દેશી રજવાડાનું વહીવટી તંત્ર

## :: રૂપરેખા ::

**13.0 ઉદ્દેશો**

**13.1 પ્રસ્તાવના**

**13.2 ગુજરાતના રજવાડાનું વહીવટી સ્વરૂપ**

**13.2.1 ભાવનગર રાજ્ય**

**13.2.2 બરોડા રાજ્ય**

**13.3 ભારતના રજવાડાનું વહીવટી સ્વરૂપ**

**13.3.1 રાજવંશી રાજ્યોમાં સત્તાધિકારની મૂળભૂત વિશેષતાઓ**

**13.3.2 રાજવંશી રાજ્યોમાં વહીવટી માળખું**

**13.3.3 રાજવંશી રાજ્યો વચ્ચેની સમાનતાઓ અને તફાવતો**

**13.4 રાજવંશી રજવાડાનું વિલીનીકરણ**

**13.5 ભારતીય રજવાડાનું વિલુપ્ત થવું અને વિલીનીકરણ**

**13.6 સારાંશ**

**13.7 ચાવીરૂપ શબ્દો**

**13.8 સ્વાધ્યાય**

**13.9 સંદર્ભ અને વિશેષ વાચન**

## 13.0 ઉદ્દેશો (Objectives)

- આ એકમના અભ્યાસથી આપ ભારતના રાજવંશી રાજવંશી રજવાડાના વહીવટી માળખા ને સમજી શકશો.
- ગુજરાતમાં રાજવંશી રજવાડાના વહીવટી માળખા ને સમજી શકશો.

## 13.1 પ્રસ્તાવના (Introduction)

ભારતમાં રાજવાડાઓના વહીવટી માળખાનો સૌથી વિશિષ્ટ લક્ષણ એ હતું કે મોટાભાગના રાજવાડાઓમાં સત્તા નાણાંકીય અને વહીવટી ક્ષેત્રોમાં શાસકના હાથમાં કેન્દ્રિત હતી. શાસક નાગરિક અને સૈનિક બંને પ્રકારના અધિકારીઓની નિમણૂક કરતો અને તેમની પર સંપૂર્ણ નિયંત્રણ રાખતો. મોટા રાજવાડાઓમાં મંત્રિપરિષદની રચના કરવામાં આવતી, જેમાં સ્થાનિક રાજકીય અને અધિકારીઓનો

સમાવેશ થતો. આ મંત્રિપરિષદના સભ્યો શાસકને સલાહ આપતા, પણ અંતિમ નિર્ણય શાસકના હાથમાં જ રહેતો. કાયદાના અમલ અને ન્યાયતંત્રના ક્ષેત્રમાં પણ રાજવાડાઓના શાસકોને સંપૂર્ણ સત્તા હતી. કેટલાક રાજવાડાઓમાં ન્યાયતંત્ર સંપૂર્ણપણે શાસકના હાથમાં હતું, જ્યારે અન્ય રાજવાડાઓમાં ન્યાયાલયોની પદ્ધતિ વિકસિત થઈ હતી.

મોટાભાગના રાજવાડાઓએ તેમના સ્થાનિક વિસ્તારોમાં કેટલીક સ્વાયત્ત સંસ્થાઓ વિકસાવી હતી, જેમાં લોકોના પ્રતિનિધિઓનો સમાવેશ થતો, પણ આ સંસ્થાઓએ શાસકની સત્તાને પડકાર ન આપ્યો. રાજવાડાઓએ પોતાની સત્તાને ટકાવી રાખવા માટે લશ્કરી અને ન્યાયસંસ્થાઓની સિસ્ટમ વિકસાવી હતી. Treaties દ્વારા બ્રિટિશ સત્તાઓ સાથે તેઓએ રક્ષણ મેળવ્યું, પણ ઘણા રાજવાડાઓએ સ્થાનિક લશ્કરો પણ રાખ્યા હતા. ખાસ કરીને માઈસૂર, બરોડા અને ગ્વાલિયર જેવા રાજવાડાઓએ પ્રગતિ અને આધુનિકીકરણ તરફ પહેલ કરી હતી. તેમણે તેમના રાજ્યોમાં શિક્ષણ, આરોગ્ય, અને યાતાયાત જેવા લોકકલ્યાણક્ષેત્રે સુધારાત્મક પગલાં લીધા, જ્યારે કેટલાક અન્ય રાજવાડાઓમાં પ્રાચીન પરંપરાઓ યથાવત રહી હતી.

૨૦મી સદીમાં રાષ્ટ્રીય સ્વતંત્રતા આંદોલનના ઉદ્ભવ સાથે રાજવાડાઓએ આ આંદોલનથી દૂર રહેવાની કોશિશ કરી, તેમ છતાં, તેઓ આ આંદોલનમાં અંતે મહત્વપૂર્ણ તત્વ બન્યા. ૧૯૪૭માં ભારતના સ્વતંત્રતા પછી, રાજવાડાઓને ભારત અથવા પાકિસ્તાન સાથે જોડાવાનું આહ્વાન કરવામાં આવ્યું, અને તેમના શાસકોએ તેમના રાજ્યના ભૌગોલિક વિસ્તાર અને પ્રજાના હિતોને ધ્યાનમાં રાખી નિર્ણય લીધો.

સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં, આ રાજવાડાઓએ એક વિશિષ્ટ ભૂમિકા ભજવી છે. તેમના શાસનના ગૌરવમાંથી બ્રિટિશ અધિનાયકવાદ સુધી અને અંતે રાષ્ટ્રીય એકતામાં વિલીન થવા સુધીની તેમની યાત્રા મહત્ત્વપૂર્ણ રહી છે.

**ભારતનો રાજવંશી નકશો**



Source-https://amritmahtosav.nic.in/district-reopsitory-detail.htm?25128

- Seal, A. (1968). The Emergence of Indian Nationalism: Competition and Collaboration in the Later Nineteenth Century.આ અભ્યાસ ૧૯મી સદીના અંતમાં ભારતીય રાષ્ટ્રવાદના વિકાસને તપાસે છે, વિવિધ રાજકીય જૂથો, જેમાં રાજકીય રાજ્યોનો સમાવેશ થાય છે, વચ્ચેની સ્પર્ધા અને સહયોગના ગતિશીલતાની પરિક્ષા કરે છે.

- Ashton, S. (2017). A Federation of Equals: Bringing the Princely States into Unified India.આ સંશોધન રાજકીય રાજ્યોને નવા સ્વતંત્ર ભારતમાં એકીકરણની ચકાસણી કરે છે, એકસાંજવાળી રાષ્ટ્રને હાંસલ કરવા માટેની પડકારો અને વ્યૂહોની ચર્ચા કરે છે.
- Talbto, I. (2017). Princely States and the End of British India.આ કાર્ય બ્રિટિશ શાસનના અંતિમ વર્ષોમાં રાજકીય રાજ્યોની મહત્વપૂર્ણ ભૂમિકાને સં addresses ધરાવે છે, તેમના રાજકીય ભૂમિકા અને ભારતના સંયોજન તરફની પરિસ્થિતિઓને શોધે છે.
- Gaikwad, V. (2024). The Role of Princely States in the Integration of India.આ લેખ રાજકીય રાજ્યોના ભારતના એકીકરણ પ્રક્રિયામાંના યોગદાનનું વિશ્લેષણ કરે છે, તેમની વિશિષ્ટ પડકારો અને ભારતીય સંઘમાં એકીકરણને સરળ બનાવવા માટેની વાતચીતને પ્રકાશિત કરે છે.આ સંશોધનો મિલકત રૂપે ભારતના રાજકીય રાજ્યોની ઐતિહાસિક અને રાજકીય મહત્વ, ઔરાંગ સમય દરમિયાનની તેમની ભૂમિકા અને આધુનિક ભારતના એકીકરણની જટિલતાઓને શોધે છે.
- Barnett, R. B. (1980). ઉત્તર ભારત સમ્રાટો વચ્ચેઃ અવધ, મુઘલ અને બ્રિટિશ, ૧૭૨૦-૧૮૦૧.આ કાર્ય ઉત્તર ભારતની, ખાસ કરીને અવધની, મુઘલ શક્તીના ઘટાડા અને બ્રિટિશ પ્રભાવના ઉદ્ભવ દરમિયાનની પરિવર્તનનો અભ્યાસ કરે છે. બાર્નેટ અવધે શિફ્ટિંગ આલાયન્સ અને સામ્રાજયના કુણાની સાથે બ્રિટિશ શક્તિના વધારેલા પડકારોનું નેવિગેટ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે સ્થાનિક શાસકો અને ઉદયમાન બ્રિટિશ અધિકાર વચ્ચેની જટિલ સંબંધોને ઉંચા ઉમેરી છે.
- Bayly, C. A. (૧૯૮૮). નવી કેંબ્રિજ ઇતિહાસ ઓફ ઈન્ડિયાઃ ભારતીય સમાજ અને બ્રિટિશ સામ્રાજ્યનું નિર્માણ (પ્રકરણ ૧.૧).બેયલી બ્રિટિશ શાસનમાં ભારતીય સમાજના પરિવર્તનનું અન્વેષણ કરે છે. આ પુસ્તક સ્થાનિક રજાઓ, વેપાર, અને કોલોનીયલ વહીવટની પદ્ધતિઓ કેવી રીતે આધુનિક ભારતને આકાર આપે છે તે અંગે ચર્ચા કરે છે. તે ખાસ કરીને બ્રિટિશ આર્થિક નીતિઓ અને ભારતીય સામાજિક માળખા વચ્ચેની પરસ્પર ક્રિયાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ખાસ કરીને કેવી રીતે ભારતીય સમાજ કોલોનીયલીઝમથી અનુકૂળ અને પરિવર્તિત થયો.
- Gordon, S. (1993). નવી કેંબ્રિજ ઇતિહાસ ઓફ ઈન્ડિયાઃ મારાઠા ૧૬૦૦-૧૬૧૮ (પ્રકરણ ૨.૪).

- આ ખંડ મારાઠા સામ્રાજ્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ૧૬૦૦ અને ૧૬૧૮ વચ્ચે તેની ઉન્નતિ અને રાજકીય ગતિશીલતા દ્વિષ્ઠી કરે છે. ગોર્ડન મારાઠાઓને શરૂઆતના આધુનિક ભારતમાં એક શક્તિશાળી વિસ્તારના તાકાત તરીકેની મહત્વપૂર્ણતાને હાઈલાઈટ કરે છે, તેઓ મુઘલ અધિકારને પડકારવામાં અને મુઘલ સામ્રાજ્યના વિભાજનમાં યોગદાન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જે અંતે બ્રિટિશ પ્રતિષ્ઠાને હિત કરે છે.
- Pearson, M. N. (1987). નવી કૈંબ્રિજ ઇતિહાસ ઓફ ઈન્ડિયાઃ ભારતમાં પોર્ટુગીઝ (પ્રકરણ ૧).પિયર્સનની કૃતિ ભારતમાં પોર્ટુગીઝની હાજરી અને તેમના ભારતીય રાજકીય અને સામાજિક તંત્રો સાથેની ક્રિયાઓનું વિશદ વર્ણન છે. તે ચર્ચા કરે છે કે પોર્ટુગીઝ વેપાર, ધર્મ, અને રાજકીય પ્રભાવ કેવી રીતે શરૂઆતના આધુનિક ભારતને આકાર આપે છે, જે દક્ષિણ એશિયામાં યુરોપીય સંકોચન અને પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના પ્રથમ મૌલિક સંપર્ક માટે જરૂરી પૃષ્ઠભૂમિ પૂરી પાડે છે.
- Prakash, O. (1998). નવી કૈંબ્રિજ ઇતિહાસ ઓફ ઈન્ડિયાઃ પૂર્વ કોલોનિયલ ભારતમાં યુરોપિયન વ્યાપાર (પ્રકરણ ૨.૫).આ પુસ્તક યુરોપિયન વેપાર, ખાસ કરીને ડચ, પોર્ટુગીઝ અને અંગ્રેજોના, પૂર્વ કોલોનિયલ ભારતમાં ભુમિકા અન્વેષણ કરે છે. પ્રકાશે આદર્શો કે યુરોપિયન વ્યવસાયોએ ભારતીય વેપાર અને અર્થતંત્રમાં કેવી રીતે પ્રવેશ કર્યો અને સ્થાનિક ઉત્પાદન, વેપારના નેટવર્કમાં અસર કરી અને કોલોનીયલ જોરકસાની તરફના અંતિમ ફેરફારને કેવી રીતે પ્રભાવિત કર્યું.
- Subrahmanyam, S. (Ed.). (1990). વ્યાપારીઓ, બજારો, અને રાજ્ય આરંભના આધુનિક ભારતમાં.આ સંપાદિત ખંડ શરૂઆતના આધુનિક ભારતમાં વેપાર અને શાસન વચ્ચેના જટિલ સંબંધો પર નિબંધોને એકઠા કરે છે. આમાં સ્થાનિક વેપારીઓની ભૂમિકા, બજાર અર્થતંત્રોના ઉદય, અને રાજ્ય અને વેપાર વચ્ચેની ક્રિયાઓને વિશદ વર્ણન કરવામાં આવે છે, ખાસ કરીને પૂર્વ કોલોનિયલ અને આરંભિક કોલોનિયલ સમયગાળા દરમિયાન.
- Bayley, C. A. (1996). માહિતી અને સામ્રાજ્યઃ ઉત્તર ભારતમાં રાજકીય બાંધકામ અને સામાજિક સંચાર, ૧૭૮૦-૧૮૮૦.બેયલી બ્રિટિશ દ્વારા ઉત્તર ભારતમાં નિયંત્રણ સ્થાપિત કરવા માટે ઉપયોગમાં લેવાયેલી બોધ અને સંચાર પ્રણાળીઓનું નિરીક્ષણ કરે છે. આ પુસ્તક રાજકીય દેખરેખ, માહિતીના નેટવર્ક અને વિશાળ અને વિવિધ પ્રદેશમાં બ્રિટિશ અધિકાર જાળવવામાં સ્થાનિક અંતરમ્યસ્તાઓની ભૂમિકા કેવી રીતે ઉન્નતિ પામે છે તે અંગે ચર્ચા કરે છે.

- Cohn, B. S. (1996). કૉલોનિયલિઝમ અને તેની જાણવાની રૂપરેખાઃ ભારતમાં બ્રિટિશ.કોહનનો પુસ્તક બ્રિટિશ કોલોનિયલ રાજ્યએ જાણકીને કેવી રીતે વાપરી, ખાસ કરીને ઇતિહાસ, કાયદો, અને માનવશાસ્ત્રના ક્ષેત્રોમાં, ભારતીયો પર નિયંત્રણ સ્થાપિત કરવા માટે વિગતવાર સંશોધન કરે છે. આ પુસ્તક આલેખિત માહિતીપ્રણાલીઓ કેવી રીતે ભારતીય સમાજ, રાજકારણ, અને ઓળખોનું નિર્માણ કરે છે તે અંગે ચર્ચા કરે છે.
- Fisher, M. H. (1991). ભારતમાં પરોક્ષ શાસનઃ રહેવાસીઓ અને રહેવાસી વ્યવસ્થાઓ, ૧૭૬૪-૧૮૫૮.
- ફિશર બ્રિટિશ રહેવાસી સિસ્ટમ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે ભારતમાં પરોક્ષ શાસનનો મુખ્ય યાંત્રિક છે. તે નિરીક્ષણ કરે છે કે પેઢી રાજ્યોમાં બ્રિટિશ રહેવાસીઓ કેવી રીતે ભારતીય શાસકો અને બ્રિટિશ સરકાર વચ્ચેના સંબંધોને માધ્યમતા આપે છે, બ્રિટિશ પ્રભાવ જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને સ્થાનિક શાસકોને નામમાત્ર અધિકાર જાળવવા દે છે.
- Jeffrey, R. (Ed.). (1978). લોકો, રાજાઓ, અને મહાન પાવરઃ ભારતીય રજવાડાઓમાં સમાજ અને રાજકારણ.-આ સંપાદિત ખંડ બ્રિટિશ સામ્રાજ્ય અને ભારતના રાજવાડાઓ વચ્ચેના જટિલ સંબંધને અનુસંધાન કરે છે. આમાં આ રાજવાડાઓના રાજકીય અને સામાજિક માળખાઓ, તેમના બ્રિટિશ અધીકૃતીઓ સાથેની ક્રિયાઓ, અને ૧૯૪૭ પછીની સ્વતંત્ર ભારત અને પાકિસ્તાનમાં તેમના અંતિમ એકીકરણ વિશે ચર્ચા કરવામાં આવે છે.
- Vaikuntham, Y. (1981). રાજવાડાઓમાં લોકગતિશીલતાઓ.વૈકુંઠમ રાજવાડાઓમાં પ્રકાશિત સામાજિક અને રાજકીય ગતિશીલતાઓનું નિરીક્ષણ કરે છે, ખાસ કરીને બ્રિટિશ શાસન સામેના રાષ્ટ્રવાદી સંઘર્ષ દરમિયાન. આ પુસ્તક દર્શાવે છે કે કેવી રીતે આ ગતિશીલતાઓ ભારતીય રાજાઓના તંત્રને પડકારવા અને લોકશાહી સુધારાઓ અને વ્યાપક ભારતીય સ્વતંત્રતા ચળવળમાં સામેલ થવા માટે પ્રયત્ન કરે છે.

**એકમ - 14** **ભારતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું વહીવટી માળખું**

**:: રૂપરેખા ::**

**14.0 ઉદ્દેશો**

**14.1 પ્રસ્તાવના**

**14.2 બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની**

**14.3 ભારતમાં બ્રિટિશ સત્તાની પકડ**

**14.4 ભારતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું વહીવટી માળખું**

**14.4.1 સનદી સેવાઓ (સિવિલ સર્વિસિઝ)**

**14.4.2 લશ્કર**

**14.4.3 પોલીસ**

**14.4.4 ન્યાયતંત્રનું સંગઠન**

**14.4.5 કાયદાનું શાસન અને કાયદા સમક્ષ સૌની સમાનતા**

**14.4.6 વહીવટી તંત્ર, તેની ગુણવત્તા અને તેની ક્ષતિઓ**

**14.4.7 અવિશ્વાસનાં તત્ત્વો**

**14.5 સારાંશ**

**14.6 ચાવીરૂપ શબ્દો**

**14.7 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)**

**14.8 સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)**

**14.9 સંદર્ભ અને વિશેષ વાચન**

## 14.0 ઉદ્દેશો (Objectives)

- આ એકમના અભ્યાસ બાદ આપ ભારતમાં યુરોપીય સત્તા નું આગમન સમજી શકશો.
- બ્રિટીશરોનું આગમન અને ઇસ્ટ ઈંડિયા કંપની નો પગપેસારો અને વિસ્તાર વૃદ્ધિ ને જાણી શકશો.
- ભારતમાં ઇસ્ટ ઈંડિયા કંપનીનું વહીવટી માળખું સમજી શકશો.

## 14.1 પ્રસ્તાવના (Introduction)

ભારતમાં યુરોપિયન રાષ્ટ્રોનું આગમન-તમને ક્યારેય એવો વિચાર થાય છે કે અનેક યુરોપિયન રાષ્ટ્રોની પ્રજા ભારતમાં શા માટે આવી હતી ? જવાબમાં કહી શકાય કે,વાસ્તવમાં ભારતની તે સમયની સમૃદ્ધિથી આકર્ષાઈને છેક પ્રાચીનકાળથી યુરોપિયનોની માફક અનેક વિદેશી પ્રજા ભારતમાં પ્રવેશતી રહી છે.ઈ.સ. ની ૧૩મી સદીથી ૧૬મી સદી સુધીમાં યુરોપમાં નવજાગૃતિ, ધર્મસુધારણા તથા ભૌગોલિક શોધખોળોને પરિણામે અનેક પરિવર્તનો આવી રહ્યાં હતાં. યુરોપ સામંતશાહી આચાર અને વિચારનો ત્યાગ કરીને આધુનિક બની રહ્યું હતું. એમાય ઈંગ્લેન્ડ તેમાં વિશિષ્ટ સ્થાન ધરાવતું હતું, કારણ કે તેણે તો લોકશાહીને આવકારી અને વિકસાવી હતી. તેણે બુદ્ધિગમ્ય શાસનથી પ્રગતિશીલ સમાજવ્યવસ્થા પણ વિકસાવી હતી. ટૂંકમાં, ૧૮ મી સદીમાં યુરોપમાં અનેક મહાન વિદ્વાનોએ પ્રબુદ્ધ યુગનું સર્જન કરી માનવતાવાદ, સમાનતા અને સ્વતંત્રતાનો સંદેશો આપ્યો હતો. અગાવ જોયું તેમ ભારત હજુ પણ સામંતશાહી મૂલ્યો અને સંકુચિતતાને વળગી રહ્યું હતું.

ભારત મુઘલયુગમાં પણ વિશ્વ અર્થવ્યવસ્થામાં મોખરાનું સ્થાન ભોગવતું હતું. વિશાળ નદીઓનાં ફળદ્રુપ મેદાનોએ કૃષિમાં અમાપ વિકાસ કર્યો હતો. કૃષિના વિકાસ થકી અનેક હસ્ત ઉદ્યોગો ધમધમી રહ્યા હતા. ભારતના સુતરાઉ કાપડ, ગળી, મરી-મસાલા, ઈમારતી લાકડું તેમજ રેશમી વસ્ત્રોની યુરોપભરમાં બહુ મોટી માંગ હતી. પરિણામે આ વેપારનો લાભ લેવા તેઓ ભારતમાં આવ્યા હતા એમ કહી શકાય.ભારતનો યુરોપ અને અન્ય વિશ્વ સાથે પ્રાચીન કાળથી વાણીજ્ય અને વેપારીક સંબંધ રહ્યો છે. ગ્રીક અને રોમના સામ્રાજયકાળથી તેમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો હતો. મધ્યયુગમાં આરબોએ ભારત અને યુરોપ વચ્ચેના વેપાર પર એકાધિકાર સ્થાપ્યો હતો. તેમ છતાં ગુજરાતી અને દક્ષિણ ભારતીય વેપારીઓ યુરોપ,આફ્રિકા અને પૂર્વીય એશિયાઈ દેશોના વેપારીઓ સાથે સંપર્કમાં હતા. અત્યંત લાભદાયક વેપારનો લાભ લેવા માટે સતત સંઘર્ષ પણ ચાલતો રહેતો.

તુર્કોએ કૉન્સ્ટેન્ટિનોપલ પર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો (ઈ.સ. ૧૪૫૩), પરિણામે પૂર્વ અને પશ્ચિમના વેપારીક માર્ગો પર તુર્કોનું નિયંત્રણ સ્થપાયું. એટલું જ નહી બાકીના યુરોપ અને એશિયાના વેપાર પર વેનીસ અને જીનીવાના વેપારીઓનો દબદબો હતો. તેઓ પશ્ચિમી યુરોપના સ્પેન અને પોર્ટુગલ જેવા રાષ્ટ્રોને વેપારમાં ઘૂસવા દેવા માંગતા ન હતા. પરિણામે પશ્ચિમ યુરોપનાં રાષ્ટ્રો ભારત અને ઈન્ડોએશિયાના મસાલાનાં કેન્દ્રો સુધી પહોંચવાના સમુદ્રમાર્ગો શોધવા તરફ વાળ્યાં. મસાલાના દીપ તરીકે ઓળખાતા ઈન્ડોએશિયાની આસપાસના પ્રદેશો તે સમયે ઈસ્ટ

ઈન્ડિઝ તરીકે ઓળખાતા હતા. ૧૫મી સદીમાં સમુદ્ર જહાજના નિર્માણમાં અને સંચારમાં ખાસ્સી પ્રગતિ થઈ હતી એટલું જ નહી નવજાગૃતિ અને વૈજ્ઞાનિક માનસને બદલે યુરોપીય પ્રજા સાહસિક બની ભૌગોલિક શોધખોળો તરફ પણ વળી.

પોર્ટુગલ અને સ્પેન આ ક્ષેત્રે પહેલ કરનારાં રાષ્ટ્રો હતાં. તેના નાગરિકોએ તેમની સરકારની સહાયથી ભૌગોલિક શોધખોળોનો એક યુગ આરંભ કર્યો. સ્પેનનો કોલંબસ અમેરિકાની શોધ (ઈ.સ.૧૪૯૨) કરી વિખ્યાત બન્યો. તો પોર્ટુગીઝ વાસ્કો-ડી-ગામા યુરોપથી ભારત સુધીનો અત્યંત સુરક્ષિત અને નવો માર્ગ શોધી (ઈ.સ. ૧૪૯૮) શક્યો. તેણે આ સામુદ્રિક ભૂશિરને 'કેપ ઑફ ગુડ હોપ' નું નામ આપ્યું. વિશ્વઈતિહાસમાં સમુદ્રમાર્ગોની આ શોધ દ્વારા તેણે નવા અધ્યાયની શરૂઆત કરી.

## 14.2 બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની

પોર્ટુગીઝ અને ડચ વેપારીઓની જેમ બ્રિટિશ વેપારીઓ ભારતના વેપારનું મહત્ત્વ સમજતા હતા. આ બંને પ્રજાની સફળતાથી અને ભારત સાથેના વેપારમાં થતા અઢળક નફાથી પ્રેરાઈને બ્રિટિશરો પણ ભારતીય વેપારમાં આવવા તલપાપડ બન્યા. બ્રિટનના કેટલાક વેપારીઓએ મર્ચન્ટ એડવેન્ચર્સ (સાહસિકોની વ્યાપારી મંડળી) નામનું પૂર્વ સાથે વેપાર કરવાનું સંગઠન બનાવ્યું. જેને આગળ જતાં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની તરીકે ઓળખવામાં આવે છે. બ્રિટનનાં મહારાણી એલિઝાબેથે એક રૉયલ ચાર્ટર એક્ટ (૩૧ ડિસેમ્બર ૧૬૦૦) દ્વારા આ કંપનીને ભારત સહિતના પૂર્વીય વિશ્વ સાથે વેપાર કરવાનો એકાધિકાર આપ્યો.

રાણી ઈલિઝાબેથ પાસેથી સનદ મેળવીને ૩૧ ડિસેમ્બર ૧૬૦૦ના દિવસે ઈંગ્લિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની નામથી પૂર્વમાં વેપાર કરવા સ્થાપેલી કંપની. તેના શરૂઆતના પ્રવાસો જાવા, સુમાત્રા અને મોલ્યુકાસ તરફ મસાલાના વેપાર માટે યોજાયા હતા. ભારતમાં વેપારની કોઠીઓ સ્થાપવાનો તેનો પ્રથમ પ્રયાસ ૧૬૦૮માં કરવામાં આવ્યો. કંપનીએ કૅપ્ટન વિલિયમ હૉકિન્સને ભારત મોકલ્યો. તે ૧૬૦૯માં જહાંગીરના દરબારમાં પહોંચ્યો. મુઘલ શહેનશાહે અંગ્રેજોને વસવાટ કરવાની પરવાનગી આપવાની ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ પૉર્ટુગીઝોની વિરોધી પ્રવૃત્તિઓ તથા સૂરતના વેપારીઓના વિરોધને કારણે તેણે કૅપ્ટન હૉકિન્સની અરજીનો ઇક્રાર કર્યો. ૧૬૧૧માં કૅપ્ટન હૉકિન્સ આગ્રાથી સૂરત ગયો. ત્યાં સર હેન્રી મિડલ્ટનની આગેવાની હેઠળ ત્રણ અંગ્રેજ જહાજો આવ્યાં હતાં. સૂરત બંદર અંગ્રેજો માટે ખુલ્લું ન હોવાથી મિડલ્ટને નજીકના સુંવાળી બંદરે વહાણો રાખ્યાં અને ત્યાંથી વેપાર કરવા માંડ્યો.૧૬૧૨માં કૅપ્ટન બેસ્ટની આગેવાની હેઠળ અંગ્રેજોનાં બે વહાણો સૂરતમાં પ્રવેશવા દેવામાં આવ્યાં. આ દરમિયાન ૧૬૧૩માં અંગ્રેજોને સૂરતમાં કાયમી કોઠી

સ્થાપવાની પરવાનગી આપતું ફરમાન જહાંગીરે આપ્યું. તેથી ઈંગ્લિશ કંપનીએ ઈંગ્લૅન્ડના રાજા જેમ્સ પહેલાના અધિકૃત એલચી સર ટૉમસ રોને મુઘલ દરબારમાં મોકલ્યો.

૧૬૧૫થી ૧૬૧૮ સુધી શહેનશાહની છાવણીઓમાં સતત સાથે રહીને તેણે ગુજરાતમાં વેપાર કરવાનો પરવાનો મેળવ્યો. અંગ્રેજોને જે અધિકારો મળ્યા તે અનુસાર અંગ્રેજોને શસ્ત્રો રાખવાની, પોતાનો ધર્મ પાળવાની તથા પોતાની તકરારોનો નિકાલ કરવાની છૂટ મળી. પરંતુ તેમને મકાન બાંધવાની છૂટ નહોતી. ૧૬૧૩માં સૂરતની કોઠીની સ્થાપના બાદ ૧૬૧૫થી ૧૬૧૮ના ગાળામાં ખંભાત, ભરૂચ, વડોદરા અને અમદાવાદમાં એની શાખાઓ સ્થાપવામાં આવી. ફેબ્રુઆરી ૧૬૧૯માં ટૉમસ રોએ ભારતમાંથી વિદાય લીધી.આ બધી કોઠીઓ સૂરતની કોઠીના અંકુશ હેઠળ મૂકવામાં આવી. તેને રાતા સમુદ્રનાં બંદરો તથા ઈરાન સાથે કંપનીના વેપાર પર અંકુશ રાખવાની પણ સત્તા મળી હતી. ભરૂચ અને વડોદરામાં અંગ્રેજ કોઠીઓ, તે વિસ્તારોમાં ઉત્પન્ન થતા કાપડના તાકા ખરીદવા માટે, તથા આગ્રામાં અંગ્રેજોની કોઠી, શાહી દરબારના અધિકારીઓને કાપડ વેચવા તથા બિયાનામાં ઉત્પન્ન થતી ઉત્તમ પ્રકારની ગળી ખરીદવા શરૂ કરવામાં આવી હતી.૧૬૧૫ થી ૧૬૨૯ દરમિયાન ઈસ્ટ ઇન્ડિયા કંપનીનાં ૨૭ વહાણ સુંવાળી બંદરેથી લંડન તરફ ગયાં હતાં. આરંભમાં સુતરાઉ કાપડ તથા સરખેજ અને આગ્રા નજીકના બિયાનાની ગળીની નિકાસ કરવામાં આવતી. ત્યારબાદ લાખ, ગાલીચા, સુરોખાર, મરી, કરિયાણાં તથા ખાંડની પણ નિકાસ થતી હતી. કંપનીનાં વહાણો પહોળા પનાનું કાપડ, બંદૂક, સીસું, કલાઈ વગેરે ચીજો ભારતના સમુદ્રકાંઠે ઠાલવતાં. ભારતના કાપડની માંગ ઈંગ્લૅન્ડમાં ખૂબ રહેતી. હોલૅન્ડ તથા જર્મનીના મોંઘા લિનનને બદલે ઘરવપરાશ વાસ્તે ભારતનું કાપડ સસ્તું હોવાથી કંપનીના ગુમાસ્તા ભારતમાં કાપડના ઉત્પાદનનાં મુખ્ય કેન્દ્રો પર જઈને આડતિયા તથા વણકરો સાથે સોદા કરતા. એ સોદા મુજબ અમુક સમયમાં અમુક ચોક્કસ માલ કંપનીને આપવા તેઓ બંધાતા.

ઈંગ્લૅન્ડના રાજા ચાર્લ્સ બીજાને તેની પૉર્ટુગીઝ રાણી કૅથેરિન સાથે કરેલા લગ્નના દહેજમાં મુંબઈ મળ્યું હતું. તે ૧૬૬૮માં તેણે કંપનીને વાર્ષિક ૧૦ પાઉન્ડના ભાડાથી આપ્યું. મુંબઈ ધીમે ધીમે સમૃદ્ધ બંદર બન્યું.૧૬૬૪ અને ૧૬૭૦માં શિવાજીએ સૂરત બંદર બે વાર લૂંટ્યું. તેથી તેના ભયને લીધે સૂરતની કોઠીને સતત નુકસાન થયું અને તેનું દેવું વધવા લાગ્યું. ત્યાં રાખેલા માલની સલામતીની ચિંતા પણ કંપનીને રહેતી તેથી કંપનીના ડાયરેક્ટર જોસિયા ચાઈલ્ડે વેપાર માટે મુંબઈની પસંદગી કરી. અંગ્રેજોએ મુંબઈની કિલ્લેબંધી કરીને તેનો સ્વતંત્ર વેપારી વસાહત તરીકે વિકાસ કર્યો.

૧૬૮૭માં અંગ્રેજોની કોઠીઓના મુખ્ય મથક તરીકે સૂરતની કોઠી બંધ કરીને મુંબઈમાં રાખવામાં આવી.

૧૬૩૯માં નાશ પામેલા વિજયનગર સામ્રાજ્યના પ્રતિનિધિ, ચંદ્રગિરિના રાજા પાસેથી ફ્રાંસિસ ડેએ પૂર્વ કિનારે ચેન્નાઈ પટેથી મેળવ્યું. ત્યાં તેણે કિલ્લો બાંધીને તેમાં કોઠી સ્થાપી. તે ફૉર્ટ સેંટ જ્યૉર્જ કહેવાયો. પૂર્વ કિનારે અંગ્રેજોની વસાહતોનું તેને મુખ્ય મથક બનાવવામાં આવ્યું.ઉત્તર-પૂર્વમાં મહા નદીના ખીણપ્રદેશમાં હરિહરપુરમાં અને બાલાસોરમાં ૧૬૩૩માં અંગ્રેજોની કોઠીઓ શરૂ કરવામાં આવી. ૧૬૫૧માં બ્રિજમૅન હેઠળ હુગલીમાં અને પછી તરત જ પટણા અને કાસિમબજારમાં કોઠીઓ સ્થાપવામાં આવી.૧૬૫૮ બંગાળ, બિહાર અને ઓરિસાની તથા કોરોમાંડલ કિનારાની બધી વસાહતો ફૉર્ટ સેંટ જ્યૉર્જની હેઠળ મૂકવામાં આવી.૧૬૬૦ પછીના ત્રણ દાયકાનો સમય કંપનીના વિસ્તરણ અને તેની સમૃદ્ધિનો હતો. ઈંગ્લૅન્ડના રાજા ચાર્લ્સ બીજા અને જેમ્સ બીજાએ કંપનીના જૂના વિશેષાધિકારો માન્ય રાખ્યા અને તેની સત્તાઓ વધારી. કંપનીની નાણાકીય સ્થિતિ પણ સુધરી.

આ સમય દરમિયાન કંપનીની નીતિમાં પણ પલટો આવ્યો. દેશની રાજકીય અવ્યવસ્થાને ધ્યાનમાં લઈને, શાંતિથી વેપાર કરતી સંસ્થા પ્રદેશો કબજે કરીને તેની સત્તા સ્થાપવા આતુર બની. મરાઠા અને દખ્ખણની બીજી સત્તાઓ સાથેની લડાઈઓ,૧૬૬૪ અને ૧૬૭૦માં મરાઠાઓના સૂરત પર હુમલા, બંગાળમાં મુઘલ વાઈસરૉયોની નબળી સરકાર વગેરેને કારણે આ પરિવર્તન અનિવાર્ય બન્યું. સૂરતમાં પ્રમુખ તરીકે સર જ્યૉર્જ ઑક્સેન્ડનના અનુગામી અને ૧૬૬૯થી મુંબઈના ગવર્નર જિરાલ્ડ આગિયરે નિયામક મંડળને લખ્યું કે ‘હવેના સમયમાં તમારે હાથમાં તલવાર સહિત તમારો વેપાર કરવાની જરૂર છે.’ થોડાં વરસોમાં નિયામકોએ કંપનીની નીતિમાં આ ફેરફાર માન્ય કર્યો અને ડિસેમ્બર ૧૬૮૭માં ચેન્નાઈના વડાને ભારતમાં અંગ્રેજોનું સંસ્થાન સ્થાપી શકાય એવી લશ્કરી અને મુલકી વ્યવસ્થા ગોઠવવા અને તે માટે મોટી આવક મેળવવા જણાવ્યું.આ નવી નીતિ માટે સ્ટુઅર્ટ રાજાઓના સમયમાં કંપનીની બાબતોનો મુખ્ય માણસ સર જોસિયા ચાઈલ્ડ મુખ્યત્વે જવાબદાર હતો. તે મુજબ ડિસેમ્બર ૧૬૮૮માં તેના ભાઈ સર જૉન ચાઈલ્ડે પશ્ચિમકાંઠે મુંબઈ અને મુઘલોનાં બંદરોની નાકાબંધી કરી ઘણાં મુઘલ વહાણો પકડ્યાં અને મક્કા જતા યાત્રીઓની ધરપકડ કરવા તેના કપ્તાનને રાતા સમુદ્ર અને ઈરાનના અખાત તરફ મોકલ્યો. પરંતુ અંગ્રેજોએ મુઘલોની ઘણી મજબૂત શક્તિનો અંદાજ ઓછો આંક્યો હતો. સર જૉન ચાઈલ્ડે આખરે ઔરંગઝેબની માફી માગી. અંગ્રેજોએ પકડેલાં મુઘલ વહાણો પાછાં આપવાનું અને વળતર પેટે દોઢ લાખ રૂપિયા ચૂકવવાનું કબૂલ્યું ત્યારે વેપાર કરવાનો પરવાનો પણ મળ્યો.

બંગાળમાં વેપારનો માલ કિનારાના પ્રદેશોમાંથી નહિ, પરંતુ પ્રાંતમાં દૂરના વિસ્તારોમાંથી મેળવવો પડતો હતો. ત્યાં કંપનીએ અનેક જકાતનાકાંઓમાં વેરો અને સ્થાનિક અધિકારીઓની ત્રાસદાયક માગણીઓની રકમ ચૂકવવી પડતી હતી. ૧૬૭૨માં કંપનીએ શાઈસ્તખાન પાસેથી વેરો ચૂકવવામાંથી માફીનું ફરમાન મેળવ્યું. ૧૬૮૦માં સમ્રાટ ઔરંગઝેબે કંપનીના માલ પર ૨ ટકા જકાત અને ૧.૫ ટકો જજિયા સિવાય વધારે કંઈ લેવું નહિ એવો હુકમ કર્યો. આ ફરમાનો મેળવવા છતાં મુંબઈ, ચેન્નાઈ અને બંગાળ પ્રાંતોનાં બધાં સ્થળોએ સ્થાનિક અધિકારીઓ કંપનીના એજન્ટો પાસે નાણાં માગતા અને વખતોવખત તેમનો માલ પકડતા હતા.૧૬૯૦માં મુંબઈની કાઉન્સિલ અને પ્રમુખે મુઘલ સમ્રાટ સાથે સંધિ  કરી ત્યારે અંગ્રેજોનાં આ અવિચારી કૃત્યો અટકી ગયાં. ઑગસ્ટ ૧૬૯૦માં જૉબ ચારનૉક બંગાળ પાછો ફર્યો અને સુતાનુતીમાં અંગ્રેજોની કોઠી સ્થાપી. આ રીતે બ્રિટિશ હિંદના ભવિષ્યના પાટનગરનો પાયો નંખાયો. ફેબ્રુઆરી ૧૬૯૧માં શાઈસ્તખાનના અનુગામી ઈબ્રાહીમખાને મુઘલ સમ્રાટના હુકમ પ્રમાણે, વાર્ષિક રૂ.૩૦૦૦ ભરવાના બદલામાં જકાત ભરવામાંથી મુક્તિનું ફરમાન આપ્યું. બર્દવાન જિલ્લાના એક જમીનદાર શોભાસિંહના બળવાને કારણે ૧૬૯૬માં અંગ્રેજોને તેમની નવી કોઠીને કિલ્લેબંધી કરવાનું કારણ મળી ગયું અને ૧૬૯૮માં અગાઉના માલિકોને રૂ.૧૨૦૦ આપીને તેમને સુતાનુતી, કાલીકાટા (કોલકાતા) અને ગોવિંદપુર આ ત્રણ ગામોની જમીનદારી આપવામાં આવી. ૧૭૦૦માં બંગાળની અંગ્રેજોની કોઠીઓ નવી સ્થાપેલી કિલ્લેબંધીવાળી ફૉર્ટ વિલિયમ નામની વસાહતમાં અલગ પ્રમુખ અને કાઉન્સિલના અંકુશ હેઠળ મૂકવામાં આવી. સર ચાર્લ્સ આયર ફૉર્ટ વિલિયમનો પ્રથમ પ્રમુખ બન્યો. બંગાળની વસાહતની કંપનીની સ્થિતિ વિશિષ્ટ પ્રકારની હતી. મુંબઈ, અંગ્રેજ તાજ વતી તેના કબજામાં હતું. ચેન્નાઈમાં તેની સત્તા હિંદના શાસકો અને તેની સનદોની માન્યતા પર આધારિત હતી. બંગાળમાં કંપનીની સ્થિતિનો આ બેવડો સ્રોત સ્પષ્ટ જણાતો હતો. ત્યાંના અંગ્રેજ લોકો ઉપરની તેની સત્તા અંગ્રેજ કાયદા અને સનદોના આધારે હતી, પરંતુ હિંદવાસીઓ પર કંપનીની સત્તા જમીનદાર તરીકેની હતી.

ચાર્લ્સ બીજા અને જેમ્સ બીજાના શાસનકાળમાં કંપનીની સમૃદ્ધિ વધી. તેનાથી તેના દુશ્મનોની ઈર્ષ્યા વધી. કંપનીના વેપારના વિશેષાધિકારોના ઇજારા સામે 1688 ની રાજક્રાંતિ બાદ તેમણે રોષ વ્યક્ત કર્યો. આ ક્રાંતિ બાદ સત્તા પર વ્હિગ નેતાઓ જૂની સરકાર સાથે સંબંધ ધરાવતી કંપનીના વિરોધી હતા.1694 માં આમની સભાએ ઠરાવ કર્યો કે ઈંગ્લૅન્ડના બધા લોકોને ભારતમાં વેપાર કરવાનો સમાન અધિકાર છે. 1698 માં એક નવી કંપની સ્થાપવામાં આવી અને 1707માં જૂની કંપની તેમાં સભ્ય બની.

નવી કંપની જૂની કંપની સાથે સ્પર્ધામાં ઊતરી.1708-09 માં બંને કંપનીઓ જોડાઈ ગઈ.

18મી સદીનાં પ્રથમ ચાલીસ વરસ દરમિયાન ઈંગ્લિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો ભારતમાં વેપાર અને પ્રભાવ ક્રમશઃ વિસ્તર્યો. આ સમય દરમિયાન કંપનીના ઈતિહાસમાં સૌથી મહત્વનો બનાવ, સમસ્ત મુઘલ હિંદ અને કૉલકાતાની આસપાસનાં ગામોમાં વિશેષાધિકારો મેળવવા માટે 1715 માં મુઘલ દરબારમાં તેના પ્રતિનિધિઓ મોકલવામાં આવ્યા તે હતો. તેમાં જૉન સરમૅન, એડ્વર્ડ સ્ટીફન્સન તથા સર્જ્યન વિલિયમ હૅમિલ્ટનનો સમાવેશ થતો હતો. મુઘલ સમ્રાટ ફર્રુખશિયરનું ત્રાસદાયક દર્દ મટાડવામાં હૅમિલ્ટન સફળ થયો. તેથી અંગ્રેજો પર ખુશ થઈને તેણે તેમની વિનંતી મુજબ ફરમાનો આપ્યાં. તેણે પ્રાંતોના ગવર્નરોને તે મુજબ વર્તવા સૂચના આપી. બંગાળમાં જકાત ભર્યા વિના, વાર્ષિક રૂ. 3000 ચૂકવીને વેપાર કરવાનો વિશેષાધિકાર માન્ય રાખ્યો. કોલકાતાની આસપાસ વધારાનો પ્રદેશ ભાડે લેવાની તેમને પરવાનગી આપવામાં આવી. હૈદરાબાદ પ્રાંતમાં વેરો ન ભરવાનો જૂનો વિશેષાધિકાર સ્વીકારવામાં આવ્યો. ચેન્નાઈ માટે તેમણે ભાડું આપવાનું ચાલુ રાખ્યું. વાર્ષિક રૂ.10,000 ચૂકવવાના બદલામાં સૂરતમાં કંપનીએ કોઈ વેરો ભરવો નહિ એમ નક્કી થયું. મુંબઈમાં કંપનીએ ટંકશાળમાં પાડેલા સિક્કા સમગ્ર મુઘલ રાજ્યમાં ચલણ તરીકે માન્ય રાખવામાં આવ્યા.બંગાળના ગવર્નર મુર્શિદકુલી જાફરખાને અંગ્રેજોને વધારાનાં ગામો આપવાનો વિરોધ કર્યો. છતાં 1716-17 ના ફરમાન દ્વારા મેળવેલા અન્ય અધિકારોથી તેમને ઘણો લાભ થયો. ઑર્મીએ તેને કંપનીનો મૅગ્નાકાર્ટા ગણ્યો છે. સ્થાનિક અધિકારીઓની વારંવારની માગણીઓ હોવા છતાં બંગાળમાં કંપનીનો વેપાર ક્રમશઃ વિકસ્યો. કોલકાતાનું મહત્વ વધ્યું અને 1735 સુધીમાં તેની વસ્તી એક લાખની થઈ. કોલકાતા બંદરે કંપનીનાં વહાણોમાં પુષ્કળ માલની અવરજવર થવા લાગી.

મરાઠા અને પૉર્ટુગીઝો વચ્ચેના ઝઘડાને કારણે પશ્ચિમ કિનારે કંપનીનો વેપાર ઘટ્યો. ત્યારબાદ મુંબઈ બંદરનો વેપાર વધવા લાગ્યો. ચેન્નાઈમાં પણ અંગ્રેજો શાંતિથી વેપાર કરવા લાગ્યા.1755 માં કૉમોડૉર જેમ્સે સુવર્ણદુર્ગ કબજે કર્યું અને 1757 માં ક્લાઈવ તથા વૉટસને ઘેરિયા કબજે કર્યું.આ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ગુજરાતના સુરતમાં કોઠી નાંખવા નિશ્ચય કર્યો. કેપ્ટન હોકિન્સ આ વેપારી કોઠીની પરવાનગી લેવા માટે તત્કાલીન મુઘલ સમ્રાટ જહાંગીરને વિનંતી કરતો રહ્યો તેથી જહાંગીરે એક શાહી ફરમાન દ્વારા ! અંગ્રેજ કંપનીને આવી કોઠીઓ સ્થાપવા આજ્ઞા (ઈ.સ.1612-13) આપી. બ્રિટિશ કંપનીએ પોતાના દૂત થોમસ રો ને મુઘલ સામ્રાજ્યમાં શહેનશાહ સમક્ષ મોકલ્યો (ઈ.સ. 1615). રો ના પ્રયત્નોથી બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને મુઘલ

સામ્રાજયના તમામ વિસ્તારોમાં વેપાર કરવાનો અને કોઠીઓ સ્થાપવાનો અધિકાર પ્રાપ્ત થયો. બ્રિટનના સમ્રાટ ચાર્લ્સ બીજાના લગ્ન પોર્ટુગીઝ રાજકુમારી સાથે થયાં. પોર્ટુગીઝોએ બ્રિટિશ રાજવીને મુંબઈ ટાપુ દહેજમાં આપ્યો. આ ટાપુ કંપનીએ સ્વહસ્તક કર્યો. ગોવા, દીવ અને દમણ સિવાયના વિસ્તારોમાંથી આવી રીતે પોર્ટુગીઝો ફેંકાઈ ગયા. અંગ્રેજો અને ડચ કંપનીઓ વચ્ચે પણ ઈન્ડોનેશિયાના મસાલાના વેપાર મામલે સતત સંઘર્ષ શરૂ થયો. (ઈ.સ.1654 થી ઈ.સ.1667) એંગ્લો-ડચ યુદ્ધ (war) તરીકે ઓળખાતાં આ મહત્ત્વપૂર્ણ યુદ્ધો બાદ અંગ્રેજો અને ડચો વચ્ચે એક સંધિ થઈ. તે મુજબ અંગ્રેજોએ ઈન્ડોનેશિયામાં વેપારી કાર્યવાહી બંધ કરવાનું અને ડચોએ ભારતમાં અંગ્રેજી કોઠીઓ આવેલી હોઈ તે જગ્યાએ વેપાર ન કરવાનું ઠરાવ્યું. આ રીતે અંગ્રેજો ભારતમાં સૌથી શક્તિશાળી યુરોપીય સત્તા બની ગયા.

**સુરત બંદરઃ**




**(Source: વિકિપેડિયા.com)**

## 14.3 ભારતમાં બ્રિટિશ સત્તાની પકડ

આપણે આગળ જોયું તેમ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં વિભિન્ન ક્ષેત્રોમાં કોઠીઓ સ્થાપી. વેપારી પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. દક્ષિણમાં તેમણે પોતાની સ્થિતિ મજબૂત બનાવી. મુસલીપટ્ટનમ્ તેમણે કોઠી સ્થાપી અને પગ-પેસારો શરૂ કર્યો અહીયા સ્થાનિક રાજાની પરવાનગી લઈ વર્તમાન ચેન્નાઈ ખાતે એક કિલ્લો પણ બનાવ્યો જે ફોર્ટ સેન્ટ જ્યોર્જ (ઈ.સ. ૧૬૩૯) તરીકે ઓળખાયો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ બ્રિટિશ સરકાર પાસેથી મુંબઈ ટાપુ લઈને તેની કિલ્લેબંધી કરી (ઈ.સ. ૧૬૬૮) અને હવે પોતાનું મુખ્ય મથક સુરતથી ખસેડીને મુંબઈ લઈ આવ્યા તેમને ઓરિસ્સા (ઈ.સ. ૧૬૩૩) અને બંગાળ (ઈ.સ. ૧૬૫૧) વેપાર કરવાના પરવાના મળ્યા. પરિણામે

પટણા, બાલાશોર અને ઢાકામાં કોઠીઓની સ્થાપના થઈ. ભારતની ડામાડોળ રાજકીય પરિસ્થિતિ જોઈને બંગાળમાં તેમણે સત્તા પ્રાપ્ત કરવાનો મનસુબો પડયો. અંગ્રેજોએ હુગલી પર આક્રમણ કરી મુઘલ સમ્રાટ  વિરુદ્ધ યુદ્ધ આદર્યું. ઔરંગઝેબે અંગ્રેજોની આ હરકતને કથડી નાંખી એટલું જ નહી પણ સુરત, મસુલીષદમ અને વિશાખાપટ્ટનમની કોઠીઓ ઉપર પણ મુઘલ સત્તાએ પોતાનો અધિકાર સ્થાપી દીપો. પરિણામે અંગ્રેજો મુઘલ સત્તાના પૂટશે પડયા. ચાપલૂસી અને વિનમ્રતાનો અંગળો ઓઢી પુનઃ વેપારી પ્રવૃત્તિઓ શરૂ કરી. મુઘલોએ તેમને માહી આપીને જાણે કે પોતાના જ પગ પર કુહાડો માર્યો. કંપનીએ સુતનતી, કાલિયાટ અને ગોવિંદપુર જેવા ગામોની જમીનદારી (ઈ.સ. ૧૬૯૮) પ્રાપ્ત કરી. તેની આસપાસ કિલ્લો બનાવ્યો જે ભેટ વિલિયમ તરીકે ઓળખાતો, તે આજે કોલકાતા તરીકે ઓળખાય છે. આ સંદર્ભે મુઘલ બાદશાસ કરુંખસિપરે તેમને વિશેષ અધિકારો આપતું કરમાન બહાર પાડ્યું, જે (ઈ.સ. ૧૬૫૧માં) ગુજરાત અને દક્ષિણ ભારતને પણ લાગુ પડયુ. આ સમય દરમ્યાન ઈસ્ટ ઈન્ડિયા કંપનીને વેપારમાંથી ખૂબ નહો મળ્યો. (ઈ.સ. ૧૭૦૮માં કંપનીની નિકાસ ૬ લાખ પાઉન્ડની હતી તે ઈ.સ. ૧૭૪૦ સુધીમાં ૧૭૯૫૦૦૦ પાઉન્ડ સુધી પહોંચી.)

મુઘલ સામ્રાજ્ય અત્યંત નિર્મળ બનતા બ્રિટિશ કંપનીને ભારતમાં પગપેસારો કરવાની તક મળી કંપની પોર્ટુગીઝ અને ડચ પ્રતિસ્પર્ધીઓને પણ આ સમય સુધીમા હરાવી ચૂકી હતી. હવે એકમાત્ર ફ્રેંચ કંપની સિવાય તેની સામે પડવાવાળુ કોઈ ન હતું. આ દરમિયાન (ઈ.સ. ૧૭૪૪ થી ઈ.સ. ૧૭૬૩) ફ્રાન્સ અને ઈંગ્લેન્ડ વચ્ચે ભયાનક યુદ્ધો થયાં. જેનું પરિણામ કર્ણાટક વિગ્રહમાં આવ્યું. આ કર્ણાટક વિગ્રહોમાં છેવટે (ઈ.સ. ૧૭૬૩) અંગ્રેજોનો વિજય થયો અને ભારત પર તેમની પકડ વધારે મજબૂત થઈ.ભારતમાં અંગ્રેજોની રાજકીય સત્તાનો આરંભ (ઈ.સ. ૧૭૫૭) પ્લાસીના યુદ્ધથી થયો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સેનાએ તત્કાલીન નવાભ સિરાઝ-ઉદ્-દૌલાને હરાવ્યો. બંગાળ ભારતનો મહત્ત્વપૂર્ણ અને વિકસિત પ્રાંત હતો. અંગ્રેજોને અહીયા વેપાર કરવાનો અધિકાર (ઈ.સ. ૧૭૧૭થી) પ્રાપ્ત થયો હતો. અંગ્રેજો અને નવાબો વચ્ચે યુદ્ધનું કારણ આ ફરમાન જ હતું. બંગાળના મુસીદકુલી ખા અને અલીવર્દી ખા સુધીના નવાબોએ કંપનીની કાર્યપદ્ધતિનો વિરોધ કર્યો હતો. નવાબ સિરાઝ- ઉદ્-દૌલા (અલીવર્દીખાનો દત્તકપુત્ર) એ અંગ્રેજોને પોતાની શરતો પર વેપાર કરવાનું જણાવ્યું, પરંતુ હવે પરિસ્થિતિ જુદી હતી. અંગ્રેજો નવાબને તાબે ન થયા. છેવટે નવાબ ક્રોષે ભરાયો. અંગ્રેજોએ ફોર્ટ વિલિયમની કિલ્લેબંપી કરતા રોષે ભરાયેલા નવાબે કાસીમ બજારની ફેક્ટરીનો કબજો કરી (૨૦ જૂન ૧૭૫૬) કોલકાતા પર અધિકાર પ્રાપ્ત કરી લીધો તેથી સિરાઝણ-ઉદ-દૌલાને બદનામ કરવા કાળકોટડીનો

કિસ્સો ઉપજાવી કાઢીને અંગ્રેજોએ સમુદ્રકિનારે આવેલ હુય ખાતે શરણાગતિ સ્વીકારી. સાથે સાથે તેમણે મદ્રાસના અધિકારીને જાણ કરી સહાયતા માંગી. આ ઉપરાંત નવાબના દરબારના અગ્રણી લોકો સાથે મળીને નવાભ વિરુદ્ધ પડ્યુંત્ર રચ્યું નવાબના અત્યંત વિશ્વાસુ સેનાપતિ મીરજાફર તથા મોટા ગજાના વેપારીઓ માણેકચંદ, અમીચંદ, જગત શેઠ અને ખાદીમખાને ખરીદી લઈ નવાબ વિરુદ્ધ ૫૫ત્ર રચાયું. માસથી એડમિટર વોટ્સન અને કર્નલ ક્લાઈવ નૌકાસૈન્ય લઈને આવી પહોંઆ તેમણે નવાબને હરાવી કલકત્તા જતી લઈ નવાબને સંપિ (ઈ.સ.૧૭૫૭) કરવા મજબૂર બનાવ્યા.

ભારતમાં (ઈ.સ.૧૭૫૭) સામ્રાજ્યની સ્થાપના કર્યા બાદ તેના પર વહીવટ ચલાવવા અને નિયંત્રણ મૂકવા ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ વહીવટી માળખાની સ્થાપના કરી તે પાછીના સૌ વર્ષ દરમિયાન કંપનીની વહીવટી નીતિ અવારનવાર બદલાતી રહી હતી. જોકે તેનું મુખ્ય વક્ષ્ય સમગ્ર ભારત પર અધિકાર પ્રાપ્ત કરવો અને કંપનીના નહામાં વધારો કરી ભારતનું આર્થિક શોષણ કરવાનું હતું. આ લક્ષ્ય પૂર્ણ કરવા તેણે પોતાની વિશિષ્ટ વહીવટી નીતિ ઊભી કરી.

## 14.4 ભારત માટે ઈસ્ટ ઈંડિયાનું વહીવટી માળખું

બક્સર યુદ્ધ (ઈ.સ.૧૭૬૪) પછી ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ બંગાળ પર પૂર્ણ નિયંત્રણ પ્રાપ્ત કર્યું. જોકે વહીવટી માળખાની શરૂઆતમાં તેણે કોઈ પરિવર્તન કર્યું ન હતુ. કંપનીનો વ્યાપાર વિકસે અને ઈંગ્લેન્ડમાં મોટા પ્રમાણમાં વ્યાપાર મોકલી શકાય તેવી શાસન વ્યવસ્થાનો પ્રારંભ કર્યો. ત્યારબાદ (ઈ.સ.૧૭૬૫ થી ૧૭૭૨) બંગાળમાં દ્વિમુખી શાસન પદ્ધતિનો તેમણે પ્રારંભ કર્યો. હવેથી ભારતીય કર્મચારીઓ બ્રિટિશ અધિકારીઓના નિયંત્રણમાં કાર્ય કરી શકતા. તેમની પાસે જવાબદારી હતી, અપિકાર નહીં. જ્યારે કંપનીના અધિકારીઓ પાસે અધિકાર હતા, કોઈ જવાબદારી નહીં. આ દરમિયાન બંગાળનું મોટા પ્રમાણમાં શોષણ થયું. જોકે (૧૭૭૨થી) કંપનીએ દ્વિમુખી શાસન વ્યવસ્થાને તિલાંજલિ આપી અને સમગ્ર બંગાળનું શાસનતંત્ર પોતાના હાથમાં લઈ પોતાના અધિકારીઓ દ્વારા ચલાવવાનું શરૂ કર્યું.

ઈસ્ટ ઈન્ડિયા કંપની એક વેપારી કંપની હતી. તેનું માળખું વેપાર કરવા માટે જ બનાવવામાં આવ્યું હતુ. તેનો સર્વોચ્ચ વડો ઈંગ્લેન્ડમાં રહીને ભારત પર નિયંત્રણ ધરાવતો હતો. જોકે બ્રિટિશ સરકારે આ વિચિત્ર પરિસ્થિતિ પર પોતાનું નિયંત્રણ લાદવા અલગ પ્રકારનું વહીવટી માળખું ઊભું કર્યું. રેગ્યુલેટિંગ એક્ટ (નિયામક (ધારો ઈ.સ. ૧૭૭૩) દ્વારા બ્રિટિશ સાંસદે વહીવટી માળખામાં પરિવર્તનની શરૂઆત કરી કંપનીના બોર્ડ ઑફ ડાયરેક્ટર (નિયામક મંડળ) પર બ્રિટિશ સંસદનું નિયંત્રણ

મૂકવામાં આવ્યું. પિટ્સ ઇન્ડિયા એક્ટ (હિંદ પારો) (ઈ.સ. ૧૭૮૪) દ્વારા આ નિયંત્રણ વધુ કડક બનાવવામાં આવ્યું. આ કાયદા દ્વારા છ કમિશનરોને ભારતીય બાબતો માટે નિમણૂક આપવામાં આવી, જેને બોર્ડ ઑફ કંટ્રોલ કહેવામાં આવતા તેમાં ઈંગ્લેન્ડના બે કેબિનેટ મંત્રીઓનો સમાવેશ થતો. ભારત પર શાસન કરવા માટે ગવર્નર જનરલ અને ત્રણ સભ્યોની બનેલી એક કાઉન્સિલના હાથમાં ભારતનું શાસન સોંપવામાં આવ્યું. પીટના ધારા પછી (૧૮૫૭ સુધી) કંપનીએ કાયદાઓ દ્વારા અનેક પરિવર્તનો કર્યાં. ગવર્નર જનરલને વિશિષ્ટ સત્તાઓ આપવામાં આવી, ચાર્ટર એક્ટ (ઈ.સ. ૧૮૧૩) અનુસાર ભારત સાથેના વ્યાપાર પર ચાલતો કંપનીનો એકાધિકાર સમાપ્ત કરવામાં આવ્યો. અંતે (ઈ.સ.૧૮૩૩) નવા ચાર્ટર ઍક્ટ દ્વારા કંપનીને સંપૂર્ણપણે બ્રિટિશ સંસદના નિયંત્રણમાં મૂકી દેવામાં આવી.

આ રીતે સંસદીય કાયદાઓ દ્વારા કંપની અને તેના વહીવટીતંત્રને બ્રિટિશ સરકારના નિયંત્રણમાં લાવવામાં આવ્યું પરંતુ તે છ હજાર માઈલ દૂર બેસીને ભારતનું રાજ્ય ચલાવી શકાશે નહી તેવી ખાતરી થતાં, ગવર્નર જનરલની પરિષદને સર્વોચ્ચ અધિકાર ઉપરાંત કેટલીક વિશિષ્ટ સત્તાઓ આપવામાં આવી. (જે મુજબ તે પોતાની પરિષદની સલાહને પણ અવગણી શકે.) હવે, ભારતનો સૌથી પ્રભાવશાળી અને વાસ્તવિક શાસક ગવર્નર જનરલ બન્યો. તે બ્રિટિશ સરકારના નિયંત્રણ અને માર્ગદર્શન નીચે શાસન ચલાવવાનો હતો. અંગ્રેજી વહીવટીતંત્રનો મુખ્ય ઉદ્દેશ બ્રિટિશ અર્થવ્યવસ્થાનો મહત્તમ લાભ મેળવવાનો અને એ માટે ભારતનું શોષણ કરવાનો હતો. તેણે ભારતનું શોષણ કરીને જ શાસનનો અને યુદ્ધોનો ખર્ચ પૂર્ણ કરવાનો નતો. અર્થાત્ બ્રિટિશ વહીવટીતંત્રનું સ્વરૂપ મહત્તમ રીતે ભારતનું આર્થિક શોષણ કરી ભારતના ભોગે ઈંગ્લેન્ડનું ભલું કરવાનું હતું.

**ભારત માટે ઈસ્ટ ઈંડિયા કંપની નું વહીવટી માળખું:**



### 14.4.1. સનદી સેવાઓ (સિવિલ સર્વિસિઝ)

ભારતમાં સનદી સેવાઓ શરૂ કરવાનો શ્રેય ગવર્નર જનરલ કોર્નવોલિસને ફાળે જાય છે. કોર્નવોલિસ વહીવટીતંત્રને શુદ્ધ બનાવવા માટે કંપનીના કર્મચારીઓને વ્યાપાર કરવામાંથી મુક્તિ આપી અને માત્ર વહીવટી કાર્યો કરવા માટે જ બાધ્ય કર્યા તેણે ભ્રષ્ટાચાર વિરુદ્ધ કડક નિયંત્રણો લાદ્યા કંપનીના કર્મચારીઓન પગાસ્વધારો આપ્યો. તેણે કલેકટરનું વેતન વધારીને દર મહિને ૧૫૦૦ રૂપિયા જેટલું કર્યું. સાથે સાથે સનદી સેવાનું એક વિશિષ્ટ માળખું ઊભું કર્યું. સનદી સેવાઓ સાથે સંકળાયેલા અધિકારીને તેમની કામગીરી અને વરિષ્ઠ થતાં (સિનિયોરિટી) તે પ્રમાણે પ્રમોશન આપવાની પદ્ધતિ અપનાવી.ગવર્નર જનરલ વેલેસ્લીએ (ઈ.સ.૧૮૦૦) ભારતીય સનદી સેવામાં આવનાર યુવાન અધિકારી માટે કોલક્તામાં ફોર્ટ વિલિયમ કોલેજની સ્થાપના કરી જે આ અધિકારીઓને તાલીમ આપવા માટે હતી. બ્રિટિશ સત્તાએ ઈંગ્લેન્ડમાં હેલીબરી ખાતે ઈસ્ટ ઇન્ડિયન કોલેજ શરૂ (ઈ.સ.૧૮૦૬) કરી. આ રીતે કંપની સરકારે સનદી અધિકારીઓની તાલીમનું કાર્ય પોતાનાપૂર્વે નાગરિક સેવાઓમાં મોટાભાગની નિમણૂક ઈસ્ટ ઇન્ડિયા કંપનીના નિયામક મંડળ દ્વારા થતી હવે (ઈ.સ. ૧૮૫૩) ચાર્ટર એક્ટ દ્વારા સનદી સેવાનો એક વિશિષ્ટ કાયદો પસાર કરવામાં આવ્યો જેમાં એવું નક્કી કરવામાં આવ્યું કે સનદી સેવામાં પ્રવેશ મેળવવા માટે પ્રત્યેક વ્યક્તિએ સ્પર્ધાત્મક પરીક્ષા આપીને પાસ થવું અંગ્રેજો દ્વારા નિર્મિત સનદી સેવાની એક ખાસ વિશેષતા હતી, ''ભારતવાસીઓને નિયંત્રણપૂર્વક પોતાનાથી દૂર રાખવા.'' એ મુજબ (ઈ.સ.૧૭૯૩ સુધી) નાગરિક સેવાઓ, સૈના, પોલીસ, ન્યાયતંત્ર જેવા મહત્ત્વપૂર્ણ તમામ ઉચ્ચ હોદાઓ પર અંગ્રેજ અધિકારીઓની જ નિમણૂક કરવામાં આવતી. તેમને મતે આ માટે અંગ્રેજો જ લાયક હતા તે જ આ કાર્ય કરી શકશે. તેઓ ભારતીયોને નૈતિક જવાબદારીના અભાવવાળા, પતિત અને નિમ્નકોટિના માનતા. ગવર્નર જનરલ કોર્નવોલિસ અંગતપણે માનનો કે, ''તમામ બિન્દુસ્તાનીઓ ભ્રષ્ટ છે.'' માટે ઉચ્ચ સેવા અને ઉચ્ચ વેતન એમ બંને બાબતોથી ભારતીયોને વંચિત રાખવામાં આવતા નાના હોદાઓ અને ઓછા પગારવાળી નોકરીઓ પર જ ભારતીયોને નિમવામાં આવતા.

ભારતીય સનદી સેવા દુનિયાની સૌથી પ્રચલિત થઈ ચૂકી હતી. જોકે તેણે ભારતીય હિતોને બદલે બ્રિટિશ હિતો માટે કામ કર્યું. બ્રિટિશ શાસનનું પોષણ કરવાનું કામ તેણે કર્યું.

### 14.4.2. લશ્કર

ભારતમાં બ્રિટિશ શાસનનો બીજો અગત્યનો સ્તંભ બ્રિટિશ લશ્કર હતું. એક તરફ તેણે ભારત જીતવાનું કાર્ય કર્યું તો બીજી બાજુ અન્ય વિદેશી કંપનીઓથી કે તાકાતોથી ભારતમાં બ્રિટિશ શાસનનું રક્ષણ કર્યું. એટલું જ નહિ આંતરિક વિદ્રોહને દબાવી દીધા અને એશિયા આફ્રિકામાં બ્રિટિશ સામ્રાજ્યનો વિકાસ કર્યો.

કંપનીની સેના ભારતીય સૈનિકોની બનેલી હતી ઉત્તરપ્રદેશ અને બિહારના ઘણા બધા લોકો કંપનીની સેનામાં સૈનિક તરીકે જોડાતા. ૧૮૫૭ ના વિપ્લવ સુધી કંપનીના લશ્કરમાં કુલ ૩,૧૧,૪૦૦ સૈનિક હતા જેમાંથી ૨,૬૫,૯૦૦ તો ભારતીય સૈનિકો જ હતા જોકે ઉચ્ચ અધિકારી તરીકે અંગ્રેજની જ પસંદગી થતી ત્યાં સુધી લશ્કરમાં માસિક વેતન મેળવનાર માત્ર ત્રણ જ ભારતીયો હતા તે સૂબેદાર કક્ષાનો હોદો પરાવતા હતા મુઠ્ઠીભર અંગ્રેજોનું બનેલું લશ્કર ભારત પર નિયંત્રણ રાખી રહ્યું હતું. તેમાં ભારતીયોની સંખ્યા ખૂબ જ વધારે હતી, જે આશ્ચર્યજનક બાબત અને શોષણખોર અર્થવ્યવસ્થાનું પ્રતીક હતુ અંગ્રેજ લશ્કરમાં ભારતીય સૈનિકને નિયમિત પગાર મળતો તેથી પોતાનું ગુજરાન પક્ષાવવા ભારતીય સૈનિક બ્રિટિશ સામ્રાજ્યવાદ માટે કાર્ય કરતા.

### 14.4.3 પોલીસ

બ્રિટિશ સામ્રાજ્યવાદમાં મહત્વનું તંત્ર જો કોઈ હોય તો તે પોલીસતંત્ર હતું. ભારતમાં પોલીસતંત્ર શરૂ કરવાનો હાળો ગવર્નર જનરક્ષ કોર્નવોલિસને જાય છે. તેણે જમીનદારો અને જાગીરદારોનું પોલીસ કાર્યથી અલગ કરી કાયદો અને વ્યવસ્થા નિયમિત કરવા પોલીસ વિભાગની સ્થાપના કરી પરંપરાગત ભારતીય વ્યવસ્થાનું આધુનિકીકરણ કર્યું તેણે પોલીસ સ્ટેશનની શરૂઆત કરાવી તેના પર એક ફોજદારની નિમણૂક કરી આગળ જતાં જિલ્લા કથાએ પોલીસ અધિકારી તરીકે જિલ્લા પોલીસ અધીક્ષક (ઢજીઁ) ની નિમણૂક કરી, જે જિલ્લાનો સર્વોચ્ચ પોલીસ અધિકારી હતો. પોલીસતંત્રમાં ઉચ્ચ હોદાઓ પર માત્ર અંગ્રેજોની નિમણૂક કરવામાં આવતી. ગામડામાં ચોકીદારની નિમણૂક થતી ભારતીય સ્વતંત્રતા- સંગ્રામને કચડી નાખવામાં અંગ્રેજોએ આ પોલીસતંત્રનો મહત્તમ ઉપયોગ કર્યો હતો. આ દષ્ટિમે આ પોલીસતંત્ર જનતાના રક્ષક થવાને બદલે અંગ્રેજ મિતો માટે જ કામ કરતું હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

### 14.4.4.ન્યાયતંત્રનું સંગઠન

અંગ્રેજોએ દીવાની અને ફોજદારી જેવી શ્રેણીઓ હાશ ન્યાયવ્યવસ્થા શરૂ કરી. તેની શરૂઆત વોરન નેસ્ટિંગ્સે રેગ્યુલેટિંગ એક્ટ(૧૭૭૩ )માં કરી. કોર્નવોલિસે (૧૭૯૩) ન્યાયતંત્રની વ્યવસ્થામાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનો કર્યા તેણે દરેક જિલ્લામાં જિલ્લા ન્યાયાધીગના વડપણ હેઠળ દીવાની અદાલતની સ્થાપના કરી. આ દ્વારા તેણે કલેક્ટર અને ન્યાયાધીશને તેમના કાર્યો અને હોદાઓમાં જુદા પાડયા. આ સિવાય તેથી ૪ જેટલી પ્રાતોપ અદાલત શરૂ કરી. જિલ્લા અદાલતો ઉપર સદર દીવાની અદાલતોની સ્થાપના કરી. જિલ્લા ન્યાયાલયની નીચે રજિસ્ટ્રારની અંદાલતોની સ્થાપના કરી. તેની નીચે તાલુકા કક્ષાએ નાની અદાલતો સ્થપાઈ. આ ન્યાયાલયોના ન્યાયાધીશ તરીકે મુનસફ અને અમીન તરીકે ઓળખાતા ભારતીય ન્યાયાપીશની નિમણૂક કરવામાં આવતી. હોજદારી કેસો માટે કોર્નવોલિસે બંગાળ પ્રેસિડન્સીને ૪ વિભાગોમાં વહેંચ્યું હતું જે ક્ષેત્રીય ન્યાયાલયો કહેવાતાં તેમાં નિમ્ન સ્તરે ભારતીય ન્યાવાપીશોની નિમણૂક કરવામાં આવતી. તેણે મુસ્લિમ કાપડાઓમાં બદલાવ લાવીને અંગ્રેજી કાયદા લાગુ કર્યા વિલિયમ બેન્ટિકે પણ ન્યાયતંત્રમાં ખાસ્સા પરિવર્તનો કર્યા તેણે ભારતીયોને ન્યાયતંત્રમાં ઉચ્ચ હોદાઓ પર મૂકવાની શરૂઆત કરી. તેણે પ્રાંતીય અને ક્ષેત્રીય ન્યાયાલયો બંધ કરી તેમનાં કાર્યો જિલ્લા ન્યાયાધીશોને સોંપ્યા. કોલકત્તા, મદ્રાસ (ચેન્નાઈ) અને મુંબઈમાં તાઈકોર્ટની સ્થાપના કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટની સ્થાપના પણ (ઈ.સ.૧૭૭૩) થઈ ચુકી હતી. તેણે તત્કાલીન અધિનિયમનું વ્યવસ્થિત કરીને કાયદાની નવી પ્રણાલિકા સ્થાપિત કરી ભારતીય ન્યાયવ્યવસ્થા પરપરા અને પ્રચલિત રિવાજો પર આધારિત હતી. તે હિંદુ અને મુસ્લિમ માટે અલગ-અલગ હતી તેને બદલે હવે અંગ્રેજોએ એક સંચામ ન્યાયવ્યવસ્થાની શરૂઆત કરી. કાયદાઓને સંહિતામઢ કરવામાં આવ્યા તેમની સ્પષ્ટ બાખ્યા કરી તેમને આધુનિક સ્વરૂપ આપવામાં આવ્યું. નવા (ઇ.સ. ૧૮૩૩ના) ચાર્ટડ એક્ટ પ્રમાણે કાયદા સમક્ષ સૌને સમાન ગણવામાં આવ્યા.

બ્રિટિશ સરકારે મેકોલેના વડપણ નીચે ભારતીય કાયદાઓને સંહિતાબદ્ધ કરવા એક LAW COMMISSION (કાયદા આયોગ)ની નિમણૂક (ઈ.સ.૧૮૩૩) કરી, તેમણે પશ્ચિમના દેશો જેવી પદ્ધતિ ભારતમાં દાખલ કરી ભારતીય દડસહિતા અને દીવાની પ્રક્રિયા સાથે સંકળાયેલા કાયદાઓનું નિરૂપણ કર્યું. હવેથી સમગ્ર ભારતના એક જ પ્રકારના કાયદા લાગુ પાડવાના હતા અને એ જ રીતે ભારતમાં કાયદા સમક્ષ સૌ સમાનનો અધિકાર સ્થાપિત કરવામાં આવ્યો.

### 14.4.5 કાયદાનું શાસન અને કાયદા સમક્ષ સૌની સમાનતા

અંગ્રેજોએ RULE OF LAW (કાયદાનું શાસન)ની આધુનિક વિચારધારા પ્રસ્થાપિત કરી. એનો અર્થ એ પહતો કે, અંગ્રેજી ગામન સૈદ્ધાંતિક રીતે કાયદા અનુસાર ચલાવવામાં આવશે; શાસકની વ્યક્તિગત ઇચ્છા અનુસાર નહીં. કાયદાથી જનતાના અધિકારો અને જવાબદારીઓ સ્પષ્ટ કરવામાં આવ્યાં. પરંપરાગત ભારતીય શાસનવ્યવસ્થામાં શાસકની ઈચ્છા એ જ કાયદો હતો. જયારે બ્રિટિશ શાસને કાયદાના આધાર પર પ્રસાસનનું સ્વરૂપ ચલાવ્યું હતું. અંગ્રેજ શાસન દરમિયાન ભારતીય ન્યાયપ્રણાલી કાયદા સમક્ષ સૌની સમાનતાના સિદ્ધાંત પર આધારિત હતી. તે દ્રષ્ટિએ કાયદાની દષ્ટિએ માનવમાત્ર સમાન છે. જાતિ-ધર્મ કે વર્ગના આધારે કાયદાની દ્રષ્ટિએ કોઈ ભેદભાવ ન હતો. પરંપરાગત ભારતીય ન્યાયવ્યવસ્થામાં જાતિ આધારિત ન્યાય આપવામાં આવ્યો. ઉચ્ચ વર્ણ કરતાં નિમ્ન વર્ણને એક જ અપરાધ માટે વધારે સજા કરવામાં આવતી એટલું જ નહીં જમીનદારો અને સામતો વિરુદ્ધ ન્યાવાલયમાં કેસ ચલાવવામાં આવતા નહીં. જયારે બ્રિટિશ શાસને સામાન્ય લોકો માટે પણ ન્યાયાલયના દરવાજા ખોલી નાખ્યા હતા.

### 14.4.6 વહીવટી તંત્ર, તેની ગુણવત્તા અને તેની ક્ષતિઓ

બ્રિટિશ વહીવટીતંત્ર આધુનિક વહીવટીતંત્ર, પોલીસતંત્ર, શકરીતંત્ર અને ન્યાયતંત્રની સ્થાપના કરી જે ગુણવત્તાના આધાર પર રચાયેલી હતી અને આધુનિક સ્વરૂપની હતી, પરંતુ આપણે એ યાદ રાખવું જોઈએ કે, ભારતમાં બ્રિટિશ ગાસનનો એકમાત્ર ઉદેશ્ય બ્રિટિશ સામ્રાજયને ભારતમાં મજબૂત બનાવવાનો હતો. તેથી આધુનિક સંસ્થાઓની સ્થાપના તો થઈ પરંતુ ભારતીયોને તેનો લાભ મળી શક્યો નહીં જેમ કે, સનદી, સેના, લશ્કર, પોલીસ અને ન્યાયતંત્રમાં ભારતીયોને ઉચ્ચ હોદા આપવામાં આવતા નહીં અંગ્રેજોના કાયદા ત્રુટિપૂર્ણ હતા કારણકે એક વિદેશી શાસને ભારત પર નિરકુશ રીતે તે લાદી લીધા હતા. પુરોપિયનો માટે અલગ ન્યાયાલય અને અલગ કાયદાઓ હતા. તેમના ક્રૂર વ્યવહાર સામે ભારતીયો કસું જ કરી શકતા નહીં. વ્યવહારમાં કાયદાની અસમાનતા સ્પષ્ટ દેખાય છે. ન્યાય ઘણો જ મોંઘો હતો, વર્ષો સુધી કેસો ચાલતા હતા. અજ્ઞાની અને નિરક્ષર ભારતીયો જટિલ ન્યાય વ્યવસ્થાથી બહાર હતા. ધનાઢ્ય લોકો માટે જ જાણે કે કાયદો અને ન્યાયાલયો હતાં પોલીસ અને ન્યાયાલયમાં વ્યાપક ભ્રષ્ટાચાર હતો. જમીનદારો સામાન્ય ખેડૂતો પર અત્યાચાર કરતા.

### 14.4.7.અવિશ્વાસનાં તત્ત્વો

બ્રિટિશ શાસનની નીતિઓને કારણે ભારતમાં એક અવિશ્વાસનું વાતાવરણ સર્જાયું. ભારતીયોએ બ્રિટિશ સામ્રાજ્યવાદના આ શોષણખોર પ્રતીકનો વિરોધ કર્યો. દાદાભાઈ નવરોજીથી લઈને ગાંધીજી સુધીના મહાન ચિંતકોએ અંગ્રેજોની પ્રશાસનીક, આર્થિક અને ન્યાયવ્યવસ્થાની ભરપૂર ટીકા કરી મહાત્મા ગાંધીએ કહેલું કે. ''ભારતની પ્રજા માટે વિદેશી શાસન અને વિદેશી કાયદો એ અને અરસ્વીકાર્ય છે, કારણ કે, તેનો હેતુ ભારતની જનતાની સુખાકારીને બદલે બ્રિટિશ સ્વાર્થની પૂર્તિ કરવાનો હતો.'' ટૂંકમાં, બ્રિટિશરો દ્વારા રમવામાં આવેલા આ વહીવટીતંત્ર અને ખાસ કરીને કાયદા તેમજ ન્યાયતંત્રને ક્ષેત્રે અવિશ્વાસના તત્ત્વો સવિશેષ હતા.

## 14.5 સારાંશ

અઢારમી સદીના ઉત્તરાર્ધમાં ભારતમાં મુઘલોની પડતી થઈ અને મરાઠાઓની સત્તા પ્રવર્તવા માંડી. મરાઠાઓ વચ્ચેના કુસંપને પરિણામે ગુજરાતના વિસ્તારો ક્રમશઃ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના શાસન હેઠળ આવતા ગયા. ૧૯મી સદીની પ્રથમ પચીસી સુધીમાં સમગ્ર ગુજરાત અંગ્રેજોના શાસન હેઠળ આવી ગયું.વિદેશી હકૂમત સામે થયેલા ૧૮૫૭ના વિદ્રોહનું સીધું પરિણામ એ આવ્યું કે હિંદનો રાજ્યવહીવટ ૧૮૫૮માં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી બ્રિટિશ તાજે પોતાના હસ્તક લઈ લીધો. આમ, ભારતની ભૂમિ પરનો બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો કાર્યકાળ ૧૬૦૦-૧૮૫૮ સુધીનો ગણાય છે.ઇતિહાસકાર સૈયદ હસન રિયાઝ જણાવે છે કે તે સમયમાં પ્રજામાં એક ધારણા પ્રચલિત હતી, "દુનિયા ખુદાની, મુલ્ક બાદશાહનો અને હુકમ કંપની બહાદુરનો."બ્રિટનની સંસદે ૧૮૧૩માં થૉમસ મૂનરોને પૂછ્યું કે ઔદ્યોગિક ક્રાંતિ થવા છતાં બ્રિટનમાં બનેલું કાપડ ભારતમાં કેમ નથી વેચાતું? ત્યારે તેમણે જવાબ આપ્યો કે ભારતના કપડાની ગુણવત્તા અનેકગણી વધારે છે. થૉમસ મૂનરોને ૧૮૨૦માં મદ્રાસના ગવર્નર બનાવવામાં આવ્યા હતા.પરંતુ ત્યાર પછી બ્રિટનમાં બનેલા કાપડને લોકપ્રિય બનાવવા માટે ભારતના સદીઓ જૂના કાપડઉદ્યોગને નષ્ટ કરી દેવાયો. આ રીતે બ્રિટનમાંથી કાપડની નિકાસ ૧૮૧૫ માં ૨૫ લાખ પાઉન્ડ હતી તે ૧૮૨૨માં વધીને ૪૮ લાખ પાઉન્ડ થઈ ગઈ.

માત્ર મૈસુરના શાસક ટીપુ સુલતાને ફ્રાન્સના તકનીકી સહયોગ દ્વારા ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો વાસ્તવિક મુકાબલો કર્યો અને કંપનીને બે યુદ્ધમાં પરાજય આપ્યો.પરંતુ ભારતના અન્ય શાસકોને પોતાની સાથે ભેળવીને ટીપુ સુલતાન પર પણ કાબૂ મેળવી લેવાયો.જ્યારે કંપનીના ગવર્નર જનરલ લૉર્ડ વૅલેસ્લીને૧૭૯૯માં ટીપુ સુલતાનના મૃત્યુના સમાચાર આપવામાં આવ્યા ત્યારે તેમણે પોતાનો ગ્લાસ હવામાં ઉછાળીને

કહ્યું કે "આજે હું ભારતની લાશ પર ઉજવણી કરી રહ્યો છું."લૉર્ડ વૅલેસ્લીના કાર્યકાળમાં જ કંપનીને પોતાના સૈન્યવિજય છતાં નાણાકીય સંકટનો સામનો કરવો પડ્યો હતો. કંપની પરનું દેવું ત્રણ કરોડ પાઉન્ડને પાર કરી ગયું હતું. કંપનીના નિર્દેશકે વૅલેસ્લીના નકામા ખર્ચ વિશે સરકારને પત્ર લખ્યો અને તેમને બ્રિટન પાછા બોલાવી લેવાયા. વર્ષ ૧૮૧૩માં બ્રિટિશ સંસદે ભારતમાં વેપાર પર ઈસ્ટ ઇન્ડિયા કંપનીની મૉનોપોલી ખતમ કરી અને બીજી બ્રિટિશ કંપનીઓને વ્યાપાર કરવા તથા થાણાં સ્થાપવાની મંજૂરી આપી.

બ્રિટનની સંસદે ૧૮૧૩માં થૉમસ મૂનરોને પૂછ્યું કે ઔદ્યોગિક ક્રાંતિ થવા છતાં બ્રિટનમાં બનેલું કાપડ ભારતમાં કેમ નથી વેચાતું? ત્યારે તેમણે જવાબ આપ્યો કે ભારતના કપડાની ગુણવત્તા અનેકગણી વધારે છે. થૉમસ મૂનરોને ૧૮૨૦માં મદ્રાસના ગવર્નર બનાવવામાં આવ્યા હતા.

પરંતુ ત્યાર પછી બ્રિટનમાં બનેલા કાપડને લોકપ્રિય બનાવવા માટે ભારતના સદીઓ જૂના કાપડઉદ્યોગને નષ્ટ કરી દેવાયો. આ રીતે બ્રિટનમાંથી કાપડની નિકાસ ૧૮૧૫માં ૨૫ લાખ પાઉન્ડ હતી તે ૧૮૨૨માં વધીને ૪૮ લાખ પાઉન્ડ થઈ ગઈ.કાપડનિર્માણનું કેન્દ્ર ગણાતા ઢાકાની વસતી દોઢ લાખથી ઘટીને માત્ર વીસ હજાર થઈ ગઈ. ગવર્નર જનરલ વિલિયમ બેન્ટિંકે પોતાના ૧૮૩૪ના અહેવાલમાં લખ્યું છે કે અર્થશાસ્ત્રના ઇતિહાસમાં આવી વિકટ પરિસ્થિતિનાં કોઈ ઉદાહરણ જોવા નથી મળતાં. ભારતીય વણકરોનાં હાકડાંથી ભારતની ધરતી સફેદ થઈ ગઈ છે.ખેડૂતોની આવક પર ૬૬ ટકા વેરો લાદવામાં આવ્યો જે મુઘલયુગમાં ૪૦ ટકા હતો.નમક સહિતની દૈનિક વપરાશની ચીજવસ્તુઓ પર પર વેરો નાખવામાં આવ્યો. તેનાથી નમકનો ઉપયોગ અડધો થઈ ગયો. નમકનો ઉપયોગ ઘટવાથી ગરીબોના આરોગ્ય પર માઠી અસર પડી અને કૉલેરા તથા લૂ લાગવાથી થતાં મૃત્યુમાં ભારે વધારો થયો.ઈસ્ટ ઇન્ડિયા કંપનીના એક નિર્દેશક હૅનરી જ્યૉર્જ ટકરે ૧૮૨૩માં લખ્યું હતું કે ભારતને એક ઔદ્યોગિક દેશના બદલે કૃષિ આધારિત દેશમાં રૂપાંતરિત કરવામાં આવે જેથી બ્રિટનમાં ઉત્પાદિત સામાન ભારતમાં વેચી શકાય.૧૮૩૩માં બ્રિટિશ સંસદ દ્વારા એક કાયદો પસાર કરીને ઈસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી વેપાર કરવાનો અધિકાર છીનવી લેવામાં આવ્યો અને તેને એક સરકારી નિગમમાં રૂપાંતરિત કરી દેવાઈ.

વિલિયમ ડેલરિમ્પલે પોતાના પુસ્તક 'ધ ઍનાર્કી, ધ રિલેન્ટલેસ રાઈઝ ઑફ ધ ઈસ્ટ ઇન્ડિયા કંપની'માં લખ્યું છે કે ઇતિહાસમાં આ એક અભૂતપૂર્વ ઉદાહરણ છે જેમાં અઢારમી સદીના મધ્યમાં એક ખાનગી કંપનીએ પોતાની સેના અને નૌકાદળની

મદદથી ૨૦ કરોડની વસતી ધરાવતા આખા દેશને ગુલામ બનાવી દીધો હતો.કંપનીએ ભારતમાં રસ્તા બનાવ્યા, પૂલ બનાવ્યા, આશ્રયસ્થળ બનાવ્યાં, રેલવે દોડાવી, પરંતુ ટીકાકારોનું કહેવું છે કે આ બધાથી લોકોને પરિવહનની સગવડ તો મળી, પરંતુ તેનો મૂળ હેતુ કપાસ, રેશમ, અફીણ, ખાંડ અને મસાલાના વેપારને ઉત્તેજન આપવાનો હતો.૧૮૩૫ના અધિનિયમ હેઠળ અંગ્રેજી ભાષા અને સાહિત્યને પ્રોત્સાહન આપવા માટે નાણાં ફાળવવામાં આવ્યાં હતાં. ૧૮૫૭ના સ્વતંત્રતા સંગ્રામ(કંપનીની નજરે બળવો) વખતે કંપનીએ હજારો લોકોને બજારોમાં અને રસ્તા પર ફાંસીએ લટકાવીને મારી નાખ્યા અને કેટલાય લોકોને કચડી નાખ્યા હતા.બ્રિટિશ કૉલોની કે સંસ્થાનવાદના ઇતિહાસનો આ સૌથી મોટો નરસંહાર હતો. સ્વતંત્રતા સંગ્રામ પછીના વર્ષે બ્રિટનના મહારાણી વિક્ટોરિયાએ કંપનીના અધિકારોને સમાપ્ત કરીને સત્તાનો દોર સીધો પોતાના હાથમાં લઈ લીધો.

કંપનીની સેનાને બ્રિટિશ સેનામાં ભેળવી દેવામાં આવી. કંપનીના નૌકાદળને વિખેરી નાખવામાં આવ્યું. લૉર્ડ મૅકોલે મુજબ કંપની પહેલેથી જ વ્યાપાર ઉપરાંત રાજનીતિમાં પણ ભાગીદાર હતી તેથી ૧૮૭૪ સુધી કંપનીના છેલ્લા શ્વાસ ચાલુ રહ્યા.તે જ વર્ષે બ્રિટિશ અખબાર 'ધ ટાઇમ્સ'એ બીજી જાન્યુઆરીના અંકમાં લખ્યું કે, "તેણે (કંપનીએ) માનવજાતના ઇતિહાસમાં એવું કામ કર્યું છે જે બીજી કોઈ કંપનીએ નથી કર્યું અને આવનારાં વર્ષોમાં કોઈ આવું કરે તેવી સંભાવના પણ નથી."

ભારત હવે બ્રિટનના મહારાણીના શાસન હેઠળ હતું.

## 14.6. ચાવીરૂપ શબ્દો

- LAW COMMISSION- (કાયદા આયોગ)
- RULE OF LAW (કાયદાનું શાસન) – એ.વી.ડાયસી દ્વારા પ્રસ્તાવિત સિદ્ધાંત જ્યાં કાયદા સામે સર્વે સમાન છે અને કાયદા થી પર કોઈ બાથી, જે સિધાંત લોકતાંત્રિક શાસન નું હાર્દ છે.
- Cape of Good Hope;- પોર્ટુગીઝ વાસ્કો-ડી-ગામા યુરોપથી ભારત સુધીનો અત્યંત સુરક્ષિત અને નવો માર્ગ શોધી (ઈ.સ. ૧૪૯૮) શક્યો. તેણે આ સામુદ્રિક ભૂશિરને 'કેપ ઑફ ગુડ હોપ' નું નામ આપ્યું(હાલ ના દક્ષીણ આફ્રિકા નામ ના દેશ માં છે).

## 14.7. સ્વાધ્યાય(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)

૧. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપી :

(૧) અંગ્રેજ સરકારનું ન્યાયતંત્રીય માળખું સમજાવો.

(૨) અંગ્રેજ સત્તાનું મહેસૂલીતંત્ર સ્પષ્ટ કરો.

(૩) અંગ્રેજ સત્તાની સનદી સેવાઓની માહિતી આપો.

(૪) અંગ્રેજ સરકારના પોલીસતંત્રની રૂપરેખા આપો.

(૫) ઈસ્ટ ઇન્ડિયા કંપનીના વહીવટીતંત્રની ખાસિયતો જણાયો.

## 14.8. સંદર્ભ અને વિશેષ વાચન


- Shukla, J., & Velvan, D. (2004, January). *East India Company*. Retrieved from https://gujarativishwakosh.org
- Gujarat Council of Educational Research and Training. (n.d.). *GCERT Itihas, Dhoran-12*.
- BBC Gujarati. (2020, November 16). હજી મૅનેજ થયા નથી ખૂન અને દુષ્કર્મના કેસ. Retrieved from https://www.bbc.com/gujarati/india-54958694
- Dalrymple, W. (2019). *The anarchy: The relentless rise of the East India Company*. Bloomsbury Publishing.
- Misra, B. B. (1959). *The central administration of the East India Company, 1773-1834*. Manchester University Press.
- Seth, V. K. (2018). Structure of organization and nature of corporate governance of the East India Company. In *The story of Indian manufacturing* (pp. 103-118). Palgrave Macmillan. https://doi.org/10.1007/978-981-10-5574-4_5
- Seth, V. K. (2012). The East India Company—A case study in corporate governance. *Global Business Review, 13*(2), 221–238. https://doi.org/10.1177/097215091201300203
- Bowen, H. V. (2005). *The business of empire: The East India Company and imperial Britain, 1756–1833*. Cambridge University Press.
- Bayly, C. A. (1988). *The new Cambridge history of India, vol. 2: Indian society and the making of the British empire*. Cambridge University Press.
- Bolts, W. (1772). *Considerations on India affairs: Particularly respecting the present state of Bengal and its dependencies* (Vol. 1). J. Almon.
- Desai, M. (2009). *The rediscovery of India*. Penguin Books India.
- Marx, K. (1853, June 25). The East India Company—Its history and results. *New York Daily Tribune*, 11.
- Marshall, P. J. (1976). *East Indian fortunes: The British in Bengal in the eighteenth century*. Clarendon Press.

- Mukherjee, R. (1974). *The rise and fall of the East India Company*. Monthly Review Press.
- Travers, R. (2007). *Ideology and empire in eighteenth-century India: The British in Bengal* (Vol. 14). Cambridge University Press.
- Farooq, A. (2007). Governance, corporate interest and colonialism: The case of the East India Company. *Social Scientist, 35*(9/10), 44–51. http://www.jstor.org/stable/27644239
- Sutherland, L. S. (1947). The East India Company in eighteenth-century politics. *The Economic History Review*, *17*(1), 15–26. https://doi.org/10.2307/2590689
- Bowen, H. V., Lincoln, M., & Rigby, N. (Eds.). (2002). *The worlds of the East India Company*. Boydell Press.
- Dalrymple, W. (2019). *The anarchy: The East India Company, corporate violence, and the pillage of an empire*. Bloomsbury Publishing.

BAOU
Education for All

स्वाध्यायः परमं तपः

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-853-9